શ્રી માનતુંગાચાર્ય રચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

તથા

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ રચિત

# કલ્યાણમંદિર સ્તોત્ર

(વિશેષાર્થ સહિત)

સરયુ રજની મહેતા

શ્રી માનતુંગાચાર્ય રચિત


# શ્રી ભક્તામર સ્તોત્ર

તથા

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ રચિત

# કલ્યાણમંદિર સ્તોત્ર

(વિશેષાર્થ સહિત)



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

શ્રી માનતુંગાચાર્ય રચિત

# શ્રી ભક્તામર સ્તોત્ર

તથા

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ રચિત

# કલ્યાણમંદિર સ્તોત્ર

(વિશેષાર્થ સહિત)


વિવેચનકર્તા :

સરયુ રજની મહેતા



પ્રકાશક

શ્રેયસ પ્રચારક સભા વતી, શ્રી જે. બી. મોદી (પ્રમુખ)

શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.

નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળ, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ ૪૦૦ ૦૩૦.

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી જે. બી. મોદી (પ્રમુખ)
શ્રી જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી.
નીલમ સેન્ટર, બી વીંગ, ૪થો માળ, હિન્દ સાયકલ રોડ, વરલી, મુંબઈ ૪૦૦ ૦૩૦.
અને
વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

મુદ્રક : વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

ISBN No. : 978-81-8462-086-3

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. 2014 પ્રત : 1000

કિંમત : રૂા. ૩૦/-

**પ્રાપ્તિસ્થાન :**

શ્રેયસ પ્રચારક સભા
પ્રેમપુરી આશ્રમ,
બાબુલનાથ, મુંબઈ 400 007
દર ગુરૂવારે ૨-૦૦ થી ૩-૦૦

શ્રી યોગેશ જૈન
સત્યોગ, સ્વામી વિવેકાનન્દ રોડ,
રામકૃષ્ણ નગર, રાજકોટ 360001
ફોન : 91-281-2466320 મોબાઈલ : 9825210210

ડો. નિમુબેન ઝવેરી
સનફ્લાવર, 4th ફ્લોર,
રાજાવાડી પાસે, ઘાટકોપર,
મુંબઈ 400 077.
ફોન : 91-22-21023461

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380013
ફોન : 91-079-27552957; 079-27552256
Mobile: 098250-24553

Shree Chandubhai S. Parekh
(50-51) Guide Bldg., 13th Floor,
L. D. Ruparel Marg,
Off. Nepean Sea Road,
Mumbai 400006
Ph: 91-22-23697288/23625806

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society,
Old Padra Road,
Vadodara 390020
Ph: 91-265-2340850
Mobile: 094265-12865

Hareshbhai C. Sheth
19 Tulsa Court,
Monmouth Junction,
New Jersey 08852. USA
Phone: (732) 422-8385
USA Cell: (609) 510-8760
E-mail ID : shethharesh@hotmail.com

Anurag H. Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551
(C): 469-644-8965

E-mail : shreyaspracharaksabha@gmail.com

# અનુક્રમણિકા


| | પાન ક્રમાંક |
|---|---|
| **પ્રસ્તાવના** ............ | ix |
| **શ્રી આદિનાથ પ્રભુને વિનંતિ** ............ | xvi |
| **પ્રકરણ ૧ઃ શ્રી ભક્તામર સ્તોત્ર** (પૃ. ૧ થી ૧૦૭) | |
| મૂળ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ ............ | ૧ |
| શ્રી માનતુંગાચાર્યનો જીવનકાળ ............ | ૧૦ |
| સ્તોત્રનો ઉદ્‌ગમ ............ | ૧૩ |
| સ્તોત્રના પ્રભાવથી થયેલો ચમત્કાર ............ | ૧૪ |
| પહેલી બે કડીઓમાં પ્રગટતો પ્રભુ પ્રતિનો અહોભાવ – મંગલાચરણ ............ | ૧૬ |
| પોતાનું અલ્પત્વ હોવા છતાં ભક્તિની ઉત્કૃષ્ટતાને કારણે થતી રચના – કડી ૩ ............ | ૧૮ |
| પ્રભુના ગુણો વર્ણવતા અનુભવાતી કઠિનાઈ – કડી ૪ ............ | ૧૯ |
| આચાર્યજીની પ્રભુભક્તિ કરવાની અદમ્ય ઈચ્છા – કડી ૫ ............ | ૨૨ |
| પંડિતજનો સમક્ષ અનુભવાતી પોતાની અલ્પતા – કડી ૬ ............ | ૨૩ |
| પ્રભુના ગુણગાન કરવાથી ભક્તને થતા લાભ – કડી ૭ ............ | ૨૬ |
| પ્રભુની કૃપાથી જ તેમના ગુણો ગાવાની થતી વૃત્તિ – કડી ૮ ............ | ૨૭ |
| ભગવાન અને ભક્ત વચ્ચેનો પવિત્ર સંબંધ – કડી ૯ ............ | ૩૦ |
| સ્તોત્ર રચનાનો હેતુ, પ્રભુપદ મેળવવાની ઈચ્છા – કડી ૧૦ ............ | ૩૨ |
| આદિનાથ પ્રભુનું અનન્યપણું કડીઓ – કડી ૧૧, ૧૨, ૧૩ ............ | ૩૪ |
| પ્રભુશરણનો મહિમા – કડી ૧૪ ............ | ૪૧ |
| આદિનાથ પ્રભુનું અવિચળપણું – કડી ૧૫ ............ | ૪૩ |
| પ્રભુનાં કેવળજ્ઞાનનો મહિમા – કડી ૧૬ ............ | ૪૫ |
| પ્રભુમાં ઉપમાન કરતાં ઉપમેયની વિશેષતા – કડી ૧૬, ૧૭, ૧૮, ૧૯ ............ | ૪૫ |
| પ્રભુનાં જ્ઞાનનો મહિમા – કડી ૨૦ ............ | ૫૪ |
| તેમની સાચી ઓળખ મેળવવા અન્ય દેવોને ઓળખવા જરૂરી – કડી ૨૧ ............ | ૫૬ |

| | પાન ક્રમાંક |
|---|---|
| પ્રભુનાં માતાનું અનન્યપણું – કડી ૨૨ | ૫૮ |
| મહામુનિઓને મન આદિનાથ પ્રભુની છાપ – કડી ૨૩, ૨૪ | ૬૦ |
| આચાર્યજીને મન પ્રભુનાં કાર્યો – કડી ૨૫ | ૬૫ |
| પ્રભુને શ્રદ્ધાભરી વંદના – કડી ૨૬ | ૬૭ |
| ગુણોના ભંડાર એવા પ્રભુ પાસે દોષો ફરકી શકતા નથી – કડી ૨૭ | ૬૯ |
| પ્રભુના અતિશયોનું વર્ણન : અશોક વૃક્ષ – કડી ૨૮ | ૭૧ |
| સિંહાસન – કડી ૨૯ | ૭૨ |
| ચામર – કડી ૩૦ | ૭૪ |
| છત્ર – કડી ૩૧ | ૭૫ |
| દેવદુંદુભિ – કડી ૩૨ | ૭૭ |
| પુષ્પવૃષ્ટિ – કડી ૩૩ | ૭૯ |
| પ્રભુની કાંતિ – કડી ૩૪ | ૮૦ |
| ૐ ધ્વની – કડી ૩૫ | ૮૨ |
| સુવર્ણકમળની રચના – કડી ૩૬ | ૮૪ |
| પ્રભુની દેશના – કડી ૩૭ | ૮૫ |
| આવા અતિશયવાળા પ્રભુના શચણે જવાથી, તેમની સ્તુતિ કરવાથી ભક્તને થતા ભયંકર ઉપસર્ગો પણ નાશ – કડીઓ ૩૮ થી ૪૬ | ૮૭ |
| ગજપતિનો ઉપસર્ગ જય – કડી ૩૮ | ૮૭ |
| મૃગપતિનો ઉપસર્ગ જય – કડી ૩૯ | ૮૯ |
| દાવાનળમાં થતો ઉપસર્ગ જય – કડી ૪૦ | ૯૧ |
| મણિધરનો ઉપસર્ગ જય – કડી ૪૧ | ૯૩ |
| રણસંગ્રામની ભયંકરતાનો જય – કડી ૪૨, ૪૩ | ૯૬ |
| સમુદ્રનાં ભયંકર તોફાનમાં કાર્યકારી થતું પ્રભુનું શરણ – કડી ૪૪ | ૧૦૦ |
| જળોદરનાં ભયંકર રોગમાં થતી નિરોગીતા – કડી ૪૫ | ૧૦૧ |
| બેડીઓથી બંધાયેલા શરીરની મુક્તિ – કડી ૪૬ | ૧૦૨ |
| સ્તોત્ર પઠનની, પ્રભુ સ્તુતિની ફળશ્રુતિ – કડી ૪૭, ૪૮ | ૧૦૫ |
| **પ્રકરણ ૨ : શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર** (પૃ. ૧૧૦ થી ૨૯૭) | |
| શ્રી પાર્શ્વનાથ પ્રભુને વિનંતિ | ૧૧૦ |
| મૂળ સ્તોત્રનો ગુજરાતી અનુવાદ | ૧૧૧ |

પાન ક્રમાંક


સ્તોત્રના રચયિતા શ્રી સિદ્ધસેનસૂરિનો રચનાકાળ ........................................ ૧૧૯

સ્તોત્રના ઉદ્‌ગમ વિશે મળતી કર્ણોપકર્ણ કથા ........................................ ૧૨૧

પ્રબંધ ચિંતામણિ, પ્રભાવક ચરિત્ર તથા નવસ્મરણ ગ્રંથમાંથી મળતી સૂરિનાં જીવન વિશેની માહિતી ........................................ ૧૨૧

પ્રથમની મંગલાચરણરૂપ પહેલી બે કડીઓમાં દેખાતો પ્રભુના ગુણોનો મહિમા ......... ૧૨૮

આચાર્યજીએ વ્યક્ત કરેલી પોતાની પ્રભુના ગુણો વર્ણવવાની અશક્તિ – કડીઓ ૩, ૪, ૫, ૬ ........................................ ૧૩૫

પ્રભુના ગુણો ગાવાથી જીવને થતા લાભો – કડી ૭, ૮, ૯ ........................................ ૧૫૦

તારક પ્રભુનો મહિમા તથા ઉપકાર કડીઓ – ૧૦ થી ૧૭ ........................................ ૧૬૨

પરધર્મીઓનો પ્રભુ પ્રતિનો અભિગમ – કડી ૧૮ ........................................ ૧૯૪

પ્રભુના અતિશયો – કડી ૧૯ થી ૨૮ ........................................ ૧૯૮

દેશના – કડી ૧૯ ........................................ ૧૯૮

પુષ્પવૃષ્ટિ – કડી ૨૦ ........................................ ૨૦૧

વાણી – કડી ૨૧ ........................................ ૨૦૫

ચામર – કડી ૨૨ ........................................ ૨૦૮

સિંહાસન – કડી ૨૩ ........................................ ૨૧૨

ભામંડળ – કડી ૨૪ ........................................ ૨૧૫

દેવદુંદુભિ – કડી ૨૫ ........................................ ૨૧૯

ત્રણ છત્રો – કડી ૨૬ ........................................ ૨૨૪

સમવસરણનું મહાત્મ્ય – કડી ૨૭ ........................................ ૨૨૯

દેવોનું પ્રભુને નમન – કડી ૨૮ ........................................ ૨૩૪

તારક પ્રભુને ઉપકાર – કડી ૨૯,૩૦ ........................................ ૨૩૮

કમઠ દૈત્યે પાર્શ્વનાથ પ્રભુને કરેલા ઉપસર્ગો – કડી ૩૧, ૩૨, ૩૩ ..................... ૨૪૬

પ્રભુને ભજનારની ધન્યતા – કડી ૩૪ ........................................ ૨૫૭


પ્રભુને ન ભજનારની થતી દુર્દશા, એ અકાર્યનો પશ્ચાત્તાપ – કડી ૩૫ થી ૩૮ ......... ૨૬૩

પોતાને દુ:ખથી મુક્ત કરવા શ્રી પ્રભુને વિનંતિ – કડી ૩૯, ૪૦, ૪૧ ................. ૨૮૦

શાશ્વત શરણાગતિ આપવા પ્રભુને વિનંતિ – કડી ૪૨ ........................................ ૨૯૧

પ્રભુસ્મરણની ફલશ્રુતિ – કડી ૪૩,૪૪ ........................................ ૨૯૩

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુ



## અર્પણ

બે મહાન તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુના, શ્રી માનતુંગાચાર્યે તથા
શ્રી સિદ્ધસેન દિવાકરે કરેલા અદ્ભુત ગુણગાનની સુંદર સમજ આપનાર શ્રી રાજપ્રભુને
કોટિ કોટિ વંદન હો. તેમની પ્રેરણાથી જે દિવ્યાત્માએ આ સમજણ સ્પષ્ટ કરાવી,
તેમને પણ વંદન હો. તેઓ બંનેએ કરેલા ઉપકારનો સ્વીકાર કરી
આ ગ્રંથ હું તેમને સવિનય અર્પણ કરું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# પ્રસ્તાવના

# શ્રી ભક્તામર સ્તોત્ર તથા
# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર

આ બંને સ્તોત્ર આત્માની ઉચ્ચ અવસ્થાએ બિરાજતા અને ઉપસર્ગના સકંજામાં સપડાયેલા એવા આચાર્યજીથી રચાયેલાં છે. પોતાને આવેલી બળવાન મુશ્કેલી વખતે પણ કષાયી કે ડોલાયમાન થયા વિના, નિમિત્તને દોષ ન આપતાં, પોતાનાં પૂર્વકર્મોને દોષિત ગણી, પ્રભુના ગુણગાન કરવામાં પરોવાઈ જઈ, ઉપસર્ગને જીતનાર બંને આચાર્યજીની કર્મ સામેની લડતમાં કેવી રીતે જીત થઈ હતી, તેનો ચિતાર આપણને આ બંને સ્તોત્રમાં જોવા તથા અનુભવવા મળે છે. શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા છે શ્રી માનતુંગાચાર્ય, અને શ્રી કલ્યાણમંદિર સ્તોત્રના રચયિતા છે શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ. આ બંને સ્તોત્રની રચના થયાને સેંકડો વર્ષ થયા હોવા છતાં બંને સ્તોત્ર આજે પણ જીવંત અનુભવ આપવા સક્ષમ છે, એ પૂરવાર કરે છે કે તેઓના ઉત્તમોત્તમ કલ્યાણભાવ એમાં એવી રીતે સમાયેલા છે કે જે કોઈ જીવ એનું ભાવથી નિયમિત રટણ કરે તે તેના પ્રભાવથી અમર થાય, કેમકે પ્રભુની શરણાગતિ સ્વીકારવાથી જીવ કલ્યાણનાં મંદિરમાં પ્રવેશ કરતો હોય છે. આ બંને સ્તોત્રનો ઉદ્‌ગમ કેવા સંજોગમાં થયો હતો, કેવી રીતે થયો હતો તેની જાણકારી પ્રત્યેક સ્તોત્રના આરંભમાં આપી છે, તેથી તેનું પુનરાવર્તન કરવું જરૂરી નથી. તેમ છતાં આ સ્તોત્ર વિશેની બીજી કેટલીક જાણકારી આપવાની ભાવના રોકી શકાતી નથી.

શ્રી ભક્તામર સ્તોત્ર વિશેનું લખાણ શ્રી રાજપ્રભુની કૃપાથી અને આજ્ઞાથી, તેમની પાસેથી ગૂઢાર્થ સમજ્યા પછી, ઈ. સ. ૧૯૭૦ ના મધ્યભાગમાં થયું હતું.

આ લખાણ સૌ પ્રથમ ઇ. સ. ૧૯૭૩ ના જાન્યુઆરી માસમાં પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયું હતું. તે પછી તેની લોકપ્રિયતા વધવાને કારણે તેનું પુનર્મુદ્રણ થયા કરતું હતું. આમ એનું સાતમું પુનર્મુદ્રણ ઇ. સ. ૨૦૧૧ માં શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી થયું હતું.

એવી જ રીતે, શ્રી પ્રભુએ ગૂઢાર્થની સમજ આપ્યા પછી, શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ રચિત શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિશે લખાણ કરવા આજ્ઞા કરી હતી. તે અનુસાર આ લખાણ મેં ઇ. સ. ૧૯૭૬-૭૭ માં કર્યું; તે પુસ્તક રૂપે ઇ. સ. ૧૯૭૮ માં છપાઈને પ્રગટ થયું હતું. તે પછી વાચકોની માંગને માન આપી તેની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૮૫ માં એશિયાટિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ્રગટ કરી હતી.

ઘણા સાધકો આ બંને સ્તોત્ર રોજ કરે છે, તેથી તેમની સુવિધા સાચવવાના આશયથી, આ બંને ખૂબ પ્રભાવશાળી સ્તોત્રને એક જ પુસ્તકમાં સંગ્રહિ લેવાના ભાવ સાકાર બન્યા. બંને આચાર્યજી તથા સ્તોત્ર વિશે જરૂરી માહિતી એક સાથે મૂકી હોય તો સાધક માટે આવકાર્ય બનશે એવી ભાવનાથી આ બંને લખાણ એક જ ગ્રંથમાં સમાવવા ધાર્યું છે, શ્રી પ્રભુની અસીમ કૃપાથી આ ભાવના સાર્થક થાઓ.

આ બંને સ્તોત્ર ખૂબ જ પ્રભાવશાળી છે, અને જે કોઈ સાધક તેનું નિયમિતપણે ભાવથી તથા શ્રદ્ધાથી પઠન કરશે તેને અપૂર્વ તથા ચમત્કારિક લાભ થશે એવી ફલશ્રુતિ બંને સ્તોત્રમાં આચાર્યજીએ પોતપોતાની રીતે વ્યક્ત કરી છે. અનુભવ કહે છે કે આ સ્તોત્રનું અદ્‌ભુત મહાત્મ્ય કયોરય પણ ન્યૂન થવા યોગ્ય નથી, કેમકે તેમાં આત્માની ઉચ્ચ અવસ્થાએ બિરાજમાન તથા શ્રી પંચપરમેષ્ટિ પદમાં સમાવેશ પામનાર મહાન આચાર્યજીનાં કલ્યાણનાં ઉત્તમોત્તમ પરમાણુઓ પૂરાયેલાં છે. આવેલા ઉપસર્ગના બળવાન ઉદય વખતે, આચાર્યજી કર્મના ધક્કાથી ડગી ન જતા, ઉત્તમ ભાવ સાથે ભીડભંજન પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓ મેળવી, તેને સક્રિય કરી, તેનો સદુપયોગ કરી, તેમાં પોતાનો કલ્યાણભાવ ઉમેરી જગતજીવોને એ પરમાણુઓ ભેટરૂપે આપવા

આ સ્તોત્રમાં પાથરી દીધાં છે. તે પરમાણુઓ આ સ્તોત્રનું નિયમિતપણે ભાવથી રટણ કરનારના આત્માને કલ્યાણની કેડી પર અવશ્ય દોરી જવા સક્ષમ છે. એવો અનુભવ સહુ કોઈ કરી શકે એમ છે.

પોતાનાં જોરદાર પૂર્વકર્મનાં અશુભ ઉદયને કારણે શ્રી માનતુંગાચાર્ય રાજા દ્વારા ૪૮ સાંકળોથી બંધાયા હતા; અને કેદમાં પૂરાયા હતા. આવા અતિ વિષમ સંજોગોમાં પણ રાજા કે અન્ય નિમિત્તને દોષ ન આપતાં, શ્રી આચાર્યજી ઉગ્ર ઉપસર્ગને પણ સમતાથી સહન કરતાં કરતાં શ્રી આદિનાથ પ્રભુના ગુણગાન કરવામાં એકરૂપ થઈ જાય છે, અને પ્રભુ પ્રતિનાં પોતાનાં પ્રેમભાવને, શ્રદ્ધાને તથા અહોભાવને ખૂબ ભાવભરી, લાગણીમય કોમળ વાણીદ્વારા વ્યક્ત કરે છે.

શ્રી માનતુંગાચાર્યજી શરૂઆતમાં પોતાની અલ્પતા વર્ણવી, પ્રભુની મહાનતાને ખૂબ બિરદાવે છે. આમ કરતાં કરતાં તેમનો 'સર્વ જીવ કરું શાસનરસિ' નો ભાવ પ્રત્યેક કડીમાં એક યા બીજી રીતે ડોકિયાં કરતો આપણને અનુભવાય છે. સાથે સાથે પ્રભુને પ્રેમથી તથા શ્રદ્ધાથી ભજવાથી જીવનાં કોઈ પણ દુઃખ, ગમે તેવાં કપરાં કષ્ટો આવ્યાં હોય તે પણ નિર્મૂળ થઈ જાય છે. એવું તેમનું દૃઢ તથા અદ્‌ભુત શ્રદ્ધાન પ્રત્યેક કડીમાં અનુભવાય છે; એટલું જ નહિ, પણ એમની એ ભાવના આપણામાં પણ પ્રભુ પ્રતિનાં આપણાં શ્રદ્ધાનને પણ દૃઢ કરતી જાય છે. તેઓ પોતે જે કષ્ટમાં મૂકાયેલા છે તે કષ્ટનો શ્રી પ્રભુની અવર્ણનીય કૃપાથી અંત આવવાનો જ છે, સત્ધર્મનો જયજયકાર થવાનો છે આવો દૃઢ શ્રદ્ધાનો ધ્વનિ શ્રી ભક્તામર સ્તોત્રની પ્રત્યેક કડીમાં ગૂંજતો અનુભવાય છે. અને તેની સાબિતી પણ શ્રી પ્રભુ તરફથી આપણને મળે છે. શ્રી આચાર્યજી શ્રી પ્રભુની સ્તુતિ પૂરી થતાં, બધી જ જંજીરોથી મુક્ત થઈ ગયા હતા. અને સહુને ધર્મલાભ તથા આશીર્વાદ આપી, કષાયરહિતપણે વિહાર કરી ગયા હતા.

આ સ્તોત્રની રચના થતી હતી તે વખતે શ્રી માનતુંગાચાર્યજી શ્રી આદિનાથ પ્રભુમાં એવા એકરૂપ થઈ ગયા હતા કે તે વખતે તેઓ શ્રી આદિનાથ પ્રભુએ વહાવેલાં

કલ્યાણનાં પરમાણુઓ, જે અક્રિયરૂપે રહ્યા હતા, તેને ગ્રહણ કરી, સક્રિય કરી, તેનો સદુપયોગ કરી, પોતાનાં અતિ કષ્ટમય ઉપસર્ગને સમભાવથી ત્યાગી રહ્યા હતા. સાથે સાથે પોતાનાં સ્વકૃત કલ્યાણભાવને તેમાં ઉમેરી એ પરમાણુઓ જગતને ભેટ આપી રહ્યા હતા. શ્રી આદિનાથ પ્રભુ છપદને સ્પર્શેલા તીર્થંકર હતા, તેથી તેમનાં કલ્યાણનાં પરમાણુઓમાં પણ આ ખાસિયત રહેલી હોય તે સમજાય તેવી બાબત છે. અને સાધનાની આવી ઉત્કૃષ્ટ દશામાં એ પરમાણુઓ શ્રી માનતુંગાચાર્યજીને એ પદે પહોંચાડવા સક્ષમ થાય તેમાં નવાઈ શું? આથી આ સ્તોત્રનો ગંભીરતાથી તથા ઊંડાણથી આપણે વિચાર કરીએ છીએ ત્યારે તારણ નીકળે છે કે આચાર્યજી છ પદને સ્પર્શીને તીર્થંકર નામકર્મ બાંધી ચૂકયા છે; અને અન્ય જીવોને એ દશાએ પહોંચાડી શકે તેવાં કલ્યાણનાં સર્વોત્તમ પરમાણુઓ તેમાં પૂરી ગયા છે. આ છે “ભક્તામર સ્તોત્ર” આટલા સૈકાઓ સુધી અસરકારક રહેવાનું રહસ્ય. ધન્ય છે તેમના અત્યુત્તમ કલ્યાણભાવને, સર્વોત્તમ પુરુષાર્થને કે જેનાથી તેઓ સમ-વિષમ સંજોગોમાં પણ નિર્વિકારી, નિરહંકારી રહી ઉત્તમ આત્મકલ્યાણ મેળવી શકયા, અને અન્યને એવું કલ્યાણ મેળવવા માટે નિમિત્ત મૂકતા ગયા.

આવું જ બીજું અદ્‌ભુત સ્તોત્ર છે શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર. આ રચના સમયે સૂરિજી બારવર્ષ માટે સંઘબહાર રહેવાની આકરી શિક્ષા ભોગવતા હતા, જેમાં સાતવર્ષ પસાર થઈ ચૂકયા હતા. આવા સંજોગોમાં પણ અતિ કઠિન કહેવાય એવા સ્વપુરુષાર્થને જાળવી, શક્ય તેટલી જિનધર્મની પ્રભાવના કરવા તેઓ પ્રવૃત્ત હતા. તેમનાં હૈયામાં ધર્મનાં મંગલપણા સાથે જનકલ્યાણની ઉત્તમ ભાવના પણ રમતી હતી, તે આપણે આ સ્તોત્રની પ્રત્યેક કડીમાં અનુભવી શકીએ છીએ, તેમજ માણી પણ શકીએ છીએ.

આ સ્તોત્ર આપણને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચાયેલું જોવા મળે છે. પ્રથમની બાવીસ કડીઓ માત્ર ધર્મનાં સનાતનપણાના ભાવથી ભૂષિત થયેલી છે, એ કડીઓમાં તેઓ પોતાની લઘુતા, તથા અલ્પતા દર્શાવે છે અને સાથે સાથે પ્રભુની

મહાનતા, તેમની પરોપકારવૃત્તિ, તેમના ઉપકારો આદિ વ્યક્ત કરેલ છે. ત્રેવીસથી ચોંત્રીસ સુધીની કડીઓમાં ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાના મિશ્રભાવ જોવા મળે છે. આ કડીઓમાં પ્રભુના અતિશયો, કમઠે કરેલા વિવિધ ભયંકર ઉપસર્ગોમાં તેમણે સેવેલા સહનતા તથા સમભાવ વર્ણવ્યા છે, અને તેની ફલશ્રુતિ જણાવી છે કે જે સાચાભાવથી પ્રભુને પૂજે છે અને ભજે છે તે વ્યક્તિ ત્રણે કાળમાં ધન્ય છે, કેમકે ગમે તેવા કષ્ટ હોય તો પણ તે તેમાંથી પાર ઉતરે જ છે. આ પછીની પાંત્રીસથી ચુમ્માલીસ સુધીની કડીઓ માત્ર મંગલપણાના ભાવથી રંગાયેલી છે. આ કડીઓમાં પોતે પૂર્વકાળમાં પ્રભુને સાચા રૂપમાં ઓળખ્યા ન હતા, પૂજ્યા ન હતા કે સત્યદૃષ્ટિથી તેમને નીરખ્યા પણ ન હતા એવો તેમનો અનુભવ તેઓ વ્યક્ત કરે છે. તેમને સ્પષ્ટ જણાય છે કે જો આમ થયું ન હોત તો તેઓ આવા કષ્ટમય સંઘશિક્ષાના અનુભવમાંથી પસાર થતા હોત નહિ. પ્રભુનું નામ જ એટલું મંગલકારી છે કે તેમને જેઓ સત્‌પણે જુએ, જાણે, શ્રદ્ધે તથા આરાધે તો તેનું કલ્યાણ થયા વિના રહેજ નહિ. આવો મંગલકારી નિર્ણય થયા પછી તેઓ શ્રી પ્રભુને વિનંતિ કરે છે કે હવેથી તેઓને સર્વકાળ માટે શ્રી પ્રભુ પોતાનાં જ શરણમાં રાખે. તેઓ ક્યારેય શ્રી પ્રભુનાં શરણરહિત થાય નહિ. પ્રભુનાં શરણમાં રહી, સદાય આરાધન કરતાં રહે તો તે જીવ ક્યારેય પ્રભુનાં શરણરહિત થાય નહિ, બલ્કે આ પ્રકારે વર્તી જીવ અવશ્ય મોક્ષની પ્રાપ્તિ કરનાર થાય છે, તેવો નિશ્ચય તેમણે અંતિમ કડીઓમાં વર્ણવ્યો છે.

આ સમગ્ર સ્તોત્રને ઊંડાણથી તથા વિસ્તારથી વિચારીએ છીએ ત્યારે સમજાય છે કે, જે રીતે તેમનો કલ્યાણભાવ ઘૂંટાયો છે, અને વિસ્તર્યો છે, તે રીતે તેમનામાં ગણધર નામકર્મનાં લક્ષણો સાકાર થતાં ગયાં છે એટલે કે ભાવિમાં તેમનું ગણધર નામકર્મ નિકાચિત થવું જોઈએ. આ વિકાસ થવામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ઉત્તમ ચરિત્ર બળવાન નિમિત્ત થયું હોય એમ જણાય છે. આ સ્તોત્રની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં ધર્મનું સનાતનપણું, સનાતનપણા સાથે ધર્મનું મંગલપણું ગૂંથાયું છે, સાથે સાથે સ્વતંત્ર રીતે ધર્મનું મંગલપણું પણ એવી જ ઉત્તમ રીતે અંતિમ કડીઓમાં પ્રગટ થયું છે.

આમ કષ્ટમય પરિસ્થિતિમાં મૂકાયેલા શ્રી માનતુંગાચાર્ય તથા શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિ પોતપોતાની રીતે આરાધક બની કષ્ટપાર થાય છે તેનું ચિત્રણ એટલે "ભક્તામર સ્તોત્ર" તથા "કલ્યાણમંદિર સ્તોત્ર". આ બંને સ્તોત્રને એક પુસ્તકમાં પ્રગટ કરતાં આનંદ થાય છે, અને ભાવ થાય છે કે વાચક વર્ગને સાધક બનાવી, આ સ્તોત્રો મોક્ષનાં મંત્રરૂપ થાઓ.


આ પુસ્તક શ્રેયસ પ્રચારક સભા તરફથી પ્રગટ થાય છે, અને તેના મુદ્રક છે વકીલ એન્ડ સન્સ પ્રા. લિ. જે બધાએ આ કાર્ય સફળ કરવામાં સાથ આપ્યો છે, તેઓ સહુનો આભાર માની, તેમનું પુણ્ય આત્માર્થે વપરાય એવી પ્રાર્થના હું શ્રી પ્રભુને કરું છું.

ૐ શાંતિ:

મુંબઈ — મોક્ષાભિલાષી

તા. ૧૩ એપ્રિલ ૨૦૧૪, રવિવાર — **સરયુ રજની મહેતા.**

ચૈત્ર સુદ ૧૩, ૨૦૭૦ મહાવીર જયંતિ



શ્રીમદ્ આદિનાથ પ્રભુ

# વિનંતિ...

શ્રી આદિનાથ પ્રભુને અત્યંત ભક્તિભાવે કોટિકોટિ નમસ્કાર હો, નમસ્કાર હો!

હે નાથ!

આવા પંચમ કઠણકળિકાળમાં આપ ભાવિક ભક્તોની આશા પૂર્ણ કરો છો. મારી પણ ઘણી ઘણી આશા પૂર્ણ થાય એવા પરચા આપી, પ્રભુ, ધર્મના આધારે ટકાવી તમે ઉપકાર કર્યો છે. તો હવે આ સંસારનાં જન્મ-મરણાદિ દુ:ખોથી મને રહિત કરો, રહિત કરો.

હે નાથ!

આ જીવે અનાદિકાળથી મન, વચન, કાયાના યોગે કરી ચોરાશી લાખ જીવ યોનિના જીવને હાલતાં ચાલતાં શારીરિક, માનસિક કિલામના પરિતાપ ઉપજાવ્યા હોય તે આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાવું છું. મારાં તે સર્વ પાપ નિષ્ફળ થાઓ, નિષ્ફળ થાઓ.

હે નાથ!

આ જીવ તો હવે રાગ-દ્વેષની ભૂલભૂલામણીવાળી કડી જેટલી જલદી તોડાય તેટલી જલદી તોડી, સ્વરૂપ સ્વદેશ જવાની ઉત્તમ પ્રિય મહત્ત્વાકાંક્ષા રાખે છે. મારી તે મહત્ત્વાકાંક્ષા જલદી જલદી પૂર્ણ કરો, પૂર્ણ કરો.

હે નાથ!

આપના ગુણગ્રામ કરતાં અનંત કર્મોની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટ રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે. ઉત્કૃષ્ટ રસે આજની ભક્તિ કરાવો. સ્તોત્ર બોલવા માટે આજ્ઞા માગું છું. મન, વચન અને કાયા આપને આત્મભાવે અર્પણ કરું છું. સંકલ્પ, વિકલ્પ વિચાર આવે તેનો હું કર્તા નથી અને ભોક્તા પણ નથી.

# શ્રી ભક્તામર સ્તોત્ર
# રચયિતા : માનતુંગાચાર્ય

દિપાવે જે મુગટમણિનાં તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહીં ડૂબતાં પ્રાણીઓને,
એવા આદિ જિનચરણને વંદીને રૂડી રીતે. (૧)

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્રમાંહે અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. (૨)
(યુગ્મમ્)

દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં, ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. (૩)

સદ્‌ગુણોથી ભરપૂર તમે, ચંદ્રવત્ શોભનારા,
દેવોના યે ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઉછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે? (૪)

એવો હું છું ગરીબજન તો યે પ્રભુ ભક્તિ કાજે,
શક્તિ જો કે મુજમહીં નથી ગુણ ગાઈશ આજે;
શક્તિ જો કે નિજમહીં નથી, તો ય શું મૃગલીએ,
રક્ષા માટે શિશુતણી નથી, સિંહ સામે જતી એ. (૫)

એવો હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને,
તો યે ભક્તિવશ થકી પ્રભુ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહૂ ટુહૂ કરે ચૈત્રમાંહી જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા, આમ્રનો મોર જેમ. (૬)

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વિંટાયુ જે તિમિર સઘળું રાત્રીએ વિશ્વમાંય,
નાસે છે રે! સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. (૭)

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરે, આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા! સજ્જનોને ગમે છે. (૮)

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાશે જગજનતણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તો યે ખીલે કમળદળ તે કિરણોથી વધારે. (૯)

એમાં કાંઈ નથી નવીનતા, નાથ દેવાધિદેવ,
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતાં નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. (૧૦)

જોવા જેવા જગમહીં કદી હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોય ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં ઉદધિજળને કો પીએ કેમ માનું? (૧૧)

જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડ્યા છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા! આપમાંહી જડ્યા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. (૧૨)

જેણે જીતી ત્રિભુવનતણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જગગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશિ પણ પ્રભુ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દીસે. (૧૩)

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં હે પ્રભુ! શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીંતહીં જતાં કોણ રોકી શકે છે? (૧૪)

ઇન્દ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તોયે થાતા કદી નથી અહા આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહિધરો કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા, મેરુ એ વાયરાથી. (૧૫)

ક્યારે હોતાં કદી નથી અહા, ધુમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી, દિવડો આપ કેરો. (૧૬)

જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહીં જે;
જેની કાંતિ કદી નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે. (૧૭)

શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા, હે પ્રભુ! આપ કેરો,
જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. (૧૮)

અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહીં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલી પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા! મેઘનું કામ દીસે. (૧૯)

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે! કદાપિ. (૨૦)

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં ભાવના એ કરે છે,
બીજો કોઈ તુજ વિણ નહીં ચિત્ત મારું હરે છે. (૨૧)

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિ કિરણને પૂર્વ દિશા જ એક. (૨૨)

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથી યે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. (૨૩)

સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. (૨૪)

દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે, તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે, છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી! સઘળા ગુણથી કૃષ્ણ આપ. (૨૫)

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવ,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. (૨૬)

સર્વે ઊંચા ગુણ પ્રભુ! આપમાંહી સમાયા,
એમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીં તહીં ફરે દૂર ને દૂર જાય,
જોયા દોષે કદી નવ પ્રભુ, આપને સ્વપ્નમાંય. (૨૭)

ઊંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. (૨૮)

રત્નો કેરા કિરણ સમૂહે ચિત્રવિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. (૨૯)

શોભે રૂડું શરીર પ્રભુજી, સ્વર્ણ જેવું મજાનું,
વીંઝે જેને વિબુધ જનતા, ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું, ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું, સ્વર્ણરૂપે ન હોય! (૩૦)

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દિસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. (૩૧)

પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ જનને સૌખ્ય સંપત્તિ આપે;
કીધા જેણે બહુ જ વિજયો, રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભિ યશનભમહીં ઘોષણાથી જ ગાજે. (૩૨)

મંદારાદિ સુરતરુતણા, પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્ય ધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો, વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની રમ્ય માળા પડે છે. (૩૩)

કાંતિ તારી અતિ સુખભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતનાં દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,
તો યે લાગે શીતળ બહુએ, ચંદ્રની ઠંડીથી ય. (૩૪)

પદ્ઘીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષા ગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. (૩૫)

સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી! પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. (૩૬)

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપ કેરા ખજાને,
દેતાં જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે? (૩૭)

જે કોપ્યો છે ભ્રમરગણના ગુંજવાથી અતિશે,
જેનું માથું મદઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો ગજપતિ કદી આવતો હોય સામે,
તો યે કાંઈ ભય નવ રહે, હે પ્રભુ! આપ નામે. (૩૮)

જે હાથીનાં શીરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદી આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી! આપનું જો ગ્રહે છે. (૩૯)

કલ્પોકેરા સમય પરના વાયરાથી અતિશે,
ઊડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ-સ્મરણ-જળથી થાય છે શાંત તો તે. (૪૦)

કાળો કાળો અતિશય બની, લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઉછળે ફેણ જેની;
એવો મોટો મણિધર કદી આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહીં તે હે પ્રભુ! આપ નામે. (૪૧)

અશ્વો કુદે ગજગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જીતમિશે;
ભેદાયે તે તુરત પ્રભુજી! આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યનાં કિરણોથી. (૪૨)

ભોંકાતા જ્યાં કરિ શરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહીંતહીં અહા, સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીત કેરી નિશાની,
લીધું જેણે શરણું તુજ તો હાર હોયે જ શાની? (૪૩)

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,
જેમાં મોજા અહીંતહીં બહુ જોરથી ઊછળે છે;
એવા અબ્ધિમહીં કદી અહા! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી! તમને, ભીતિ તો દૂર થાય. (૪૪)

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિએથી,
જેણે છોડી જીવન જીવવા, સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણ પ્રભુજી! આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. (૪૫)

જે કેદીનાં પગમહીં અરે! બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવા કેદી મનુજ પ્રભુજી! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે છે. (૪૬)

ગાંડા હાથી, સિંહ દવ અને સર્વ યુદ્ધે થયેલી,
અબ્ધિ કેરી ઉદર-દરદે બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારું સ્તવન પ્રભુજી! પ્રેમથી રે કરે છે. (૪૭)

જેણે ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમૂજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. (૪૮)

# શ્રી ભક્તામર સ્તોત્ર

## (વિવેચન)

આ અવસર્પિણી કાળમાં, સ્થાયી, નિત્ય શાશ્વત એવા પૂર્ણ સુખની સૌપ્રથમ ખોજ કરનાર, સ્થાયી સુખ માટે અસ્થાયી સુખનો ત્યાગ કરનાર એવા શ્રી ઋષભદેવ પ્રભુને અત્યંત ભક્તિએ વંદન કરું છું.

આ સ્તોત્રમાં શ્રી ઋષભદેવ પ્રભુના ગુણોનું વર્ણન તેના રચયિતા શ્રી માનતુંગાચાર્યે કર્યું છે, અને અહીં વર્ણવાયેલો પ્રભુ માટેનો અહોભાવ જો કોઈ ભક્ત પોતામાં પ્રગટાવે તો તે ભક્ત જરૂર અજર અને અમર બને અર્થાત્ કર્મમુક્ત બને એવું સામર્થ્ય આ સ્તોત્રમાં છે, તે અર્થે તેને “ભક્તામર સ્તોત્ર” - ભક્તને અમર કરે એવા સ્તોત્ર તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક આ સ્તોત્રને “શ્રી આદિનાથ સ્તોત્ર” તરીકે પણ ઓળખે છે, કારણ કે અહીં, ભરતક્ષેત્રમાં અવસર્પિણી કાળમાં જીવોને મુક્તિનો માર્ગ દર્શાવવામાં પ્રથમ એવા શ્રી આદિનાથના - શ્રી ઋષભદેવના ગુણોનું ગાન કરવામાં આવ્યું છે.

આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગાચાર્ય છે, પણ તેના રચનાકાળ વિશે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. એથી અનુમાનજન્ય જે કંઈ માહિતી મળે છે તે પર જ આધાર રાખી સંતોષ માનવો પડે છે. જે સમયે શ્રી માનતુંગાચાર્ય મુનિરૂપે વિચરતા હતા, તે સમયે ધારા નગરીમાં ભોજરાજા રાજ્ય કરતો હતો, અને ભોજરાજાનો રાજ્યકાળ ઈતિહાસના આધારે સં. ૧૦૭૫ થી ૧૧૧૭ સુધીનો ગણવામાં આવે છે. અગ્યારમી સદીના અંતકાળથી ભારતમાં વિદેશી આક્રમણોનો પ્રારંભ થઈ ગયો હતો, જેથી મુખ્ય, ઉપયોગી સાહિત્ય નષ્ટભ્રષ્ટ થઈ ગયું અને આ કારણથી શ્રી માનતુંગસ્વામીનાં જન્મ, દીક્ષા, જીવન, દેહત્યાગ આદિ

વિશે કોઈ વિશ્વસનીય, આધારભૂત માહિતી નથી. માત્ર જે કંઈ લોકકથારૂપે જીવનસંભાર પ્રાપ્ત થાય છે તે વિશે જ આધાર રાખી ચલાવવું અનિવાર્ય બની ગયેલ છે.

શ્રી માનતુંગાચાર્યના જીવન વિશે કોઈ ઊંડાણપૂર્વકની આધારભૂત માહિતી મળતી નથી. પરંતુ તેમની રચનાના ઉદ્‌ગમ વિશે લોકમુખે વહેતી આવતી કથા પ્રાપ્ત થાય છે. આ કથા કેટલી વિશ્વસનીય ગણવી તે તો વાચક પર આધારિત છે, એમ છતાં એથી સ્તોત્રનું મૂલ્ય લેશ પણ ઓછું થતું નથી. કાવ્યકળાનો અધ્યાત્મને લગતો એ એવો સુંદર નમૂનો છે કે અન્ય કોઈ પણ માહિતીના અભાવમાં પણ એ પોતાનું સ્વતંત્ર મૂલ્યાંકન આપી શકે તેમ છે.

આ સ્તોત્રના ઉદ્‌ગમ વિશે લોકમુખે પ્રાપ્ત થયેલી કથા આ પ્રમાણે છે :

શ્રી માનતુંગસ્વામી વિહાર કરતા કરતા એક વખત ધારા નગરીમાં પધાર્યા, અને નગર બહારના ઉદ્યાનમાં વાસ કર્યો એ સમયે ધારા નગરીમાં પરમારવંશી રાજા ભોજ રાજ્ય કરતો હતો. આ ભોજરાજાની સભામાં કાલિદાસ, ધનંજય, વરરુચિ, સુબંધુ, બાણ, માઘ વગેરે ઉત્તમ વિદ્વાનો હતા. રાજા પણ વિદ્વાન અને વિદ્યાવિલાસી હતો. તેને વાદ-વિવાદ, તર્ક-વિતર્ક, જ્ઞાનચર્યા વગેરેમાં ખૂબ આનંદ મળતો હતો, અને એ કારણે તેના દરબારમાં અનેક વિદ્યાસંગીઓ વસતા હતા.

જ્યારે શ્રી માનતુંગસ્વામી ધારા નગરીમાં પધાર્યા ત્યારે તેમના દર્શનના અભિલાષથી ધનંજય કવિ ત્યાં ગયા હતા, અને તેથી તેમને દરબારમાં પહોંચતાં મોડું થયું. ધનંજય હાજર ન હોવાથી રાજાએ તેમને યાદ કર્યા, ત્યારે કોઈએ તેમને જણાવ્યું કે તેઓ કંઈક કાર્ય અર્થે બહાર ગયા હશે. આ વાર્તાલાપ ચાલતો હતો તેટલામાં ધનંજય આવી પહોંચ્યા, અને તેમણે રાજાને માનતુંગાચાર્યના નગર આગમનના સમાચાર આપ્યા.

રાજાએ ગુરુદર્શનની અભિલાષા પ્રગટ કરી ત્યારે કોઈએ તેમને જણાવ્યું, “મહારાજ! આચાર્યજીને જ સભામાં બોલાવી લો ને!” રાજાને એ વાત રુચિ

ગઈ, અને તેથી ગુરુને નિમંત્રણ આપવા કેટલાક સેવકોને મોકલ્યા. સેવકોએ આચાર્યજી પાસે જઈને દરબારમાં પધારવા માટેની વિવેકપૂર્વકની વિનંતિ પ્રગટ કરી. પરંતુ ગુરુજી એ વખતે સામાયિકમાં હતા તેથી તેમણે એ વિનંતિનો કશો ઉત્તર આપ્યો નહિ. વારંવાર કરેલી આ પ્રકારની વિનંતિનો આવો પ્રત્યાઘાત જોઈ સેવકો નિરાશ થયા, અને રાજાને વાત કરી તેમને ઉશ્કેર્યા. રાજાએ તેઓને ફરીથી જઈને મુનિને લઈ આવવા આજ્ઞા કરી.

સેવકો મુનિ પાસે આવ્યા. આચાર્યજી એ વખતે સામાયિકથી નિવૃત્ત થઈ ગયા હતા, પરંતુ પોતાના જ્ઞાનમાં ઉપસર્ગનો ઉદય જોઈ ફરીથી સમાધિસ્થ થઈ ગયા. વારંવાર કહેવા છતાં પણ કશો પ્રત્યુત્તર ન આપનાર મુનિ પ્રત્યે અકળાઈને સેવકો તેમને સમાધિસ્થ અવસ્થામાં જ રાજ્યસભામાં લઈ આવ્યા, અને એક યોગ્ય આસન પર તેમને સ્થાપિત કર્યા.

રાજાએ મુનિને મૌન છોડવા માટે વિનંતિ કરી, પણ મુનિ તો નિશ્ચળ પ્રતિમા જેવા બની રહ્યા. અન્ય અનેક વિદ્વાનોએ પણ પ્રયત્નો કર્યા, પણ મુનિશ્રીની સમાધિ ન છૂટી તે ન જ છૂટી. રાજાએ ધનંજયને પણ મુનિશ્રીની સમાધિ છોડાવવા પ્રયત્ન કરવા કહ્યું. પણ સર્વ વ્યર્થ. ભરસભામાં પોતાનું અપમાન થયું સમજી રાજા બહુ ગુસ્સે થયા. રાજાજ્ઞા ન માનનાર આત્માનંદી મુનિ પ્રત્યેનો તેમનો ક્રોધ ધીરે ધીરે વધતો ગયો. સભા વિસર્જન કરવાનો સમય ચાલ્યો ગયો હોવા છતાં પણ મુનિ તો નિશ્ચળ જ હતા. આખરે રાજાએ મુનિને લોખંડની સાંકળોમાં જકડીને કેદખાનામાં કેદ કર્યા, અને તેમના ઉપર ચોકીદારોનો પહેરો મૂક્યો. પહેરદારોને રાજાએ આજ્ઞા કરી કે તેઓએ મુનિ ઉપર બરાબર જપ્તો રાખવો, અને કંઇ પણ નવીન બને તો તરત જ રાજાને ખબર કરવી.

ગુરુદેવને કેદ કર્યાના ખબર આખા નગરમાં ત્વરાથી પ્રસરી ગયા. જૈનોના ઘરમાં તો સગડી પણ ન સળગાવવામાં આવી. દરેકના દિલમાં વેદનાની આગ

પ્રસરી ગઈ હતી. આખા નગરમાં ચોરે અને ચૌટે આ એક જ વાત ચર્ચાતી હતી, પ્રશ્ન બહુ ગંભીર હતો. એક બાજુ રાજા હઠે ચડયા હતા તો બીજી બાજુ મુનિ નિશ્ચળ બન્યા હતા. બંને અચળ હતા. કોને સમજાવવા એ પ્રશ્ન બહુ જટિલ બની ગયો હતો. રાત્રિ દરમિયાન રાજાએ અનેક વખત પોતાના અનુચરોને મુનિની તપાસ કરવા મોકલ્યા હતા, પણ મુનિ મૌન તથા અચળ હોવાના સમાચાર જ પ્રાપ્ત થતા હતા. રાજાની બેચેની વધતી જતી હતી. જંજીરથી બંધાયેલા શરીરની વેદના પણ મુનિને ચળાવવા માટે અસમર્થ બની હતી. મુનિ તો પોતાના શાંત ભાવમાં સ્થિર હતા.

સંભવ છે કે એ અવસ્થામાં તેઓ બાર ભાવના વિશેના અપૂર્વ વિચારમાં મગ્ન બની ગયા હોય. દેહ આદિની અનિત્યતા અને આત્માની નિત્યતાના વિચારમાં લીન બની, આ જગતમાં અનુભવવી પડતી અશરણ, અશુચિ વગેરે વૈરાગ્યબોધક પરિસ્થિતિમાં તેમનો આત્મા મોક્ષમાર્ગમાં ત્વરિત ગતિ કરી રહ્યો હોય.

પ્રભાતે અનેક પ્રતિષ્ઠિત નગરજનો રાજદ્વારે આવ્યા, અને ત્યાં તેમને દ્વારપાળ પાસેથી મુનિની અચળતા અને રાજાએ રાત્રિના જાગતા રહી કરાવેલી મુનિની તપાસના સમાચાર પ્રાપ્ત થયા. કોઈક અપેક્ષાએ રાજાએ મુનિની સંભાળ લીધી હતી તે સમાચારથી નગરજનોને થોડું સાંત્વન પ્રાપ્ત થયું.

પ્રભાતના પહેલા પહોરે જ્યારે પૂર્વ દિશાથી થોડું થોડું અજવાળું પ્રગટ થવા લાગ્યું ત્યારે શ્રી માનતુંગાચાર્ય અન્ય વિચારણાએ ચડયા હશે એમ લાગે છે. યુગસૃષ્ટા, દેવો પણ જેને કિંકરની જેમ પૂજે છે એવા આદિનાથ પ્રભુના ચરિત્રની વિચારણામાં તેઓ મગ્ન બન્યા હશે. શ્રી પ્રભુનો જન્મ, કર્મભૂમિની તેમણે કરાવેલી રચના, તેમનો રાજ્યકાળ, દીક્ષા, તપ, દીક્ષા અવસ્થામાં પ્રાપ્ત થયેલા પરિષહોનો જય, કેવળજ્ઞાનની પ્રાપ્તિ, દેવોનું આગમન, સમવસરણની રચના, પ્રભુની દેશના, અને એ વિશે દેવોને પ્રગટતો અહોભાવ, વગેરેની સ્મૃતિમાં તેમનો આત્મા ખૂબ પ્રફુલ્લિત થઈ ઊઠયો હશે, અને એ પરમાનંદ

આપનારી અવસ્થામાં, દેહના બંધનની પીડાકારી અવસ્થા સાવ વિસરાઈ ગઈ હશે, તેથી જ તેમની વાચાવર્ગણાનો ઉદય થયો, અને તેમના મુખેથી શ્રી આદિનાથ પ્રભુના ગુણોનું વર્ણન કરતી એક ઉત્તમ રચના ગંભીર નાદે પ્રગટ થવા લાગી.

આ અપૂર્વ પ્રગટીકરણના સમયે મહાસદ્‌ભાગી, હળુકર્મી શ્રી ધનંજય આદિ નગરજનો રાજદ્વારેથી નીકળી બંદીગૃહ પાસે આવ્યા, અને અત્યંત લાલિત્યપૂર્ણ સાહિત્યની ભક્તિસભર કૃતિના અમૃતરસનું પાન કરવા તેઓ સદ્‌ભાગી બન્યા. આ પ્રસંગ જાણી રાજા પણ બંદીગૃહે દોડી આવ્યા, અને બનતા ચમત્કારને પ્રત્યક્ષ નિહાળ્યો.

શ્રી આદિનાથ પ્રભુની ભક્તિમાં ગુરુદેવ લીન હતા. તે જ અવસ્થામાં એક પછી એક ભક્તિસભર, અહોભાવભરી કડીઓ પ્રગટ થતી ગઈ. જેમ જેમ એ અપૂર્વ કડીઓ બોલાતી ગઈ તેમ તેમ મુનિશ્રીની જંજીરો એક પછી એક તૂટતી ગઈ, અર્થાત્ એક એક કડીએ એક એક જંજીરના બંધનથી તેઓ મુક્ત થતા ગયા. આ પ્રમાણે મુનિશ્રીના મુખથી અડતાલીસ કડીઓ બોલાયા પછી જ્યારે તેમણે ભગવાનને વંદન કર્યા, ત્યારે તેમના સર્વ બંધો તૂટી ગયા હતા, અને તેઓ સંપૂર્ણ બંધનરહિત બન્યા હતા. મુનિશ્રી માનતુંગાચાર્ય આદિનાથ પ્રભુને વંદન કરીને ઊઠયા એટલે સર્વ ઉપસ્થિત નગરજનોએ ગુરુદેવનો જયજયકાર કર્યો અને તેમને વંદન કર્યા.

ગુરુદેવે ઉપસ્થિત રાજા તથા નગરજનોને ધર્મલાભ આપ્યો. સર્વેએ પ્રેમથી ગદ્‌ગદિત કંઠે ગુરુદેવની સ્તુતિ કરી અને રાજાએ પશ્ચાત્તાપપૂર્વક પોતાના કૃત્યની ગુરુદેવ પાસે ક્ષમા યાચી. ગુરુદેવ પ્રસન્ન હતા. ઉત્તમ આત્મબોધ આપી તેઓ વિહાર કરી ગયા.

મુનિશ્રી માનતુંગાચાર્યના મુખથી ઉદ્‌ભવેલા “ભક્તામર સ્તોત્ર”ના આવા અદ્‌ભુત ચમત્કારથી પ્રભાવિત થઈ લોકોએ આ સ્તોત્ર કંઠસ્થ કરી લીધું, અને

ઘણાં જૈન કુટુંબોમાં આ અદ્‌ભુત પ્રભાવશાળી સ્તોત્રનું નિયમિત પઠન કરવું એવો નિયમ થઈ ગયો. આ સ્તોત્રનું ભાવપૂર્વક નિયમિત પઠન કરનારનું જણાવવું છે કે આ સ્તોત્ર ખૂબ જ ચમત્કારી છે. ત્રણ મહિના સુધી નિયમિતપણે જો ભાવપૂર્વક તેનું પઠન કરવામાં આવે તો અવશ્ય કોઈ ને કોઈ ચમત્કાર બને છે, એટલું જ નહિ પણ આત્માને કોઈ વિશેષ પ્રકારની શાંતિનો અનુભવ થાય છે.

આ સ્તોત્રની રચના ત્યાગી, વૈરાગી અને આત્માની ઉચ્ચ અવસ્થાએ વિરાજતા એવા વિદ્વાન મુનિવરના મુખે થઈ છે. આથી એના અર્થ તથા ભાવની ખૂબી અને ઉત્તુંગતા સ્વાર્થી કે મિથ્યાત્વીની સમજમાં ન આવે એ સ્વાભાવિક છે. તેમ છતાં તેનું મનન સર્વ કોઈને ઉપકારી તો છે જ. જે જીવ ભક્તિસભર હૃદયથી વિનમ્રપણે આ સ્તોત્રનું ચિંતવન, ધ્યાવન, મનન વગેરે કરે છે તે આઠ ઋદ્ધિ, નવે સિદ્ધિ અને છેવટે અનંત અવ્યાબાધ આત્મિક સુખ આપનાર મોક્ષને પ્રાપ્ત કરે છે. આ સર્વનો યથાર્થ ભેદ તો જે આત્મજ્ઞાની છે, ભેદવિજ્ઞાની છે તે જ પામી શકે તેમ છે. વ્યાકરણના નિયમ અનુસાર આ કાવ્યમાં અનેક મંત્ર છે. તેના પ્રત્યેક ચરણ, પદ, અક્ષર વગેરે મહાન ચમત્કારિક છે.

આવી અદ્‌ભુત ચમત્કારિક રચનાના જનક શ્રી માનતુંગાચાર્ય વિશે પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થતી નથી એ એક દુર્ભાગ્યની વાત છે, પરંતુ અનુમાનથી એટલું જાણી શકાય છે કે શ્રી માનતુંગસ્વામી જિનકલ્પી સાધુ હતા. જિનકલ્પી એકાકી વિચરે છે. તેઓ શિષ્ય, આદેશ, ઉપદેશ વગેરેથી પણ વિરક્ત રહે છે. શ્રી માનતુંગસ્વામી એક અદ્વિતીય વિદ્વાન હતા. તેમની “ભક્તામર સ્તોત્ર” સિવાય એક પણ કૃતિ પ્રાપ્ત થતી નથી. પણ આ એક જ સ્તોત્ર તેમની પ્રતિભા અને આત્માવસ્થાની શાખ પૂરવા માટે પૂરતું પ્રમાણ છે.

આવી ઉત્તમ કાવ્યરચના અનુભવવા અને પ્રગટ કરવા હું તત્પર થઈ છું તે નાનકડી નાવ લઈને આખો સમુદ્ર તરવા જેવું વિકટ કાર્ય લાગે છે; તેમ છતાં ભક્તિવશે, પ્રભુપ્રતિના અહોભાવને લીધે આ કાર્ય હાથ ધરું છું તે સર્વ તીર્થંકરો

અને સત્પુરુષોના આશીર્વાદથી સફળ થાઓ. તેમની કૃપાનું સ્મરણ કરતાં કરતાં આ અદ્‌ભુત રચનાના અભ્યાસનો પ્રારંભ થાઓ.

અહીં લીધેલા ગુજરાતી પદ્યાનુવાદના રચયિતા છે શ્રી માવજી દામજી શાહ.

भक्तामर प्रणत मौलि मणि प्रभाणा –
मुद्योतकं दलितपापतमो वितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा –
वालंबनं भवजले पततां जनानाम् ।।१।।

यः संस्तुतः सकल वांग्मय तत्त्वबोधा –
दुद्‌भुत बुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर् जगत् त्रितयचित्त हरैरुदारैः,
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ।।२।।

(युग्मम्)

દિપાવે જે મુગટમણિનાં તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહીં ડૂબતાં પ્રાણીઓને,
એવા આદિ જિનચરણને વંદીને રૂડી રીતે. (૧)

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્રમાંહે અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. (૨)

(યુગ્મમ્)

પ્રથમની બીજી કડીમાં શ્રી માનતુંગાચાર્ય જણાવે છે કે તેઓ શ્રી આદિ જિનવર - પ્રથમ તીર્થંકર એવા શ્રી ૠષભદેવ સ્વામીની સ્તુતિ કરવા તત્પર

બન્યા છે; પ્રવૃત્ત થયા છે. દ્વાદશાંગીનાં અદ્ભુત રહસ્યોને જાણવાથી જેમની બુદ્ધિ પટુ અર્થાત્ અતિશયોવાળી બની છે, એવા ઈંદ્રોએ ત્રણે લોકના (સ્વર્ગ, પૃથ્વી અને નરકનાં) જનનાં મનને હરવાવાળા વિસ્તૃત સ્તોત્ર દ્વારા આ આદિનાથ પ્રભુની સ્તુતિ ખૂબ જ ભાવપૂર્વક કરી છે. પાંચે કલ્યાણક વખતે ઈંદ્રો ખૂબ જ ભક્તિભાવથી પ્રભુની સ્તુતિ કરે છે તેનો નિર્દેશ થતો અહીં જોઈ શકાય છે. અને એ જ આદિનાથ પ્રભુની સ્તુતિ કરવા આચાર્યજી પ્રવૃત્ત થયા છે.

આ ઈંદ્રાદિ દેવોએ સર્વ શાસ્ત્રોના મર્મ પામવારૂપ બુદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી છે તેનું વર્ણન પ્રથમ કડીમાં કરવામાં આવ્યું છે. શ્રી આદિનાથ પ્રભુનાં ચરણ કે જેઓ તેમને નમતાં, દેવતાઓના મુગટમાં રહેલા ઉત્તમ રત્નોને વિશેષ પ્રકાશિત કરે છે; અનાદિકાળથી ચાલ્યા આવતા માનવસમુદાયના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે; ભવરૂપી સંસારસમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને ટેકારૂપ થાય છે એવા ચરણને સમ્યક્ પ્રકારે વંદન કરીને ઈંદ્રાદિએ શાસ્ત્રોના મર્મ પામવારૂપ અનુપમ બુદ્ધિ પ્રાપ્ત કરી છે.

આમ આ બે કડીઓના જોડકા દ્વારા પોતે આ રચના કેવા અહોભાવપૂર્વક કરવા ધારી છે તેનું વર્ણન આચાર્યજીએ કર્યું છે. તેમને પોતાને બરાબર ખ્યાલ છે કે ઈંદ્રોએ ત્રણે લોકના રૂડા જીવોના મનને આનંદ પમાડનારા વિસ્તૃત સ્તોત્રોની રચના કરી છે; તેમાં જેટલો અહોભાવ ભર્યો છે, તેનાથી વિશેષ અહોભાવભરી સ્તુતિ થાય તો જ પોતાની સાચી સફળતા ગણાય. અને તો જ આ રચનાનું માહાત્મ્ય અનુભવવામાં આવે, નહિતર તો ઈંદ્રે કરેલી સ્તુતિ જ સ્વીકારવી એ વિશેષ યોગ્ય છે. જે પ્રભુ ત્રણે લોકનાં દુ:ખનો નાશ કરવા સમર્થ છે; જે પ્રભુ શરણે આવેલા જીવને પોતાસ્વરૂપ બનાવવા શક્તિશાળી છે; તે પ્રભુની સ્તુતિ એવા ઉત્કૃષ્ટ ભાવથી કરવામાં આવે તો જ સાચી સાર્થકતા છે. આ લક્ષને કારણે રૂંવે રૂંવે પ્રભુમય બની તેમણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો છે, તે અહીં જોઈ શકાય છે. પોતાની આ લીનતા તેઓ ત્રીજી કડીમાં જુદી રીતે વ્યક્ત કરે છે. (૨)

बुद्ध्या विनाऽपि विबुधार्चित पादपीठ,
स्तोतुं समुद्यत मतिर्विगतत्रपोऽहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दु बिम्ब–
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ।। ३ ।।

દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં, ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. (૩)

આ કડીથી આચાર્યજી પ્રભુને સીધું સંબોધન કરે છે. અહીંથી પ્રભુ સાથેનો તેમનો વાર્તાલાપ શરૂ થાય છે. આ કડીમાં દેવોના સામર્થ્યની સરખામણીમાં પોતાનું સામર્થ્ય કેવું છે તે બાળકના ઉદાહરણથી સમજાવે છે. આચાર્યજી પ્રભુને કહે છે કે મહાન શક્તિશાળી દેવો પણ સાથે મળીને, સમગ્રપણે આપની ભક્તિ તથા પૂજા કરે છે, તેઓ એકલા એકલા ભક્તિ કે પૂજા કરતા નથી, કારણ કે તમારા ગુણોને વર્ણવવા માટે સો ઈંદ્રોની વાણી પણ પૂરતી નથી. આવા સંજોગોમાં હું તો દેવોની અપેક્ષાએ સાવ મતિહીન - ઉત્તમ શક્તિઓથી રહિત છું, છતાં આપની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયો છું, તેમાં મારી આપના પ્રત્યેની અનન્ય ભક્તિ જ મુખ્ય નિમિત્ત છે. મારી અલ્પતાનું ભાન મને પૂરેપૂરું છે, પણ અનન્ય ભક્તિને કારણે એ લજ્જાનો મેં ત્યાગ કર્યો છે, અને તેમ કરવામાં દેવોથી ઊંચા દેખાવાનો, પ્રતિષ્ઠા મેળવવવાનો કે અન્ય કોઈ લોભ તેમાં નિમિત્ત નથી. મારી ભક્તિ અત્યારે એટલી તીવ્ર બની છે કે મારાથી આપની સ્તુતિ રચ્યા સિવાય રહી શકાય તેમ જ નથી. માટે જ હું આ સ્તુતિની રચના કરું છું. પ્રભુ! હું તો આપનું નાનું બાળક છું, અને તેથી મારી આ પ્રવૃત્તિને બાળકની પ્રવૃત્તિ ગણી ઉદારતાથી નિભાવી લેશો.

પોતાની પ્રવૃત્તિ બાળક જેવી કેવી રીતે છે તે આચાર્યજી પછીની બે પંક્તિમાં ઉદાહરણથી સમજાવે છે. એ પ્રવૃત્તિ સ્પષ્ટ કરતાં આચાર્યજી પ્રભુજીને પૂછે છે કે શીતળ ચંદ્રમાના પાણીમાં પડતા પ્રતિબિંબને જોઈને, તે પ્રતિબિંબ મેળવવાની, પ્રાપ્ત કરવાની હઠ તથા પ્રવૃત્તિ બાળક વિના કોણ કરે? બાળક સિવાયના સર્વ તો સમજે છે કે પાણીમાં દેખાતો ચંદ્રમા હાથમાં આવવાનો નથી, તેથી તેઓ એવી પ્રવૃત્તિમાં પડતા નથી. માત્ર બાળકને જ આ પ્રકારની સમજણ ન હોવાથી પ્રતિબિંબિત ચંદ્રમાને મેળવવાની પ્રવૃત્તિ તે કરે છે. એટલે કે બાળક જ પોતાની શક્તિનો તથા સંભવિતતા કે અસંભવિતતાનો વિચાર કર્યા વિના કાર્ય પાર પાડવા ધારે. પોતે ઉપાડેલું કાર્ય પણ આ જ પ્રકારનું છે. પોતાની (આચાર્યજીની) સ્તુતિ રચનાની ભાવના એટલી પ્રબળ બની છે કે તેઓ, જે કાર્ય સો ઈંદ્રોની વાણી કરવા સમર્થ નથી થઈ, તે કાર્ય પૂર્ણ કરવા ચાહે છે; એટલે આ ગંભીર અને મહાન કાર્ય પોતાથી બનવું સંભવિત છે કે અસંભવિત છે, પોતાની શક્તિ બહારનું છે, એ વિચારવાની વૃત્તિ પણ દૂર થઈ ગઈ છે. આમ માત્ર અનન્ય ભાવથી પ્રેરાયેલું કાર્ય જોઈને કોઈને એમ લાગે કે તેમણે દેવોની સામે હોડ બકી છે, તો તે તેમ નથી જ. આથી જ આચાર્યજી પોતાની આ પ્રવૃત્તિ ઉદારતાથી નિભાવી લેવા પ્રભુને વીનવે છે. એક બાળકની પ્રવૃત્તિ ગણીને તે સામે જોવા પ્રભુને જણાવે છે. પોતાની અલ્પતાને કારણે પ્રભુના ગુણોનો પ્રકાશ યથાર્થ રીતે થઈ ન શકે તો, એક નાદાન બાળકની પ્રવૃત્તિ ગણીને તેને નિભાવી લેવા પ્રભુને ગૂઢતાથી જણાવે છે, કારણ કે એ કાર્યમાં પ્રભુ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ જ સૌથી મોટું અને બળવાન નિમિત્ત છે. પોતે ઉપાડેલું કાર્ય કેવું ગંભીર છે તેનો નિર્દેશ આચાર્યજી આ પછીની કડીમાં કરે છે. (૩)

वक्तुं गुणान् गुणसमुद्र शशांककान्तान्,
कस्ते क्षमः सुरगुरु–प्रतिमोऽपि बुद्ध्या ।
कल्पान्तकाल पवनोद्धत नक्रचक्रं,
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ।।४।।

સદ્ગુણોથી ભરપૂર તમે, ચંદ્રવત્ શોભનારા,
દેવોનાયે ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઉછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે? (૪)

આ કડીમાં શ્રી આચાર્યજી, પોતે ઉપાડેલું, આદિનાથ પ્રભુની સ્તુતિ રચનાનું કાર્ય કેટલું ગંભીર અને કેટલું કઠિન છે, તેનું વર્ણન કરે છે. તેઓ શ્રી પ્રભુને કહે છે કે હે પ્રભુ! તમે તો સર્વ સદ્ગુણોથી ભરેલા છો, અને તેથી સોળે કળાએ ખીલેલા ચંદ્રમાની જેમ શોભાયમાન, આદરણીય છો. તમારામાં એટલા બધા ગુણો ભરેલા છે કે દેવોના ગુરુ ઇંદ્ર પણ પોતાની અતિશયવાળી બુદ્ધિનું અવલંબન લીધા પછી પણ એ ગુણો પૂરેપૂરા વર્ણવી શકતા નથી. એવા પ્રસંગે એ ગુણો વર્ણવવા જતાં પોતાની દશા કેવી થાય તેની કલ્પના પણ આચાર્યજીને મુંઝવણમાં મૂકી દે છે. તેમ છતાં થતી અવસ્થાને વર્ણવવા તેઓ પ્રલયકાળના એક દર્શનનું વર્ણન કરે છે.

ભરતક્ષેત્રમાં જ્યારે અવસર્પિણી કાળનો પાંચમો આરો પૂરો થઈ, છઠ્ઠો આરો બેસે છે, ત્યારે અનેક પ્રકારનાં તોફાનો, વાવાઝોડાંઓ, લોહીવર્ષાઓ આદિ અનેક પ્રકારનાં અનિષ્ટો સ્થાન લે છે. અને જે કંઈ રહ્યાંસહ્યાં શુભ લક્ષણો હોય તેનો લોપ થાય છે, “દુઃખમ્ સુખમ્” આરાની જગ્યાએ “દુઃખમ્ દુઃખમ્” આરો શરૂ થાય છે. આવા વિનાશકારી સમયે, પ્રલયકાળના સમયે જ્યારે માત્ર દુઃખનો જ ભોગવટો અસ્તિત્વમાં હોય છે અને સુખનો સંપૂર્ણ લોપ થયો હોય છે, ત્યારે સમુદ્રમાં અતિરૌદ્ર તથા ભયંકર પ્રાણીઓ ઊંચાનીચાં ઊછળતાં હોય છે, અને જે કંઈ પ્રાપ્ત થાય તેનો નાશ કરવા પ્રવૃત્ત બન્યાં હોય છે. આવાં ભયંકર પ્રાણીઓથી ઉભરતા સમુદ્રને માત્ર પોતાના બે હાથથી તરવાની જો માનવી હામ ભીડે તો તેની અવસ્થા કેવી દુઃખદાયક થાય? તે માનવી કદી પણ એ સમુદ્રને પાર ઊતરી શકે ખરો? આ રીતે સમુદ્રથી પાર ઊતરવું એ લગભગ અસંભવિત કાર્ય છે, અને તે અસંભવિતતાની સમજ સામાન્ય માનવીને પણ હોય છે.

આચાર્યજીને જણાય છે કે પ્રભુના ગુણરૂપી સમુદ્રને તરવો એ પણ આવું જ વિકટ કાર્ય છે. પ્રભુમાં અનંત ગુણો સમાવેશ પામ્યા છે, તે સર્વને વર્ણવવાની ઈચ્છા ધરાવતા આચાર્યજીને કબીરજી માફક લાગે છે કે :–

"ધરતીકા કાગજ કરું, કલમ કરું વનરાય;
સાત સમુદ્રકી શાહી કરું, હરિ ગુન લિખ્યા ન જાય"

(કબીર)

પ્રભુના અનંત ગુણો યાદ કરતાં પણ મુંઝવણ લાગે તેવું છે. ક્યા ગુણો પ્રથમ લેવા અને ક્યા ગુણો પછી લેવા એ વિચારણામાં મતિ મુશ્કેલી આપે છે. એકને સ્મૃતિમાં લેવા જતાં બીજા અનેક વિશિષ્ટ ગુણો સ્મૃતિમાં આવે છે, અને તેઓ તેની વિચારધારામાં લીન થઇ જાય છે. અને આથી આ ગુણોનો સમુદ્ર તરવાનું કાર્ય-ગુણો વર્ણવવાનું કાર્ય, પ્રલયકાળના સમુદ્રને એકલે હાથે તરવા કરતાં પણ તેમને વિશેષ વિકટ જણાય છે.

આચાર્યજીએ અહીં એક ખૂબી કરી છે. એક બાજુ સુખના ભંડારરૂપ પ્રભુના ગુણોરૂપી સમુદ્ર અને દુ:ખના દરિયારૂપ પ્રલયકાળની મુશ્કેલીઓની તીવ્રતાની સરખામણી કરી છે. બંને પરસ્પર વિરોધી વસ્તુની તેમણે સરખામણી કરી છે: સુખનો સમુદ્ર તથા દુ:ખનો દરિયો. પણ બંનેની તીવ્રતા સરખી હોવાથી આ શક્ય બનેલ છે. વિજ્ઞાનનો એક સિદ્ધાંત છે કે 'Action and reaction are opposite and equal', એ સિદ્ધાંતનું જ અવલંબન લઈને આ કડીની રચના આચાર્યજી જાણે કરી ન હોય! અને આ ઉદાહરણ દ્વારા આચાર્યજી એ તો સ્પષ્ટ કરે છે કે પોતે ઉપાડેલા કાર્યની મહત્તા તથા મર્યાદા તેમના લક્ષમાં જ છે. અને તે પરથી આપણે જાણી શકીએ છીએ કે ત્રીજી કડીમાં તેમણે બતાવેલું પોતાનું બાલકપણું એ બાલકપણું નથી, પણ હ્રદયની ઊંડી સંવેદનાનો આવિર્ભાવ છે! (૪)

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश,
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्याऽत्मवीर्यमविचार्य मृगी मृगेन्द्रं,
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ।।५।।

એવો હું છું ગરીબજન તો યે પ્રભુ ભક્તિ કાજે,
શક્તિ જો કે મુજમહીં નથી ગુણ ગાઈશ આજે;
શક્તિ જો કે નિજમહીં નથી, તો ય શું મૃગલીએ,
રક્ષા માટે શિશુતણી નથી, સિંહ સામે જતી એ. (૫)

ચોથી કડીમાં બતાવ્યા પ્રમાણે આચાર્યજી બહુ દુસ્તર કાર્ય કરવા તત્પર બન્યા છે, અને પોતાના એ મંતવ્યના સમર્થનમાં તેમણે આ કડીની રચના કરી હોય તેમ જણાય છે. આચાર્યજી આદિનાથ પ્રભુને કહે છે કે પોતે શક્તિ અપેક્ષાએ તો સાવ સાધારણ જ છે, પરંતુ પ્રભુની ભક્તિ કરવાની અદમ્ય ઈચ્છાને કારણે એમના ગુણો અને મહિમા વર્ણવવાનો તેમણે નિશ્ચય કર્યો છે. શક્તિ બહારનું પોતે ઉપાડેલું કાર્ય કેવું છે તે તેમણે સંસારમાં જોવા મળતા એક અનુરૂપ ઉદાહરણથી બતાવ્યું છે.

એક હરિણી જે સ્વભાવથી જ નિર્દોષ અને શાંત છે, વળી શક્તિ અપેક્ષાએ જે સાવ નિર્બળ છે, એવી હરિણીના બચ્ચાને જ્યારે અતિ બળવાન અને ઘાતકી સિંહે ખાવાના આશયથી પકડયું હોય છે, ત્યારે તે બચ્ચાના બચવાની કોઈ જ આશા હોતી નથી. એ સંજોગોમાં એ હરિણી પોતાની નજર સામે સિંહથી ચૂંથાતા ગભરુ બચ્ચાને અશક્તિને કારણે દીન નજરે જોઈ રહેતી નથી, પણ પોતે હિંમત એકઠી કરીને, બચ્ચાને બચાવવા માટે સિંહની સામે પણ બાથ ભીડે છે. ભલે પછી તે સિંહની સામે થવા જતાં પોતાનો પણ સર્વનાશ થઈ જાય.

આ દૃષ્ટાંત પરથી એ સમજાય છે કે હરિણીને સિંહ સામે બાથ ભીડતી વખતે પોતાની અલ્પતાનો, લઘુ શક્તિનો બરાબર ખ્યાલ હોય છે, પણ તે

ભાનથી પોતે આરંભેલું પોતાના પ્યારાં બચ્ચાને મૃત્યુના મુખમાંથી છોડાવવાનું ઉત્તમ તથા પવિત્ર કાર્ય તે છોડી દેતી નથી, બલ્કે એ કાર્યને વિશેષ વેગ આપે છે. આચાર્યજી પણ અહીં એ જ જણાવવા માગે છે કે પોતે ઉત્તમ જાણેલું કાર્ય હરિણી જેવું ગભરુ પશુ પણ હીનશક્તિ કે વિઘ્નના ભયથી છોડી દેતું નથી, તો પછી માત્ર અલ્પ શક્તિના કારણથી દોરવાઈને એમના જેવા ભક્તે પ્રભુનાં ગુણગાન કરવાનું ઉત્તમ કાર્ય છોડવું કઈ રીતે યોગ્ય ગણાય? આ વિશે તેમના આત્મામાં દૃઢત્વ પ્રકાશતાં તેઓ નિશ્ચય કરે છે કે :–

"જો કે શક્તિ મુજ મહીં નથી, ગુણ ગાઈશ આજે."

તેઓ પ્રભુને જણાવે છે કે ભલે મારી શક્તિ અલ્પ હો, પણ મારી ભાવના તો ઉત્તમ જ છે, એ વિશે મને લેશપણ શંકા નથી, અને એથી એ જ નિર્ણય છે કે હું આજે આ અનન્ય ભક્તિને કારણે પ્રભુના ગુણો અવશ્ય ગાઈશ અને તેમ કરવામાં કોઈ પણ પ્રકારના વિઘ્નને ગણકારીશ નહિ, જેમ મૃગલી કોઇ વિઘ્નનો ભય રાખતી નથી તેમ.

આચાર્યજીનો આ ભાવ સમજાતાં પ્રતીતિ આવે છે ને કે તેઓ પોતાની જંજીરમાં જકડાયેલી અવસ્થાથી પર થઈ ગયા હોવા જોઈએ. તે વિના આ દૃઢતા ક્યાંથી પ્રકાશી શકે? એમની આ અવસ્થા પરથી જ પ્રભુ વિશેની તેમની લીનતાનો સુંદર પરિચય આપણને મળી રહે છે. અને આ પ્રકારનો પરિચય આપણને આ પછીની કડીમાં પણ મળે છે. (૫)

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम,
त्वद्‌भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत्कोकिलः किल मधौ मधुरं विरौति,
तच्चारु चाम्र कलिकानिकरैकहेतुः ।।६।।

એવો હું છું મતિહીન ખરે, લાગું છું પંડિતોને,
તો યે ભક્તિવશ થકી પ્રભુ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહૂ ટુહૂ કરે ચૈત્રમાંહી જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા, આમ્રનો મોર જેમ. (૬)

આ સંસારમાં અન્ય જનો પાસે પોતાનું સ્થાન કેવું છે તે આચાર્યજી ભક્તસ્વરૂપે આદિનાથ પ્રભુ સમક્ષ આ કડીમાં વર્ણવે છે. પ્રભુને તેઓ એમ જણાવે છે કે મોટા મોટા પંડિત જનો અને વિદ્વાન જનોની નજરમાં પોતે સાવ અક્કલહીન લાગે છે, કારણ કે પંડિત અને વિદ્વાન જનોનું એ લક્ષણ છે કે પોતાની શક્તિઓ અને મર્યાદાઓનો ખ્યાલ કરીને જ કાર્યનો આરંભ કરવો જોઈએ. જો સ્વશક્તિ કરતાં મોટું કાર્ય હાથમાં લેવામાં આવે તો તે કાર્ય પંડિતજનોનું નહિ પણ મૂર્ખજનોનું છે. અને અહીં તો આ ભક્ત દેવોના ગુરુ ઈન્દ્ર પણ જે કાર્ય પાર પાડી શક્યા નથી તે કાર્ય પાર પાડવા પ્રવૃત્ત થયા છે, અને તેથી વિદ્વાનોની દૃષ્ટિમાં તેઓ મૂર્ખશિરોમણિ જણાય તો તેમાં નવાઈ શી? પરંતુ સાચા ભક્તને તો તેની પરવા નથી. તેમનો તો અચળ નિર્ધાર છે કે આ ભક્તિ ગાવાના જે અનન્ય ભાવ પ્રગટયા છે તે પૂરા કરવા જ છે, અને પ્રભુની સાચા હૃદયથી ભક્તિ કરવી છે.

પોતાના આ નિર્ધારને સમર્થન કરે એવું સુંદર ઉદાહરણ તેઓશ્રી પ્રકૃતિના ખોળે વસતાં પંખીઓ પાસેથી મેળવી લે છે. ચૈત્ર માસમાં, ગ્રીષ્મઋતુના મધ્યાહ્નકાળે આંબાના વૃક્ષો પર કેરીઓ લચવા લાગે છે, અને એની મીઠાશ પણ અદ્‌ભુત હોય છે. વળી દેખાવ પણ સુંદર બન્યો હોય છે, એવા પ્રસન્નતાજનક વાતાવરણમાં સુંદર કંઠવાળી પણ અશુભ રંગભરિત કોયલો “ટુહૂ ટુહૂ”ના મધુર ટહુકા દ્વારા પોતાની પ્રસન્નતાને અભિવ્યક્તિ આપી વાતાવરણને ખૂબ આહ્‌લાદક બનાવી મૂકે છે. એ ટહુકા દ્વારા પોતાના ચિત્તની પ્રસન્નતાને વ્યક્ત કરતી વખતે તે અન્ય પ્રાણી કે પ્રકૃતિનો વિચાર કરતી નથી, માત્ર પોતાની ખુશાલીને મુક્ત દિલે, મુક્ત કંઠે ગાઈને અન્ય સર્વને તે પ્રસન્નતાનું નિમિત્ત બની રહે છે. અને

આ પ્રસન્નતા એટલી તો અસરકારક હોય છે કે તેનું ગાન સાંભળનાર તેનાં રૂપરંગ કે શક્તિ-અશક્તિનો વિચાર કરવાને બદલે તેના કંઠમાંથી વ્યક્ત થતી મધુરતામાં જ લીન બને છે.

આ સૂચક ઉદાહરણ દ્વારા ભક્ત કવિ આચાર્યજી આપણને ઘણું ઘણું સૂચવી જાય છે. અહીં સૂચિત રૂપકને આ પ્રમાણે સમજી શકાય. આચાર્યજી કોકિલા સ્વરૂપે છે. જેનાં રોમેરોમ પ્રભુના ગુણોની સ્મૃતિમાં રોમાંચિત છે, તેવા ભક્ત કવિ અન્યની પ્રસન્નતા આદિનો વિચાર કરવાને બદલે પોતાની પ્રસન્નતાને જ વ્યક્ત કરવા કૃતનિશ્ચયી બન્યા છે. અને આ પ્રસન્નતાનો નાદ એવો તો મધુર હશે કે શક્તિ-અશક્તિની તુલના કરવાનો વિચાર પણ અન્ય શ્રોતાજનો નહિ રાખી શકે એવી ભાવના પણ અવ્યક્ત રીતે અહીં મુકાઈ છે. કોકિલાની પ્રસન્નતાના ગાનમાં લીન બની આનંદ માણતા મહાનુભાવી પ્રકૃતિપ્રેમીઓ તેનાં રંગ, અવસ્થા આદિ વિશે અલક્ષ બને છે, અને સાચા આનંદને માણે છે, તેવી જ રીતે અહીં પ્રગટ થતી ભક્તિ પણ એવી અદ્ભુત છે કે તેના રસમાં લીન બની આહ્લાદ માણનાર જનો કવિની શક્તિ, અવસ્થા આદિનું ભાન ભૂલીને માત્ર ભક્તિરસનું સાચું અમૃત જ માણશે. પ્રકૃતિની સુંદરતા એ કોયલને ઉત્તમ નિમિત્ત છે, તેમ પ્રભુના ગુણોની સમજણરૂપી સુંદરતા એ ભક્તને ઉત્તમ નિમિત્ત છે. પ્રકૃતિમાં નિમગ્ન બની કોકિલા માત્ર તે આનંદ માણવામાં લીન બને છે, તેમ જ અહીં ભક્ત પ્રભુના ગુણોમાં નિમગ્ન બની આનંદ માણવામાં લીન બન્યા છે. કોકિલાની એ લીનતાની અભિવ્યક્તિ અન્ય જનોને જેમ પ્રસન્નતાનું નિમિત્ત છે, તેવી જ રીતે આચાર્યજીની લીનતાની અભિવ્યક્તિ પણ અન્ય જનોને અહોભાવભરી પ્રસન્નતાનું નિમિત્ત છે.

આ વચનોની સાબિતી આપણને આ સ્તોત્ર રચાતું હતું તે સમયના વર્ણન પરથી ભક્તિભાવ સમેત આ સ્તોત્ર વાંચતાં આપણને મળી રહે છે. જે કોઈ ઇચ્છે તે આ આનંદ માણી શકે તેમ છે.

આમ આરંભની મંગલાચરણરૂપ બે કડીઓમાં આદિનાથ ભગવાનને વંદન કરી તેમની સ્તુતિ કરવાનો પોતાનો નિર્ણય આચાર્યજી પ્રગટ કરે છે. અને પછીની ચાર કડીઓમાં પોતે આરંભેલું કાર્ય કેટલું મહાન તથા કઠિન છે તે જુદાં જુદાં ઉદાહરણોથી જણાવ્યું છે, તથા આવું કાર્ય કરવા કેવા નિમિત્તોથી તેમને સમર્થન મળ્યું તે પણ બતાવ્યું છે. આવું ભગીરથ કાર્ય કરવા તેઓ તત્પર શા માટે બન્યા છે તે તેમણે આ પછીની કડીઓમાં દર્શાવ્યું છે, અર્થાત્ રચનાનું રહસ્ય મૂક્યું છે. (૬)

त्वत्संस्तवेन भवसन्तति–सन्निबद्धं,
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्त–लोकमलिनीलमशेषमाशु,
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ।।७।।

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે તિમિર સઘળું રાત્રીએ વિશ્વમાંય,
નાસે છે રે! સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. (૭)

અનાદિકાળથી જીવ પાપ અને પુણ્યકર્મનો ભોગવટો કરતો કરતો મનુષ્ય, દેવ, નરક અને તિર્યંચ ગતિમાં ભમ્યા કરે છે, અને આ પરિભ્રમણ કરતાં કરતાં અનેક પાપકર્મોનો જથ્થો એકઠો કરે છે. પણ જ્યારે પ્રભુના ગુણોનું સ્મરણ કરવામાં આવે છે, પ્રભુની સ્તુતિ કરવામાં આવે છે ત્યારે અનેક જન્મોના પરિભ્રમણમાં એકઠું કરેલું પાપ નાશ પામે છે, દૂર થાય છે. વળી ભક્તજનની ચિત્તવૃત્તિ-મન પ્રભુના ગુણોમાં પરોવાય છે, અને એ દ્વારા તે પ્રભુના ગુણો ગ્રહણ કરે છે. આમ પ્રભુની સ્તુતિ કરવામાં જીવ બેવડો લાભ પામે છે.

પોતાના વિધાનને આચાર્યજી સૂર્ય અને રાત્રિના ઉદાહરણથી સમર્થિત કરે છે. રાત્રિના સમયે અર્થાત્ સૂર્યની ગેરહાજરીવાળી અવસ્થામાં, આખા વિશ્વ ઉપર અંધકારનું સામ્રાજ્ય ફરી વળે છે. અને એ અંધકારમાં કંઈ દૃષ્ટિગોચર થતું નથી.

પરંતુ પ્રભાતમાં સૂર્યનું આગમન થવાથી જેવો પ્રકાશ ફેલાવા લાગે છે તેવો જ અંધકાર-તિમિર અદશ્ય થવા લાગે છે, એટલે કે સૂર્યના પ્રકાશથી અંધકાર નાસવા લાગે છે.

આ ઉદાહરણથી આચાર્યજી આપણને સમજાવે છે કે પ્રભુ એ સૂર્ય સમાન સ્વપર પ્રકાશક છે, અને જગતના જીવોએ સંગ્રહિત કરેલાં પાપો એ અજ્ઞાનરૂપી અંધકાર છે. જેમ અંધારું આખા વિશ્વમાં છવાઈ જાય છે, તેમ આ પાપો સમગ્ર જીવનમાં છવાઈ જાય છે, અને જેમ અંધકારમાં દોરડું સર્પરૂપે ભ્રાંતિથી ભાસે છે, અર્થાત્ સાચું દેખાતું નથી, તેમ પૂર્વ પાપોના પ્રભાવથી જીવને સાચી વસ્તુ સૂઝતી નથી. પરંતુ સૂર્યનો-પ્રકાશનો ઉદય થતાં જેમ અંધકારનો નાશ થાય છે, તેમ પ્રભુરૂપ સૂર્યના સ્મરણરૂપ ઉદયથી પાપરૂપ અંધકારનો નાશ થાય છે.

અહીં ગર્ભિત રીતે આચાર્યજી એ સૂચવે છે કે પાપના ઉદયરૂપી અંધકારથી છવાયેલ રાત્રિ જેવા મારા જીવનમાં પ્રભુસ્મરણરૂપી સૂર્યનો ઉદય થયો છે; તેથી આ અશુભ કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલો આ ઉપસર્ગરૂપી અંધકાર અવશ્ય નાશ પામવાનો છે.

પ્રભુસ્મરણના આવા અદ્‌ભુત મહિમાથી પ્રભાવિત થઈને આચાર્યજીએ આ સ્તુતિની રચનાનો આરંભ કર્યો છે, એમ સમજાય છે. આ ઉપરાંત એ પણ ફલિત થાય છે કે જે કોઈ ભાવિક જીવ આ રીતે સ્મરણ કરશે તે સર્વનાં પાપોનો નાશ અવશ્ય થશે જ અને આ કડીની રચના દ્વારા અન્ય જીવોને મોક્ષમાર્ગ પ્રતિ વાળવાની પરોક્ષ પ્રવૃત્તિ પણ તેમણે સ્વીકારી છે તે પણ સૂચવાય છે. તેમની આ પ્રવૃત્તિનું વિશેષ સ્પષ્ટીકરણ આપણને આ પછીની કડીમાં જોવા મળે છે. (૭)

मत्वेति नाथ! तव संस्तवनं मयेद –<br>
मारभ्यते तनुधियापि तव प्रभावात् ।<br>
चेतो हरिष्यति सतां नलिनीदलेषु,<br>
मुक्ताफल–द्युतिमुपैति ननूदबिन्दुः ।।८।।

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરે, આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા! સજ્જનોને ગમે છે. (૮)

સાતમી કડીમાં વર્ણવ્યો છે એવો પ્રભાવ પ્રગટ સમજવામાં આવવાથી આચાર્યજીને અનન્ય ભક્તિ કરવાનો ઉત્તમ ભાવ પ્રગટ થયો છે, અને એવો ઉત્તમ ભાવ પ્રગટવામાં સૌથી વિશેષ બળવાન નિમિત્ત જો કોઈ હોય તો તે “આદિનાથ પ્રભુ” જ છે એમ આચાર્યજીને લાગે છે. આથી જ આ કડીમાં આચાર્યજી પ્રભુને કહે છે કે આપનો આવો પ્રભાવ લાગવાથી આપનું સ્તવન કરવાના ભાવ મારામાં પ્રગટયા છે. અને તેમ થવામાં આપ જ પ્રભાવક છો, કારણ કે તમારા વિશિષ્ટ પ્રકારના પ્રભાવ વિના, અનુગ્રહ વિના મારા જેવો અલ્પ શક્તિવાળો આત્મા આવું ભવ્ય કાર્ય કરવા કદિ પણ પ્રવૃત્ત થઈ શકે નહિ. તમારો સાથ અને સહકાર સંપૂર્ણપણે ન હોય તો હે પ્રભુ! આવું ઉત્તમ કાર્ય કેવી રીતે સફળ થાય? આ અને આવાં વચનો દ્વારા આદિનાથ પ્રભુ પ્રતિનો સાચો અહોભાવ આચાર્યજી સ્પષ્ટ રીતે પ્રગટ કરે છે.

પ્રભુના આવા પ્રભાવ નીચે, પ્રભુની જ પ્રેરણાથી રચાયેલી સ્તુતિ સર્વ સજ્જનોને, સર્વ સત્પુરુષોને અવશ્ય આનંદનું નિમિત્ત થઈ પડશે તેમ તેમને લાગે છે, કારણ કે જે કંઈ પ્રભુના પ્રભાવથી લેપાયલું હોય તે સુંદર જ હોય, કોઈ પણ પ્રકારની અસુંદરતા પ્રભુ પાસે ટકી શકતી નથી. તેથી જ આચાર્યજીને શ્રદ્ધા છે કે પોતે ભલે ગમે તેવી અલ્પમતિવાળા છે, છતાં પણ તેમણે રચવા ધારેલી સ્તુતિ પ્રભુના પ્રતાપથી અલંકૃત થયેલી છે તેથી તે રચના સુંદર જ બનવાની છે. વળી મનને વશ કરે એવી સ્તુતિ તો સર્વ સંતપુરુષોને આકર્ષે જ, અર્થાત્ એ સ્તુતિ પ્રતિ સર્વ સંતોનું લક્ષ જાય એટલું જ નહિ પણ તેમના હ્રદયરૂપ થઈ પડે.

આચાર્યજી પ્રભુના આ પ્રભાવને કમળપત્ર અને પાણીનાં ટીપાના ઉદાહરણથી સમજાવે છે. કમળમાં એવો ગુણ છે કે તે કાદવમાં ખીલે છે, છતાં પણ તેને કાદવનો

જરા પણ સ્પર્શ થતો નથી, તે તો કાદવમાં રહ્યા રહ્યા પણ કાદવથી અલિપ્ત જ રહે છે એટલું જ નહિ, પણ જ્યારે એ કમળ પર શુદ્ધ પાણીનું બિંદુ ગોળાકારે સ્થિર થાય છે ત્યારે તે પાણીનું બિંદુ કમળના પ્રભાવથી મોતીની જેમ ચમકે છે, અને મોતીની શોભા પામે છે. અર્થાત્ કમળની પવિત્રતા અને શુદ્ધતાના પ્રભાવથી પાણીનું ટીપું મોતી જેવી મહત્તા પામે છે. અહીં આચાર્યજી એ સૂચવે છે કે પ્રભુ કમળની જેમ શુદ્ધ છે. તેમને સંસારરૂપી કાદવનો અર્થાત્ પાપોનો લેશ પણ સ્પર્શ થતો નથી. પૃથ્વી પર હોય તો પણ પ્રભુ શુદ્ધ જ હોય છે, તો પછી સિદ્ધભૂમિમાં બિરાજમાન પ્રભુ વિશે કહેવું જ શું? આથી જો કોઈ અલ્પ મતિ પુરુષ પણ તેમની સ્તુતિ કરવા તત્પર થાય તો, પ્રભુના પ્રભાવથી તે સ્તુતિ ઉત્તમ પુરુષોને આકર્ષણનું નિમિત્ત થઈ પડે છે.

આમ આચાર્યજી પોતાની આંતરિક અવસ્થા ગૂઢ રીતે ખુલ્લી કરે છે. પોતે પોતાને અલ્પ શક્તિવાન માને છે, છતાં શ્રધ્ધે છે કે પોતે સ્તવવા ધારેલા પ્રભુનો પ્રભાવ જ એવો છે કે સામાન્ય મૂલ્યની ચીજ પણ અમૂલ્ય બની જાય છે. અહીં આચાર્યજીની નિર્માની અવસ્થા આપણે જાણી શકીએ છીએ. આ સ્તોત્રમાં જે કંઈ સારું છે, જે કંઈ ઉત્તમ છે, જે કંઈ પ્રભાવક છે તે સર્વનો યશ તેઓ પ્રભુને સોંપે છે. અને આપણને એક સાચા ભક્તની ઝાંખી કરાવી જાય છે. તેમને યશ, કીર્તિની લેશ પણ પરવા નથી, તેઓ તે પ્રભુનાં યશોગાનમાં મસ્ત બન્યા છે તે અહીં યથાર્થ સમજી શકાય છે. જો એમ ન હોત તો પોતાને બદલે પ્રભુને સઘળો યશ અર્પવાના ભાવ તેઓ ક્યાંથી પ્રગટાવત ?

આ પ્રસંગે કોઈને આશ્ચર્ય થાય કે સિદ્ધભૂમિમાં બિરાજતા પ્રભુનો પ્રભાવ આટલો બધો હોઈ શકે ખરો? પ્રભુ તો સિદ્ધભૂમિમાં સ્વાત્મમાં રમમાણ છે અને તેમના ભક્ત બંદીવાન અવસ્થામાં બંધીગૃહમાં વશે છે, એ બે વચ્ચે આ ક્યા પ્રકારનો નાતો? આ ક્યા પ્રકારનો સંબંધ? ક્યું નિમિત્ત ભક્તને પ્રેરણાદાયી બની શકે છે? આ પ્રશ્નોનું સમાધાન આ પછીની કડીમાં આપણને મળે છે. તેમ છતાં એક વસ્તુ સ્પષ્ટ કરવી ઘટે કે આચાર્યજીએ સિદ્ધ થયા છતાં આદિનાથ પ્રભુને

પ્રત્યક્ષ ગણીને આ સ્તુતિની રચના કરી છે, (જુઓ કડી ૨૬થી ... ૩૭ વિશેષપણે આ સમજાવે છે) અને તેથી તેનો પ્રભાવ કોઈ જુદા જ પ્રકારનો છે. (૮)

आस्तां तव स्तवनमस्तसमस्त दोषं,
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्त्रकिरणः कुरुते प्रभैव,
पद्माकरेषु जलजानि विकासभांजि ।। ९ ।।

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારા,
પાપો નાશે જગજનતણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તો યે ખીલે કમળદળ તે કિરણોથી વધારે. (૯)

આ કડીમાં આચાર્યજી આપણને પ્રભુ અને ભક્ત વચ્ચેનો સંબંધ કેવો પવિત્ર અને કેવો ઘનિષ્ઠ હોય છે તે જણાવે છે. પ્રભુ સિદ્ધ અવસ્થામાં સિદ્ધભૂમિમાં બિરાજે છે અને ભક્ત પૃથ્વી ઉપર સંસારમાં રહ્યો હોય છે, તેમ છતાં તેઓ બંને વચ્ચે કેવો ઉત્તમ સંબંધ પ્રવર્તી શકે છે તે કમળ અને સૂર્યના ઉદાહરણથી સ્પષ્ટ રીતે સમજાવ્યું છે.

દૂર દૂર આકાશમાં રહીને સૂર્ય પોતાનાં કિરણોને ચારે બાજુ ફેલાવે છે. તેમાંનાં કેટલાંક કિરણો પૃથ્વી પર તળાવમાં બીડાઈને પડેલાં પદ્મો પર પણ આવે છે. સૂર્યનાં આ કિરણોના સ્પર્શની પદ્મો પર એવી અસર થાય છે કે તેઓ ક્રમે ક્રમે ખીલવા લાગે છે, વિકાસ પામવા લાગે છે. આ આહ્‌લાદજનક સ્પર્શથી આનંદવિભોર બની ઉત્તમ વાતાવરણ રચે છે. એટલે કે એ પદ્મો વિશેષતાએ વિકાસ પામી, સૂર્યના સ્પર્શના પ્રભાવથી થતો આનંદ અને અહોભાવ પ્રગટ કરે છે. જો કે આ કિરણો પદ્મને દિવસના અમુક જ ભાગમાં પ્રાપ્ત થાય છે, તેમ છતાં આવો વિકાસ દૃષ્ટિગોચર થાય છે, તો પછી જો સતત કિરણોનો સ્પર્શ રહ્યા કરે તો વિકાસ કેવો અદ્‌ભુત હોય તેની તો કલ્પના જ કરવાની રહે છે.

કુદરતમાંથી લીધેલા આ ઉદાહરણ દ્વારા આચાર્યજી ભગવાન અને ભક્તનો પવિત્ર સંબંધ કેવો હોય તે સ્પષ્ટ કરે છે. પ્રભુ દૂર દૂર સિદ્ધભૂમિમાં વિરાજે છે, અને ભક્તજન કાદવ જેવા સંસારમાં કમળરૂપે રહે છે. આવા વિષમ સંજોગોમાં જ્યારે ભક્તને ભગવાનનું સ્મરણ થાય છે, અર્થાત્ પ્રભુનાં તેજકિરણોનો સ્પર્શ થાય છે ત્યારે તેનાં પાપો દૂર દૂર નાસવા લાગે છે. ગુણો ખીલવા લાગે છે અને ભક્તનાં રોમેરોમ ઉલ્લસિત થઈ કમળની જેમ પૂર્ણ વિકસિત બની, આનંદવિભોર થઈ રાચી ઊઠે છે. એટલે કે પ્રભુના નામસ્મરણ માત્રથી ભક્તનો આત્મા પરમાર્થમાર્ગમાં વિકાસ કરે છે. આથી જ અહીં આચાર્યજી જણાવે છે કે સતત નામસ્મરણ કરવાનું તો એક બાજુએ મૂકો, પણ સામાન્ય સ્મરણ કરવામાં આવે તો પણ જગતના જીવોનાં પાપો દૂર ને દૂર પ્રભુના પ્રભાવથી નાસવા લાગે છે. બીજી રીતે કહીએ તો ભગવાનના સ્મરણ (નામસ્મરણ) માત્રથી ભક્તજન સંસારથી છૂટવા માટેનું અનન્ય બળ પ્રભુ પાસેથી પ્રાપ્ત કરે છે. પ્રભુનો આ કેવો અદ્ભુત મહિમા છે? જો સ્મરણ માત્રથી આટલું બધું પ્રાપ્ત થતું હોય તો પછી પ્રભુનું સતત સ્તવન કરવામાં આવે તો કેવો અનન્ય લાભ મળે એ વર્ણવવા માટે કલમ પાસે શું સામર્થ્ય છે? તે તો કલ્પનાથી સમજવા યોગ્ય કે અનુભવગમ્ય છે.

આ પંક્તિઓ સમજાતાં, આ સ્તોત્રની રચનાનો હેતુ અમુક અંશે સ્પષ્ટ થાય છે. આચાર્યજી બંધન અવસ્થામાં રાજકેદી તરીકે છે, અર્થાત્ રાજાકૃત ઉપસર્ગનો તેઓ ભોગ બન્યા છે. આમ તેમની અવસ્થા કોઈક અપેક્ષાથી કાદવમાં રહેલા કમળ જેવી ગણી શકાય. બંધન અવસ્થા, ચોકીપહેરો વગેરે કાદવરૂપ છે, અને તે વિષમ સંજોગોની વચ્ચે સમપણે, દ્વેષિત થયા વિના તેઓ રહ્યા છે તે તેમનું કમળપણું છે. આ વિપરીત સંજોગોને કારણે આ ભક્તરૂપી કમળ કરમાયેલ છે. જો તે કમળને સૂર્ય કિરણરૂપી સંજીવની પ્રાપ્ત થાય તો જ તે ખીલે, વળી ભક્તજન માટે પ્રભુસ્મરણ એ સંજીવની મંત્ર છે, પાપના નાશનો અમોઘ ઉપાય છે. તેથી અહીં એ સ્પષ્ટ થાય છે કે આવેલા ઉપસર્ગને સમભાવથી સહીને ટાળવાનો ઉત્તમ ઉપાય પ્રભુસ્મરણ છે. આ ઉપરાંત આચાર્યજીને શ્રદ્ધા પણ યથાર્થપણે

જણાય છે. આ શ્રદ્ધા છે : પ્રભુનાં સ્મરણરૂપી કિરણોથી, સંસારના ઉપસર્ગરૂપી કાદવમાં કરમાયેલા કમળરૂપી રહેલો હું અવશ્ય વિકાસ-આત્મવિકાસ પામીશ. આમ આ સ્તોત્ર રચનાનો એક વિશિષ્ટ હેતુ, “પ્રાપ્ત ઉપસર્ગથી થતી કસોટીમાંથી પાર ઊતરવું” એ પણ જણાઈ આવે છે. (૯)

नात्यद्भुतं भुवनभुषण़ भूतनाथ,
भूतैर् गुणैर् भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा,
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

એમાં કાંઈ નથી નવીનતા, નાથ દેવાધિદેવ,
ભક્તો સર્વે પદ પ્રભુતણું પામતાં નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. (૧૦)

આ પંક્તિઓમાં આચાર્યજી સ્તોત્રરચનાનો પોતાનો હેતુ અન્યોક્તિ દ્વારા વિશેષ સ્પષ્ટ કરે છે. પોતે સંસારનાં સર્વ પ્રકારનાં બંધનોથી છૂટીને પ્રભુસ્વરૂપ થવા ઇચ્છે છે તે મુખ્ય હેતુ અહીં દર્શાવ્યો છે.

સંસારના પ્રસંગોમાંથી તેમણે એક ઉદાહરણ લીધું છે. સંસારમાં જે ગરીબ માણસ હોય, અકિંચન માણસ હોય તે ધનવાન થવા માટે અન્ય ધનવાનની સેવા કરે છે, અને તેની કૃપા પામી, ધન સંપ્રાપ્ત કરવાનું રહસ્ય તે મેળવે છે. એ મળેલા રહસ્ય અનુસાર તે પુરુષાર્થ કરે છે, અને અંતમાં તે પોતે ધનવાન બને છે. આમ બનતું આ સંસારમાં અનેક પ્રસંગોએ આપણને જોવા મળે છે.

જેમ સંસારમાં છે તેમ જ પરમાર્થમાં પણ છે. પરમાર્થમાં જે સમૃદ્ધ છે તેની શુદ્ધ ભાવથી સેવા કરવાથી પરમાર્થમાર્ગનો દરિદ્ર પણ સમૃદ્ધ થાય છે. પરમાર્થમાર્ગમાં સૌથી સમૃદ્ધ સર્વજ્ઞ ભગવાન છે, તથા તેમનું ઉત્તમ પદ તે તીર્થંકરપદ અને પ્રભુપદ છે. આ પદની જો કોઈ જીવ સાચા ભાવથી સેવા કરે તો તે જીવ ક્રમે કરીને તે પદના

ધારક જેવો સર્વજ્ઞ બને. એટલે કે ભક્તજન ભગવાનની અનન્ય ભાવથી ભક્તિ કરતાં કરતાં કાળે કરીને ભગવાન સ્વરૂપ બને છે.

આ કડીમાં આ અનુભવને કારણે આચાર્યજી ભગવાનને કહે છે કે, “હે સર્વ જીવોના નાથ! બધાય ભક્તો પ્રભુપદ પામે છે એમાં મને તો જરા પણ આશ્ચર્ય કે નવીનતા લાગતાં નથી. કારણ કે એ તો સર્વમાન્ય નિયમ છે કે જેની સેવા કરવામાં આવે, તેની જે જાતની ઋદ્ધિ હોય તે જાતની ઋદ્ધિ સેવા કરનારને પ્રાપ્ત થાય છે. તમારી સેવા કરવાથી તમારો ભક્ત તમારું સર્વજ્ઞપણું પ્રાપ્ત કરે જ, કારણ કે સંસારમાં પણ જોવામાં આવે છે કે કોઈ ગરીબ ધનવાનનું પડખું સેવે તો કાળે કરીને તે ગરીબ પણ ધનવાન બને છે.” અહીં અવ્યક્તપણે આચાર્યજી એ જણાવે છે કે “મને તો આશ્ચર્ય તો જ થાય જો તમારી અનન્ય સેવા કરવા છતાં પણ સેવકનું પરમાર્થનું દરિદ્રીપણું જાય નહિ. અર્થાત્ સેવક સેવ્યરૂપ ન બને તો” આ પંક્તિઓ સમજવા માટે શ્રીમદ્ રાજચંદ્રનું નીચે જણાવેલું વચન ચાવીરૂપ બની રહે છે.

“અચિંત્ય જેનું મહાત્મ્ય છે, તેવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિશે તે અગ્યારમું આશ્ચર્ય જ છે.”

પોતાની શક્તિને અલ્પાતિઅલ્પ માનતા હોવા છતાં મુનિશ્રી માનતુંગાચાર્ય પ્રભુનાં ગુણ ગાવાનો અને સ્તુતિ કરવાનો દૃઢ નિર્ધાર શા માટે કરે છે તેનું રહસ્ય આપણને આ દશમી કડીમાંથી પ્રાપ્ત થાય છે. પોતે દરિદ્રી તો છે જ, પણ સર્વ સમર્થ ભગવાનનું પડખું, તેમની અનન્ય સ્તુતિ દ્વારા સેવીને, પોતાનું દરિદ્રીપણું ટાળવાનો નિર્ધાર અહીં જણાઈ આવ્યા વિના રહેતો નથી. પ્રભુની સેવા કરતાં પ્રભુસ્વરૂપ પ્રાપ્ત થાય છે, અને પરમાર્થનું દરિદ્રીપણું લુપ્ત થાય છે.

આમ અહીં સાતથી દશ સુધીની ચાર કડીઓમાં રચના કરવામાં એક એકથી ચડિયાતા હેતુઓ આચાર્યજીએ ગુપ્ત રીતે આપણને સમજાવ્યા છે. પ્રભુસ્મરણથી પાપનો નાશ થાય છે; પ્રભુના પ્રભાવથી સામાન્ય જનની સ્તુતિ અસામાન્ય બની જાય છે; પ્રભુમાં લીન બનવાથી પ્રાપ્ત ઉપસર્ગથી ભક્ત સફળતાપૂર્વક પાર

ઉતરે છે; પ્રભુસ્મૃતિથી પરમાર્થની ગરીબાઈ ત્વરાથી નાશ પામે છે એ આદિ હેતુઓ અહીં પ્રગટ થતા જણાયા છે. એ બધામાં આચાર્યજીની સ્વપર કલ્યાણની ભાવના પથરાયેલી જોવા મળે છે, અને તે રીતે આ હેતુઓ તેમણે રચનામાં ગૂંથ્યા છે તેમાં તેમની ઉત્તમ આત્મઅવસ્થા લેશ પણ ગુપ્ત રહી શકતી નથી. (૧૦)

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं,
नाऽन्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धो,
क्षारं जलं जलनिधेरसितुं क इच्छेत् ।। ११ ।।

જોવા જેવા જગમહીં કદી હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;
પીધું હોય ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં ઉદધિજળને કો પીએ કેમ માનું? (૧૧)

સ્તોત્રનું મંગલાચરણ, તેની મહત્તા અને સ્તોત્રરચનાનો હેતુ આરંભની દશ કડીઓમાં પ્રગટ કર્યા પછીથી એટલે કે અગ્યારમી કડીથી આચાર્યજી શ્રી આદિનાથ પ્રભુનું અનન્યપણું કેવી રીતે છે, તથા અન્ય સર્વ જીવો કરતાં તેઓ શા માટે સ્તુત્ય છે તે ઉદાહરણો સહિત દર્શાવે છે. પોતાના આ ભાવોની અભિવ્યક્તિ તેમણે પ્રભુને જ સંબોધીને કરી છે એ વિશેષતા છે. આચાર્યજી સર્વ બંધનોથી છૂટી, જગતથી પર બની પ્રભુમય બનવા ઇચ્છતા હતા. અને એથી તેઓ પ્રભુ સમક્ષ જ અભિવ્યક્તિ કરે એ સ્વાભાવિક છે. અલબત્ત, એમ થવામાં પણ પરોક્ષ રીતે જગતનાં જીવોનું કલ્યાણ સમાયેલું હતું.

અહીં આચાર્યજી જણાવે છે કે સમગ્ર જગતમાં નીરખવા યોગ્ય જો કોઈ પણ હોય તો તે એક આદિનાથ ભગવાન જ છે, કારણ કે તેઓ સર્વથી ઉત્તમ છે, અને તેમના સિવાયના સર્વ જીવો તેમનાથી ઊતરતી કક્ષાના છે. આદિનાથ પ્રભુનું સર્વોત્તમપણું આપણે કેટલીક અપેક્ષાથી સમજી શકીએ. આ અવસર્પિણી કાળમાં

જુગલિયા જીવોને કર્મભૂમિનું જ્ઞાન આપી સમકાલીન પરિસ્થિતિને અનુરૂપ થવાનું ભાન આદિનાથ પ્રભુએ જ સૌપ્રથમ આપ્યું હતું. એટલું જ નહિ એ જીવોને સત્યની ખોજનો સાચો રાહ જણાવી મુક્તિના માર્ગે દોરનારા તેઓ જ સૌપ્રથમ હતા. સ્થાયી સુખ માટે અસ્થાયી સુખનો ત્યાગ કરી કલ્યાણમાર્ગ તેઓએ જ સૌપ્રથમ ખોલ્યો હતો. આમ સાંસારિક અને પરમાર્થિક રીતે તેમણે જગતજીવો પર અનેકવિધ ઉપકાર કર્યા હતા. અને એવા ઉપકાર કરનારાઓમાં તેઓ પ્રમુખ હતા તે હેતુથી આદિનાથ પ્રભુને સર્વોત્તમ ગણે તો યથાર્થ લાગ્યા સિવાય રહે તેમ નથી. તે જ કારણથી સ્વપર કલ્યાણની ભાવનાને લક્ષમાં લઈને અન્ય સર્વને તેમનાથી ઊતરતી કક્ષાના આચાર્યજીએ ગણ્યા હોય એમ સમજાય છે. અને જ્યારે આવી ઉત્તમ વસ્તુ પ્રતિ દૃષ્ટિ જતી હોય ત્યારે તેનાથી ઊતરતી કક્ષાની વસ્તુ પ્રતિ જવાના ભાવ કોણ કરે? આ જગતમાં એ તો જણાઈ આવે છે કે સર્વ વસ્તુઓમાં જે શ્રેષ્ઠ હોય તે જ લેવાના ભાવો જીવ કરે છે. અલબત્ત, સૌ પોતપોતાની મતિ અનુસાર શ્રેષ્ઠતા નક્કી કરે છે તે જુદી વાત છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોને આ જ નિયમ લાગુ પડે છે. જે શ્રેષ્ઠ હોય તે જ ગ્રહવું અને અવલોકવું કે અવધારવું. અને એ અપેક્ષાએ આચાર્યજી માત્ર આદિનાથ પ્રભુને જ સ્તવવાનો નિર્ધાર કરે તેમાં કશું અજુગતું જણાતું નથી.

પોતાના આ ભાવો સમજાવવા માટે આચાર્યજી ક્ષીરસમુદ્રનાં દૂધ અને જળસમુદ્રનાં પાણીનું ઉદાહરણ આપે છે. પોતે જે રાહ લીધો છે તેને સમર્થન આપતાં આચાર્યજી ભગવાનને જ પૂછે છે કે હે પ્રભુ! સોળે કળાએ ખીલેલા ચંદ્રમા જેવું શ્વેત અને શીતળ એવું ક્ષીરસમુદ્રનું દૂધ પીવા મળતું હોય તો તેને છોડીને જળસમુદ્રનાં ખારા પાણી પીવાની ક્યો અભાગિયો જીવ ઇચ્છા કરે? એવી કોઈ ઇચ્છા કરે એ પણ માન્યામાં આવતું નથી.

શ્રી આદિનાથ પ્રભુ ચંદ્રમા જેવા શીતળ અને પ્રસન્નતા આપનાર દૂધ જેવા છે. તેમના એ શાંતિદાયક શાંત સ્વરૂપને અનિમેષ નયને નિરખતાં જેવો આનંદ પ્રાપ્ત

થાય છે તેવો આનંદ અન્ય કોઈ પણ સ્વરૂપને નિરખવાથી થતો નથી. એટલે કે અન્ય સર્વ ખારા સમુદ્રનાં પાણી જેવા છે. ત્યારે આદિનાથ પ્રભુ ક્ષીરસમુદ્રનાં દૂધ જેવા છે. આમ થવાનું કારણ આ રીતે વિચારી શકાય. જ્યારે કોઈ પણ કાર્યમાં સ્વાર્થ કે સંગ્રહવૃત્તિ પથરાયેલી હોય છે ત્યારે તેમાંથી મીઠાશ ચાલી જાય છે, અને ખારાશ આવે છે. ત્યારે જે કાર્યમાં નિષ્કામ કલ્યાણવૃત્તિ પથરાય છે તેમાં મીઠાશ વૃદ્ધિ પામે છે. આ જગતમાં સર્વ જગ્યાએ સ્વાર્થ પ્રધાનપણે પ્રવર્તે છે. અને સર્વ પોતપોતાની મતલબ સાધવામાં પ્રવૃત્ત રહ્યા કરે છે, તેઓ બીજાના લાભાલાભનો ભાગ્યે જ વિચાર કરતાં જણાય છે. પણ જ્યારે સર્વજ્ઞ પ્રભુ પ્રતિ દૃષ્ટિ સ્થિર કરવામાં આવે છે ત્યારે જુદા જ પ્રકારનો અનુભવ જીવને થાય છે. પ્રભુ કોઈ પણ પ્રકારની બદલાની આશા વગર સર્વનું ઉત્તમ પ્રકારે કલ્યાણ ઈચ્છે છે અને તેમની એ નિષ્કામ કલ્યાણભાવનાનો જીવને પરિચય થતાં તેમાંની ઉત્તમ મીઠાશ તે અનુભવે છે. આ કારણથી પ્રભુ એક જ નિરખવા યોગ્ય જણાયા છે. એમના પ્રતિ એકતાર થવાથી એમના ગુણો ક્રમે ક્રમે નિરખનારમાં પ્રવેશ પામે છે જ્યારે અવગુણોથી ભરેલા અન્ય જીવો પ્રતિ એકતાર થવાથી એમના દુર્ગુણો નિરખનારમાં પ્રવેશ પામે છે. સદ્‌ગુણો પામતાં આત્માની મીઠાશ અનુભવાય છે, ત્યારે અવગુણો પામતાં સંસારની ખારાશ અનુભવાય છે. આવા સંજોગોમાં ક્યો જીવ ખારાશ પામવા ઈચ્છે? અર્થાત્ ભગવાનને બદલે અન્યની ઈચ્છા કોણ કરે? અને જો કોઈ એવી ઈચ્છા કરે તો તેનાં ભાગ્ય વિશે શું કહેવું? શું વિચારવું? (૧૧)

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्तवं,
निर्मापितस्त्रिभुवनैक ललामभूत ।
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां,
यत्ते समानमपरं न हि रुपमस्ति ।। १२ ।।

જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડયા છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા! આપમાંહી જડયા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. (૧૨)

આ કડીમાં આચાર્યજી પ્રભુનું રૂપ શા માટે અનન્ય છે તે માટેનું એક તાર્કિક કારણ પ્રભુ સમક્ષ પ્રગટ કરે છે. તેઓ પ્રભુને કહે છે કે, હે પ્રભુ! આ જગતમાં તમારા જેવું સુંદર સ્વરૂપ અન્ય કોઈનું કેમ નથી, તે મને સમજાય છે. આ પૃથ્વી ઉપર કે જ્યાં તમે અંતિમ દેહ ધારણ કર્યો હતો, ત્યાં જે જે પ્રકારનાં ઉત્તમ પરમાણુઓ ઠેકઠેકાણે વેરાયેલાં હતાં તે પ્રત્યેકને તમારા આત્માએ એકઠા કરી ગ્રહણ કરી લીધાં, અને તે સર્વની સહાયથી તમારા આત્માએ સર્વોત્તમ દેહરચના કરી. વળી આ પૃથ્વી પર આવા ઉત્તમ પરમાણુઓ માત્ર આપના દેહમાં ગોઠવાયેલા છે તેટલા જ હોવા જોઈએ, એટલે કે તમે એક પણ ઉત્તમ પરમાણુને દેહની બહાર રહેવા દીધું ન હતું, કે જેનું નિમિત્ત લઈ અન્ય જીવ ઉત્તમ દેહની રચના કરી શકે, તેથી સમજાય છે કે તમારા જેવું ઉત્તમ સ્વરૂપ અન્ય કોઈ પણ જીવના દેહનું નથી.

આ કડીમાં પ્રભુના દેહની ઉત્તમતા બતાવવા સાથે આચાર્યજી આપણને એક સુંદર સિદ્ધાંતનું પણ જ્ઞાન આપે છે. જીવના ભાવ જેમ જેમ ઊર્ધ્વ કક્ષાના થતા જાય છે તેમ તેમ તે શુભ ભાવને લીધે શુભ પ્રકારનાં પરમાણુઓ જ તે જીવથી ગ્રહાય છે, જેટલા ભાવ ઉચ્ચ તેટલા ઉચ્ચ પ્રકારનાં પરમાણુ જીવ ગ્રહણ કરે. ત્યારે શ્રી તીર્થંકર ભગવંતના ભાવો તો સર્વોત્તમ હોય છે. પૂર્વના ભવમાં જ્યારે 'સર્વ જીવને શાસનરસી' કરવાના ભાવો ઉત્કૃષ્ટપણે પ્રવર્તે છે, સ્વપર કલ્યાણની ભાવના ઉત્કૃષ્ટતાએ પહોંચે છે ત્યારે તો જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. અલબત્ત, આવા ભાવની ઉત્કૃષ્ટતાએ પહોંચતા જીવો અલ્પાતિઅલ્પ છે, અને તેથી જ સર્વજ્ઞપણું પ્રગટાવી તીર્થંકરપદ શોભાવનાર આત્મા પણ અલ્પાતિઅલ્પ જ રહ્યા છે. અને આવા ઉત્કૃષ્ટ ભાવ સેવનાર એવો જ ઉત્કૃષ્ટ દેહ ધારણ કરે તેમાં નવાઈ પણ શી છે? આથી તીર્થંકર પ્રભુને કેટલાક અતિશય જન્મથી જ પ્રગટે છે, અને સમય જતાં તેમાં વૃદ્ધિ થતી જતી હોય છે. અન્ય જીવોને પણ ભાવની ઉત્કૃષ્ટતા સાથે દેહની પણ ઉત્કૃષ્ટતા પ્રગટે છે, અને સર્વજ્ઞ થયા પછી દેહ માત્ર શાતાવેદનીયનું નિમિત્ત જ રહે છે. શ્રી આદિનાથ પ્રભુએ પોતામાં એક પણ અશુભ ભાવને રહેવા દીધો નથી, તેથી એક પણ અનુત્કૃષ્ટ પરમાણુ પણ તેમનામાં નથી. અહીં એ સિદ્ધાંત સમજાય છે કે અસમાન વચ્ચે મૈત્રી સંભવતી નથી. અશુભ

પરમાણુ પવિત્ર આત્મા વિશે ક્યાંથી આકર્ષાય? શુભ ભાવ અને અશુભ પરમાણુ વચ્ચે મિત્રતા સંભવે? અસમાન વચ્ચે ઐક્ય ક્યાંથી પ્રગટે? આમ પ્રભુએ એક પણ અશુભ ભાવને પોતામાં રહેવા દીધો ન હોવાને કારણે તેમના દેહમાં એક પણ અશુભ પરમાણુનું અસ્તિત્વ રહી શક્યું નથી. આટલું જ નહિ પણ સર્વ સર્વોત્તમ ભાવો પોતામાં સ્થાયી બનાવીને પ્રભુશ્રીએ કોઈ પણ સર્વોત્તમ દેહાણુને બહાર રહેવા દીધાં નથી.

આમ આ પંક્તિઓ દ્વારા આચાર્યજી પોતે એ બોધ ગ્રહણ કરે છે, તેમજ અન્યને ગ્રહણ કરવા પ્રોત્સાહન આપે છે કે જેમ જેમ પોતાના ભાવોનું ઊર્ધ્વીકરણ થતું જશે તેમ તેમ ઉત્તમ વસ્તુઓ ઉત્તમના આકર્ષણથી વિના પ્રયત્ને પ્રાપ્ત થતી જશે. ભાવોનું ઊર્ધ્વીકરણ કરવા માટે પ્રભુના ગુણોમાં લીન બનવું એ જ ભક્તજન માટે પરમ કર્તવ્ય છે. એમ કરવાથી પ્રભુનું અનન્યપણું ભક્તને યથાર્થ સમજાતું જશે. અને તેના આત્માનો યથાર્થ વિકાસ થતો જશે. આ કર્તવ્યની ઝાંખી આપણને શ્રી આચાર્યના આ સ્તોત્ર દ્વારા થતી રહે છે. (૧૨)

वक्त्रं कव ते सुरनरोरगनेत्रहारि,
निःशेष निर्जित जगत् त्रितयोपमानम् ।
बिम्बं कलंक मलिनं कव निशाकरस्य,
यद्वासरे भवति पांडु पलाशकल्पम् ।। १३ ।।

જેણે જીતી ત્રિભુવનતણી ઉપમા સર્વ રીતે,
દેવોનાયે જગગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશિ પણ પ્રભુ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દીસે. (૧૩)

આચાર્યજીની ઊંડી પ્રભુભક્તિનો આપણને અહીંઆ વિશેષ પરિચય થાય છે. તેઓ અહીં પ્રભુના ગુણોનું વર્ણન લાક્ષણિક શૈલીમાં કરે છે. આ જગતમાં જેનું મુખ સુંદર હોય તેના મુખને ચંદ્રની સાથે સરખાવવાનો રિવાજ છે, કારણ કે ચંદ્ર રાત્રિના સમયે શાંત પ્રકાશ અને શીતળતા પ્રસારી સમગ્ર જનના હૃદયને આનંદ

આપે છે. આમ જેનું વદન નિહાળવાથી હ્રદયમાં પ્રસન્નતા પ્રસરે તેના વદનને સૌમ્ય અને શીતળ ચંદ્ર સાથે સરખાવી એ દ્વારા મનને થતી પ્રસન્નતા વ્યક્ત કરાય છે. અને એ સ્મૃતિ થતાં આચાર્યજીને પણ પ્રભુના મુખને ચંદ્ર સાથે સરખાવવાનો વિચાર ઝબકી જાય છે, પણ સાથે સાથે બીજી કંઈક સ્મૃતિ થતાં એ વસ્તુ જુદી જ રીતે મૂકી છે. પ્રભુના મુખને ચંદ્રની ઉપમા આપવા જતાં એ મુખને કેવો અન્યાય થાય તે અહીં તેમણે વર્ણવ્યું છે. એમને થાય છે કે પ્રભુના મુખને હું ચંદ્ર સાથે કઈ રીતે મૂકી શકું? ક્યાં પ્રભુનું મુખ? ક્યાં ચંદ્રમા?

પ્રસ્તુત કડીમાં પ્રભુના મુખને કેવું દર્શાવ્યું છે? ત્રણે લોકની સર્વોત્તમ ઉપમાઓને પણ એ જીતનાર છે, એટલે કે જે કોઈ ઉત્તમ વસ્તુ ઉપમા આપવા માટે ત્રણ લોકમાંથી પ્રાપ્ત થઈ શકે તેમ છે તેનાથી પણ પ્રભુનું મુખ ચડિયાતું છે અર્થાત્ અનુપમ છે, અને દેવો તથા નાગકુમાર અને મનુષ્યોનાં નેત્રોને આનંદ તથા પ્રસન્નતા આપનારું એવું શ્રી આદિનાથ પ્રભુનું મુખ છે. ત્યારે ચંદ્રમાને કેવો દર્શાવ્યો છે? આ ચંદ્રમા દિવસના સમયે, તેજસ્વી સ્વયંપ્રકાશિત સૂર્યના પડછાયામાં ખાખરાના પાનની જેમ ફિક્કો પડી જનારો તથા કલંકવાળો છે એટલે પોતામાં કાળી આકૃતિને સ્થાન આપનારો છે. આવા વિરોધી જણાતા પ્રભુના મુખને અને ચંદ્રમાને સાથે કઈ રીતે રાખી શકાય?

જગતના કોઈ પણ પદાર્થના ઉત્તમ ગુણ લઈને પ્રભુનાં મુખમાં જોવા જઈએ તો તે મળે છે. આમ અનેક પદાર્થોના ઉત્તમ ગુણો પ્રભુમાં સમાયેલા છે. એટલે કે અન્ય પદાર્થમાં એક ગુણ વિશિષ્ટતાએ વિરાજતો હોય છે પણ સાથે સાથે બીજા અવગુણ પણ રહેલા જોવામાં આવે છે. ત્યારે પ્રભુનું મુખ એવું છે કે એમાં એક પણ અવગુણ શોધ્યે પણ જડતો નથી. એટલે કે જગતના ઉત્તમ પદાર્થો પણ સકલંક છે ત્યારે પ્રભુનું મુખ એ નિષ્કલંક છે. અને આ અપેક્ષાએ પ્રભુનું મુખ એ જગતની સર્વ ઉપમાઓને જીતનાર છે એમ આચાર્યજી કહેવા માગતા હોય તેમ જણાય છે. અને પોતાના એ ભાવને સ્પષ્ટ કરવા તેઓ જગતના એક ઉત્તમ ગણાતા પદાર્થની ખામી અને પ્રભુનું તેનાથી વિશેષપણું કેવી રીતે છે તે અહીં દર્શાવે છે.

ચંદ્ર શીતળ છે, તેની ચાંદનીમાં બેસનાર શીતળતા અને પ્રસન્નતા પામે છે. વળી તે સૌમ્ય હોવાથી તેના પ્રતિ દૃષ્ટિ પણ માંડી શકાય છે. અને રાત્રિના સમયે સર્વને શીતળતા તથા ઓજસ બક્ષી પરોપકારનું કાર્ય પણ તે કરે છે. આ બધા ગુણોને કારણે ચંદ્ર એક ઉત્તમ ઉપમાન ગણાય છે. આ ઉપમાન પર ઉપમેયની શ્રેષ્ઠતા આચાર્યજીએ બતાવી છે. પ્રભુનું મુખ સૌમ્ય અને શીતળ છે, અને તેમના મુખ પર હંમેશા પ્રસન્નતા છવાયેલી જ રહે છે. આથી વદનને નિહાળનાર, એ વદન સન્મુખ રહેનાર પોતાના આત્મામાં શાંતિ તથા શીતળતા અનુભવે છે, અને આનંદ પણ મેળવે છે. વળી એ મુખ પરની વીતરાગતા અન્ય નીરખનારને કલ્યાણસન્મુખ કરે છે, અને એ રીતે મુખ પણ પરોપકારનું કાર્ય કરે છે. આમ ચંદ્રના જે જે ગુણો છે તે તે સર્વ ગુણો પ્રભુનાં મુખમાં તો છે જ પણ આ ઉપરાંત જે ચંદ્રમામાં નથી તે પ્રભુમાં છે એ દર્શાવી આચાર્યજીએ ઉપમાન પર ઉપમેયની શ્રેષ્ઠતા બતાવી છે.

ચંદ્રમા દિવસને વિશે, તેજસ્વી સૂર્ય પાસે અત્યંત પીળો અને ઝાંખો પડી જાય છે, ત્યારે પ્રભુનું મુખ એવું તેજસ્વી છે કે કોઈ પણ અન્ય તેજસ્વી પદાર્થ પાસે ઝાંખું પડતું નથી, બલ્કે અન્યને ઝાંખું પાડે છે. અર્થાત્ તેનું તેજ સૌથી વિશેષ છે. ચંદ્રમા સકલંક છે, તેના ગોળાકારમાં એક કાળી આકૃતિ છે જે ચંદ્રમાનાં નિષ્કલંકપણાને હરી લે છે. ત્યારે પ્રભુનું મુખ સર્વથા નિષ્કલંક છે. તે મુખમાં ઊંડી વીતરાગતા છવાયેલી છે, કષાયનો એક અંશ પણ તેમાં બચ્યો નથી, કે જે મુખને કાલિમા લગાડી શકે. આમ પ્રભુનું મુખ એ ચંદ્રમા કરતાં વિશેષ છે.

આ વિશેષોક્તિ દ્વારા આચાર્યજી આપણને પ્રભુની અનુપમતા સમજાવે છે. ઉપકારી ગણાતા ચંદ્રમા કરતાં પણ પ્રભુનું મુખ વિશેષ ઉપકારી છે એ ધ્વનિ આ પંક્તિઓમાં પ્રગટ થતો અનુભવી શકાય છે. (૧૩)

संपूर्णमंडल शशांक कला कलाप,<br>
शुभ्रा गुणास्त्रिभुवनं तव लंघयन्ति ।

ये संश्रितास्त्रिजगदीश्वर नाथमेकं,
कस्तान्निवारयति संचरतो यथेष्टम्  ।।१४।।

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં હે પ્રભુ! શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીંતહીં જતાં કોણ રોકી શકે છે?  (૧૪)

સોળે કળાએ ખીલેલા ચંદ્રમા સાથે પણ પ્રભુનાં મુખની સરખામણી કરવી યોગ્ય નથી એમ તેરમી કડીમાં જણાવનાર આચાર્યજી ચૌદમી કડીમાં એ જ ઉપમા સ્વીકારે છે, એ જોઈને આશ્ચર્ય તો જરૂર થાય, છતાં તેની યથાર્થતા આ પ્રમાણે સમજી શકાય. આચાર્યજીની ઇચ્છા ચંદ્રમા સાથે પ્રભુમુખને સરખાવવાની નથી, પણ અન્ય કોઈ ઉપમા લાયક પદાર્થ ન મળતાં, પ્રભુની વિશિષ્ટતા અને ઉત્તમ ગુણો વર્ણવવા તેમને ચંદ્રનો જ આશરો લેવો પડયો છે.

આચાર્યજી પ્રભુને કહે છે કે હે પ્રભુ! સર્વ કળાએ અર્થાત્ સોળે કળાએ ખીલેલા ચંદ્રની કાંતિ જેવા ઉજ્જવળ ગુણો ત્રણે જગતમાં ફેલાયેલા છે, કારણ કે આપ જ ત્રણે જગતના સ્વામી છો. તમારા જેવા જિનવરનો આશ્રય કરીને આ ગુણો રહે છે. તેથી તેમને પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કરતાં કોણ રોકી શકે તેમ છે?

આ પંક્તિઓમાં પ્રભુનું શરણ ગ્રહવાથી પ્રાપ્ત થતી ઉચ્ચ અવસ્થા આચાર્યજીએ દર્શિત કરી છે. સામાન્ય રીતે જગતમાં જોવામાં આવે છે કે સર્વ જીવ પોતાની ઇચ્છા અનુસાર વર્તી શકતા નથી, તેઓ કાર્યકારણની શૃંખલામાં બંધાઈને તેને વશ વર્તી રહે છે. અને તેમને પોતાની ઇચ્છા વિરુદ્ધ ઘણી ઘણી જગ્યાએ વર્તવું પડે છે. પણ તેમાંયે અપવાદ છે. અને એ અપવાદ અહીં પ્રગટ કરાયો છે. જે જીવ પ્રભુનું શરણું લે છે, અને પછી પોતાની ઇચ્છા પૂર્ણ કરવા ઇચ્છે છે તો એ ઇચ્છા અવશ્ય પૂર્ણ થાય છે, એવો પ્રભુનાં શરણનો મહિમા છે. ત્યારે અહીં શરણ લેનાર ગુણો છે અને શરણ આપનાર આદિનાથ

ભગવંત છે, ત્યાં ઇચ્છા પૂર્ણ થવામાં બાકી જ શું રહે? અલબત્ત, પ્રભુનાં શરણમાં રહેનારો અન્ય કોઈ ઇચ્છાને બદલે ત્વરીત ગતિએ મોક્ષમાં જવાની ઇચ્છા ધરાવે તે વિશેષ યોગ્ય છે, કારણ કે મોક્ષ આપવા માટે પ્રભુ સિવાય કોઈ સમર્થ નથી. જેની પાસે જે હોય તે આપે. આ ન્યાયે સર્વજ્ઞ પ્રભુ પાસે સર્વસ્વ છે તો તે સર્વ આપવા સમર્થ છે એ સમજી શકાય, પણ મોક્ષ સિવાયની વસ્તુઓ તો બીજા પણ આપી શકે તેમ હોય છે, માત્ર આત્માનંદ, આત્મવિકાસ એ એવી ચીજ છે કે પ્રભુ સિવાય આપવા કોઈ સમર્થ નથી. આથી પ્રભુનાં શરણે જનાર મોક્ષાભિલાષી હોય તો તે ઉત્તમ છે. પ્રભુને શરણે રહેનારને પોતાને ઇચ્છિત એવી મોક્ષગતિમાં જતાં કોઈ રોકી શકતું નથી, જેમ ગુણો પ્રભુના આશરે રહીને ત્રણે જગતમાં ફેલાઈ શકે છે, જઈ શકે છે તેમ એને કોઈ કર્મબંધ નડી શકતા નથી. પ્રભુનું શરણું ન હોય ત્યાં સુધી જીવ કર્મને આધીન થઈ મનુષ્ય, તિર્યંચ, દેવ અને નરક એ ચાર ગતિમાં પરવશપણે ભમ્યા કરતો હતો, તે પ્રભુનાં શરણે જતાં તેનાથી છૂટી પોતાને ઇચ્છિત એવી મોક્ષગતિમાં વિના અવરોધે જઈ શકે છે. એ જ પ્રભુનું મહાત્મ્ય અને નિરુપમપણું છે.

આચાર્યજીએ પ્રભુનું અચળ શરણું લીધું છે, તેથી પોતે પણ પોતાનું ઇચ્છિત વિના અવરોધ પ્રાપ્ત કરવાના છે એવો ધ્વનિ આ પંક્તિઓમાં આપણને સંભળાય છે. વળી બીજી અપેક્ષાએ એ પણ સમજાય છે કે પ્રભુને શરણે રહેલા ગુણો યથેચ્છા ફરી શકે છે તેમ આચાર્યજી પણ પ્રભુનાં શરણે હોવાથી, જંજીરોથી પ્રાપ્ત થયેલી બંધન અવસ્થાથી છૂટી, યથેચ્છા ફરી શકશે. તે માટે આચાર્યજી પ્રભુને જાણે કહેતા ન હોય કે, હે પ્રભુ! અહીં તહીં વિહરતા ગુણોને મારામાં ત્વરાથી પ્રવેશ કરાવી દો, કારણ કે ગુણો તથા હું આપના જ શરણમાં રહેલા છીએ, અને તેથી અમે એકમેકરૂપ બનીએ એ જ યોગ્ય છે. (૧૪)

चित्रं किमत्र यदि ते त्रिदशांगनाभिर्
नीतं मनागपि मनो न विकारमार्गम् ।

कल्पान्तकाल मरुता चलिताचलेन,
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ॥ १५ ॥

ઈન્દ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તોયે થાતાં કદી નહિ અહા આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહિધરો કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા, મેરુ એ વાયરાથી. (૧૫)

ચૌદમી કડીમાં સમગ્રપણે પ્રભુના ગુણોનું વર્ણન કર્યા પછીની આ કડીમાં આચાર્યજી વિશિષ્ટ એવા 'અવિચળપણા'ના ગુણનું સોદાહરણ વર્ણન કરે છે. આચાર્યજી આદિનાથ પ્રભુને અનન્ય કહે છે અને તેના સમર્થનમાં એ અનન્યપણું કેવી રીતે છે તે એક પછી એક કડીમાં સોદાહરણ પ્રગટ કરે છે.

સામાન્ય જીવોનાં વર્તનનું અવલોકન કરનારને સમજાય છે કે તેઓમાં ચળવિચળપણું અને વિકારી ભાવો સારા પ્રમાણમાં હોય છે. જ્યારે કોઈ ઈષ્ટ વસ્તુ દૃશ્ય થાય છે ત્યારે તે હર્ષ અનુભવે છે, એટલું જ નહિ પણે તેને પ્રાપ્ત કરવાની તેમજ ભોગવવાની વૃત્તિ પણ થાય છે. વળી કોઇ અસુંદર વસ્તુ દૃશ્ય થાય છે ત્યારે તે ખેદ અનુભવે છે, ઘૃણા કે દ્વેષ પણ અનુભવે છે અને તેનાથી નિવૃત્ત થવાના ભાવો કર્યા સિવાય તે રહી શકતો નથી. અર્થાત્ સામાન્ય પ્રકારે જીવો નિમિત્તાધીન થઈને વર્તે છે, એટલે કે તેમનામાં આત્મા કરતાં નિમિત્ત વિશેષ બળવાન જણાય છે.

આ પંક્તિઓમાં પ્રભુનો નિમિત્ત પરનો વિજય વર્ણવ્યો છે. અતિ સ્વરૂપવાન ઈંદ્રાણીઓ ધ્યાનસ્થ પ્રભુને સુખ ભોગવવા નિમંત્રણ આપે છે, તેમના ત્યાગની કસોટી કરવા. પોતે ત્યાગવા ધારેલી ભોગસામગ્રી વિશે કેવું આત્મબળ પ્રવર્તે છે તે જાણવા ઈંદ્રાણીઓ ઉત્તમ ભોગસામગ્રી પ્રત્યક્ષ કરે છે, તે જોતાં ભલભલા પણ એ સુખ માણવા લલચાઈ જાય, એવો તો તેનો દેખાવ હોય છે. એ વખતે પણ પોતે જેને ક્ષણિક સુખ આપનારા ગણી ત્યાગી છે એવી આકર્ષક સામગ્રી પ્રતિ પ્રભુ લેશ

પણ લલચાતા નથી, એમનાં આખા અંગમાં એક પણ વિકારનો ભાવ પ્રગટતો નથી, બલ્કે આત્મસંયમમાં વિશેષ બળવાન બને છે. પોતે જે શાશ્વત સુખની ખોજમાં છે તેની પાસે આ સર્વ તો તુચ્છ લાગતાં એ સામગ્રી તેમને લેશ પણ વિચલિત કરી શકતી નથી. તેમના આ અવિચલિતપણાને બિરદાવવા આચાર્યજીએ પ્રભુને "મેરૂપર્વત" સાથે સરખાવ્યા છે.

"મેરુપર્વત" કે જ્યાં તીર્થંકર પ્રભુનાં કલ્યાણકો ઉજવાય છે તે શાશ્વતો અને સોનાનો છે. આ પર્વત આજે જેવો સ્થિર છે અને જે સ્થાને છે તેવો જ સ્થિર અને તે જ સ્થાને અનાદિકાળ પહેલા પણ હતો, અને તે જ સ્થાને તથા તેવો જ સ્થિર અનંતકાળ પછી પણ રહેવાનો છે, અર્થાત્ તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થયો નથી, થતો નથી અને થવાનો નથી. અવસર્પિણી અને ઉત્સર્પિણીનાં અનંત ચક્રો ચાલ્યાં ગયાં, અનંત ચક્રો ચાલ્યા જશે, અને તે દરમિયાન અનેક વસ્તુમાં ફેરફાર થઈ ગયા, તેમ જ થશે. માત્ર એક મેરુપર્વત જ એવો અડોલ છે કે જેમાં કોઈ ફેરફારને અવકાશ નથી. ચક્રપરિવર્તન વખતે જે ભયંકર તોફાનો પ્રગટે છે તે અન્ય પર્વતને જમીનદોસ્ત કરે છે, કે દરિયામાંથી પર્વત પ્રગટાવે છે, અર્થાત્ સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ પણ કરી નાખે એવા ભયંકર હોય છે, એ પ્રલયકાળનો પવન પણ મેરુપર્વતને ડગાવવા કે ચલિત કરવા સમર્થ થતો નથી. અન્ય સર્વનાં સર્જન-વિનાશ કરતો એ પવન મેરુપર્વતને કંઈ પણ કરી શકતો નથી. અને એથી જ મેરુપર્વતનું આ અડોલપણું ખૂબ બિરદાવાયેલું છે. અહીં પ્રભુનાં અવિચળપણાને મેરુપર્વતના અવિચળપણા સાથે સરખાવેલ છે. ઈંદ્રાણીઓના હાવભાવ કે તેમણે રજૂ કરેલી ભોગસામગ્રી બાકી બધાને ચળાવી દેવા સમર્થ છે - પ્રલયકાળના પવનની જેમ; માત્ર પ્રભુ પાસે તેમનાં બધાં સાધનો બુઠ્ઠાં અને નકામાં બની જાય છે. એથી જ પ્રભુને મેરુ જેવા અચળ અને અકંપ કહ્યા છે.

પ્રભુના આ ગુણને સંભારીને પોતાને અસ્વસ્થ કરી દે તેવી પ્રાપ્ત દુઃખદાયી પરિસ્થિતિમાં નિષ્કંપ રહેવાનો આચાર્યજીનો સ્તુત્ય પુરુષાર્થ

સમજી શકાય તેવો છે. આ પૂર્વની કડીઓના અનુસંધાનમાં એ પણ અહીં સમજી શકાય છે કે તેઓ જરૂર પ્રભુનું અવલંબન લઈને પાર ઊતરશે. અવ્યક્તપણે તેમના મનમાં નીચે જણાવેલો ભાવ રમતો હોય તો નવાઈ ન કહેવાય. "હે પ્રભુ! તમે આવા નિષ્કંપ અને અડોલ, અને તમારા શરણમાં રહેનારો હું કંપિત બનું કે ચલિત થાઉં તો મેં આપનું શરણું લીધું તે વગોવાય જ ને!" (૧૫)

निर्धुमवर्त्तिरपवर्जित तैलपूरः,
कृत्स्नं जगत् त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां,
दीपोऽपरस्त्वमसि नाथ! जगत्प्रकाशः ।। १६ ।।

ક્યારે હોતાં કદી નથી અહા, ધુમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી, દીવડો આપ કેરો. (૧૬)

આ કડીમાં આચાર્યજીએ પ્રભુના કેવળજ્ઞાનનું મહાત્મ્ય બતાવ્યું છે. કેવળજ્ઞાનને દીવાનું રૂપક આપીને સમજાવ્યું છે કે આ દીવડો વિશિષ્ટ પ્રકારનો છે. સામાન્ય રીતે જોવામાં આવે છે એ પ્રકારનો પ્રભુનો કેવળજ્ઞાનરૂપી દીવો નથી. અને એ દીવો સામાન્ય દીવા કરતાં કઈ રીતે જુદો છે તે બતાવી જ્ઞાનનું મહાત્મ્ય પ્રગટ કર્યું છે.

દીવો જ્યારે પ્રકાશે છે ત્યારે આજુબાજુની વસ્તુઓને પણ પ્રકાશિત કરે છે. આ અર્થમાં દીવો એ સ્વપર પ્રકાશક છે, અર્થાત્ દીવો એ દીવાને તથા અન્ય વસ્તુઓને જોવામાં અને જાણવામાં સહાયક થાય છે. જ્ઞાન પણ સ્વપર પ્રકાશક છે. જ્યારે જીવમાં પ્રકાશનું જ્ઞાન વિશુદ્ધ થાય છે ત્યારે તેની સહાયથી આત્માના સત્ય સ્વરૂપ વિશે તથા ત્રણે લોકના ત્રણે કાળના પદાર્થોનું જ્ઞાન કરી શકાય છે. વળી આત્મા પણ દીવાની જેમ જ્યોતિસ્વરૂપ છે અને એ આત્મામાં કેવળજ્ઞાન

સમાયેલું છે. આ હેતુઓને લક્ષમાં રાખી આચાર્યજીએ કેવળજ્ઞાનને - સંપૂર્ણ જ્ઞાનને દીવાને રૂપક આપ્યું છે; જ્ઞાનદીપકની વાત કહી છે. અહીં પણ આચાર્યજી દીવા કરતાં કેવળજ્ઞાનરૂપી દીવાનું વિશેષ મહત્ત્વ બતાવવાનું ચૂક્યા નથી, અને એ વિશેષતા એ જ આ કડીનો મધ્યવર્તી વિચાર છે.

આદિનાથ પ્રભુએ પ્રગટાવેલા કેવળજ્ઞાનરૂપી દીપકને અજબ પ્રકારનો કહ્યો છે; આ દીવો એવો છે કે તેમાં વાટની જરૂર પડતી નથી, અને કદી પણ તેમાં ધુમાડો થતો નથી, અર્થાત્ એ દીવો પ્રગટાવવા માટે કોઈ વાટ કે અન્ય સાધનની જરૂર પડતી નથી, અને એ દીવો પ્રગટે તે પછી તેમાંથી ક્યારે પણ ધુમાડો બહાર નીકળતો નથી; જે બંને જગતમાં જોવા મળતાં દીવાનાં અનિવાર્ય અંગો છે. આપણે તેલ, ઘી, કેરોસીન કે કોઈ અન્ય કોઈ દીવો પ્રગટાવવા વાટ જોઈએ જ, અને એ દીવો પ્રકાશે ત્યારે તેમાંથી ધુમાડો નીકળતો પણ જણાય. ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા, એ દીવો પ્રગટાવવા તેનાથી વિરુદ્ધ અવસ્થા આવે છે. કેવળજ્ઞાન માટે કર્મરૂપી ઈંધનની જરૂર નથી, પણ કર્મ છે તેનાથી છૂટવારૂપ મુક્તિની જરૂર છે. વળી એ દીવો નિર્ધૂમ છે અર્થાત્ એને કોઈ પણ પ્રકારનો ધુમાડો કે આવરણ નથી. આમ કેવળજ્ઞાનરૂપી દીવો વાટ અને ધુમાડાની અપેક્ષાએ અન્ય દીવા કરતાં ચડિયાતા પ્રકારનો છે.

કેવળજ્ઞાનરૂપી દીવો અને અન્ય દીવો બંને સ્વપર પ્રકાશક છે તે આપણે જોયું. તેમાં પણ કેવળજ્ઞાનની વિશેષતા છે. સામાન્ય દીવો હોય તે તેની મર્યાદામાં રહેલી વસ્તુઓને જ પ્રકાશિત કરે છે. એ દીવાને સ્થળ અને કાળનાં બંધનની મર્યાદા નડે છે. ત્યારે કેવળજ્ઞાનરૂપી દીવો આ મર્યાદાઓથી પર છે. આ દીવો એટલો પ્રકાશિત છે કે તેમાં ત્રણે લોકના અને ત્રણે કાળના પદાર્થો તેમ જ ભાવોનું જ્ઞાન એકી સાથે તેના ધારકને થાય છે, અને એટલું સ્વપર પ્રકાશકપણું અન્ય કોઈ પણ દીવામાં સંભવતું નથી.

સામાન્ય દીવો પવનની ઝપટ કે એવું કોઈ અન્ય નિમિત્ત મળતાં હલી જાય છે, નમી જાય છે અને ક્વચિત ઓલવાઈ જાય છે. જ્યારે આ કેવળજ્ઞાનરૂપી દીવો જુદા

જ પ્રકારનો છે. આ દીવો તો મહાપર્વતોને ડોલાવી નાખનાર કલ્પાંતકાલના પવનથી પણ ઓલવાતો નથી, એટલું જ નહિ પણ તેનાથી જરાય ડગતો નથી, ચલાયમાન થતો નથી કે નમતો પણ નથી. એટલે કે કેવળજ્ઞાન શાશ્વત છે, એક વખત પ્રગટયા પછી તેમાં લેશ પણ ન્યૂનતા કોઈ પણ કાળે આવતી નથી, અને એ જ આ દીવાની વિશિષ્ટતા છે.

આ કડીમાં જ્ઞાનને દીપકનું રૂપક આપ્યું તેનું ઔચિત્ય આ પ્રમાણે સમજી શકાયઃ દીવાથી દીવો પ્રગટે, અર્થાત્ એક પ્રકાશિત પદાર્થ દીવો એ અન્ય પાત્ર પદાર્થને પ્રકાશિત કરવામાં – અન્ય દીવો પ્રગટાવવામાં શુભ નિમિત્ત બને છે. જ્યારે અન્ય પ્રકાશિત પદાર્થો સૂર્ય, ચંદ્ર, તારા આદિની બાબતમાં આમ કહી શકાય તેવું નથી. તેઓ બધા પ્રકાશિત છે પણ દીવાની જેમ અન્યને પણ પ્રકાશિત કરવામાં, નવા સૂર્ય, ચંદ્ર કે તારા પ્રગટાવવામાં સહાયભૂત થતા નથી. વળી જે જીવને કેવળજ્ઞાન પ્રગટાવવું હોય તે જીવને અન્ય કેવળીના નિમિત્તની જરૂર છે જ. તે વિના કેવળજ્ઞાન પ્રગટાવી શકાતું નથી. આમ જે કાર્ય દીવો કરે છે તે જ કાર્ય કેવળજ્ઞાન કરે છે. એ અપેક્ષાએ કેવળજ્ઞાન માટે દીપક એ સૌથી ઉચિત રૂપક જણાયું છે અને તેથી જ્ઞાનદીપ હંમેશા શાસ્ત્રોમાં સાથોસાથ રહેલા જણાયા છે.

આમ આ કડીમાં કેવળજ્ઞાનરૂપી દીવાને ધુમાડો કે વાટરહિત બતાવીને, ત્રણે જગતને તેનાથી પ્રકાશતાં બતાવીને અને અચલાયમાન અને કદી ન ઓલવાય એવો બતાવીને આચાર્યજીએ એની અજબતા પૂરવાર કરી છે, અને સાથે જગત સમક્ષ કેવળજ્ઞાનનું અદ્ભુત મહાત્મ્ય પણ તેમણે ગાયું છે, જે જાણીને સર્વ કોઈ એ દીવો પ્રગટાવવા આતુર બને એવી ઊંડી ભાવના પણ તેમાં ભળેલી જોઈ શકાય છે. (૧૬)

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः,
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नांभोधरोदरनिरुद्ध महाप्रभावः,
सूर्यातिशायिमहिमासि मुनीन्द्र ! लोके ।।१७।।

જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહીં જે;
જેની કાંતિ કદી નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ દીપે. (૧૭)

સોળમી કડીથી આચાર્યજી એક પછી એક ઉપમાન સાથે આદિનાથ પ્રભુની સરખામણી કરીને ઉપમાન કરતાં ઉપમેયને વિશિષ્ટ સાબિત કરે છે. સોળમી કડીમાં પ્રભુના જ્ઞાનને દીવા સાથે સરખાવી તેનાથી ચડિયાતુ બતાવ્યું છે. આ કડીમાં પ્રભુના તેજને સૂર્યરૂપે ઓળખાવી તેનાથી વિશેષ સાબિત કર્યું છે. આમ અલંકારિક રચના દ્વારા પ્રભુના ગુણોની સ્તવના કરી છે તે જોઈ શકાશે.

અહીં પ્રભુના તેજને સૂર્ય જેવું ગણાવ્યું છે કારણ કે તે પણ ત્રણે જગતને પ્રકાશિત કરે છે. પ્રભુનું તેજ ત્રણે જગતને કઈ અપેક્ષાએ પ્રકાશિત કરે છે તે સમજવા યોગ્ય છે. પ્રભુ સર્વને શાંતિ માટે નિમિત્ત થાય છે. જે કોઈ જીવ તેને સ્મરે તેના આત્માને અમુક પ્રકારે શાંતિ પ્રાપ્ત થાય છે, અને આ શાંતિ આખા વિશ્વમાંનો કોઈ પણ જીવ વિના અપવાદે લઈ શકે છે. એકેંદ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના અને ચારે ગતિના જીવો પ્રભુના આશ્રયે પોતાના તાપ હળવા કરી શકે છે. આ જે જગત પરનો વિશિષ્ટ પ્રભાવ છે તે જ પ્રભુનું તેજ. આ સાથે બીજી અપેક્ષા એ પણ સમજી શકાય કે પ્રભુના જ્ઞાનમાં ત્રણે લોક પ્રકાશિત થાય છે, એ ભાવ પણ ગૂંથાયો હોય. પણ અહીં એ ગૌણતાએ છે, કારણ કે સોળમી કડીમાં એ આવી ગયેલ છે.

સૂર્યનાં તેજ કરતાં પ્રભુનું તેજ ક્યા પ્રકારે નાવીન્યવાળું છે તેનું વર્ણન આચાર્યજીએ આ કડીમાં કર્યું છે, અને એ માટે સૂર્યને નડતાં વિઘ્નો બતાવી પ્રભુનાં તેજને તેનાથી પર બતાવી તેની વિશેષતા સિદ્ધ કરી છે.

જગતના જીવો સૂર્યનો પ્રકાશ દિવસના ભાગમાં જ મેળવી શકે છે, કારણ કે સૂર્ય સવારે ઊગે છે અને સાંજે આથમે છે. આથમ્યા પછી રાત્રિના ભાગમાં

સૂર્ય પ્રકાશ આપી શકતો નથી. એટલે કે સૂર્ય અંધકારનો નાશ અમુક સમય માટે જ કરી શકે છે, પછીથી પાછો અંધકારનો હુમલો જગતજીવો પર આવે છે. અને તેનાથી છૂટવા તેમને રાહ જોવી પડે છે. વળી સૂર્ય જે બીજા લાભ કરે છે જેમ કે ગંદકી સૂકવે છે, રોગના જીવાણુઓનો નાશ કરે છે વગેરે પણ અમુક સમય સુધી જ કરે છે, રાત્રીના સમયે ગેરલાભોને ઉત્પન્ન થવાનો અવકાશ મળી જાય છે. એટલે કે સૂર્યને પરોપકાર કરવામાં રાત્રિરૂપી વિઘ્ન સૌથી બળવાન જણાયું છે. આ વિઘ્ન પ્રભુના તેજને નડતું નથી, એટલે કે પ્રભુના તેજને અંધકારનો નાશ કરવા માટે - અજ્ઞાનનો નાશ કરવા માટે સતત અવકાશ છે. તેને કોઈ રાત્રિરૂપી આવરણ આવતું નથી. પ્રભુના તેજે જ્યાં અંધકારનો નાશ કર્યો ત્યાં કદી પણ અંધકાર (અજ્ઞાન) ફરીથી છવાઈ શકતો નથી. એટલે કે એ સૂર્યને અસ્ત પામવાનો, અજ્ઞાનતાના વમળમાં અટવાવાનો પ્રસંગ આવતો નથી.

સૂર્ય દિવસે અંધકાર નાશ કરવાનું કાર્ય કરે જ છે, પણ તેમાંયે તેને કેટલાંક વિઘ્નો નડે છે. ઉદા. રાહુ. જ્યારે અનુકૂળતા પડે, લાગ ફાવે ત્યારે ત્યારે રાહુ નામનો ગ્રહ સૂર્યને ગળે છે - જેને સૂર્યગ્રહણ તરીકે ઓળખવામાં આવે છે. અને રાહુની પકડમાં હોય ત્યાં સુધી સૂર્ય ભૂમિને યથાર્થ રીતે અજવાળી શકતો નથી. ત્યારે પ્રભુના તેજરૂપી સૂર્યને આવો કોઈ રાહુ નડતો નથી. સૂર્ય તેના ઘણા દુશ્મનોનો નાશ કરે છે છતાં કેટલાક એવા છે કે જેનો નાશ તે કરી શકતો નથી. ત્યારે પ્રભુ એવા બળવાન છે કે તેને કોઈ દુશ્મન જ હોતું નથી. ત્યારે પ્રભુના પરોપકારને આવરે એવો કોઈ રાહુ અસ્તિત્વ જ ધરાવતો નથી.

સૂર્યને દિવસના ભાગમાં આંતરો પાડતું બીજું તત્ત્વ છે વાદળાં. વર્ષાઋતુમાં જ્યારે ચારે બાજુ વાદળાં છવાઈ જાય છે ત્યારે દિવસો સુધી સૂર્ય પોતાનું ભૂમિ અજવાળવાનું કાર્ય પાર પાડી શકતો નથી. અને તેને વાદળ વિખેરાય તેની રાહ જોવી પડે છે. પ્રભુના તેજરૂપી સૂર્યને આવું બનતું નથી. તેને જ્યારે આત્મા અજવાળવા લાગે છે ત્યારે કોઈ વાદળ આડાં આવતાં નથી. બધાં જ છૂટાં થઈ જાય છે. પૂર્વ કર્મ ગમે તેટલાં બળવાન હોય અને જીવને છૂટવાનો આરો જણાતો ન હોય એવા સમયે પણ જીવ શરણે જઈને

પ્રભુનો સહારો લઈ આગળ વધવા ઇચ્છે તો તે ત્વરાથી આગળ વધી શકે છે. તેને કોઈ વિઘ્ન આત્મા અજવાળતાં રોકી શકતું નથી. આવો અદ્‌ભુત મહિમા પ્રભુનો છે. આમ પ્રભુનો તેજરૂપી સૂર્ય કોઈ પણ પ્રકારના વિઘ્નથી પર રહી સતત ત્રણે લોકના જીવોનાં પાપ દૂર કરવાનું કાર્ય કરી શકે છે અને એ જ એની અભિનવતા છે.

સૂર્ય જેમ ગંદકી, રોગ, અંધકાર વગેરે અનિષ્ટો દૂર કરવાનું મુખ્ય નિમિત્ત છે, તેમ પ્રભુનું તેજ પણ રાગદ્વેષરૂપી ગંદકી, કર્મરૂપી રોગ અને અજ્ઞાનરૂપી અંધકાર આદિ અનિષ્ટો દૂર કરવાનું પ્રથમ નિમિત્ત છે. અને એ કાર્યની સમાનતાની અપેક્ષાએ આચાર્યજીએ પ્રભુનાં તેજને સૂર્ય સાથે સરખાવ્યું છે તે યોગ્ય લાગ્યા વિના રહેતું નથી. અલબત્ત, પ્રભુનો તેજરૂપી સૂર્ય આપણે જોયું તેમ અનેક પ્રકારે ચડિયાતો છે તેની તો સ્મૃતિ રાખવી જ જોઈએ. (૧૭)

नित्योदयं दलितमोहमहान्धकारं,
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्ज मनल्पकान्ति,
विद्योतयज्जगदपूर्व शशांकबिंबम् ।। १८ ।।

શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા, હે પ્રભુ! આપ કેરો,
જે દીપાવે જગત સઘળું, ચંદ્ર જાણે અનેરો. (૧૮)

આ પહેલાંની બે કડી માફક આ કડીમાં પણ આચાર્યજી પ્રભુના મુખને ચંદ્ર સાથે સરખાવી અનન્વય અલંકારથી મુખનું ચડિયાતાપણું સાબિત કરે છે.

રાત્રિના સમયે પોતાની શીતળ ચાંદની ફેલાવવા માટે ચંદ્ર સર્વપ્રિય છે. વળી ચંદ્ર સૌમ્ય હોવાથી સર્વજનો તેની ચાંદનીમાં શીતળતાનો આહ્‌લાદ લઈ શકે છે. ચંદ્રનું મુખ્ય કાર્ય સૂર્યની ગેરહાજરીમાં પથરાયેલા અંધકારને હળવો કરવાનું છે,

અને શીતળતા પ્રસારી ચંદ્ર તે કાર્ય કરે છે. આથી ચંદ્ર સર્વપ્રિય બન્યો છે. એ જ રીતે પ્રભુનો મુખરૂપી ચંદ્ર પણ એવી શીતળતા ફેલાવવા માટે સર્વપ્રિય થયેલ છે. પ્રભુ રાગ, દ્વેષ, અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરે છે પણ તે એવી સૌમ્યતાથી કરે છે કે તેનું સ્તવન કરનારના હૃદયમાં આનંદ અને આહ્‌લાદ ફેલાઈ જાય છે. આમ છતાં કેટલાંક કારણોસર પ્રભુની શીતળતા ચંદ્રની શીતળતા કરતાં ઉચ્ચ પ્રકારની છે તે અહીં નિરૂપ્યું છે.

ચંદ્રમા પોતાની શીતળ ચાંદનીથી આખા જગતને છાઈ દે છે, તેમ પ્રભુ પણ આખા જગતને શીતળતાથી છાઈ દે છે. અહીં તફાવત એ પડે છે કે ચંદ્રની શીતળતાથી લોકો મોહ પામે છે અને રાગી બને છે, ત્યારે પ્રભુની શીતળતામાં મગ્ન બનેલા લોકો નિરાગી બનતા જાય છે, એટલું જ નહિ એ બધા પાસે મોહને હાર ખાવી પડે છે. ચંદ્રમાની શીતળતામાં લોકોની વૃત્તિમાં ચંચળતા પ્રવેશે છે અને રાગી અવસ્થા વધે છે, ત્યારે નિરાગી પરમાત્માનું ધ્યાન કરનારની વૃત્તિઓ ઉપશમ પામતી જાય છે અને નિરાગીપણું આવતું જાય છે. આમ શીતળતા તો બંનેમાં છે, પણ બંનેની શીતળતાનું પરિણામ તદ્‌ન ભિન્ન પ્રકારનું આવે છે.

વળી જે સૂર્ય માટે હતું તે ચંદ્ર માટે પણ છે જ. ચંદ્રને સમય આવ્યે રાહુ ગળી જાય છે અને તેના પરોપકારના કાર્યમાં મોટું વિઘ્ન નાખે છે. વર્ષા ઋતુમાં વાદળાંઓ પણ એ જ રીતે ચંદ્રને આવરીને વિઘ્ન ઊભું કરે છે. જે બંને પ્રભુના મુખરૂપી ચંદ્રને તેનું કાર્ય કરવામાં વિઘ્નરૂપ બની શકતાં નથી. પ્રભુનાં મુખરૂપી ચંદ્રને કોઈ રાહુ ગળી શકતો નથી, કે કોઈ વાદળાં ઢાંકી શકતાં નથી. એટલે કે પ્રભુનાં શરણમાં રહેનાર જીવને કોઈ પણ વિઘ્ન, વિઘ્ન તરીકે સફળ બની શકતું નથી એ સૂર અહીં સંભળાય છે.

આ કડીનું રૂપક પણ સમજવા યોગ્ય છે. ચંદ્રના તેજથી શીતળતા છવાઈ જનોને આનંદ મળે છે, તેમ પ્રભુના મુખરૂપી ચંદ્રની સહાયથી ગુણો ખીલતાં શીતળતા છવાઈ આત્માનંદ પ્રાપ્ત થાય છે.

આ અને આ પહેલાંની બંને કડીઓમાં પ્રભુના ગુણો વ્યક્ત કરવા કેવાં ઉદાહરણ લીધાં છે તે સંક્ષેપમાં આ રીતે સમજી શકાય. પ્રભુના જ્ઞાનને દીવા સાથે સરખાવ્યું છે. જ્ઞાન થવાથી હેય અને ઉપાદેયનો વિવેક જીવને પ્રગટે છે જેમ દીવાથી દોરીમાં સર્પની ભ્રાંતિનું નિરાકરણ થાય છે તેમ જ્ઞાનથી દેહમાં આત્મબુદ્ધિની ભ્રાંતિનું નિરાકરણ થાય છે. આ થઈ જ્ઞાનની વાત. તે પછી આવે દર્શન. સૂર્યના તેજમાં અનિષ્ટ વસ્તુ જેવી કે ગંદકી, હવાની અશુદ્ધતા જતી દેખાય છે અને સ્વચ્છતા આદિ પ્રસરવાનું નિમિત્ત સમજાય છે, તેમ પ્રભુના તેજરૂપી સૂર્યથી ભસ્મીભૂત થતાં કર્મોનું દર્શન થાય છે અને સ્વાત્મા પ્રગટાવવાનું બળ મેળવવાનું ભાન થાય છે, એટલે કે સાચું દર્શન પ્રગટે છે. અને એ દર્શન અનુસાર પુરુષાર્થ પ્રગટે છે. અને ત્રીજી કડીમાં આવી ચારિત્રની વાત. શીતળ ચાંદનીમાં જેમ બધું શુભ જણાય છે અને શુભ રહેવા વૃત્તિ જન્મે છે તેમ પ્રભુના મુખરૂપી ચંદ્રની સહાયથી સાચું દર્શન પામ્યા પછી જીવ પોતાના ગુણો અનેકધા ખીલવવા પુરુષાર્થી થાય છે, અને તેના પરિણામમાં તેના જીવનમાં અનેક ગુણો પ્રગટી ચંદ્ર જેવી શીતળતા ફેલાવે છે, ચારિત્રને કારણે જીવનમાં સાચી ચાંદની ફેલાઈ જાય છે. આમ ધ્વન્યાત્મક રીતે આચાર્યજીએ આ ત્રણ કડીઓમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની વાતો ગૂંથી લીધી છે. (૧૮)

किं शर्वरीषु शशिनाऽन्हि विवस्वता वा,
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ।
निष्पन्न शालिवनशालिनी जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ।।१९।।

અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહીં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલી પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા! મેઘનું કામ દીસે. (૧૯)

આ પહેલાંની બે કડીઓમાં દર્શાવ્યો છે એવો પ્રભુનો પ્રભાવ હોય તો, એટલે કે પ્રભુનું મુખ સૂર્ય અને ચંદ્રની જેમ જગતનું અંધારું દૂર કરવા સમર્થ હોય તો, રાત્રિએ ચંદ્રમાની કે દિવસના સૂર્યની શી જરૂરત છે? સૂર્ય કે ચંદ્ર પ્રભુની વિદ્યમાનતાએ કશું વિશેષ કાર્ય કરવાના નથી, એ બંનેનું કાર્ય તો એક પ્રભુનું મુખ જ પતાવી લે છે, તેથી એ બંનેની જરૂર નથી એવો ભાવ અહીં આચાર્યજીએ વ્યક્ત કર્યો છે.

એ વસ્તુને વિશેષપણે સમજાવવા આચાર્યજી પ્રકૃતિમાંથી મળતું એક અનુરૂપ ઉદાહરણ આપે છે. ડાંગરને તૈયાર થવા માટે પુષ્કળ પાણીની જરૂર હોય છે. આથી ચોમાસામાં જ વિશેષ કરીને ડાંગર તૈયાર થાય છે. જો પાણી ન હોય તો સારી ડાંગર તૈયાર ન થાય. પણ એક વખત ક્યારાની અંદર શોભાયમાન ડાંગર તૈયાર થઈ જાય તે પછી તેને પાણીની જરૂર રહેતી નથી. એ વખતે મેઘ આકાશમાં ચડી આવે તો તેનું કંઈ પ્રયોજન રહેતું નથી, કારણ કે ડાંગરને માટે પાણીની જરૂરિયાત રહી નથી. આ દૃષ્ટાંત દ્વારા આપણને આચાર્યજી એ સમજાવે છે કે અમુક કાર્યની સિદ્ધિ થતાં તેના નિમિત્તોની જરૂર આપણને રહેતી નથી. આ જગત પર અંધકાર છવાયેલો હોય છે તેને દૂર કરવા દિવસના ભાગમાં સૂર્યની અને રાત્રિના ભાગમાં ચંદ્રની આપણને જરૂર છે. પણ એ અંધકાર દૂર કરવાનું કાર્ય તો પ્રભુનું મુખ કરે છે ત્યારે થોડા થોડા સમય માટે પ્રકાશિત કરતા સૂર્ય કે ચંદ્રની મહેચ્છા આપણને રહેવી જોઈએ નહિ. પ્રભુનું મુખ જ્યારે જગતને પ્રકાશિત કરતું હોય ત્યારે તો ચંદ્ર સૂર્ય ખલેલ કર્તા લાગે, કારણ કે જગતને પ્રકાશ આપવાનું મુખ્ય કાર્ય પ્રભુના મુખથી થઈ જાય છે અને તેમાં નિમિત્તરૂપ બનતા સૂર્ય કે ચંદ્ર નિરુપયોગી બને છે.

આ કડીનો ગૂઢાર્થ જરા જુદી રીતે સમજી શકાય. આચાર્યજીએ કહ્યું છે કે 'પ્રભુનો મુખરૂપી ચંદ્રમા જ્યારે જગતને પ્રકાશિત કરે છે ત્યારે રાત્રે ચંદ્રમા અને દિવસે સૂર્ય આડા આવે છે'. ચંદ્રમાની શાંતિ રેલાય છે. અજવાળું ફેલાય છે એટલે કે જીવમાં ચારિત્રબળ ખીલતું જાય છે. અને આત્માના ગુણો ચોમેર ફેલાતા જાય છે,

ત્યારે તેમ કરવામાં નિમિત્ત બનતાં જ્ઞાન અને દર્શનની (અર્થાત્ સૂર્ય અને ચંદ્રની) અગત્ય ઘણી અલ્પ બની જાય છે. જ્ઞાન અને દર્શનની સહાયથી જીવે ચારિત્ર ખીલવવાનું છે, પણ જ્યારે સંપૂર્ણપણે ચારિત્ર ખીલે છે ત્યારે જ્ઞાન અને દર્શનની અગત્ય ગૌણ થાય છે એ ગૂઢ જ્ઞાન અહીંથી વિચારાતાં મળી આવે છે. મૂળ કાર્યની સિદ્ધિ કરવા પાછળ જ લક્ષ રાખવાનો છે, અને એ સિદ્ધ થતાં તેમાં સહાયભૂત નિમિત્તોની આસક્તિનો ત્યાગ કરવાનો છે, અથવા તો વધુ ઉચ્ચ દશા માટે નીચેની ભૂમિકાનો ત્યાગ કરતા જવાનો છે. જેમ ડાંગર થયા પછી મેઘની જરૂર નથી, તેમ સંપૂર્ણ ચારિત્ર ખીલ્યા પછી જ્ઞાન દર્શનની જરૂર નથી, તે બંનેનું કાર્ય ચારિત્રથી નીપજી જાય છે.

આમ ગૂઢ સંકેતો દ્વારા આચાર્યજી પ્રભુને વીનવે છે કે, "હે પ્રભુ! તમે મારામાં એવા સતત વ્યાપી રહેજો અને કર્મસમૂહનો નાશ કરવામાં એવા સહાયક થજો કે શુદ્ધ આત્મા પ્રગટાવવા માટે મારે અન્ય કોઈનો પણ આશરો લેવો પડે નહિ." (૧૯)

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं,
नैवं तु काचशकले किरणाकुलेऽपि ।।२०।।

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે! કદાપિ. (૨૦)

ઓગણીસમી કડીમાં પ્રભુજીનું મુખ સૂર્ય અને ચંદ્ર કરતાં તેજસ્વી હોવાને કારણે તેમના સાન્નિધ્યમાં હોઈએ ત્યારે સૂર્ય કે ચંદ્રની જરૂરત રહેતી નથી તે બતાવ્યું અને આ કડીમાં પ્રભુના મહિમાવાન જ્ઞાનનો પ્રભાવ બતાવ્યો છે.

પ્રભુમાં રહેલું જ્ઞાન તેમને સર્વોત્તમ જણાયું છે. પ્રભુ પાસે તો કેવળજ્ઞાન છે કે જેના બળથી એક સમય, એક પ્રદેશ અને એક પરમાણુનું પણ જ્ઞાન થાય છે. આટલી સૂક્ષ્મતાથી જ્ઞાન બીજો કોઈ જીવ કરી શકતો નથી. જગતના કોઈ પણ જીવને કર્મથી લેપાયેલો હોય ત્યાં સુધી આટલી સૂક્ષ્મતાથી જ્ઞાન થઈ શકતું નથી, કારણ કે એમ કરવામાં કર્મ સમૂહની અશુદ્ધિ આડખીલી બને છે. એ સમૂહથી છૂટાય તો જ ત્રણે લોક અને ત્રણે કાળનું સૂક્ષ્મતાથી જ્ઞાન આવી શકે. આથી જ આચાર્યજી પ્રભુને કહે છે કે "હે પ્રભુ! તમારું સંપૂર્ણ, ગાંભીર્યવાળું જ્ઞાન જેવું શોભાયમાન લાગે છે તેવું ઈન્દ્ર, દેવેન્દ્ર, નાગેન્દ્ર કે અન્ય કોઈ પણ વ્યક્તિનું જ્ઞાન શોભાયમાન લાગતું નથી." દેવલોકના ઇંદ્રને અન્ય જીવોની અપેક્ષાએ ઘણું જ્ઞાન છે, પણ તેમ છતાં તેને પણ મર્યાદા છે. તેમનું જ્ઞાન પ્રભુના જ્ઞાન જેટલું સૂક્ષ્મ કે સચોટ થઈ શકતું નથી. ત્યારે પ્રભુના જ્ઞાનની સૂક્ષ્મતા કે સચોટતાને મર્યાદા જ નથી. આથી જેને પ્રભુના જ્ઞાનનો પરિચય થાય તેને ઈંદ્રાદિના જ્ઞાનથી સંતોષ થતો નથી.

આ અનુભવને સચોટ રીતે વ્યક્ત કરવા તેઓ એક વ્યવહારનું ઉદાહરણ સૂચવે છે. આચાર્યજી કહે છે કે સાચા મણિરત્નના સમૂહને વિશે તેજનું જેટલું પ્રબળપણું જોવામાં આવે છે તેટલું પ્રબળપણું કાચના કકડામાં જોવામાં આવતું નથી. બીજી રીતે કહીએ તો મણિરત્નના તેજની સરખામણીમાં કાચનું તેજ નહિવત્ જ છે. એમ પ્રભુના જ્ઞાનની સરખામણીમાં ઈંદ્રાદિનું જ્ઞાન નહિવત્ જ ગણાય, સાગરમાં બિંદુ સમાન ગણાય.

આમ બનવાનું કારણ સમજવું સુલભ છે. સામાન્ય રીતે એકલો કાચ જોઈએ ત્યારે તે પ્રકાશિત લાગે છે. પણ તેની બાજુમાં શુદ્ધ મણિરત્ન હોય તો તેનું તેજ કાચ કરતાં ઘણું વધારે લાગે છે. મણિ અને કાચ બંનેમાં તત્ત્વો તો સમાન છે, પણ કાચમાં અમુક પ્રકારની અશુદ્ધિઓ રહેલી હોય છે તેથી તે ક્યારેય મણિ જેટલો તેજસ્વી લાગતો નથી. જો એ અશુદ્ધિ કોઈ પ્રકારે દૂર કરી શકાય તો તે મણિ જેવો તેજસ્વી બની શકે. એ જ રીતે ઈંદ્રાદિમાં જ્ઞાન તો છે, પણ તેઓ ઘાતીકર્મોથી લેપાયેલા છે એટલે તેમનું તેજ અવરાયેલું છે, જ્ઞાન સંપૂર્ણ ખીલ્યું હોતું

નથી, પણ જેમ જેમ એ કર્મોનો નાશ થાય, અશુદ્ધિઓ દૂર થાય તેમ તેમ તે મતિ અને અવધિજ્ઞાન વિશુદ્ધ થતાં થતાં કેવળજ્ઞાનમાં પરિણમે છે. સમ્યક્ મતિ આદિ જ્ઞાન કેવળજ્ઞાનરૂપે વિરમે છે. આથી વિશુદ્ધ જ્ઞાનની તોલે અશુદ્ધ જ્ઞાન તો ક્યાંથી જ આવે?

આ અપેક્ષાથી આચાર્યજીએ ઈંદ્રાદિને કર્મથી લેપાયેલા ગણી કાચના કકડા સમાન નિસ્તેજ ગણ્યા છે અને પ્રભુને કર્મમુક્ત શુદ્ધ રત્ન-મણિરત્ન સમાન ગણાવ્યા છે, અને ત્યાં પ્રભુનું અનન્યપણું દર્શાવ્યું છે. બીજી અપેક્ષાથી આપણે અહીં સમજી શકીએ છીએ કે આચાર્યજીને ક્યા કારણસર પ્રભુ પ્રતિ આવો અનન્ય પ્રેમ પ્રગટયો છે. તેઓ શુદ્ધ થવા શુદ્ધમાં રાચે છે. (૨૦)

मन्ये वरं हरिहरादय एव दृष्टा,
द्रष्टेषु येषु ह्रदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः,
कश्चिन्मनो हरति नाथ! भवान्तरेऽपि ।। २१ ।।

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં ભાવના એ કરે છે,
બીજો કોઈ તુજ વિણ નહિ ચિત્ત મારું હરે છે. (૨૧)

આ પહેલાંની કડીમાં જોયું કે આચાર્યજીને પ્રભુનું જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ લાગ્યું છે અને તેઓ શુદ્ધ થવા શુદ્ધમાં રાચી રહ્યા છે, અને તેમ કરવું જ તેમને યોગ્ય ભાસ્યું છે. એ વખતે સ્વાભાવિકપણે વિચાર આવે કે પ્રભુની ઓળખ થઈ ન હતી અને તેમનામાં સ્થિરતા થઈ ન હતી તે વખતે તો સર્વ અન્યનું જ અવલોકન કર્યું હતું, અને અન્યનું જ્ઞાન કરવામાં જ સમય પસાર થઈ જતો હતો. તો શું એ બધો સમય વ્યર્થ ગયો? આચાર્યજીને પણ એ વિકલ્પ આવે છે અને મનમાં ભાવ પસાર થઈ જાય છે કે પ્રભુના સાન્નિધ્ય સિવાયમાં જ્યાં ક્યાંય પણ આ જીવે રુચિ કરી તે યોગ્ય કે અયોગ્ય? અને એ

વિચારધારા પર ઊંડાણથી જોતાં તેમને લાગ્યું કે જે થયું છે તે યોગ્ય જ થયું છે; અને શા માટે યોગ્ય થયું છે તે તેમણે અહીં નિઃસંકોચ પ્રગટ કર્યું છે.

આચાર્યજી પ્રભુને કહેતા જણાય છે કે, "હે પ્રભુ! અત્યાર સુધી આ બધા દેવો આદિ વિશે જાણવામાં મેં સમય પસાર કર્યો તે યોગ્ય જ થયું છે એમ મને લાગે છે, કારણ કે એમના અનુભવને કારણે મને તમારી સાચી ઓળખ પડી છે, અને તેથી તમારામાં મારું મન વિશેષ સ્થિરતાને પામે છે. જો એ બધાને મેં જોયા ન હોત, એમના વિશે મેં કંઈ જાણ્યું ન હોત, અને માત્ર મેં તમને જ જોયા અને જાણ્યા હોત તો મને તમારી સાચી કિંમત થાત નહિ, મને તો એમ જ થાત કે બધે આમ જ હોય. અન્ય સર્વથી તમે કઈ કઈ બાબતમાં ચડિયાતા છો તેનો તો મને ખ્યાલ પણ આવત નહિ, અને હું તમને સાચા સ્વરૂપે, યથાર્થ રીતે ઓળખી શકત નહિ. વળી એવો પણ સંભવ છે કે બધે તમારા જેવું માની તમને છોડી અન્ય જગ્યાએ જવા પણ કદાચ પ્રેરાયો હોત કારણ કે મનનો સ્વભાવ ચંચળ છે, અને ઉત્તમ મેળવીને છોડવા જેવો ખોટનો ધંધો કરવાનો વખત આવત. આ તો મારું મન બધે ભમતું ભમતું ક્યાંય શાંતિ ન પામવાને કારણે તમારી પાસે આવ્યું છે, અને સાચી શાંતિ મળતાં તમારામાં સ્થિર થયું છે. અત્યાર સુધીમાં થયેલા અનુભવને કારણે હવે તે જરા પણ ચલિત થવાનો વિકલ્પ પણ કરી શકે એમ નથી. બધું જોયા અનુભવ્યા પછી તે ઉત્તમમાં સ્થિર થયું છે, તેને ઉત્તમમાં સ્થિર થવાનો લાભ પ્રાપ્ત થયો છે. આથી તે નવીન મેળવવાની ઝંખનામાં ક્યાંય જવાનું નથી." કહેવાય છે ને કે :–

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે;
મત્સ્યભોગી બગલો, મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.

"હે પ્રભુ! જો મને તું ભટક્યા વગર જ પ્રાપ્ત થયો હોત તો અધિકાર વિના મળેલી ઉત્તમ વસ્તુની જેમ હું તને સાચવી શકત નહિ, અને તે તારાથી છૂટી જવા જેવું થાત. પણ ખૂબ પ્રયત્ને મળેલી ઉત્તમ વસ્તુની સાચી કિંમત સમજાઈ હોવાને કારણે હું તારું ખૂબ જતન કરીશ, અને એમ જ પાત્રતા પછી મળેલી વસ્તુનું ઉત્તમ ફળ હું પામીશ."

"વળી મારામાં એક જ ભાવના રમી રહી છે કે હવે તો તારા સિવાય મને કોઈ પણ આકર્ષી શકે તેમ નથી. બધાનો અનુભવ લીધા પછી (સંસાર અને પરમાર્થ) મારામાં સારાસાર વિવેક પ્રગટયો છે અને તેના બળથી સ્પષ્ટ જણાય છે કે ઉત્તમ એવા તારા સિવાય મારા ચિત્ત પર પ્રભાવ પાડવા કોઈ સમર્થ નથી. કારણ કે બધા તો ત્રુટિઓથી ભરપૂર છે ત્યારે તું ત્રુટિઓથી પર છે."

આ પંક્તિઓ દ્વારા આચાર્યજી એમની મોક્ષમાર્ગની અનન્ય શ્રદ્ધા વ્યક્ત કરે છે, અને કોઈ પણ સંજોગોમાં એ માર્ગથી ચલિત ન થવાની ભાવના દઢ કરે છે. તેમણે પ્રભુના સાન્નિધ્યમાં મોક્ષ સ્વરૂપ બનવાનો દઢ નિર્ણય કરી લીધો હોય તેમ જણાય છે, તેથી જ તો કહે છે કે સંસારની ગમે તેવી સંપત્તિ કે વિપત્તિ તેમને તેમના ધ્યેયથી ચળાવી શકનાર નથી. અને તેમ થવામાં પૂર્વના અનુભવો જેટલા અંશે સહાયભૂત થયા છે તેટલા અંશે તેનો ઉલ્લેખ અહીં તેમણે આદરપૂર્વક કર્યો છે. (૨૧)

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं,
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम् ।। २२ ।।

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિ કિરણને પૂર્વ દિશા જ એક (૨૨)

પ્રભુ જેવાં મહાસમર્થ બાળકો બહુ ઓછાં જન્મે છે તે આચાર્યજીએ અહીં ઉદ્દેશપૂર્વક બતાવ્યું છે. તેઓ કહે છે કે આ જગતમાં અનેક સ્ત્રીઓ મળીને સેંકડોની સંખ્યામાં પુત્રોને જન્મ આપે છે, પણ પ્રભુ! તારા જેવા ઉત્તમ પુત્રરત્નને જન્મ આપનારી નારી તો ભાગ્યે જ જોવા મળે છે, અર્થાત્ આદિનાથ પ્રભુ જેવાં ઉત્તમ

બાળકો ભાગ્યે જ આ અવની પર દેહ ધારણ કરે છે. આમ કેમ બને છે તેનું સમાધાન તેઓ પ્રકૃતિમાંથી શોધી લે છે.

પ્રકૃતિમાં ચાર દિશા અને ચાર વિદિશા મળી મુખ્ય આઠ દિશાઓ છે. અને તેનાં ભાંગા અનેક થાય છે. બધાં નક્ષત્રો તથા નાના નાના ટબુકતા તારલાઓ આ બધી દિશાવિદિશામાં પથરાયેલાં જોવામાં આવે છે. પણ તેનો પ્રકાશ ઘણે લાંબે સુધી જતો નથી. ત્યારે સમગ્ર પૃથ્વીને પ્રકાશિત કરવાવાળા સૂર્યને ધારણ કરવાવાળી તો એક પૂર્વ દિશા જ છે. અર્થાત્ નક્ષત્રો ને તારાઓનો ઉદ્‌ગમ કોઈ પણ દિશામાં થતો જણાય છે પણ સૂર્યનો ઉદ્‌ગમ પૂર્વ દિશા વિના બીજી કોઈ પણ દિશામાં થતો નથી. આ દ્વારા આચાર્યજી એ સૂચવવા માગે છે કે સૂર્યનાં તેજ અને તાપ જીરવવા માત્ર એક પૂર્વ દિશા જ સમર્થ છે, અન્ય કોઈ પણ દિશામાં એ સામર્થ્ય નથી.

આ સમાધાન પ્રભુ જેવા ઉત્તમ નરરત્નની જન્મદાત્રી બની શકે તેવી સ્ત્રીઓની અલ્પ સંખ્યા સમજવા બહુ ઉપકારી થાય છે. પ્રભુ એ સૂર્ય જેવા તેજસ્વી અને મહાપરાક્રમી છે, તેમનું તેજ અને તાપ જીરવવા માટે તેમની માતા પણ અત્યંત સમર્થ હોવી જોઈએ. અર્થાત્ પ્રભુ જેવા પવિત્ર આત્માને બાળકરૂપે ધારણ કરનારી માતા પણ એવી જ પવિત્ર હોવી જોઈએ. જ્યારે અન્ય સર્વ બાળકો સામાન્ય પ્રકાશ આપીને ઓલવાઈ જતા ઝીણા ઝીણા તારલા જેવા છે. તેઓમાં એવી કોઈ વિશિષ્ટ શક્તિઓ હોતી નથી કે જે અવધારવા માટે તેમની માતાઓએ પણ સામર્થ્ય પ્રગટાવવું પડે. એ માટે સેંકડો સ્ત્રીઓ, વિધવિધ દિશાઓ જેમ ટમટમતા તારલા ઝબૂકાવે તેમ સામાન્ય બાળકોને જન્મ આપવામાં અને તેમને ઉછેરવામાં જ પોતાનું કર્તવ્ય પૂરું થયું માને છે. અપવાદરૂપ સ્ત્રીઓ જ મહા સામર્થ્યવાન બની પ્રભુ જેવા અમૂલ્ય રત્નની ભેટ જગતને આપે છે.

દિશાઓ અનેક નક્ષત્રો અને તારલાઓને જન્મ આપી આ જગત પર કોઈ વિશિષ્ટ ઉપકાર કરતી નથી. પણ પૂર્વ દિશા તેજધારી સૂર્યને અવધારી જગત પર અનેરો ઉપકાર કરે છે. આમ જ સેંકડો સામાન્ય પુત્રોને જન્મ આપનારી

માતાઓ જગત પર કોઈ વિશિષ્ટ ઉપકાર કરતી નથી, પરંતુ સમગ્ર જગતના જીવોને સુખ મેળવવાનો ઉત્તમ માર્ગ બતાવનાર તીર્થપતિને જન્મ આપીને તેમની માતા આ જગત પર અવર્ણનીય ઉપકાર કરે છે, જે વિના અજ્ઞાનરૂપી અંધકારમાંથી જગતનો ઉદ્ધાર થવો શક્ય નથી. જેમ નક્ષત્રો ધરતીને ઉજાળવા સમર્થ નથી, તેમ સેંકડો સામાન્ય પુત્રો પણ પરમાર્થે સૃષ્ટિ ઉજાળવા સમર્થ નથી, એ કાર્ય પ્રકૃતિમાં સૂર્ય બજાવે છે અને પરમાર્થમાં તીર્થંકર બજાવે છે. આવા પનોતા પુત્રને જન્મ આપનારી માતાનો ઉપકાર અનન્યભાવે આચાર્યજીએ અહીં વ્યક્ત કર્યો છે. (૨૨)

त्वमामनन्ति मुनयः परमं पुमांस –
मादित्यवर्णममलं तमसः पुरस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं,
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र पंथाः ।। २३ ।।

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથી યે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. (૨૩)

શ્રી આદિનાથ પ્રભુ આચાર્યજીને મન કેવા છે તેનું વર્ણન કર્યા પછી અન્ય મહામુનિઓને મન પ્રભુ કેવા છે તેનો ખ્યાલ આ પંક્તિઓમાં આપ્યો છે. અહોભાવભરી વાણીમાં આચાર્યજી પ્રભુને કહે છે કે જે મોટા મોટા સંત પુરુષો થયા છે, જેમને મુક્તિ પામવી બહુ સુલભ છે તેઓ પણ તમને પોતાના નાથ માને છે, પોતાના આશ્રયદાતા માને છે. તેનું કારણ એ છે કે હે પ્રભુ! તમે સૂર્ય જેવા તેજસ્વી અને સ્વપર પ્રકાશક છો. મોક્ષપદ પામવું અને પમાડવું એ બંને તમારા માટે સુલભ છે. જેમ સૂર્યને માટે પ્રકાશમય રહેવું અને અન્યને પ્રકાશિત કરવા સહજ છે, તેમ તમે તમારા આત્માને પ્રકાશિત કર્યો છે અને અન્યના આત્માને પ્રકાશિત કરવાનો માર્ગ આપની પાસે છે, જે વિષે હરકોઈને પૂજ્યબુદ્ધિ થાય છે. વળી કોઈ પણ પ્રકારની મેલાશ કે ઝાંખપ પણ

આપનામાં નથી. આ ઉપરાંત સૂર્યથી જેમ અંધકાર અળગો અને અળગો જ રહે છે, અંધકાર સૂર્ય પાસે રહી શકતો નથી, તેમ આપનાથી અજ્ઞાનરૂપી અંધકાર દૂરનો દૂર જ રહ્યા કરે છે, અને તમારી આસપાસમાં ક્યાંય અજ્ઞાન ફરકી શકતું નથી.

તમારા આવા સમર્થપણાનાં કારણે તમારા શરણે રહેનાર સુલભતાથી મૃત્યુને જીતી શકે છે, જન્મમરણથી પર બની શાશ્વત સુખના ભોક્તા બની શકે છે. આપનાં શરણમાં રહી આપને પામ્યા પછીથી જીવનો કર્મમલ નાશ પામે છે અને પછી તેને જન્મ કે મૃત્યુ રહેતાં નથી. વળી આપનાં શરણમાં આવ્યા પછીથી જે બે-ચાર ભવ બાકી હોય તેમાં આપના સહારાને કારણે તે જન્મ અને મૃત્યુના ભયને જીતી શકે છે, અને એથી જન્મમરણથી પર બન્યા જેવો આત્માનુભવ કરી શકે છે. આથી મુક્તિ મેળવવા માટે "આપનું શરણ ગ્રહવા" જેવો બીજો કોઈ ઉત્તમ ઉપાય જણાતો નથી.

આ પંક્તિઓમાં આચાર્યજીએ પ્રભુની ઉત્તમતા મોટા મોટા મુનિઓને પણ, સત્પુરુષોને પણ કેવી જણાઈ છે તે વર્ણવ્યું છે. એ દ્વારા પ્રભુનું વિશેષ માહાત્મ્ય પ્રગટાવ્યું છે, અને સાથે સાથે સર્વને સચોટ રીતે સમજાવ્યું છે કે તેમને પ્રભુ પ્રતિ જે અનન્ય ભક્તિ પ્રગટી છે તે નિષ્કારણ કે અસ્થાને નથી, પણ પ્રત્યેક જીવે આદરવા યોગ્ય છે. જે કાર્ય મુનીન્દ્રો કરે તે જ કાર્ય કરવા તેઓ તત્પર બન્યા છે માટે એ સ્તુત્ય છે. આઠમી કડીમાં આચાર્યજીએ કહ્યું હતું કે પ્રભુના પ્રભાવથી આ સ્તુતિ સર્વ સજ્જનોને પ્રીતિનું કારણ થઈ પડશે. તે વચનોનું અનુસંધાન આપણને અહીં જોવા મળે છે. પ્રભુના પ્રભાવવાળી સ્તુતિ સજ્જનોને કેમ પ્રીતિનું નિમિત્ત બને છે તે અહીં સમજાય છે. પ્રભુની સ્તુતિથી જગતનાં દુઃખોનો નાશ થાય છે અને મુક્તિમાર્ગ ખુલ્લો થાય છે અને એ દ્વારા પ્રભુ પમાય છે. પ્રભુને પામ્યા વિના મુક્તિ મળે નહિ, અને ભક્તિ વિના પ્રભુ મળે નહિ. તેથી મુક્તિ માટે ભક્તિ આશીર્વાદરૂપ બને છે. વળી "પ્રભુના પ્રભાવવાળી સ્તુતિ" એટલે એ સમજાય છે કે "પ્રભુ પ્રાપ્ત થયા છે." પ્રભુ પ્રાપ્ત થતાં દુઃખ દૂર ભાગે છે. તેથી જેને પ્રભુની પ્રાપ્તિ થઈ હોય તેણે રચેલી સ્તુતિ સજ્જનોને હર્ષનું નિમિત્ત થાય છે. (૨૩)

त्वामव्ययं विभुमचिन्त्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरुपममलं प्रवदन्ति संतः ।।२४।।

સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. (૨૪)

જે મોટા મોટા મુનીંદ્રો આદિનાથ પ્રભુને 'નાથ' ગણે છે, તેમને મન પ્રભુ કેવા સ્વરૂપે ઈષ્ટ છે તે, અર્થાત્ તેઓ પ્રભુને કેવાં કેવાં વિશેષણોથી નવાજે છે તેનું વર્ણન આ કડીમાં આચાર્યજીએ આપ્યું છે, અને એ દ્વારા પ્રભુના અનેક ગુણોનો પોતાને થયેલો પરિચય વ્યક્ત કર્યો છે.

'હે પ્રભુ! સંત પુરુષો તમને અવ્યયી, વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદ્ય, બ્રહ્મા, ઈશ્વર, અનંત, અનંગકેતુ, યોગીશ્વર, યોગને જાણનારા, અનેક સ્વરૂપે એક, સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ, મલરહિત અથવા નિર્મળ એવાં વિવિધ વિશેષણોથી ઓળખાવે છે.'

પ્રભુ માટે વપરાયેલાં આ સર્વ વિશેષણોમાં પ્રભુના વિશિષ્ટ ગુણોનો સમાવેશ થયેલો જોઈ શકાય છે. આ સંતપુરુષો પ્રભુને 'અવ્યયી' માને છે. અવ્યયી એટલે જેમાં ફેરફાર ન થાય તે. પ્રભુ તો અવિચળપણે વિરાજે છે, એને કોઈ પણ નિમિત્તથી તેમના આત્મસ્વરૂપની મગ્નતામાં ફેરફાર થતો નથી. આ અડોલતા વર્ણવવા આચાર્યજીએ રચેલી પંદરમી કડી જુઓ. એ જ રીતે સંતપુરુષો તેમને "વિભુ" તરીકે ઓળખાવે છે. જે સ્વયં પ્રકાશિત બની અન્યને પ્રકાશ આપે તે વિભુ. પ્રભુ પણ આવા સ્વપર પ્રકાશક છે, પોતાના આત્માને અનંત સુખનો માર્ગ પમાડી બીજા અનેક જીવોને સુખના અવ્યાબાધ માર્ગે દોરે છે; તેથી તેમને "વિભુ" ગણવા એ યોગ્ય જ લાગે છે.

આ જ સંતો પ્રભુને 'અચિંત્ય' અને 'અસંખ્ય' તરીકે પણ ગણાવે છે. પ્રભુના ગુણોનું ચિંતન કરનારને સમજાય છે કે એક પછી એક ગુણો લેવામાં આવે તો પણ તેનો કદી પાર આવતો નથી. એમના અસંખ્ય ગુણોનું ચિંતન સમગ્રપણે ક્યારેય કરી શકાતું નથી, તો પછી તેમને 'અચિંત્ય' અને 'અસંખ્ય' ન કહેતાં શું કહી શકાય?

વળી કેટલાક સંતપુરુષો પ્રભુનો 'આદ્ય', 'બ્રહ્મા' અને 'ઈશ્વર'રૂપે પણ પરિચય કરાવે છે. ભરતક્ષેત્રને ભોગભૂમિમાંથી કર્મભૂમિમાં પલટાવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે જીવોએ કઈ રીતે વર્તવું તે સમજાવનાર કોઈ તો જોઈએ ને? આ કાર્ય આદિનાથ પ્રભુએ સમર્થપણે કર્યું, એટલું જ નહિ પણ અવસર્પિણી કાળમાં આત્મિક સુખની ખોજમાં જીવન વ્યતીત કરી, સર્વજ્ઞ અવસ્થા પ્રગટાવી જગતજીવોને એ અનુપમ માર્ગનો બોધ કરવામાં પણ તેઓ જ પ્રથમ હતા. આ કારણે સંત પુરુષો તેમને “આદિનાથ” તરીકે ઓળખે છે, એ સાર્થક લાગે છે.

બ્રહ્માનું કાર્ય ઉત્પત્તિ કરવાનું છે. વળી બ્રહ્મા સર્વવ્યાપી ગણાય છે. આ બંને કાર્યો આદિનાથ પ્રભુએ કર્યાં હતાં. કર્મભૂમિ અને મોક્ષમાર્ગની સુલભતા કરવામાં તેઓએ બ્રહ્માનું જ કાર્ય કર્યું હતું. અને સમગ્ર જગતમાંથી જે કોઈ જીવ તેના શરણે જાય તેનો ઉદ્ધાર કરવાનો અભિલાષ સેવ્યો હતો. એ પ્રકારે એમનું સર્વવ્યાપીપણું સમજી શકાય તો તેઓ 'બ્રહ્મા' કહેવાય ને?

જે કોઈ જીવ આત્માની અનંત શક્તિનું ઐશ્વર્ય પ્રગટ કરે તે ઈશ્વર. પ્રભુએ આ શક્તિઓ સમગ્રપણે પ્રગટાવી ઐશ્વર્ય સાબિત કરી દેખાડયું છે, તો તેમને એ અપેક્ષાએ 'ઈશ્વર' કહેતાં કેમ આનંદ ન થાય? પ્રભુને 'ઈશ્વર' તરીકે બોધતાં તેમના અનંત ઐશ્વર્યની સ્મૃતિ તાજી થાય છે.

કેટલીક વખત સંત પુરુષો પ્રભુને 'અનંત' અને 'અનંગકેતુ' તરીકે પણ નવાજે છે. તેમના ગુણોનું, શક્તિઓનું અને વીર્યાદિનું અનંતપણું સમજનારને 'અનંત' વિશેષણ યથાયોગ્યપણે ભાસે છે. વળી એમના શુદ્ધ સ્વરૂપનો કોઈ પણ કાળે નાશ થવાનો નથી એ અપેક્ષાએ પણ અનંત કહી શકાય. એ જ રીતે

તેઓ 'અનંગકેતુ' પણ છે. 'અનંગ' એટલે જેને અંગ નથી એવો કામદેવ. અને કેતુ રૂપ એટલે અનંગને ગળી જનાર કેતુ. પ્રભુએ 'કામ'-વાસના કે વિશાળ અર્થમાં ઇચ્છાનો સંપૂર્ણપણે નાશ કર્યો છે. તે એટલે સુધી કે એમનામાં ઇચ્છા ઉત્પન્ન કરવામાં ઇંદ્રાણીઓ પણ નિષ્ફળ ગઈ છે; એટલું જ નહિ, પણ એમનું શરણું ગ્રહણ કરનારમાં પણ એ પ્રકારની શક્તિ આવે છે કે જેથી તેઓ પણ કામદેવને સહેલાઈથી મહાત કરી શકે છે.

પ્રભુને 'યોગીશ્વર' અને 'યોગના જાણકાર' કહી સંત પુરુષો બિરદાવે છે. પ્રભુ મન, વચન અને કાયાના યોગને સંપૂર્ણપણે જાણનાર છે, બધા જ યોગનો તેમને અભ્યાસ છે, અને જે કંઈ ઈષ્ટ છે તેનો જ બોધ તેઓ કરે છે. તેથી તેઓ 'યોગના જાણકાર' કહેવાય છે. આવા યોગને જાણનાર તો ઘણા પુરુષો હોઈ શકે છે. તે સર્વમાં શ્રેષ્ઠ ઐશ્વર્ય તેમણે પોતામાં પ્રગટાવ્યું છે, જે કારણે તેઓ યોગીશ્વર બન્યા છે.

વળી પ્રભુને 'અનેક' અને સાથે સાથે 'એક' સ્વરૂપે પણ આ સંતપુરુષો ઓળખાવે છે. તેનું અપેક્ષાભેદે સમાધાન પ્રાપ્ત થાય છે. સર્વ આત્મા શક્તિ અપેક્ષાએ સરખા જ છે. એથી પ્રભુ 'એક' સ્વરૂપે છે. પણ પ્રત્યેક આત્મા જુદા જુદા છે, અને પ્રત્યેકની ગણતરીથી 'અનેક' સ્વરૂપે પ્રભુને સંતપુરુષો ગણે છે. આ એકાનેકપણું એ પ્રભુની વિશિષ્ટતા છે.

પ્રભુને 'સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ' કહેવાનો હેતુ એ જણાય છે કે તેમના જ્ઞાનમાં ત્રણે લોકનું સમયે સમયનું જ્ઞાન પ્રકાશે છે, જેથી તેમનાથી કંઈ પણ અજાણ્યું નથી. 'સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ' કહેતાં તેમનું સર્વજ્ઞપણું પ્રત્યક્ષ થાય છે, અને એ જ કેવળજ્ઞાનને આવરણ કરનાર કર્મરૂપી જાળથી તેઓ રહિત બન્યા છે, તે સૂચવવા પ્રભુને 'નિર્મળ' મલરહિત કહ્યા છે.

આ પંક્તિઓમાં સંતપુરુષો પ્રભુને જે જે ઉત્તમ વિશેષણોથી ઓળખે છે તેની સ્મૃતિ લઈ આચાર્યજી આપણને યથાર્થમાં રાચતા કરી દે છે. (૨૪)

बुद्धास्त्वमेव विबुधार्चित! बुद्धिबोधात्,
त्वं शंकरोऽसि भुवनत्रय शंकरत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर् विघानात्,
व्यक्तं त्वमेव भगवन् । पुरुषोत्तमोऽसि ।। २५ ।।

દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે, તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે, છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી! સઘળા ગુણથી કૃષ્ણ આપ. (૨૫)

મોટા મોટા મુનિજનો પ્રભુને કેવાં વિશેષણોથી ઓળખાવે છે તે આપણે આ પહેલાંની કડીમાં જોયું. અહીં આચાર્યજી પ્રભુને કેવાં વિશેષણોથી ઓળખાવે છે, અને શા કારણે, તે જોવા મળે છે. તેઓ પ્રભુને બુદ્ધ, શંકર, ધાતા (વિધાતા), તથા પુરુષોત્તમ સ્વરૂપે ઓળખાવે છે.

આચાર્યજી પ્રભુને કહે છે કે ‘પ્રભુ! તમે જ સાચા બુદ્ધ છો.’ “બુદ્ધ” એટલે જેઓ આત્મસ્વરૂપનો બોધ પામ્યા છે, જેણે સાચા સ્વરૂપને પિછાન્યું છે તેઓ, જેમણે સંપૂર્ણ આત્મસ્વરૂપ પ્રગટ કર્યું છે તેવા પ્રભુને તેઓ અહીં “બુદ્ધ” તરીકે બિરદાવે છે. વળી પ્રભુ વિબુધોથી એટલે કે અતિશયવાળી જેમણે બુદ્ધિ પ્રગટાવી છે તેવા દેવાદિ ઉત્તમ રત્નોથી પૂજાય છે, એટલું જ નહિ પણ એ સર્વને પ્રભુએ બુદ્ધિ અને શક્તિ પ્રાપ્ત કરવાનો બોધ આપ્યો છે; અને એ બોધની તથા અન્ય કાર્યની સફળતાને કારણે આચાર્યજીને મન પ્રભુ એ જ સાચા “બુદ્ધ” છે.

બીજી પંક્તિમાં અન્ય કોઈ અપેક્ષાથી પ્રભુને આચાર્યજી “શંકર” સ્વરૂપે ઓળખાવે છે. ત્રિગુણાત્મકવૃત્તિરૂપ ત્રિપુટિમાં શંકરનું કાર્ય અશુભનો નાશ કરી શાંતિ સ્થાપવાનું છે. જ્યારે દેવો અને દાનવોએ સમુદ્રને મથીને ચૌદ રત્નો પ્રાપ્ત કર્યા તે વખતે જે “હળાહળ ઝેર” નીકળ્યું હતું તેનાંથી સમગ્ર જગતને બચાવવા શંકરે જ તેનું પાન કર્યું હતું અને જગતને નાશના ભયમાંથી ઉગારી લીધું હતું એવી આખ્યાયિકા

છે. આમ જગતમાં શંકરનું કાર્ય અશુભનો નાશ કરી શાંતિનું સામ્રાજ્ય સ્થાપવાનું છે. એ વિચારતાં આચાર્યજીને લાગે છે કે, 'પ્રભુ! તમે જ ખરા શંકર છો, કારણ કે જગતનું સાચા અર્થમાં રક્ષણ તો તમે જ કરી શકો છો. સર્વ કર્મનો નાશ કરવાનો માર્ગ આપના સિવાય પ્રાપ્ત થતો નથી. વળી પ્રત્યેક જીવને કર્મથી - અશુભથી છોડાવવાનું કાર્ય તમે કરો છો, અને એ દ્વારા આત્માના ઉજ્જવલ ગુણોનું રક્ષણ કરી સુખ અને શાંતિના સામ્રાજ્યમાં તેને સ્થાપો છો. વળી કોઈને લેશ પણ દુઃખ પહોંચાડવા જેવા કાર્યથી દૂર રહો છો. શંકર તો બાહ્ય અપેક્ષાએ રક્ષણ કરે છે ત્યારે તમે તો બાહ્ય તેમજ આંતર એમ બંને અપેક્ષાથી ત્રણે જગતનું રક્ષણ કરો છો. વળી શંકર તો બાહ્ય અનિષ્ટો દૂર કરે છે, તમે બાહ્યાંતર બંને દૂર કરવા સમર્થ છો, અને એ જ તમારું સાચું શંકરપણું છે.'

પ્રભુને બુદ્ધ અને શંકર તરીકે ઓળખાવનાર આચાર્યજીને લાગે છે કે સાચા 'વિધાતા' જો કોઈ હોય તો તે એક પ્રભુ જ છે. વિધાતાનું કાર્ય સર્જનનું અને તેનું ભાવિ રચવાનું છે. વિધાતા શુભ, અશુભ સર્વ પ્રકારનું સર્જન કરે છે અને તેનું ભાવિ રચે છે, ત્યારે પ્રભુ શું કરે છે? પ્રભુ તો 'શિવમાર્ગ' - કલ્યાણમાર્ગની રચના કરે છે. અને જે કોઈ તેમના શરણમાં જાય તેને મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ બોધી તેનું અચિંત્ય સુખસ્વરૂપ ભાવિ રચે છે. આમ કોઈ અપેક્ષાથી પ્રભુજી વિધાતા કરતાં પણ ઉત્તમ કાર્ય કરે છે તેથી તેઓ જ સાચા વિધાતા છે.

જગતના ઉત્તમ ગણાતા પુરુષો જેવા કે બુદ્ધ, શંકર, વિધાતા વગેરે જગત પર ઉપકાર કરવાનું એક એક મહત્ત્વનું કાર્ય કરે છે. એ સર્વ જગત માટે એક એક ઉત્તમ કાર્ય કરે છે, ત્યારે પ્રભુજી તો એવા છે કે તેઓ એ બધાનાં વિશિષ્ટ કાર્યો પોતે એકલા જ કરે છે, અને તે કેવી રીતે તે આપણે ઉપર સોદાહરણ જોયું. તે સર્વ સમજાતાં આપણે પણ શ્રી આચાર્યજીની જેમ કહી ઊઠીએ છીએ કે, "હે પ્રભુ! આ બધા પરથી એ તો સ્પષ્ટ સમજાય છે કે તમે પુરુષોત્તમ-સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ છો. બધા એક એક કાર્ય સંભાળે છે ત્યારે સર્વગુણસંપન્ન એવા તમે એકસાથે બધાં કાર્યો સંભાળો છો. આ સર્વ ગુણના સમૂહને લીધે તમે જ

પુરુષોત્તમ છો." આવા પુરુષોત્તમ આદિનાથ પ્રભુને આચાર્યજી લાક્ષણિક શૈલીમાં છવ્વીસમી કડીમાં વંદન કરે છે. (૨૫)

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ,
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिनभवोदधि शोषणाय ॥ २६ ॥

થાઓ મારાં નમન તમને દુ:ખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિને શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવ,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. (૨૬)

"હે ગુણસંપન્ન પ્રભુ! હું આપને વંદન કરું છું." અને આ વંદન આચાર્યજી કેવા પ્રભુને કરે છે તે પ્રત્યેક ચરણમાં સ્પષ્ટ કરતા જાય છે. પ્રથમ ચરણમાં, ત્રણે ભુવનના દુ:ખનો નાશ કરનારા એવા દુ:ખહર્તા પ્રભુને વંદન કર્યાં છે. પ્રભુના શરણમાં જીવ જાય એટલે પ્રભુ તે જીવને શાંતિનો રાહ બતાવે છે, અને એ માર્ગે આગળ વધવા પ્રેરણા પણ આપે છે. આથી જીવનું આર્તધ્યાન નાશ પામે છે અને આત્મા પોતાનાં શાંતસ્વરૂપની ઓળખાણ પામે છે. વળી જો કોઈ પ્રભુના સંપર્કમાં જાણતાં કે અજાણતાં પણ આવે તો પ્રભુનો પ્રભાવ જ એવો છે કે સંપર્કમાં આવનાર વ્યક્તિને પ્રભુને મળેલી અનંત શાંતિનો અંશે અનુભવ થાય. આમ પ્રભુ એ ત્રણે જગતના જીવોની પીડાને શાંત કરવાવાળા છે. આચાર્યજી આવા દુ:ખને હરનારા પ્રભુને ખૂબ જ ભાવથી વંદન કરે છે, જેનું પરિણામ આપણે જાણીએ છીએ તેમ કર્મરૂપી પીડાના નાશનું જ હોઈ શકે.

બીજા ચરણમાં આચાર્યજીએ ક્ષિતિતલ-પૃથ્વીના તટ ઉપર અમલ અર્થાત્ નિર્મળ ભૂષણરૂપ એવા પ્રભુને વંદન કર્યા છે. પ્રભુ સર્વ જીવોને સાચો રાહ બતાવી નિર્મળ બનવાનો માર્ગ પ્રકાશિત કરે છે, અને તેમના ભાવ તો એવા ઉત્કૃષ્ટ

હોય છે કે સારીયે પૃથ્વી-ક્ષિતિતલ મલરહિત બની જાય. પોતે અત્યંત પવિત્ર છે અને અન્યને પવિત્ર કરવાના ભાવ સેવે છે. આથી સ્વપર કલ્યાણના ભાવુક એવા પ્રભુજી આ ધરતીને શોભાવનારા છે, અલંકૃત કરનારા છે. જે કોઈ વસ્ત્ર કે ઘરેણું દેહને શોભાવે તે અલંકાર ગણાય, શોભાવનાર ગણાય. એવી જ રીતે પૃથ્વીના દેહને પ્રભુ પોતાની પવિત્રતાથી અલંકૃત કરે છે. આવા પૃથ્વીને આભૂષણરૂપ પ્રભુને આચાર્યજી અહીં વંદે છે. ઉત્તમ પુરુષનું અવતરવું એ, એ ક્ષેત્રને શોભા સ્વરૂપ છે, તેમાંયે આવા સર્વગુણસંપન્ન, પોતાની પવિત્રતાને કારણે તીર્થને શોભાસ્વરૂપ હોય તેમાં આશ્ચર્ય શું?

ત્રીજા ચરણમાં આચાર્યજીએ, જેમને ત્રણે જગતને વિશે પરમેશ્વરતા પ્રગટાવી છે અર્થાત્ પરમ ઐશ્વર્ય પ્રગટાવ્યું છે એવા પ્રભુને વંદન કર્યાં છે. આદિનાથ પ્રભુએ સર્વજ્ઞપણું પ્રગટાવ્યું તે સાથે અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પણ પ્રગટાવ્યાં હતાં. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય એમનામાં એટલા અંશે સ્ફૂર્યાં હતાં કે જેનો જોટો જડવો પણ મુશ્કેલ ગણાય. ત્રણે જગત-સ્વર્ગ, પૃથ્વી અને નરકને વિશે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યનાં ચતુષ્ટયરૂપ પરમ ઐશ્વર્ય પ્રગટ કરનાર તેઓ અનન્ય છે, અને એ જ તેમનું પરમેશ્વરપણું છે. આવા પરમ પુરુષને વંદન કરતાં કેવો અહોભાવ પ્રગટે? અને જેનું પડખું સેવાય તેની ઋદ્ધિ પ્રાપ્ત થાય છે એ નિયમાનુસાર પરમેશ્વરપણું પામવાની શ્રદ્ધા બળવાન બને એ કેવો અનન્ય લાભ કહી શકાય?

આ સર્વમાં ભક્તજનને સૌથી વિશેષ લાભદાયી એવો પ્રભુનો ગુણ પ્રકાશિત કરી આચાર્યજી ચોથા ચરણમાં પ્રભુને વંદન કરે છે. તેઓ પ્રભુને કહે છે કે, "ભવરૂપ સમુદ્રનું શોષણ કરનાર હે જિન! હું તમને વંદન કરું છું." અહીં પ્રભુને તેઓ 'જેમણે ઇન્દ્રિયો પર સંપૂર્ણ જય મેળવ્યો છે એવા જિન' તરીકે ઓળખાવે છે. પ્રભુને પોતાનાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર કે વીર્ય પ્રગટ કરવા કોઈ પણ ઇન્દ્રિયનો ઉપયોગ કે તેની પરાધીનતા રહ્યાં નથી એ સૂચવવા "જિન"નું સંબોધન રચાયું જણાય છે. આ જિન કેવા છે? આ જિન ભવરૂપી સમુદ્રનું શોષણ કરવાવાળા છે અર્થાત્ સંસારના

પરિભ્રમણથી છોડાવનારા છે. જો કોઈ જીવ પ્રભુનાં શરણમાં રહીને આત્માર્થ સાધે તો તે જીવ વધુમાં વધુ પંદર ભવે મુક્તિ પામે એવો નિયમ છે. આમ પ્રભુ અનાદિ કાળથી ચાલ્યું આવતું અને અનંત કાળ સુધી ચાલે એવું ભવભ્રમણ અલ્પ ભવોમાં પૂરું કરાવે એવા સમર્થ છે. આથી જ તેમને ભવરૂપી સમુદ્રનું શોષણ કરનારા કહ્યા છે તેમ સમજાય છે.

આ પ્રભુના ઉપકારક ગુણો સંભારીને આચાર્યજીએ તેમને વંદન કર્યાં છે એમાં એમના ઉપકારક સ્વભાવનો લાભ પોતાને પણ મળે એવા ગુપ્ત ભાવો આચાર્યજીને હોય એ સમજવું મુશ્કેલ નથી.

આ પછીની કડીથી એટલે કે સત્તાવીશમી કડીથી સાડત્રીસમી સુધીની અગ્યાર કડીઓમાં, દેશના આપતાં પહેલાં, તે સમયે કે તે પછી પ્રગટતા અતિશયોનો પરિચય આચાર્યજીએ આપ્યો છે જે પરથી પ્રભુનો પ્રભાવ કેવો છે તેની સમજ આપણને મળે છે, એટલું જ નહિ તેમનાં યશોગાન કરવા કેવા સાર્થક છે તે પણ સમજાય છે. (૨૬)

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषैः,
स्तवं संश्रितो निरवकाशतया मुनीश ।
दोषैरुपात्त विविधाश्रय जातगर्वैः,
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ।।२७।।

સર્વે ઊંચા ગુણ પ્રભુ આપમાંહી સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીંતહીં ફરે, દૂર ને દૂર જાય,
જોયા દોષે કદી નવ પ્રભુ આપને સ્વપ્નમાંય. (૨૭)

આ પંક્તિઓમાં આચાર્યજી પ્રભુને કહે છે કે, “હે પ્રભુ! જે કોઈ ઉત્તમ ગુણો છે તે તમારામાં આવીને સમાઈ જાય છે, અને તમારી છત્રછાયા નીચે આવીને ગુણો વસે છે તેમાં મને તો કંઈ નવાઈ લાગતી નથી. તમે તો એટલા બધા પ્રભાવશાળી છો કે જે કંઈ ઉત્તમ હોય તે તમારા તરફ આકર્ષાય જ. વળી દોષો તો તમારી આસપાસ

આવી પણ શકતા નથી. તેઓ તો તમારાથી દૂર ને દૂર જ રહ્યા કરે છે. આ બિચારા દોષોએ તો તમારું સ્વપનામાં પણ દર્શન કર્યું હોય એમ જણાતું નથી, કારણ કે તમારો એવો પ્રભાવ છે કે તમારા સંપર્કમાં જે કોઈ આવે તે પોતાના અવગુણો છોડીને, ગુણસ્વરૂપ બનીને તમારામય બની જાય. આ દુર્ગુણોને તમારો સંપર્ક જ થયો જણાતો નથી, નહિતર તેઓ પોતાના અવગુણોને કેવી રીતે સાચવી શકે? બીજી અપેક્ષાએ સમજાય છે કે બિચારા દોષોને પોતાનું ખરાબપણું સાચવવા માટે તમારાથી દૂર ને દૂર રહેવું પડે છે. તેમને તમારો એટલો બધો ડર છે કે તમારા પ્રભાવથી તેઓ પોતાનો દુર્જનતાનો સ્વભાવ લીલા માત્રમાં ત્યાગી તમારા સ્વરૂપમય બની જાય, જો તેઓ તમારા સંપર્કમાં આવે તો."

આ કડીમાં આચાર્યજી પ્રભુના એક વિશિષ્ટ અતિશયનો પરિચય આપણને આપે છે. શ્રી તીર્થંકર ભગવંત સર્વજ્ઞપણું પ્રગટાવ્યા પછી જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં તેમની આસપાસના એક જોજનના વિસ્તારમાં કોઈ પણ અનિષ્ટ વર્તી શકતું નથી. જેમકે, અતિવૃષ્ટિ નથી થતી, અનાવૃષ્ટિ નથી રહેતી, પ્રાણઘાતક રોગો ઉપદ્રવી શકતા નથી, વંટોળ આદિ ઊઠી શકતા નથી, દુર્ગંધ નથી પ્રસરી શકતી, કલહ નથી પ્રવેશી શકતો વગેરે. અર્થાત્ જ્યાં જ્યાં પ્રભુ હોય ત્યાં ત્યાં સર્વ પીડાકારક અનિષ્ટોનું શમન થઈ જાય છે, અને તેઓ શુભસ્વરૂપે પરિણમે છે. એટલે કે પ્રભુની આસપાસના વિસ્તારમાં શીતળ વાયુ-શાતાકારી વાયુ વાય છે. પ્રમાણસર વૃષ્ટિ થાય છે, ચારે બાજુ સુગંધ પ્રસરે છે, અનાજ વગેરે પૂરતા પ્રમાણમાં રહે છે, કોઈ વસ્તુની અછત રહેતી નથી. નીરોગિતા પ્રસરે છે, કુદરતી પ્રકોપો વિદાય લે છે. એટલે કે સુખરૂપ દ્રવ્યો, શાંતિકારક દ્રવ્યો વિશેષ પરિણમે છે. સુખ, શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પ્રવર્તે છે. તે પરથી સમજાય છે કે કેવી રીતે સર્વ ગુણો પ્રભુની છાયામાં રહે છે, પ્રભુની છાયા થઈને તેમની પાછળ પાછળ ફર્યા કરે છે અને અવગુણો તેમનાથી દૂર ને દૂર ભાગતા ફરે છે. પ્રભુની પવિત્રતાના પ્રભાવથી તેમની વિદ્યમાનતાએ સર્વ અનિષ્ટો પ્રભુને કે તેમની આસપાસના જીવોને પીડી શકતા નથી, અને સર્વ ઈષ્ટો પ્રભુની તેમજ તેમની છાયામાં રહેનાર જીવોની સેવામાં રહે છે, જેમાં એક મૃત્યુ

અપવાદ છે. અંત ઘડી આવતાં દેહ અને આત્મા છૂટા પડતાં કોઈ રોકી શકતું નથી. અલબત્ત, પ્રભુના પ્રભાવથી મૃત્યુનો ભય જીવમાં પ્રવેશ પામી શકતો નથી તે જુદી વાત છે. (૨૭)

उच्चैरशोकतरु–संश्रित–मुन्मयूख,
माभाति रुपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत् किरणमस्त–तमोवितानं,
बिम्बं रवेरिव पयोधरपार्श्व वर्ति ।। २८ ।।

ઊંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. (૨૮)

ઉદય આવતાં, શ્રી તીર્થંકર ભગવંત જે સમયે દેશના પ્રકાશવાના હોય છે તેની જાણ દેવલોકના ઈંદ્રોને અવધિજ્ઞાનથી થાય છે. અને દેશના પ્રકાશના અદ્‌ભુત પ્રસંગની ઉજવણી નિમિત્તે ઈંદ્રો દેવોની સહાયથી ભવ્ય સમવસરણની રચના કરે છે. જેમાં રત્નના ગઢ અને મણિરત્નના કાંગરા આદિની રચના હોય છે. મનુષ્યો, દેવો અને તિર્યંચોને બેસવા માટે યોગ્ય આસનો હોય છે, માનસ્થંભ હોય છે, ચારેબાજુ ફરતા દરવાજા હોય છે, વગેરે ભવ્ય રચના દેવો કરે છે. અને એ આખા સમવસરણની મધ્યમાં દેવો તીર્થંકર પ્રભુને બેસવા માટે સિંહાસનની રચના કરે છે અને તે સિંહાસન દેવો રચિત અશોકવૃક્ષની નીચે રાખવામાં આવ્યું હોય છે. આ અશોકવૃક્ષની રચના એ પ્રભુનો એક અતિશય છે. અને તે અતિશયનું વર્ણન આચાર્યજીએ ઉપરની પંક્તિઓમાં કરેલું છે.

આ પંક્તિઓમાં ખૂબ ઊંચા અશોકવૃક્ષની છાયામાં બિરાજેલા, દેશના આપતા ભગવંત કેવા લાગે છે તે વર્ણવ્યું છે. અહીં પ્રભુને સૂર્યના રૂપથી ઓળખાવ્યા છે. કઈ અવસ્થાના સૂર્યની સાથે પ્રભુની સરખામણી કરી છે તે જાણતાં વિશેષ આનંદ

ઉદ્‌ભવે તેમ છે. ઘેરાં લીલા રંગનાં અશોકવૃક્ષ નીચે બિરાજમાન એવા પ્રભુને ઘરના મોભ ઉપર પ્રકાશતા સૂર્યની ઉત્પ્રેક્ષાથી નવાજ્યા છે. આ સૂર્ય કેવો છે? જે સૂર્ય આસપાસ વીંટળાયેલા વાદળથી ફેલાયેલા અંધકારને દૂર કરનારો છે, વળી જે સૂર્ય ઘર ઉપર પ્રકાશીને આખા ઘરને પ્રકાશિત કરે છે, અથવા તો આખા ઘરમાં રહેલા અંધકારને નસાડી દે છે, તે સૂર્ય સમાન દેશના પ્રકાશતા પ્રભુને આચાર્યજીએ બિરદાવ્યા છે. આ ઉત્પ્રેક્ષા સમજવાથી આહ્‌લાદ પ્રગટે છે.

સૂર્ય પ્રકાશિત છે તેમ પ્રભુ પણ આત્માની અત્યંત પવિત્ર અવસ્થા થવાથી સ્વયં પ્રકાશિત છે. સૂર્ય આસપાસ વીંટળાયેલાં વાદળોથી ફેલાતા અંધકારને પોતાનાં તેજસ્વી કિરણોથી દૂર કરે છે, તેમ જ પ્રભુરૂપી સૂર્ય કર્મરૂપી વાદળોથી ફેલાતા અજ્ઞાનરૂપી અંધકારને પોતાનાં દિવ્ય કિરણોથી, દેશનારૂપી કિરણોથી દૂર કરે છે. આ સૂર્ય ઘરના મોભ પર પ્રકાશે છે ત્યારે પ્રભુરૂપી સૂર્ય સમવસરણના મુખ્ય અંગ એવા અશોકવૃક્ષરૂપી મોભ પર પ્રકાશે છે. આમ ઘરના મોભ પર પ્રકાશી અંધકારને નસાડતા સૂર્યના કાર્યમાં અને સમવસરણના અશોકવૃક્ષ વિશે પ્રકાશી અન્ય આત્માનાં અજ્ઞાન અને કર્મરૂપી મેલનો નાશ કરનારા પ્રભુના કાર્યમાં કોઈ અજબ પ્રકારનું સામ્ય જણાઈ આવ્યા વિના રહેતું નથી. જે સામ્ય આચાર્યજીએ આ કડીમાં ઉત્પ્રેક્ષા અલંકાર દ્વારા રજૂ કરેલું જોઈ શકાય છે. (૨૮)

सिंहासने मणिमयूख – शिखाविचित्रे,<br>
विभ्राजते तव वपुः कनकावदातम् ।<br>
बिम्बं वियद् विलसदंशु लतावितानं,<br>
तुंगोदयाद्रि शिरसीव सहस्त्ररश्मेः ॥ २९ ॥

રત્નો કેરા કિરણ સમૂહે ચિત્રવિચિત્ર છાજે,<br>
એવા સિંહાસન પર પ્રભુ! આપનો દેહ રાજે;<br>
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,<br>
ઊંચા ઊંચા ઉદયગિરિનાં શિખરે તેમ માનું. (૨૯)

આ પંક્તિઓમાં આચાર્યજી દેવોરચિત અન્ય અતિશય વર્ણવે છે. શ્રી તીર્થંકર ભગવંત દેશના આપવાના હોય છે ત્યારે દેવો સમવસરણની અને અશોકવૃક્ષની રચના કરે છે તે આપણે ઉપરની કડીમાં જોયું, અને આ કડીમાં પ્રભુ દેશના આપતી વખતે દેવો રચિત સુવર્ણસિંહાસન પર બિરાજે છે ત્યારે કેવા લાગે છે તે વિશેની આચાર્યજીની દૃષ્ટિ જાણવા મળે છે. એ અવસ્થાનું જે વર્ણન અહીં જોવા મળે છે તે પરથી લાગ્યા વિના રહેતું નથી કે આચાર્યજીના મન:ચક્ષુ સમક્ષ એ ચિત્ર અત્યંત સ્પષ્ટ હોવું જોઈએ. આ વર્ણન પણ તેઓ શ્રી આદિનાથ ભગવંતને સંબોધીને જ કરે છે.

તેથી આચાર્યજી પ્રભુને કહે છે કે, “હે પ્રભુ! ઊંચા ઉદયાચળ પર્વતના શિખર ઉપર, આકાશમાં કિરણોરૂપી લતાઓના સમૂહ વડે સૂર્યનું બિંબ જેવી રીતે શોભે છે, તેવી જ રીતે મણિઓનાં કિરણોની હાર વડે, વિચિત્ર દેખાતા સિંહાસન વિશે સુર્વણ જેવું મનોહર આપનું શરીર અત્યંત શોભે છે.”

આ પંક્તિઓથી સ્પષ્ટ થાય છે તે પ્રમાણે આચાર્યજીએ બીજા અતિશયને અભિવ્યક્તિ કરતી વખતે પણ સૂર્યની ઉદયાવસ્થાની ઉપમા લીધી છે. પહેલા અતિશયમાં ઘરના મોભ પર પ્રકાશતા સૂર્ય જેવા પ્રભુ જણાયા છે, ત્યારે અહીં ઉદયાચળ પર્વતના શિખર પર કિરણો વિસ્તારતા સૂર્ય જેવા પ્રભુ લાગ્યા છે.

સૂર્યનું આસન ઉદયાચળ પર્વત છે, તેના શિખર પર બેસીને સુવર્ણરંગી સૂર્ય આકાશમાં ચારેબાજુ પોતાનાં કિરણોને ફેલાવે છે. અને તે વખતે તેની શોભા કેવી અનન્ય લાગે છે! એ દૃશ્ય તો જેણે જોયું હોય તેને જ તેની ભવ્યતા સમજાય. દેવોરચિત રત્નજડિત સિંહાસન પર બેસીને દેશના પ્રકાશતા પ્રભુ પણ આચાર્યજીને આવા જ ભવ્ય જણાયા છે.

સૂર્ય ઉદયાચળ પર્વતના શિખર પર બિરાજે છે અને આ શિખર પર અનેક વનસ્પતિ ઝળકી રહી હોય છે, તેમ, પ્રભુજી દેવો રચિત સિંહાસન પર બિરાજે છે અને એ સિંહાસનમાં અનેક દિવ્ય રત્નો ઝગમગી રહ્યાં હોય છે. એ શિખર પર સુવર્ણરંગી સૂર્ય ચારેબાજુ પોતાનાં કિરણો ફેલાવી આકાશને અને સર્વને શોભાયમાન

કરી દે છે, એ જ રીતે રત્નજડિત સિંહાસન પર સૂર્ય જેવા તેજસ્વી પ્રભુ બિરાજમાન થઈને...નાદરૂપી કિરણો ચારેબાજુ ફેલાવે છે અને સર્વને શાંતિમાં ડોલતા કરી દે છે. સૂર્યનાં કિરણો ફેલાતાં અંધકાર નાશ પામે છે તેમ પ્રભુના દિવ્ય ધ્વનિથી જીવોના આત્મા પરથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામે છે અને તે જીવો વિશેષ શોભાયમાન બને છે. આમ ઉદયાચળ પર્વત પર બિરાજતો શોભાયમાન સૂર્ય અને રત્નજડિત સિંહાસને બિરાજતા પ્રભુ અનોખું સામ્ય ધરાવે છે, અને એથી જ આચાર્યના મનઃચક્ષુ સમક્ષ જ્યારે રત્નોજડિત સિંહાસન પર સમારૂઢ થયેલા સુવર્ણ જેવા મનોહર પ્રભુના દર્શન પ્રકાશે છે ત્યારે તેમને ઉદયાચળ પર્વતનાં શિખર પર પોતાનું સ્વરૂપ વિસ્તારીને આકાશમાં પ્રકાશતા સૂર્યની ભ્રાંતિ થાય છે, તે ભ્રાંતિ અહીં વર્ણવાયેલી છે. (૨૯)

कुन्दावदात चलचामर चारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशांक शुचिनिर्झर वारिधार –
मुच्चैस्तटं सुरगिरेरिव शांतकौंभम् ॥ ३० ॥

શોભે રૂડું શરીર પ્રભુજી, સ્વર્ણ જેવું મજાનું,
વીંઝે જેને વિબુધ જનતા, ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું, ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું, સ્વર્ણરૂપે ન હોય ? (૩૦)

આ કડીમાં આચાર્યજી પ્રભુને પ્રગટતા ત્રીજા અતિશયનું વર્ણન કરે છે. સમવસરણમાં અશોકવૃક્ષ નીચે રત્નજડિત સુવર્ણ સિંહાસને સુર્વણરંગી આદિનાથ પ્રભુ દેશના પ્રકાશતા હતા ત્યારે દેવો તેમની બંને બાજુએ દિવ્ય શ્વેત ચામરો ઢોળતા હતા. આ અદ્ભુત દશ્ય કેવું જણાય તે અહીં આચાર્યજી નવી જ ઉત્પ્રેક્ષા દ્વારા વર્ણવે છે. અલબત્ત, એ માટે તેમણે કુદરતનો જ આશરો લીધો છે.

આચાર્યજી અહોભાવભરી વાણીમાં પ્રભુને કહે છે, “હે પ્રભુ ! જેમ ઉદય પામેલા ચંદ્ર જેવી નિર્મળ પાણીનાં ઝરણાંની ધારાઓ વડે, મેરુપર્વતનું સુવર્ણમય ઊંચું શિખર

શોભી રહે છે, તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા, વીંઝાતા ચામરો વડે, સોનાના જેવું આપનું મનોહર શરીર શોભી રહે છે."

મેરુપર્વત અડોલ છે અને કહેવાય છે કે તેનું શિખર કે જ્યાં પ્રભુનાં પાંચે કલ્યાણકો ઉજવાય છે, તે સુવર્ણનું છે. આ સોનાના શિખરની આસપાસ નિર્મળ પાણીનાં ઝરણાં વહે છે, અને તે ઝરણાં તાજા ઉદય થયેલા ચંદ્રમા જેવા શ્વેત હોય છે, તેથી તે શિખરની શોભામાં કોઈ અનેરો વધારો થાય છે. શ્વેત ચામરો વડે દેવોથી સેવાતા સુવર્ણરંગી પ્રભુને જોઈને આચાર્યજીને નિર્મળ ઝરણાંની શોભાથી ઓપતા મેરુપર્વતના સુર્વણ શિખરની સ્મૃતિ તાજી થાય છે. પ્રભુજી મેરુપર્વતના શિખર જેવા સુવર્ણવર્ણના છે, અને જેમ એ શિખરની આસપાસ શ્વેત ઝરણાં વહે છે તેમ પ્રભુની આસપાસ શ્વેત ચામરો ઢોળાય છે, અને તેથી તે વહેતાં ઝરણાં જેવાં જ લાગે છે. દેવોએ બનાવેલાં ચામરો દિવ્ય અને શ્વેત છે તેથી તેની સુંદરતા ઝરણાં કરતાં અધિક લાગે તેમાં નવાઈ શું કહેવાય?

આ કડીમાં આપણને પ્રભુના એક બીજા ગુણનો પણ ખ્યાલ આવે છે. અહીં પ્રભુને મેરુ પર્વતના ઉત્તુંગ શિખર સાથે સરખાવ્યા છે, અને તેની સ્મૃતિ થતાં પ્રભુના અડોલપણાનો પરિચય પણ આપણને થાય છે. વહેતાં શ્વેત ઝરણાં મેરુ પર્વતના સુવર્ણ શિખરની શોભામાં ઘણો વધારો કરે છે. પણ મેરુ પર્વત તો સ્થિર અને અડોલ જ રહે છે, એ રીતે દેવોથી ઢોળાતા દિવ્ય ચામરો પ્રભુની શોભામાં અનેરો વધારો કરે છે, પણ પ્રભુ તો અડોલ જ રહે છે, તેમની વૃત્તિમાં કોઈ પ્રકારનું ચલાયમાનપણું આવતું નથી. (૩૦)

छत्रत्रयं तव विभाति शशांककान्त –
मुच्चैः स्थितं स्थगित भानुकरप्रतापम् ।
मुक्ताफल प्रकरजाल विवृद्धशोभं,
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ।। ३१ ।।

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઉજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દિસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. (૩૧)

આ કડીમાં આચાર્યજી દેવકૃત અતિશય "છત્રો"નું વર્ણન કરે છે. તીર્થંકર ભગવંત જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને તીર્થપદ શોભાવે છે ત્યારથી તેમના મસ્તકે એક ઉપર એક એમ ત્રણ છત્રો રહે છે. આ છત્રોની રચના દેવોએ કરી હોય છે. પ્રભુ વિહાર કરે, બેસે, દેશના આપે, વગેરે કોઈ પણ પ્રસંગે આ છત્રો તેમના મસ્તક પર શોભી રહે છે, અને તેમની સાથે ને સાથે જ રહ્યા કરે છે. આ છત્રો શ્વેત હોય છે. પ્રભુના મસ્તકનું રક્ષણ કરતાં આ દિવ્ય છત્રોનું જે ચિત્ર આચાર્યજીના મનમાં જડાયેલું છે તે તેમણે અહીં પ્રગટ કર્યું છે.

આ ત્રણે છત્રો શ્વેત અને પ્રકાશિત ચંદ્રમા જેવા શ્વેત તથા કાંતિમાન હોય છે, અને તેની નીચેના ભાગમાં દિવ્ય મોતીઓ લટકતા હોય છે. એક ઉપર એક રહેલા આ ત્રણ છત્રો પ્રભુના મસ્તકથી થોડે ઊંચે રહીને તેમના મસ્તકનું સૂર્યનાં કિરણોથી રક્ષણ કરે છે, અને તેમની નીચે લટકતાં દિવ્ય મોતીઓ તેની શોભામાં ઘણો વધારો કરે છે. અને આ દૃશ્ય જોતાં આચાર્યજીને લાગે છે કે ત્રણે છત્રો તમારું ત્રણ જગત પરનું સ્વામિત્વ વ્યક્ત કરતાં હોય તેમ દેખાય છે.

'ત્રણ છત્રો ત્રણ જગતનું પ્રતિનિધિત્વ ધરાવે છે, અને ત્રણે જગતના તમે સ્વામી છો એ અનુમાન આ ત્રણ છત્રોના અવલોકનથી થઈ શકે છે, કારણ કે એ ત્રણે છત્રો તમે જ્યાં જ્યાં વિહરતા રહો ત્યાં ત્યાં તમારી છાયાની માફક તમારું રક્ષણ કરતાં વસે છે.' આવું કંઈક વિચારતાં આચાર્યજી આ કડીમાં આપણી નજર સમક્ષ આવે છે.

છત્રની રચના એ તીર્થંકર પ્રભુના ૩૪ અતિશયમાંનો એક વિશિષ્ટ અતિશય છે. બીજા ઘણા અતિશયો અમુક સમયે પ્રગટે અને પાછા અમુક સમયે વિલીન

થતા હોય છે, જેમ કે સમવસરણ, અશોક વૃક્ષ, સિંહાસન, સુવર્ણ કમળ, પુષ્ટવૃષ્ટિ વગેરે, ત્યારે આ અતિશય એવો છે કે તે તીર્થપદની સ્થાપના થાય ત્યારથી તે પ્રભુ સિદ્ધ થાય ત્યાં સુધી સતત વિદ્યમાન રહ્યા કરે છે, અને એમાં પ્રભુનું સ્વામિત્વ જણાઈ આવે છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ જણાતી નથી. (૩૧)

गंभीरताररवपूरितदिग्विभाग–
स्त्रैलोक्य लोक शुभ संगम भूतिदक्षः ।
सद्धर्मराज – जयघोषण घोषकः सन्,
खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ।। ३२ ।।

પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ જનને સૌખ્ય સંપત્તિ આપે;
કીધાં જેણે બહુ જ વિજયો, રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભિ યશનભમહીં ઘોષણાથી જ ગાજે. (૩૨)

પ્રભુજી જ્યારે દેશના પ્રકાશવાના હોય છે, ત્યારે તેની જાણ લોકોને કરવા માટે દેવો દુંદુભિ વગાડે છે. આ દેવદુંદુભિ એ પણ પ્રભુના ૩૪ અતિશયોમાંનો એક અતિશય છે, અને એ દુંદુભિ વાગે તે સમયનું વર્ણન આચાર્યજીએ આ કડીમાં કરેલું છે.

આચાર્યજી પ્રભુને સંબોધીને અહીં કહે છે કે, ઊંચા અને ગંભીર શબ્દ વડે જેણે દિશાઓના વિભાગ પૂરી દીધા છે, ત્રણે જગતના લોકોને શુભ સમાગમની સંપત્તિ આપવામાં જે કુશળ છે અને સત્યધર્મના રાજાના જયના શબ્દને જે જાહેર કરે છે, એવા જે દુંદુભિ તે આકાશને વિશે તમારા યશની ગર્જના કરી રહ્યા છે.

શ્રી તીર્થંકર પ્રભુને દેશના પ્રકાશવાનો ઉદય જ્યારે નજીક આવે છે ત્યારે તેનું જ્ઞાન સમ્યક્દૃષ્ટિ દેવોને અવધિજ્ઞાન દ્વારા થાય છે. તેથી તેઓ આનંદમાં આવી

ઉલ્લાસપૂર્વક તેની તૈયારીઓ આદરે છે, જેમાં સમવસરણની રચના એ મુખ્ય અંગ છે. અને એ સાથે, તેઓ જગતના જીવોને આ શુભ સમાચાર આપવા પોતાનાં દિવ્ય દુંદુભિ વગાડે છે. આ દુંદુભિ કેવા છે? બધી દિશાના એકોએક વિભાગને પોતાના ઉચ્ચ અને ગંભીર શબ્દો વડે ભરી દેનારાં આ દુંદુભિ છે. તેઓ એટલા મોટેથી વાગે છે કે ચારે દિશામાં એના જ નાદથી વાતાવરણ ભરાઈ જાય છે; અને લોકો આશ્ચર્યથી એને સાંભળવા લાગે છે, વળી એ નાદથી ત્રણે જગતમાં લોકોને વધાઈ મળે છે કે, જેમણે સદ્ધર્મના ક્ષેત્રમાં મહત્ત્વના વિજયો પ્રાપ્ત કર્યા છે એવા પ્રભુજીનો સત્યસમાગમ અલ્પ કાળમાં થવાનો છે, અને સાથે સાથે દેવો આ દુંદુભિ દ્વારા પ્રભુજીના યશોગાનના નાદથી ત્રણે જગતને સુખના સમાચારની વધાઈથી, બધી દિશાઓને ભરી દે છે. દેવો આ દિવ્ય દુંદુભિ વગાડી જગતના જીવોને પ્રભુની દેશના પ્રકાશવાના શુભ સમાચાર આપતા હોય એ દૃશ્ય કેટલું ભવ્ય હશે? અને એ ચિત્ર પોતાના મનઃચક્ષુ સમક્ષ ખડું થતાં આચાર્યજી એ ચિત્રને શબ્દો દ્વારા અહીં અંકિત કરે છે.

જે દેવો ઘણી ઘણી સિદ્ધિ, ઋદ્ધિ અને સંપત્તિના ધારક છે તે દેવો પણ પ્રભુ પ્રત્યે કેવા અહોભાવ સેવે છે તેનું જ્ઞાન આપણને અહીં થાય છે. વળી આ કડીની રચના એ પ્રકારની છે કે આચાર્યજી એક બાજુ એ પ્રસંગ નિરખતા હોય અને બીજી બાજુ એનું વર્ણન કરતા હોય, એમ બંને ક્રિયા સાથે થતી હોય એમ લાગે. તે દ્વારા તેમની પ્રભુ પ્રત્યેની અનન્ય ભક્તિલીનતા અને વર્તમાન બંધન અવસ્થા પ્રતિનું તેમનું ઊપેક્ષાભર્યું વલણ સ્પષ્ટ પ્રતીતિમાં આવી શકે છે. આચાર્યજીએ દેવદુંદુભિનો નાદ સાંભળવામાં મગ્ન બનીને જ આ રચના કરી હોય તેવું જણાય છે.

આ ઉપરાંત એ પણ સમજી શકાય છે કે એ નાદ સાંભળવામાં તેઓ એટલા મગ્ન જણાય છે કે પોતે સ્તુતિ રચી રહ્યા છે તેની સ્મૃતિ પણ તેમને રહી જણાતી નથી. તેઓ તો દેવો જે ગુણગાન-યશોગાન કરતા હતા તે સાંભળવામાં મગ્ન થઈને પ્રભુના અનન્ય ગુણો પ્રકાશિત કરી રહેલા જણાય છે. (૩૨)

मन्दार–सुन्दरनमेरु–सुपारिजात –
सन्तानकादिकुसुमोत्कर–वृष्टिरुद्धा ।
गन्धोदबिन्दु–शुभमन्द–मरुत्प्रपाता,
दिव्या दिवः पतति ते वचसां ततिर्वा ।। ३३ ।।

મંદારાદિ સુરતરુતણાં પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્ય ધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની, રમ્ય માળા પડે છે. (૩૩)

દેવ દુંદુભિ સાંભળતાં સાંભળતાં દેવો રચિત અન્ય અતિશય આચાર્યજીની સ્મૃતિમાં સહજ જ પ્રત્યક્ષ થાય છે અને એ વખતની શોભા વર્ણવતાં વચનો આચાર્યજીનાં મુખથી સરી પડે છે. તીર્થંકર પ્રભુ જ્યારે જ્યારે દેશના પ્રકાશવાના હોય છે ત્યારે ત્યારે તેનાં ચિન્હરૂપે-તેની આગાહીરૂપે દેવલોકના દેવો ત્યાંનાં ઉત્તમ વૃક્ષો જેવાં કે મંદાર, સુંદર, નમેરુ, પારિજાત, સન્તાનક આદિનાં ઉત્તમ પુષ્પોની ધારા વરસાવે છે. વળી તે પુષ્પવૃષ્ટિ સુગંધી પાણીનાં બિંદુઓ વડે શીતળ થયેલી હોય છે. અને મંદ વાયુથી પ્રેરાયેલી અર્થાત્ અનુસરાવાયેલી હોય છે. આ દિવ્ય પુષ્પોની ધારા જિન પ્રભુની વચનમાળા જેવી રમ્ય લાગે છે.

આ પંક્તિઓમાં આચાર્યજી આપણને દિવ્ય પુષ્પવૃષ્ટિને પ્રભુની દેશનાનાં પ્રતીકરૂપે સમજાવે છે. સ્વર્ગનાં ઉત્તમ વૃક્ષોનાં ઉત્તમ પુષ્પોની વૃષ્ટિ જેમ અલૌકિક છે, તેમ શ્રી તીર્થંકર પ્રભુનાં મુખથી થતી વચનવૃષ્ટિ પણ અલૌકિક છે, અને એથી આ પુષ્પવૃષ્ટિ દ્વારા દેવો વચનવૃષ્ટિનાં સ્થળની જાણ જગતના લોકોને કરે છે. પુષ્પો, મંદાર, સુંદર, પારિજાત, સંતાનક આદિ ઉત્તમ વૃક્ષથી વરસે છે તેમ જિનવચનો પણ તીર્થપતિ જેવા સર્વોત્તમ પુરુષનાં મુખથી વરસે છે, પુષ્પોની ઉત્તમતા વચનની ઉત્તમતાને પ્રત્યક્ષ કરે છે. આ પુષ્પોમાં જેમ શીતળતા અને સુગંધ ભરેલાં હોય છે તેમ પ્રભુવચનમાં પણ આત્માને શીતળતા અને

સુગંધ પ્રાપ્ત કરાવે એવી શક્તિ ભરેલી હોય છે. એટલે કે પુષ્પોની શીતળતા, સુગંધ અને આહ્‌લાદ, પ્રભુનાં વચન શ્રવણથી મળતાં સુખશાંતિ અને શીતળતાની આગાહી કરે છે. વળી તે પુષ્પવૃષ્ટિનું સંચાલન જેમ મંદ વાયુ કરે છે તેમ આ વચનવૃષ્ટિનું સંચાલન કેવળ નિષ્કારણ કરુણાશીલતાથી થાય છે. આમ પ્રભુની વિશિષ્ટ વાણીનો પરિચય સમ્યક્‌દૃષ્ટિદેવો દિવ્ય પુષ્પવૃષ્ટિ દ્વારા સ્થૂળ સ્વરૂપે જગતના જીવોને આપે છે.

આ કડીના ભાવ સાથે એકાગ્રતા કેળવતાં સમજાય છે કે એ દિવ્યવૃષ્ટિની મનોહરતા અને શીતળતા માણતાં માણતાં આચાર્યજી જિનવચનથી થતી અનન્ય શીતળતા પણ માણી રહ્યા છે, અને એ વખતે પોતાની બંધ અવસ્થા તેમને સદંતર વિસ્મૃત થઈ ગઈ છે. (૩૩)

शुंभत्प्रभावलयभूरि विभा विभोस्ते,
लोकत्रये द्युतिमतां द्युतिमाक्षिपन्ति ।
प्रोद्यद्दिवाकर निरन्तर भूरिसंख्या,
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम् ।।३४।।

કાંતિ તારી અતિ સુખભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતનાં દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,
તો યે લાગે શીતળ બહુએ, ચંદ્રની ઠંડીથી ય. (૩૪)

અનેક પ્રકારની ઋદ્ધિથી યુક્ત થઈને સ્વર્ગમાં વસતા દેવો પણ શ્રી આદિનાથ પ્રભુ પ્રત્યેનો પોતાનો અહોભાવ અનેક પ્રકારના અતિશયોની રચના દ્વારા વ્યક્ત કરતા હતા. સમવસરણ, અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, છત્રો, દિવ્યવૃષ્ટિ આદિ એ પ્રકારના અતિશયો વિશે આપણે આચાર્યજી પાસેથી ઉપરની કડીઓમાં સાંભળ્યું. જેના પ્રત્યે આવા ભવ્ય અતિશયો પ્રગટાવવાની ભાવના થાય એ પ્રભુની કાંતિ કેવી અનન્ય છે તે આચાર્યજી આપણને આ કડીમાં જણાવે છે. અને એ કાંતિનું

વર્ણન કરતી વખતે પ્રભુજીનાં વિશિષ્ટ અતિશય-ભામંડળનું વર્ણન તેઓએ કર્યું છે. પ્રભુનું મુખ તો ખૂબ જ તેજસ્વી છે, અને એ મસ્તકમાંથી તેજના એવા ફુવારા છૂટે છે કે તેમનાં મસ્તક પાછળ એક તેજનું વર્તુળ રચાય છે; અને એ વર્તુળ પ્રભુનાં મુખની તેજસ્વિતાને અનેક પ્રકારે વધારે છે. આ ભામંડળનું વર્ણન આ પંક્તિઓમાં આપણને મળે છે.

પ્રભુના મસ્તક પાછળ રચાતા આ ભામંડળની અદ્‌ભુતતાને લક્ષમાં લેતાં આચાર્યજી પ્રભુજીને કહે છે કે, "હે પ્રભુ, ત્રણે જગતના તેજસ્વી પદાર્થોના તેજને ઝાંખું પાડે તેવી શોભાયમાન પ્રભામંડળવાળી (ભામંડળવાળી) તમારી અતિ તેજસ્વી કાંતિ, અસંખ્ય સૂર્યના સમૂહથી પણ વિશેષ તેજસ્વી હોવા છતાં ચંદ્રના જેવી શીતળ પ્રભાથી ચાંદની રાતને પણ જીતે છે."

કહેવાય છે કે આ ભામંડળની તેજસ્વિતા વધારવામાં પણ કેટલેક અંશે દેવો નિમિત્ત બને છે. તીર્થંકર ભગવંત કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થ પ્રવર્તાવે ત્યારથી કરીને તેઓ સિદ્ધ થાય ત્યાં સુધી તેમના મસ્તક પાછળ અદ્‌ભુત તેજની આભા વર્ત્યા કરે છે. અને એ ભામંડળનો એવો પ્રભાવ હોય છે કે જે કોઈ જીવ તેનાં દર્શન કરે, તે જીવને તેના પૂર્વના સાત ભવોનું જાતિસ્મરણ જ્ઞાન થાય છે, અને યોગ્ય કાળે મુક્તિ પામે છે, એટલે કે જે કોઈ જીવ નિકટભવી હોય તે જ આ ભામંડળનાં દર્શન કરી શકે છે. આ ભામંડળ પ્રભુના અત્યંત શુદ્ધ થયેલા આત્માના પ્રભાવથી રચાયેલું હોય છે, અને તેનાં તેજકિરણો પર કેટલાંક અદ્‌ભુત પ્રકારનાં રત્નો દેવોએ ભામંડળની શોભા વધારવા જડયાં હોય છે. એટલે અંશે દેવો ભામંડળની રચનામાં નિમિત્ત બને છે. પ્રભુના આત્માનું તેજ કેવું ભવ્ય છે તેનું વર્ણન આચાર્યજીએ આ ચરણોમાં કર્યું છે.

ત્રણે જગતના તેજસ્વીમાં તેજસ્વી પદાર્થના સમૂહને પણ ઝાંખું પાડે તેવું તેજ પ્રભુનાં ભામંડળથી મંડિત મુખનું છે. આ જગતને વિશે અત્યંત પ્રકાશમાન એવા અસંખ્ય સૂર્યને એકઠા કરવામાં આવે, તો પણ સમૂહનું તેજ પ્રભુનાં મુખતેજ પાસે

ઝાંખું લાગે એવી પ્રભા પ્રભુનાં મુખની છે. પ્રભુનું તેજ આટલું બધું ઉગ્ર હોવા છતાં તે ખૂબ જ શીતળ છે અને એ જ એની ખૂબી છે. પ્રભુનું તેજ એટલું બધું શીતળ છે કે ચંદ્રમાના પ્રકાશથી શોભતી શીતળ ચાંદની પણ તેની પાસે ગરમ લાગે, અર્થાત્ શીતળતા માટે જગપ્રસિદ્ધ એવી ચંદ્રમાની ચાંદની કરતાં પણ પ્રભુનું તેજ વિશેષ શીતળતાનો અનુભવ કરાવે છે.

પ્રભુનાં મુખ અને ભામંડળનું દર્શન કરનાર તેનાં તેજની ઉગ્રતાનો અનુભવ કરવાની સાથે સાથે તેની વિશિષ્ટ શીતળતાનો અનુભવ પણ કરે છે, અને એનું પ્રગટીકરણ અહીં કરવામાં આવ્યું છે. પ્રભુમાં પરસ્પર વિરોધી જણાતી ઉત્તમ વસ્તુઓ સમાનતાથી રહી છે એનું દર્શન અહીં થાય છે. સૂર્યનું તેજ અને ચંદ્રની શીતળતા સાથે રહેલ છે, અને જે અગૌરવિત છે તે દૂર છે જેમકે સૂર્યની ગરમી અને ચંદ્રની ઝાંખપ, અને જે અન્ય કોઈ જગ્યાએ જોવા ન મળે તે પ્રભુ પાસે જોવા મળે છે તેથી તે સર્વ પ્રભુનાં અતિશય કહેવાય છે. (૩૪)

स्वर्गापवर्गगम मार्ग–विमार्गणेष्टः,
सद्धर्मतत्त्वकथनैक–पटुस्त्रिलोक्याः ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व –
भाषास्वभाव परिणामगुणैः प्रयोज्यः ।। ३५ ।।

પદ્મીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષા ગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. (૩૫)

શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે દેશના પ્રકાશે છે ત્યારે તેમના રોમેરોમમાંથી ૐ ધ્વનિ નીકળે છે, અને સમવસરણમાં બેઠેલા સર્વ જીવો એ ધ્વનિનો પોતાની દશા અનુસાર, પોતાની ભાષામાં અર્થ સમજી જાય છે. એવો આ ધ્વનિનો અતિશય છે. આ અતિશય વિશેનો પોતાનો અહોભાવ આચાર્યજીએ અહીં વ્યક્ત કર્યો છે.

આચાર્યજી પ્રભુને સંબોધતાં કહે છે કે, "હે પ્રભુ! તમારા રોમેરોમમાંથી પ્રગટ થતો દિવ્ય ધ્વનિ સ્વર્ગ તેમજ મોક્ષનો માર્ગ દર્શાવવામાં ઈષ્ટ છે, તેમજ ત્રણે લોકને વિશે સત્ય ધર્મનું તત્ત્વ કહેવામાં તે નિપુણ છે. વળી આ દિવ્યધ્વનિ વિશદ અર્થોથી ભરપૂર હોવાથી સર્વ ભાષાના સ્વભાવના ગુણોથી યુક્ત છે."

પ્રભુની વાણી સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઈષ્ટ છે એમ કહીને આચાર્યજી આપણને સમજાવે છે કે જે કોઈ જીવ પ્રભુની વાણીનું શ્રવણ કરે છે તેને અશુભગતિનો બંધ પડતો નથી અને તેને દેવગતિ અને મનુષ્યગતિનો બંધ પડે છે, અને તેમાં પુરુષાર્થ કરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે. પ્રભુની વાણીનો એવો પ્રભાવ છે કે જીવ પોતાના અશુભભાવોનો ત્યાગ કરે છે અને શુભ ભાવો ગ્રહણ કરે છે, જેનાં પરિણામે તેની અશુભ ગતિ છૂટી જાય છે અને શુભ ગતિમાં પુરુષાર્થ કરી મોક્ષગતિની પ્રાપ્તિ થાય છે.

વળી પ્રભુની વાણી ત્રણે લોકના જીવોને સત્યધર્મનું હાર્દ સમજાવે છે. અને એમાં પણ એ ખૂબી રહેલી છે કે દરેક જીવ પોતપોતાની દશા અનુસાર બોધ ગ્રહણ કરે છે. શ્રી ગણધરદેવ જેવા એ ધ્વનિમાંથી આખી દ્વાદશાંગીનું જ્ઞાન ગ્રહણ કરે છે. પ્રતિભાસંપન્ન મુનિઓ એમાંથી આત્માનું ઉચ્ચ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે તો સામાન્ય જીવ સંસારનું દુઃખ સમજી વૈરાગ્ય મેળવે છે. એટલે કે આ ધ્વનિ સર્વ જીવને પોતે જે દશાએ હોય તેનાથી ઉર્ધ્વદશા પ્રાપ્ત કરવામાં નિમિત્તરૂપ થાય છે. સર્વ સત્યના માર્ગમાં એક પગથિયું આગળ વધે છે, એ જ સૂચવે છે કે પ્રભુની વાણી ત્રણે લોકના જીવોને સત્યધર્મનું હાર્દ સમજાવે છે.

પ્રભુનાં રોમમાંથી એક જ પ્રકારનો ધ્વનિ છૂટતો જણાય છે તેમ છતાં તે એવો અદ્ભુત છે કે સર્વ જીવ પોતપોતાની ભાષામાં બોધ ગ્રહણ કરે છે. દેવો પોતાની ભાષામાં દેશના સાંભળે છે, મનુષ્યો પોતપોતાની ભાષામાં વાણી સમજે છે અને તિર્યંચો તેમની બોલીમાં પ્રભુને સાંભળે છે. આથી દરેકને લાગે છે કે પ્રભુ પોતાની વાણીમાં બોધ પીરસે છે. આ પરથી સમજી શકાય છે કે બધી ભાષાના ઉત્તમ ગુણો

શ્રી તીર્થંકરદેવની ભાષામાં સમાયેલા છે. વાણીનો આ પ્રકારનો અતિશય પ્રભુને પ્રાપ્ત ન થયો હોત તો દેવો કે તિર્યંચો પ્રભુની ભાષા પામી જ ન શકત. પ્રભુ મનુષ્યદેહે હોવાથી મનુષ્યની ભાષા જ બોલે ને? વળી મનુષ્ય પણ અનેક પ્રકારની ભાષા બોલે છે. તેમાંથી એકાદી ભાષા જ પ્રભુ બોલે તેથી અન્ય મનુષ્યોને પણ પ્રભુની વાણી સમજવી દુષ્કર થઈ પડે. આથી પ્રભુનો આવો અતિશય ન હોય તો સુપાત્ર જીવોને ભાષાને કારણે કેટલી બધી મુસીબતો ઉઠાવવી પડે? અને કેવી ઉત્તમ વસ્તુથી વંચિત રહેવું પડે?

આમ વાણીના અતિશયથી જગતના જીવો પર કેટલો મહાન ઉપકાર થયો છે તેની ઝાંખી આપણને અહીં થાય છે. પ્રભુને આવો અતિશયવાળો ધ્વનિ પ્રાપ્ત થવામાં તેમના પૂર્વના ભાવો મુખ્ય નિમિત્ત જણાય છે. પૂર્વે સર્વ જગતના જીવોનું કલ્યાણ કરવાના મનોરથ શ્રી તીર્થપતિએ સેવ્યા હોય છે, અને ઉત્કૃષ્ટતાપૂર્વક સેવાયેલા ભાવોના સાફલ્ય માટે આવો સર્વગમ્ય ધ્વનિ તેમને પ્રાપ્ત થાય છે. જગતના કલ્યાણના સેવેલા ભાવોનો ઉદય થતાં સમસ્ત જીવો સમજી શકે એવી ભાષાની પ્રાપ્તિ થયેલી જણાય છે. (૩૫)

उन्निद्रहेमनवपंकज पुंजकांति,
पर्युल्लसन्नख मयूख शिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः;
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ।। ३६ ।।

સોના જેવાં નવીન કમળોરૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી! પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. (૩૬)

આચાર્યજી આ કડીમાં પ્રભુજીને પ્રગટતા એક દેવકૃત અતિશયની પ્રસાદી આપણને બતાવે છે. તીર્થ પ્રવર્તાવવાનો આરંભ કર્યા પછી શ્રી તીર્થંકર ભગવંત જ્યારે જ્યારે

વિહાર કરે છે ત્યારે ત્યારે તેઓ જમીનથી અદ્ધર ચાલે છે, તેમનાં ચરણ જમીનને અડકતાં નથી, અને એ દ્વારા પ્રભુજી પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવોનું પણ રક્ષણ કરે છે. આવી સૂક્ષ્મ અહિંસાનું પાલન જિનેન્દ્રદેવ કરે છે; અને આ પાલનથી પ્રભાવિત થઈ જગતના જીવોને તેની જાણ કરવાના શુભ આશયથી દેવો પ્રભુજીના પ્રત્યેક પગલે સુવર્ણકમળની રચના કરતા આવે છે. જે પગ આગળ આવે તે પગ નીચે કમળ રચાય અને જ્યાંથી પગ ઉપડે ત્યાંનું કમળ વિલીન થાય. એટલે જોનારને તો એમ જ લાગે કે પ્રભુજી સોનાનાં કમળો પર જ ચાલે છે. સુવર્ણકમળ પર પગ ઠેરવતા પ્રભુનું ભવ્ય દૃશ્ય જે રીતે શ્રી આચાર્યજીને પ્રત્યક્ષ થયું છે તે રીતે તેમણે અહીં રજૂ કર્યું છે.

આ જગત ઉપર જ્યાં જ્યાં પ્રભુનાં પગલાં પડે છે ત્યાં ત્યાં પગલે પગલે દેવો પ્રભુચરણે સુવર્ણકમળ રચે છે. અહિંસાપાલનમાં ઉત્તમ અને સુવર્ણકમળ પર ઠરતાં પ્રભુચરણો કેવાં છે તે પ્રથમ બે પંક્તિઓમાં આચાર્યજીએ જણાવ્યું છે. પ્રભુના ચરણના નખમાંથી સુવર્ણનાં નવાં ખીલેલાં કમળના સમૂહની કાંતિ જેવાં કિરણો નીકળે છે અને તે દ્વારા તેજસ્વી થયેલાં તેમના ચરણો દેવોને એટલા પૂજ્ય લાગે છે કે તેઓ ભક્તિ દર્શાવવા સુવર્ણકમળોની રચના પ્રત્યેક પગલે કરે છે. અહિંસાપાલનની ઉત્કૃષ્ટતાથી અને આત્માની અત્યંત પવિત્રતાને કારણે પ્રભુજીનાં ચરણમાં આવી કાંતિ ઉત્પન્ન થયેલી હોય છે. (૩૬)

इत्थं यथा तव विभूतिर भूज्जिनेन्द्र,
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा,
तादृक् कुतो ग्रहगणस्य विकासिनोऽपि ।। ३७ ।।

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપ કેરા ખજાને,
દેતાં જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે? (૩૭)

અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, છત્ર, ધ્વનિ, આદિ અતિશયોનો પરિચય કરાવ્યા પછી આ કડીમાં આચાર્યજી પ્રભુજીને કહે છે કે, "હે પ્રભુ! આપ જ્યારે સમગ્ર જગતને ધર્મલાભ આપવા માટે દેશના પ્રકાશો છો ત્યારે તમારી પાસે આ બધો વૈભવ પ્રગટયો હોય છે. આવો વૈભવ અન્ય કોઈને પ્રગટતો નથી તેનું કારણ સમજાય છે કે અંધકારનો સમગ્રપણે નાશ કરનાર સૂર્યની જેવી પ્રભા છે તેવી પ્રભા અન્ય ગ્રહો કે નક્ષત્રોની ક્યાંથી હોય?"

'જેવી ભાવના એવી સિદ્ધિ' એ ઉક્તિનું સફળપણું અહીં જણાય છે, જેટલા પરનું કલ્યાણ કરવાના ઉત્તમ ભાવ હોય તેટલી ભવ્ય સિદ્ધિઓ અને અતિશયો પ્રગટ થાય. પ્રભુએ તો નિષ્કારણ કરુણાશીલતાથી જગતનું કલ્યાણ થાય તેવા ઉપાયો પ્રગટ કર્યા, જગતને દુઃખમાંથી મુક્ત થવાનો ઉત્તમ ઉપાય, કોઈ પણ બદલાની આશા વગર બતાવ્યો અને એ દ્વારા પોતાના ઉચ્ચ ભાવોની અભિવ્યક્તિ જગત સમક્ષ કરી જેનાં પરિણામે એવો જ ઉત્તમ વૈભવ તેમને પ્રાપ્ત થયો. કોઈ પણ ભાવ નિષ્ફળ નથી, શુભ ભાવનું ફળ શુભ અને અશુભ ભાવનું ફળ અશુભ, એ નિયમ અહીં પણ ચરિતાર્થ થતો જણાય છે.

એના સમર્થનમાં સૂર્ય અને તારાગણનું ઉદાહરણ પ્રગટ જ છે. સૂર્યે જગત આખાના અંધકારનો નાશ કરવાના ભાવ સેવ્યા છે તેથી તેને એવી તેજસ્વી પ્રભા પ્રાપ્ત થઈ છે. પણ અન્ય ગ્રહ, તારા કે નક્ષત્રે એવા ભાવ કર્યા નથી, તેથી તેમને એવી તેજસ્વિતા પ્રાપ્ત થઈ નથી. તેઓ બધાના અંધકારનો નાશ કરતા નથી, તેઓ જેટલાના અંધકારનો નાશ કરવા મનોરથ સેવે છે તેટલી તેજસ્વિતા તેમને મળે છે. આવું જ પ્રભુ અને અન્ય જીવો સંબંધી છે. પ્રભુએ આખા જગતના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાના ભાવ સેવ્યા છે, તેથી તેમને સૂર્ય સમાન તેજ તથા વૈભવ મળ્યાં છે. ગણધરાદિએ એનાથી ન્યૂન પ્રકારે ભાવ કર્યા હોવાથી ન્યૂન વૈભવ મેળવ્યો છે અને અન્ય જનોએ અલ્પ ભાવ કર્યા હોવાથી અલ્પ વૈભવ પ્રાપ્ત કર્યો હોય છે.

આગળની દશ કડીઓમાં પ્રભુને પ્રગટતા ઉત્તમ વૈભવનો લક્ષ આપણને થાય છે. સાથે સાથે પ્રભુનું અનન્યપણું અને સર્વોત્કૃષ્ટપણું લક્ષિત થાય છે. પ્રભુજીને પ્રગટતા

૩૪ અતિશયમાંથી દશ જ અતિશય અહીં આચાર્યજીએ લીધા છે તે વિચાર માગી લે છે. અશુભનાશ, અશોકવૃક્ષ, સિંહાસન, ચામર, ત્રણ છત્રો, દેવદુંદુભિ, પુષ્પવૃષ્ટિ, ભામંડળ, ૐ ધ્વનિ, અને સુવર્ણકમળની રચના એ દશ અતિશયો વર્ણવ્યા છે. આમાં પહેલા પાંચ અતિશયો પ્રભુના પ્રબળ શાતાવેદનીયનો ઉદય સૂચવે છે, અને બીજા પાંચ અતિશયો લોકોને વિશેષ ઉપકારી થાય છે. તેમની આસપાસ અશુભ આવી શકતું નથી. વળી અશોકવૃક્ષ, સિંહાસન, ચામર અને છત્ર તેમની શાતામાં વધારો કરે છે. દેવદુંદુભિ લોકોને પ્રભુની દેશનાના ઉદ્‌ગમકાળની જાણ કરે છે, પુષ્પવૃષ્ટિથી દેશનાના સ્થળની જાણ થાય છે, ભામંડળના દર્શનથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે અને વૈરાગ્ય વધે છે, ૐ ધ્વનિરૂપ દેશનાથી જીવનું આંતરપરિવર્તન થાય છે અને સુર્વણકમળની રચના જોતાં પ્રભુનાં ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને અહિંસાપાલનની પ્રતીતિ આવે છે. આ ઉપકારને કારણે આ બધા અતિશયોનો પરિચય ખૂબ મનન યોગ્ય છે. (૩૭)

૩૮ થી ૪૬ સુધીની નવ કડીઓમાં આચાર્યજીએ પ્રભુસ્મરણનો અદ્‌ભુત મહિમા બતાવ્યો છે. આદિનાથ પ્રભુનું સ્તવન કરવાથી જીવને કેવા કેવા લાભ થાય છે તેનું તાદશ ચિત્ર આપણી પાસે ખડું કર્યું છે અને તે સર્વનો ગૂઢાર્થ સમજાતાં આ સ્તોત્રની ઉત્તમતાનો પરિચય પણ થાય છે.

श्च्योतन्मदाविल विलोलकपोल मूलं,
मत्तभ्रमद् भ्रमरनाद विवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं,
दृष्टवा भयं भवति नो भवदाश्रितानाम् ।। ३८ ।।

જે કોપ્યો છે ભ્રમરગણના ગુંજવાથી અતિશે,
જેનું માથું મદઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો ગજપતિ કદિ આવતો હોય સામે,
તો યે કાંઈ ભય નવ રહે, હે પ્રભુ! આપ નામે. (૩૮)

આચાર્યજી પ્રભુને જણાવે છે કે, "હે પ્રભુ! આસપાસમાં રહેલા ભમરાઓના ગુંજવાથી અતિશય કોપેલો હોય એવો મદોન્મત્ત હાથી બેકાબૂ બનીને સર્વનાશ કરવા સામે આવતો હોય તો પણ, જે તમારું યથાર્થ સ્મરણ કરે છે તેને એ ગાંડા હાથીનો જરા પણ ભય રહેતો નથી."

જે સાચો ભક્ત છે તેને ગમે તેવી ભયંકર વિપત્તિ આવી હોય તો પણ મનનાં પરિણામમાં જરાય અસ્થિરતા આવતી નથી. આવી ભયંકર વિપત્તિમાંની એક વિપત્તિ તે મદોન્મત્ત થયેલા અને કોપેલા હાથીને કચડવા આવતો નીરખવો. એ પ્રસંગે ભલભલા પણ હિંમત હારી જાય છે, પણ જે ખરો પ્રભુભક્ત છે તે લેશ પણ ભય પામતો નથી. આ પ્રસંગ યાદ કરી, પરોક્ષપણે આચાર્યજી વિચારતાં જણાય છે કે પોતાને થયેલો ઉપસર્ગ આ વિપત્તિ સાથે સરખાવવા જેવો છે, અને એમાં લેશ પણ ચલિત થવું એ તેના જેવા ભક્ત માટે યોગ્ય નથી.

આ જ કડીને પરમાર્થ દૃષ્ટિએ વિચારીએ તો જરા જુદી રીતે સમજી શકાય અને સંસારના સ્વરૂપનો તથા જે અવસ્થામાંથી આચાર્યજી પસાર થતા હતા તેનો થોડો લક્ષ લઈ શકાય છે.

ગાંડો ગજપતિ એટલે ત્રાસ ફેલાવનાર રાજ્યપતિ, ભ્રમરગણ એટલે મિથ્યાત્વને પોષનારા હજૂરિયા, ભમરાઓ કાળા છે, તેના ગુંજનથી મદઝરતો હાથી કોપાયમાન થાય છે. કાળો રંગ એ મિથ્યાત્વની નિશાની છે. ભમરા જેવા દરબારીઓ મિથ્યાત્વને પોષનારી વાતોના ગુંજનથી રાજાને ભમાવે છે - કોપાયમાન કરે છે. ભ્રમરગણ એટલે એ પ્રકારના દરબારીઓનો સમૂહ-મદઝરણથી ભીનો થયેલો હાથી એટલે ઉન્માદથી તંગ બનેલો રાજા, અર્થાત્ કર્મનો આશ્રવ કરવાથી મલિન થયેલો રાજા અહીં વિવક્ષાય છે. આ બધા ગૂઢ અર્થો લક્ષમાં લઈને આ કડી નીચે પ્રમાણે સમજી શકાય છે.

હે પ્રભુ! મિથ્યાત્વને પોષનારા આસપાસમાં રહેલા દરબારીઓની ઊંધીચત્તી વાતોથી જે અત્યંત કોપાયમાન બનેલો છે એવો કર્મોનો પૂરઝડપથી આશ્રવ કરવાથી

મલિન બનતો રાજ્યપતિ બેકાબૂ બની ગમે તેવો ભયંકર ઉપસર્ગ કરવા સામેથી આવતો જોવાતો હોય; પણ તમારા સ્મરણમાં લીન રહેતા ભક્તને જરા પણ ભય થતો નથી. એ ભક્તને તમારાં સ્મરણના પ્રભાવથી એટલી બધી શાંતિ પ્રવર્તતી હોય છે કે તેનાં પરિણામ જરા પણ ચલાયમાન થતાં નથી, અને પ્રાપ્ત ઉપસર્ગ પણ જવાનો છે તેવી ખાતરીરૂપ આશ્વાસન પ્રભુ પાસેથી ભક્તને મળી રહે છે.

આમ ગૂઢ રીતે આચાર્યજી ભરદરબારમાં પોતાને થયેલા ગંભીર ઉપસર્ગની કથા અને એ સમયે ઉપસ્થિત જીવોની અવસ્થા આપણી સમક્ષ રજૂ કરે છે. આચાર્યજી એ પ્રસંગે કેટલા નિર્ભય છે તે અહીં જોઈ શકાય છે, અને તેમના પડછામાં રાજ્યપતિ અને દરબારીઓ કેવા વામણા લાગે છે તે પણ અનુભવી શકાય છે. (૩૮)

भिन्नेभ–कुंभगलदुज्जवल–शोणिताक्त –
मुक्ताफल प्रकरभूषित भूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ।। ३९ ।।

જે હાથીનાં શિરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદી આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી! આપનું જો ગ્રહે છે. (૩૯)

આ કડીમાં એક બીજા ઉપસર્ગ વખતે પ્રભુનાં શરણમાં રહેનાર ભક્તની અવસ્થાનું વર્ણન આચાર્યજીએ કર્યું છે અને એ વિશે આચાર્યજી પ્રભુને કહે છે કે, “હે પ્રભુ! જેણે હાથીના કુંભસ્થળને છેદીને, તેમાંથી ગળતાં ઉજ્જવળ અને લોહીથી ખરડાયેલા મોતી વડે પૃથ્વી શોભાવી છે, એવા બળવાન દોડતા સિંહની હડફેટમાં જે માણસ આવી પડયો હોય, તે પણ જો તમારા ચરણરૂપી પર્વતનો આશ્રય લે તો તેવો સિંહ પણ તેને પંજામાં લઈ શકતો નથી.”

સિંહ એ ક્રૂર અને હિંસક પ્રાણીઓમાંનું એક છે. તેનું બળવાનપણું પણ અત્યંત જાણીતું છે, અને એ બળવાનપણાદિને કારણે તો તે વનનો રાજા ગણાય છે. એમાં હાથી જેવા બળવાન પ્રાણીનો શિકાર કરીને ફરતા ક્રુધિત સિંહની હડફેટમાં આવનારના હાલનું તો પૂછવું જ શું? પરંતુ અહીં આચાર્યજી જણાવે છે કે આવા સિંહની હડફેટમાં આવનાર પણ જો યથાર્થપણે પ્રભુના ચરણરૂપી પર્વતનું શરણ સ્વીકારે તો તેને સિંહ જરા પણ નુકશાન પહોંચાડી શકતો નથી. પ્રભુનાં ચરણ એ વખતે પર્વતનું કાર્ય કરી સિંહને આગળ વધતો અટકાવે છે એવો પ્રભુસ્મરણનો મહિમા છે.

આ કડીને પરમાર્થ દૃષ્ટિએ વિચારતાં તેમાંથી સુંદર બોધ અને સ્તોત્રના રચના સમયનો આપણને પરિચય થાય છે.

મૃગપતિ એટલે ઉપસર્ગ કરવા પ્રવૃત્ત થયેલો રાજ્યપતિ. હાથીના કુંભસ્થળને છેદીને-ભાંગીને તેમાંથી નીકળેલા શ્વેત, અને લોહીથી ખરડાયેલા મોતીથી ભૂમિને વિભૂષિત કરનાર મૃગપતિની અહીં વાત છે. મહારથી જેવા હાથીનો નાશ કરનાર સિંહ કેવો ક્રુદ્ધ હોય? એવી જ ક્રુદ્ધતા રાજાની કલ્પી શકાય. હાથી એ માનનું પ્રતીક છે, અને તેનું કુંભસ્થળ એટલે તેનાં સર્વાંગોમાંનું ઉત્તમ અંગ કે જ્યાં ગજમોતી હોવાની કવિકલ્પના છે. આવા હાથીનાં કુંભસ્થળને છેદનાર સિંહ કેવો બળવાન હોવો જોઈએ? એ સિંહનાં વર્ણન પરથી રાજાનાં પરાક્રમીપણાનો ખ્યાલ આપણને આવી શકે છે. મોટા મોટા બળવાન અને મદોન્મત્ત મહારથીઓને પણ જેણે મહાત કર્યા છે, અને એ દ્વારા જેણે પોતાની કીર્તિ ચારે બાજુ ફેલાવી છે - અર્થાત્ લોહીથી ખરડાયેલાં શ્વેત મોતીઓથી જેણે ભૂમિના વિભાગો વિભૂષિત કર્યા છે, એવો રાજા અહીં વર્ણવાયો છે. સિદ્ધિ એ શ્વેત મોતી સમાન છે, પણ તેનો માર્ગ શુદ્ધ નથી, અન્યને નુકસાનકારક છે. આથી આ મોતીને લોહીથી ખરડાયેલું જણાવ્યું છે. છતાં બળવાનપણાની કીર્તિ તો ફેલાઈ જ છે, એથી ભૂમિના ભાગ વિભૂષિત કર્યા ગણાય. આવા મહાન વિજયના ઉન્માદમાં મત્ત બનેલા રાજાની

હડફેટમાં જો કોઈ જીવ આવી ગયો હોય તો તેનો બચાવ થવો અસંભવિત જ ગણાય પરંતુ એવો જીવ જો આદિનાથ પ્રભુનું સાચું શરણું લે તો તે મહારથી પણ તેને કશું નુકસાન કરી શકતો નથી.

આચાર્યજીની અપેક્ષાએ પણ આ કડી સમજી શકાય. તેઓ વિના કારણ કુપિત રાજાની હડફેટમાં આવી ગયા હતા, કે જે રાજા મૃગપતિ જેવો બળવાન હતો. તેઓ પોતાના કોઈ અકાર્યથી ઉન્માદી રાજાની હડફેટમાં આવ્યા ન હતા, પણ કોઈ વિપરીત સંજોગોના ઉદયથી રાજાના હાથમાં તેઓ ફેંકાઈ ગયા હતા, એ રહસ્ય આ પંક્તિઓમાંથી પ્રગટ થાય છે. તેની સાથે આચાર્યજીને એ આશ્વાસન છે કે તેમને પ્રભુના ચરણરૂપી પર્વતનો આશ્રય છે, જેથી કુપિત રાજા તેમને જરા પણ નુકસાન કરી શકશે નહિ. જંગલના રાજા સિંહની પકડમાંથી છૂટવા જેમ પર્વત સહાયરૂપ થાય છે તેમ પ્રભુના ચરણરૂપી પર્વત અહીં સહાયકારી બને છે. (૩૯)

कल्पान्तकाल–पवनोद्धत–वन्हिकल्पं,
दावानलं ज्वलितमुज्जवलमुत्स्फुलिंगम् ।
विश्वं जिधत्सुमिव सम्मुखमापतन्तं,
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ।। ४० ।।

કલ્પોકેરા સમય પરના વાયરાથી અતિશે,
ઊડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ-સ્મરણ-જળથી થાય છે શાંત તો તે. (૪૦)

ત્રીજા પ્રકારની વિકટ પરિસ્થિતિનું ચિત્ર આપી તેમાંથી પ્રભુસ્મરણથી કઈ રીતે પાર ઉતરાય છે તે આપણને આચાર્યજી આ કડીમાં સમજાવે છે. તેઓ પ્રભુ સમક્ષ મહિમા ખોલે છે કે, “હે પ્રભુ! પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલા અગ્નિ જેવો, જેની અંદરથી તણખા ઊડે છે એવો, અને ઘણા જ પ્રકાશવાળો દાવાનળ, જાણે જગતને બાળી નાખવાની ઇચ્છા કરતો ન હોય! તેમ જોરમાં સળગતો જો સન્મુખ

આવે તો તેને પણ તમારા નામનું કીર્તનરૂપી જળ અશેષ સમાવી દે છે - સમગ્રપણે બુઝાવી નાખે છે."

ભયંકર દાવાનળની જ્વાળામાં જો કોઈ જીવ ફસાયો હોય તો તેને બચવાની કોઈ આશા રહેતી નથી, તેના માટે તો એ દાવાનળની જ્વાળામાં જ ભસ્મ થઈ જવાનું ભાગ્ય નિર્માયું હોય એમ જ લાગે. એવા પ્રસંગે પણ જો પ્રભુસ્મરણ સાચા હૃદયથી થાય તો તે જ્વાળાઓ આપોઆપ શાંત થઈ જાય છે અને દાવાનળમાં ફસાયેલો જીવ અણીશુદ્ધ બહાર નીકળે છે એવો નામસ્મરણનો મહિમા અહીં આચાર્યજીએ ગાયો છે.

આ જ પ્રસંગને આપણે તેમની પોતાની બાબતમાં પણ સમજી શકીએ તેમ છીએ અને એ જ આ કડીનો પરમાર્થ કે ગૂઢાર્થ કહી શકાય. રાજા પ્રલયકાળના ઉદ્ધત દાવાગ્નિ જેવો છે. આ અગ્નિને પ્રલયકાળનો પવન જેમ વિશેષ વિશેષ ઉદ્દીપ્ત કરે છે તેમ રાજાને અન્ય દરબારીઓ વિશેષ વિશેષ કુપિત કરે છે અને એ ક્રોધની નિશાનીઓ ચારે બાજુ પ્રગટવા લાગે છે. આવો કાળઝાળ થતો રાજા સર્વનાશ કરવાની ઇચ્છા સાથે ઉપસર્ગ કરવા આવે તો પણ પ્રભુનું નામસ્મરણરૂપી જળ ભક્તને કશું પણ નુકસાન પહોંચવા દેતું નથી. એટલે કે દાવાનળને જેમ પાણી શાંત કરે છે તેમ કુપિત રાજાને પ્રભુના સ્મરણરૂપી જળ શાંત કરે છે, અર્થાત્ તેનો અગ્નિ બુઝાવે છે.

આચાર્યજી પ્રભુનાં ગુણગાનમાં લીન બન્યાં છે એ વખતે કુપિત રાજા તેમને કેદખાને નાખે કે જંજીરથી બાંધે, પણ આચાર્યજીને કશું જ નુકસાન થવાનું નથી એવી ખાતરી આપણને આ પંક્તિઓથી મળે છે. પ્રભુનાં સ્મરણના પ્રભાવથી કુપિત રાજાને પણ શાંત થવું પડશે એ ધ્વનિ અહીં વ્યક્ત થાય છે. અને એથી પ્રભુ પ્રતિની શ્રદ્ધા વિશેષ બળવાન બને છે. (૪૦)

रक्तेक्षणं समदकोकिल–कंठनीलं,<br>
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।

आक्रामति क्रमयुगेन निरस्तशंक –
स्त्वन्नामनागदमनी ह्रदि यस्य पुंसः || ४१ ||

કાળો કાળો અતિશય બની, લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઉછળે ફેણ જેની;
એવો મોટો મણિધર, કદી આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહીં તે, હે પ્રભુ! આપ નામે. (૪૧)

એકતાલીસમી કડીમાં મણિધર-નાગરાજ તરફથી ઉપસર્ગ થાય ત્યારે પણ પ્રભુના નામસ્મરણથી નાગદમનીનું કાર્ય થાય છે એ વર્ણવ્યું છે. ક્રોધે ભરાઈને કરડેલા નાગનું ઝેર ઉતારવા નાગદમની વાપરવી પડે છે અને મંત્રનો ઉપયોગ પણ કરવો પડે છે. આદિનાથ પ્રભુના નામનું સ્મરણ કરવામાં આવે તો તે નાગદમની અને મંત્રનું કાર્ય આસાનીથી કરે છે, અર્થાત્ પ્રભુસ્મરણ એ ઉત્તમ પ્રકારની નાગદમની અને મંત્ર છે એમ આચાર્યજીએ બતાવ્યું છે. તેઓ પ્રભુને કહે છે કે, "હે પ્રભુ! લાલચોળ આંખોવાળો મદોન્મત, કોયલના કંઠ જેવો કાળો, અને ક્રોધથી ઉદ્ધત થયેલો એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ, જે માણસની પાસે તમારા નામરૂપી નાગદમની હોય છે તે માણસ નિઃશંકપણે ઓળંગી જાય છે."

આ પંક્તિઓનો ગૂઢાર્થ વિચારીએ તો સમજાય છે કે કુપિત થયેલો રાજા નાગ જેવો ભયંકર બને છે. વળી અત્યંત કર્માશ્રવને કારણે તે મિથ્યાત્વ વધવાથી કાળો બન્યો છે, વળી તે લાલ આંખવાળો છે અર્થાત્ સંસારમાં ખૂબ ખૂબ પરિભ્રમણ કરનાર છે, (લાલ રંગ સંસારનું ભ્રમણ સૂચવે છે) અને ક્રોધથી ફૂંફાડા મારે છે એટલે જેણે સારાસાર વિવેક ગુમાવ્યો છે તે સર્પ જેવો રાજા ઉપસર્ગ કરવા આવે તો તે પણ પ્રભુસ્મરણરૂપી નાગદમનીથી શાંત બની જાય છે, વિઘાતક ઉપસર્ગ તે કરી શકતો નથી. આ પરથી રાજા કેટલા અંશે અશાંત થયો હશે અને પ્રભુનાં નામના બળથી કેવો શાંત બનવાનો છે તેનો કેટલોક ખ્યાલ આપણને અહીં આવે છે. વળી એ પણ સમજાય છે કે મુનિને ઉપસર્ગ કરવા તૈયાર થયેલો રાજા મુનિના આત્માને

કોઈ પણ પ્રકારે નુકસાન કરી શકનાર નથી કારણ કે મુનિ પાસે પ્રભુસ્મરણરૂપી નાગદમની તૈયાર જ છે.

આડત્રીસથી એકતાલીસ સુધીની ચાર કડીઓમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનું સ્વરૂપ તથા તેના નાશનો ઉપાય સમજી શકાય છે તે જોઈએ.

ગજપતિના ઉપસર્ગમાં અનંતાનુબંધી માન સમાયેલું છે. હાથી એ માનનું પ્રતીક છે; જ્યારે એ માનભાવ પોતાનું જોર અજમાવે છે ત્યારે ભલભલા પણ પતનને શરણ થાય છે. વળી એ માનભાવને ભમરા જેવા મિથ્યાત્વનું બળ સહાય કરે છે. અને મદઝરણ જેવી વૃત્તિઓ એ ભાવને વિશેષ પ્રકારે પોષે છે. આવો માનભાવ જ્યારે ઉદયમાં આવ્યો હોય ત્યારે તેને ડામવા માટે "પ્રભુસ્મરણ" એ ઉત્તમ ઉપાય છે. આ ઉપાય હાથમાં આવ્યા પછી જીવે કોઈ પ્રકારે ભય ધારણ કરવા જેવું રહેતું નથી.

મૃગપતિ સિંહના ઉપસર્ગ વિશે અનંતાનુબંધી ક્રોધ સમજાય છે. ક્રોધ એ ભોળો છે. તેને વશ થનાર વ્યક્તિ સારાસાર વિવેક ગુમાવે છે, આથી સારી વસ્તુનો પણ ત્યાગ કરે છે. જેમ હાથીનાં મસ્તકમાંથી કાઢેલા શ્વેત મોતી સિંહ જમીન પર નાખી દે છે અને આગળ વધે છે, તેમ ક્રોધવશ વ્યક્તિ આત્માની શાંતિરૂપ ઉત્તમ મોતી ફેંકી દે છે અને પતન તરફ આગળ વધે છે. વનનો રાજા ગણાતો સિંહ ક્રોધના આવેશમાં મોતી ફેંકી દે છે એટલું જ નહિ અન્ય જે કોઈ વચમાં આવે તેનો પણ નાશ કરે છે, તેમ ક્રોધવશ મનુષ્ય આત્મશાંતિનો ત્યાગ કરી, અન્યની શાંતિનો પણ ભોગ લેવા તત્પર બને છે. એ વખતે જો પ્રભુનું શરણ લેવામાં આવ્યું હોય તો જ તેનાથી બચી શકાય છે, પ્રભુને શરણે રહેતાં ભરખી ખાવા ધાતો ક્રોધ ભક્ત પાસે ડોકાઈ શકતો નથી.

અગ્નિના ઉપસર્ગ દ્વારા અનંતાનુબંધી માયાનું સ્વરૂપ સમજી શકાય છે. માયા એ અગ્નિની માફક ચારે બાજુ ફેલાતી હોય છે. પ્રલયકાળનો વાયુ જેમ એ અગ્નિને વિશેષ પ્રજાળે છે, તેમ વૃત્તિઓ માયાને વિશેષ વિસ્તારે છે તેથી માયાના

ચક્કરમાં ફસાનારો જીવ ભયંકર ક્રોધને નિમંત્રણ આપે છે અને તે અગ્નિ જેવો સર્વને બાળી મૂકનારો બને છે. માયાના છંદમાં આવનાર જીવ સર્વ આત્મિક તેમજ પૌદ્‌ગલિક સુખોથી વંચિત બને છે. આવી માયા જ્યારે ચારે બાજુથી હલ્લો કરે છે ત્યારે પણ તે માયા, પ્રભુના સ્મરણમાં લીન બનનાર ઉપર કશો જ પ્રભાવ જમાવી શકતી નથી. નામસ્મરણરૂપી જળથી માયારૂપી દવ શાંત બને છે. માયા અને આત્મા વચ્ચે નામસ્મરણનો સમુદ્ર ઊભો થાય છે જેને માયા ઓળંગી શકતી નથી.

મણિધર-સર્પ એ લોભનું પ્રતીક છે. માથા પર મણિ ધારણ કરનાર સર્પ પોતાની પાસે જે કંઈ છે તેનો ઉપભોગ કરતો નથી તેમજ બીજાને કરવા દેતો પણ નથી. આમ ક્રોધિત સર્પ સર્વને હેરાન કરનાર તત્ત્વ છે. લોભી માણસ ગમે તે રીતે વર્તતાં જરા પણ અચકાતો નથી, તેમાં પણ તેને જ્યારે ક્રોધનો સથવારો મળે ત્યારે તો તે જીવ માઝા જ મૂકે છે. લોભ એ ક્રોધ માન, અને માયાને ઉદ્દીપન કરનાર તત્ત્વ છે. આવો ક્રૂર મણિધર જેવો લોભ જ્યારે ચારે બાજુથી લલચાવે છે ત્યારે તેનાથી બચવા જીવને ઉપાય મળતો નથી, કારણ કે સર્પ જેવી મણિની આસક્તિ તેને રહ્યા જ કરે છે. અને લોભના એ વિકરાળ સ્વરૂપમાં જીવ દટાતો જાય છે. એવે વખતે પ્રભુસ્મરણરૂપી નાગદમનીથી જીવ લોભરૂપી નાગથી બચી શકે છે.

ગજપતિ(માન), મૃગપતિ(ક્રોધ), અગ્નિ(માયા), અને મણિધર(લોભ), આ ચારના પ્રભાવ દ્વારા મોહનીયનું પ્રબળપણું સૂચવાય છે. જીવને ભમાવવામાં મોહનીયનું કાર્ય કેવું છે, તે અહીં સમજાય છે. વળી અહીં શ્રી આચાર્યજીને જંજીરમાં જકડનાર રાજામાં આ ચારે તત્ત્વો કેવી રીતે સમાવેશ પામ્યાં હતાં તે ખૂબીથી સૂચવાયું છે. ધ્યાનમગ્ન આચાર્યજીએ રાજાનાં આમંત્રણનો ઉત્તર ન આપ્યો એથી રાજાનું માન ઘવાયું, વિશેષ પ્રયત્ને પણ એ જ દશા રહી એથી ક્રોધનો સથવારો મળ્યો. દરબારીઓની સૂચનાથી માયા વિસ્તરી, અને પોતાનું ધાર્યું જ કરીને જંપવાના નિશ્ચયમાં લોભે પોતાનું પોત પ્રકાશ્યું. પણ તે સર્વ સામે આચાર્યજી કેવી દૃઢતાથી ટક્યા તે પણ સાથે સાથે જણાઈ આવે છે.

તેથી જ

ગજપતિનો ભય રહેતો નથી,
મૃગપતિ આવી શકતો નથી,
અગ્નિ શાંત બને છે,
મણિધર થંભી જાય છે.

માન એ ભય ધરવા યોગ્ય છે, માનની જાળમાં સપડાવાથી અનેક આપત્તિ આવી પડે છે, પણ માન આત્માથી દૂર વસે છે. ક્રોધથી દૂર રહેવા જેવું છે, ક્રોધ આત્માના પ્રદેશો પર તરત જ કાબૂ જમાવી શકે છે, ક્રોધ અને માન અંગત-વ્યક્તિગત છે, એકને અનુલક્ષીને થાય છે. માયા સર્વવ્યાપી છે, અનેકને અનુલક્ષીને માયા વ્યાપે છે. તેનાથી ઘણી અશાંતિ રહે છે. લોભવશ પ્રાણી પોતાના ઉપરાંત અન્યનું પણ ગ્રહણ કરવા તત્પર થાય છે. આમ એમાં વ્યક્તિગત અને સર્વવ્યાપી એમ બંને તત્ત્વો સમાવેશ પામે છે. અર્થાત્ લોભ એ સર્વનાશ કરવામાં સૌથી વધુ ઉદ્યમી છે. પ્રભુસ્મરણથી માન છૂટે છે, ક્રોધ આવી શકતો નથી, માયા શાંત બને છે અને લોભની રુકાવટ થાય છે. આમ આ ચાર પ્રતીકો દ્વારા આચાર્યજીએ ખૂબીપૂર્વક યોગ્ય ધર્મ વ્યવહાર દર્શાવ્યો છે. (૪૧)

वल्गत्तुरंग–गजगर्जित भीमनाद–
माजौ बलं बलवतामपि भूपतिनाम् ।
उद्यद्दिवाकरमयूख–शिखापविद्धं,
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ।। ४२ ।।

અશ્વો કૂદે ગજગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જીતમિશે;
ભેદાયે તે તુરત પ્રભુજી! આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યનાં કિરણોથી. (૪૨)

સંગ્રામના એક વિકટ પ્રસંગમાં પ્રભુસ્મરણથી પાર ઊતરી શકાય છે તે બતાવતાં આચાર્યજી પ્રભુને સ્તવે છે કે, "હે પ્રભુજી! જેની અંદર ઘોડાઓ કૂદી રહ્યા છે, અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દો થઈ રહ્યા છે એવા રણને વિશે રહેલા બળવાન ભૂપતિના સૈન્યને પણ, જેમ ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે અંધકારનો નાશ કરી શકાય છે, તેમ જ તમારાં કીર્તનોથી ભેદી શકાય છે."

ઘોર સંગ્રામ ચાલતો હોય, હાથી અને ઘોડાઓની ગર્જના તથા હણહણાટી કમકમાટી ઉપજાવતી હોય ત્યારે વિજયોન્માદમાં રાચતા સૈન્યને હરાવવું કે તેનાથી છૂટવું એ ઘણું જ વિકટ કાર્ય છે. આવી સેનાને પણ પ્રભુનાં કીર્તન દ્વારા હરાવી શકાય છે એવો મહિમા અહીં વર્ણવ્યો છે. પરંતુ આ કડીને પરમાર્થની પરિભાષામાં વિચારીએ છીએ ત્યારે તેની યથાર્થતા વિશેષ સમજાય છે.

સંસાર એ જ સમરભૂમિ-સમરાંગણ છે, કે જ્યાં જીવ અને કર્મનું અનાદિકાળથી યુદ્ધ ખેલાતું આવ્યું છે. દુશ્મનોને સહાયક અશ્વો, ગજાદિ પણ આ સંગ્રામમાં જોવા મળે છે. અશ્વની ગતિ ઘણી હોય છે, અને તે થોડી વારમાં તો ક્યાંનો ક્યાં પહોંચી શકે છે. સંસારસંગ્રામનો અશ્વ તે મન. આ મનની ચંચળતા એટલી બધી છે કે તે ક્યાં ક્યાં ફરી વળે છે તેનો તાગ કાઢવો પણ મુશ્કેલ બને છે. એને વશ કરવા જતાં તો મોટા મોટા મહારથીઓ પણ થાકી જતા હોય છે. વળી હાથીઓનો સમૂહ સર્વને કચડવામાં સમરભૂમિમાં તૈયાર જ હોય છે. હાથી ઝડપથી આગળ વધતો નથી, પણ જે કોઈ અડફેટમાં આવે તેની કચ્ચર કરવામાં અને ગમે તેવા ઘા વાગે તો પણ સ્થિર રહેવામાં શૂરવીર હોય છે. સંસારસંગ્રામનો ગજગણ એટલે ઈંદ્રિયોના સમૂહનું સુખ. પાંચે ઈંદ્રિયોનાં અનુકૂળ સુખો અશ્વમનની સહાયથી જીવને લોભાવે છે અને જીવને નીચો પાડવામાં નિમિત્તરૂપ તથા મદદરૂપ બની રહે છે. આ ઈંદ્રિયો પોતાનું સુખ શોધવા ચારે બાજુ ભમતી નથી, પણ જે પાસે હોય તેના ઉપભોગમાં રાચે છે. અને જેમાં સુખ લાગે ત્યાંથી તે જલદી પાછી ફરતી નથી. આથી ઇન્દ્રિયોની વૃત્તિ હાથીને કેટલેક પ્રકારે અનુરૂપ દેખાય છે. અશ્વ તથા ગજ સહિતની સેના એટલે સંસારનાં પૌદ્‌ગલિક સુખો. સુખોની લાલચ પર વિજય

મેળવવો એ બળવાન હાથી અને અશ્વો સહિતની સેનાને જીતવા કરતાં પણ વિશેષ કઠિન છે. પણ આચાર્યજી જણાવે છે તેમ આ સેના પ્રભુસ્મરણથી ત્વરાથી હણાય છે, જેમ સૂર્યનાં કિરણોથી અંધકાર હણાય છે તેમ. સંસારનાં આકર્ષણથી જેને છૂટવાની વૃત્તિ થઈ હોય તેણે જેટલી બને તેટલી લીનતાથી પ્રભુનું કીર્તન કરવું, સ્મરણ કરવું એ કર્તવ્ય છે.

એક વસ્તુ નોંધવાલાયક છે. ૩૮ થી ૪૧ સુધીની કડીમાં એક એક ઉપર્સગ વર્ણવ્યા છે જેનાથી છૂટવા માટે પ્રભુનું સ્મરણ માત્ર પૂરતું થઈ પડે છે, ત્યારે પ્રસ્તુત કડીમાં સમગ્ર સેના તરફથી ઉપસર્ગ છે જેનાથી છૂટવા પ્રભુનું કીર્તન આવશ્યક છે. જેટલી પ્રબળતાથી અશાતાનો ઉદય આવે તેટલી પ્રબળતાથી પ્રભુપ્રતિનો પુરુષાર્થ કરવાનો ઉત્તમ સંદેશો આ પંક્તિઓમાંથી આપણને મળી રહે છે. (૪૨)

कुन्ताग्रभिन्न गजशोणितवारिवाह –
वेगावतार तरणातुरयोध भीमे ।
युद्धे जयं विजित दुर्जय जेयपक्षाः
त्वत्पाद पंकजवनाश्रयिणो लभन्ते ।। ४३ ।।

ભોંકાતા જ્યાં કરિ શરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહીંતહીં અહા, સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીત કેરી નિશાની,
લીધું જેણે શરણું તુજ તો હાર હોયે જ શાની? (૪૩)

સંગ્રામની જ અન્ય વિકટ પરિસ્થિતિમાં પ્રભુનું શરણું કેવું સહાયકારી થાય છે તે અહીં આચાર્યજીએ બતાવ્યું છે. તેઓ પ્રભુ સમક્ષ આર્દ્ર હૈયે કહે છે, "હે પ્રભુ! ભાલાઓની અણીઓ વડે છેદાઈ ગયેલા હાથીઓના રુધિરનો પ્રવાહ જ્યાં આગળ વહે છે, અને જ્યાં આગળ તે પ્રવાહની અંદર યોદ્ધાઓ તરવામાં આતુર થઈ ગયેલા છે, એવા ભયાનક યુદ્ધને વિશે, જેમને તમારા ચરણકમળરૂપી વનનો આશ્રય હોય છે, તેઓ અજીત શત્રુઓને પણ જીતી શકે છે."

જે સંગ્રામમાં ક્રૂર અને બળવાન સૈનિકો લોહીની નદીમાં નાહવામાં આનંદ માને છે, અને જેમને જીતવા એ અત્યંત મુશ્કેલ કાર્ય છે, એવે વખતે પ્રભુનું શરણું લઈને જે તેના સામે થાય છે તે અવશ્ય જીત મેળવે છે. પ્રભુને શરણે ગયા પછી હાર સંભવી જ શકતી નથી. અને એ જ પ્રભુનાં શરણનો મહત્ મહિમા છે. આ મહિમાને અન્ય પરિભાષાથી, ગૂઢાર્થથી વિશેષપણે સમજી શકાય છે.

સંગ્રામ એટલે, આપણે ઉપર જોયું તે પ્રમાણે, સંસારમાં ચાલી રહેલું આત્મા અને કર્મ વચ્ચેનું સનાતન યુદ્ધ. આત્મા કર્મથી મુક્ત થઈ સુખી થવા મથી રહ્યો છે, અને કર્મો આત્માને સંસારનાં પ્રલોભનો આપી સંસારમાં જકડી રાખવા પ્રવૃત્ત થઈ રહ્યાં છે, એવા સંગ્રામની યોજના અહીં કરી શકાય. ભાલાની અણીઓથી છેદાયેલા હાથીના શરીરમાંથી રુધિર વહે છે. ઘાતી કર્મો ભાલાની અણી જેવા તીક્ષ્ણ છે. અને તેનાથી આત્માના ગુણોનો ઘાત થાય છે. હાથી એ જીવનું પ્રતિક છે. હાથી મહાબળવાન પ્રાણી છે, જેને વશ કરવા ઘણા ઉપાય યોજવા પડે છે, એમ જ આત્મા પણ મહાબળવાન છે. જેમ ભાલાથી છેદાઈને હાથી નિર્બળ બને છે તેમ ઘાતી કર્મોથી છેદાઈને આત્મા નિર્બળ બનેલો છે. ઘવાયેલા હાથીના શરીરમાંથી લોહીની ધારા વહે છે, અર્થાત્ આત્માને ઘાતી કર્મ વિશેષ વિશેષ વળગતાં સંસારભ્રમણ નિશ્ચિત્ત બનતું જાય છે. આ લોહીની ધારામાં નાહીને સૈનિકો મહાલે છે, આનંદ માને છે, અને આમતેમ ફરે છે. આ પરથી સંસારી જીવની અવસ્થાનો ખ્યાલ આપણને આવે છે. સૈનિકો એટલે કર્મથી લેપાયેલા આત્માઓ. આ સૈનિકો લોહીમાં નાહીને આનંદ માને છે, એટલે કે સંસારી જીવો લોહી જેવા અશુદ્ધ અર્થાત્ સંસારનાં ક્ષણિક સુખોમાં રાચનારા છે. તે સંસારીઓને સાચા સુખની તો કલ્પના પણ આવી શકતી નથી. આમ કર્મના બલવત્તરપણાને લીધે જીવ ભૂલભૂલામણીમાં અટવાયા જ કરે છે. એ અવસ્થાના આત્મા અને કર્મના સંગ્રામમાં આત્મા જીતે એવી કોઈ નિશાની જણાતી નથી. તેમ છતાં પણ જો પ્રભુનું શરણું હોય તો સામે કર્મની આખી સેના ખડી હોવા છતાંય હાર સંભવી શકતી નથી, એવો અદ્‌ભુત મહિમા છે પ્રભુનાં શરણનો. એટલે કે મહા બળવાન જણાતાં કર્મોને મારી હઠાવવા હોય, તો પ્રભુનું શરણું લઈ પ્રભુઆજ્ઞાએ

વર્ત્યા જવું. એમ કરવાથી કર્મોની કોઈ કારી ફાવી શકતી નથી. એક રીતે વિચારતાં મોક્ષમાર્ગ મેળવવાની ચાવી આચાર્યજીએ આપણને અહીં બતાવી દીધી છે. (૪૩)

अंभोनिधौ क्षुभितभीषण – नक्रचक्र
पाठीनपीठ भयदोल्वणवाडवाग्नौ ।
रंगत्तंरग – शिखरस्थित – यानपात्राः
त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ।। ४४ ।।

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યાં નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહીંતહીં બહુ જોરથી ઉછળે છે;
એવા અબ્ધિમહીં કદી અહા! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી! તમને, ભીતિ તો દૂર થાય. (૪૪)

આ પંક્તિઓમાં, સમુદ્રની મધ્યમાં, બળવાન પ્રાણીઓની વચમાં ફસાયેલો યાત્રિક જો પ્રભુને સંભારે તો, તેનો ભય દૂર થાય છે, તેવો અદ્ભુત મહિમા બતાવતાં આચાર્યજી પ્રભુને કહે છે કે, “હે પ્રભુ! ભયંકર મગરમચ્છ આદિ નક્રચક્ર-જળચર જંતુઓ જેની અંદર ઊછળી રહ્યાં છે, અને ભયાનક વડવાગ્નિ જેની અંદર અતિશય પ્રજ્વલિત થઈ રહ્યો છે, તથા મોટાં મોટાં મોજાં જેની અંદર ઊછળી રહ્યાં છે, એવા તોફાની સમુદ્રની અંદર જે વહાણો આવી પડેલાં હોય છે, તે પણ તમારા સ્મરણથી નિર્ભયપણે જઈ શકે છે.”

આવી પડેલી ભયંકર પરિસ્થિતિમાં પ્રભુનું સ્મરણ કેવું અદ્ભુત કાર્ય કરે છે તે આ પંક્તિઓમાં જોઈ શકાય છે. જ્યાં બચવાની પણ આશા ન હોય ત્યાં હેમખેમ પાર ઊતરવું કેવી રીતે શક્ય બને છે એ વિચારણીય છે. ગૂઢાર્થ સમજાતાં વિશેષ સ્પષ્ટ થાય છે. સમુદ્ર એટલે સંસારસમુદ્ર. આ સંસારનાં પરિભ્રમણમાં જીવો ફસાયેલા છે, અર્થાત્ તેઓ દેવ, મનુષ્ય, તીર્યંચ અને નરક એ ચાર ગતિઓમાં ભમ્યા કરે છે અને તે ભ્રમણમાંથી છૂટવાનો કોઈ પ્રકાશ જણાતો નથી. સમુદ્રનો કિનારો જણાતો નથી. આ સમુદ્ર કેવો છે? એ સમુદ્રમાં મગરમચ્છ વગેરે નક્રચક્રો કૂદાકૂદ કરી રહ્યાં છે, શિકારને

ખાવા ધસી રહ્યાં છે, એ વિશે એમ સમજી શકાય કે વિષયસુખ, પાંચ ઈંદ્રિયના પાંચ વિષયનાં સુખ એ મગરમચ્છ જેવાં છે. જ્યાં ત્યાં આ વિષયસુખની લાલસા જીવનને પીડી રહી છે. ઈચ્છા ઉત્પન્ન થાય અને તે પૂર્ણ ન થાય એટલે જીવ દુ:ખ અનુભવે. આ વિષયસુખરૂપી મચ્છો યાત્રિકોને એટલે કે ભવ્ય જીવોને ખાવા તત્પર બની રહ્યાં છે, અર્થાત્ લાલસા જીવોને મોક્ષમાર્ગમાં ગતિ કરતાં અનેક કષ્ટો અને રુકાવટ કરી રહેલ છે. વળી એ સમુદ્રમાં મોટાં મોટાં મોજાંઓ ઊછળી રહ્યાં છે. એટલે કે તૃષ્ણા અગર આશારૂપી મોજાંઓ સંસારસમુદ્રમાં ઊછળે છે. આશા અને એષણા પ્રાણીનાં મનમાં તરંગ ઉત્પન્ન કરે છે, જેમ સમુદ્રમાં મોજાં તરંગ ઉત્પન્ન કરે છે તેમ. આથી આ કડીને નીચે પ્રમાણે સમજી શકાય: વિષયસુખરૂપી મગરમચ્છો આદિ શિકારને ફસાવવા જ્યાં ત્યાં કૂદાકૂદ કરીને ફરી રહ્યાં છે, જ્યાં આશા અને તૃષ્ણારૂપી મહાકાય મોજાંઓ અનેક પ્રકારે ઊછળી રહ્યાં છે, એવા સંસારસમુદ્રમાં જો ભવ્ય જીવરૂપી યાત્રિક ફસાયો હોય, અને તે વખતે તે જો પ્રભુને સાચા હૃદયથી સ્મરે છે તો તેની સર્વ પ્રકારની ભીતિ દૂર થાય છે. (૪૪)

उद्भूतभीषणजलोदर–भारभुग्नाः,
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पाद पंकजरजोऽमृतदिग्धदेहाः,
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरुपाः ।।४५।।

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિએથી,
જેણે છોડી જીવન જીવવા, સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણ પ્રભુજી! આપનું જો ધરે છે;
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. (૪૫)

અહીં સુધી વર્ણવાયેલાં કષ્ટો શરીરની બહાર પ્રવર્તતાં હતાં કે જ્યાં પ્રભુના શરણની સહાયતા કાર્ય કરતી હતી. આ કડીમાં ગમે તેવાં શરીરકષ્ટની નિવૃત્તિમાં પણ પ્રભુનું શરણ એવી જ સહાયતા આપે છે તે બતાવતાં આચાર્યજી પ્રભુને કહે

છે કે, "હે પ્રભુ! ભયંકર જલોદરના ભારથી નમી ગયેલા, અને તેથી કરીને જેમણે જીવવાની આશા છોડી દીધી છે એવી મહા દુઃખદ અવસ્થાને જેઓ પામેલા હોય છે, તેઓ પણ તમારા ચરણકમળની રજરૂપી અમૃતનું જો પોતાના શરીરે લેપન કરે તો, તે કામદેવ જેવા સુંદર શરીરવાળા થાય છે."

મનુષ્યશરીરમાં પેટ એ અગત્યનું અંગ છે. કોઈ પણ રોગનાં મૂળમાં પેટની ખરાબી કામ કરતી હોય છે. તેમાં અહીં તો આચાર્યજી જળોદર જેવા પેટના અસાધ્ય રોગની વાત બતાવે છે, તે પરથી સમજી શકાય કે અન્ય સર્વ રોગો તો સુસાધ્ય રહે તેમ છે. આવા ભયંકર રોગથી પીડાતાં જેના અંગેઅંગ વિકૃત થયા છે, એવા લોકો પણ પ્રભુની ચરણરજ પામીને કામદેવ જેવા સ્વરૂપને પામે છે.

પરમાર્થ વિચારતાં આ કડી આપણું નવા સ્વરૂપમાં ધ્યાન દોરે છે. શરીરને વિકૃત કરવામાં કર્મ એ મુખ્ય દરદ છે. કર્મરોગથી પીડાતો જીવ ચોરાશી લાખ જીવયોનિના શરીરની વિકૃતિ ધારણ કરે છે. એટલે કે કર્મરોગને કારણે આત્માનાં અંગેઅંગ-પ્રદેશેપ્રદેશ વાંકા વળી ગયા છે, વિકૃત થઈ ગયા છે. અને આવી દુઃખદ અવસ્થામાંથી પસાર થતાં થતાં આ દર્દથી છૂટવાની જેને કોઈ આશા રહી નથી, એવો આત્મા પણ જો પ્રભુનું શરણું લે, પ્રભુનાં ચરણકમળની રજરૂપી અમૃતનું પોતાના શરીરે લેપન કરે, અર્થાત્ સર્વભાવ પ્રભુને અર્પણ કરી વર્તે તો, તે કામદેવ જેવા ઉત્તમ શરીરને-અત્યુત્તમ અવસ્થાને-મોક્ષગતિને પામે છે. પ્રભુનાં શરણે જતાં જેને જીવવાની આશા રહી નથી તેવો જીવ પણ અજર અમર બને છે. (૪૫)

आपाद – कंठमुरुशृंखल–वेष्टितांगा,  
गाढं बृहन्निगडकोटिनिघृष्टजंघाः ।  
त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरन्तः  
सद्यः स्वयं विगतबंधभया भवन्ति ।। ४६ ।।

જે કેદીનાં પગમહીં અરે! બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને, જાંઘ સુધી જડી છે;
એવા કેદી મનુજ પ્રભુજી! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે છે. (૪૬)

લોખંડની જંજીરોથી શરીર બંધાઈ થયું હોય ત્યારે પણ પ્રભુસ્મરણ જ વહારે ધાય છે, જીવને બંધનથી મુક્ત કરે છે; એ પ્રગટ કરતાં આચાર્યજી પ્રભુને કહે છે કે, "હે પ્રભુ! પગથી તે ગળા સુધી જડેલ બેડીઓ વડે જેનાં અંગ વીંટાઈ ગયાં છે અને તે બેડીઓના ગાઢ બંધનથી તેની કોટીઓની ઝીણી અણીઓ વડે જેની જાંઘો ઘસાયા કરે છે, તે માણસ પણ જો તમારા નામનું નિરંતર સ્મરણ કરે છે તો તુરત જ તેમની મેળે બંધનથી મુક્ત થઈ જાય છે."

આ કડી વાંચતાં આપણને લક્ષ થાય છે કે આચાર્યજીએ પોતાની અવસ્થા જ અહીં વર્ણવી છે. રાજાની આજ્ઞાથી તેમને પગથી તે માથા સુધી જંજીરોમાં જકડી લેવામાં આવ્યા હતા, અને શરીર અકડાઈ જાય તથા બેડીની અણીઓ વાગ્યા કરે એવી દુ:ખદ સ્થિતમાં આવી પડયા હતા. તે આકરી અવસ્થાને વિસ્મૃત કરીને તેઓ તો પ્રભુ સ્મરણમાં અત્યંત લીન બની પ્રભુનાં ગુણગાન કરતા હતા- જેનો પુરાવો આ સ્તોત્ર જ છે અને એ સ્મરણ ચાલતું હતું ત્યારે તેમનાં એ બંધનો એક પછી એક આપોઆપ છૂટવા લાગ્યાં હતાં; અને તેઓ જંજીરથી મુક્ત થતા જતા હતા, જેના સાક્ષી અનેક નગરજનો અને રાજા પોતે પણ હતા. આમ પ્રભુસ્મરણનો પ્રત્યક્ષ મહિમા તેમણે અનુભવ્યો હતો, અને એ ચમત્કાર અનેક શ્રદ્ધાળુઓએ પ્રત્યક્ષ નિહાળ્યો પણ હતો.

આ જ પ્રસંગને અન્ય પરિભાષાથી પણ સમજી શકાય છે. માથાથી તે પગ સુધી જકડાયેલો જીવ એટલે માત્ર આઠ રુચક પ્રદેશ સિવાયના સર્વ પ્રદેશે કર્મની જંજીરોથી બંધાયેલો આત્મા. કેદી એટલે ઘાતી અને અઘાતી કર્મની જાળમાં ફસાયેલો જીવ. બેડી એટલે ઘાતી કર્મો. આત્માના પ્રદેશે પ્રદેશે ઘાતી અને અઘાતી કર્મોની

બેડીથી જકડાયેલો જીવ જો પ્રભુને નિરંતર સ્મરે છે તો તે અવશ્ય બંધનમુક્ત થાય છે. અર્થાત્ તે જીવ સંપૂર્ણ નિરાવરણ બને છે.

આમ અહીં આ નવ કડીઓમાં શ્રી માનતુંગાચાર્યે અદ્‌ભુત રહસ્ય શમાવ્યું છે, અને એ રહસ્યનું ભાન કરાવનાર પરમ પવિત્ર આત્માને વંદન હો! વંદન હો!

ગાંડો હાથી, સિંહ, દવ, મણિધર, બે સંગ્રામ, સમુદ્ર, રોગ અને બંધન એ નવ પ્રકારના ઉપસર્ગમાં પહેલા ચાર ઉપસર્ગ મોહનીય નામના ઘાતીકર્મને અનુરૂપ છે અને બાકીના પાંચ વેદનીયાદિ અઘાતી કર્મોને અનુરૂપ છે. ઘાતી કર્મોનું પ્રતિનિધિત્વ જેમ મોહનીય કર્મ ધરાવે છે, તેમ અઘાતી કર્મોનું પ્રતિનિધિત્વ વેદનીય કર્મ ધરાવે છે. જે કંઈ વિશેષ પ્રકારે વેદવું સર્જ્યું હોય તે વેદવું જ પડે છે, પણ પ્રભુસ્મરણના પ્રભાવથી ભાવિમાં અશાતા વેદનીયનો ભય રહેતો નથી એ અહીં દર્શાવ્યું છે.

પહેલા ચાર ઉપસર્ગમાં આચાર્યજી જણાવે છે કે પ્રભુનાં નામના પ્રભાવથી જ એ ઉપસર્ગો આવતા અટકી જાય છે, ત્યારે બાકીના ઉપસર્ગ વખતે પ્રભુ પ્રતિની અમુક લીનતા પછીથી પાર ઊતરી શકાય છે. આ જ ઘાતી તેમજ અઘાતી કર્મો વચ્ચેનો ભેદ છે. ઘાતી કર્મ આત્મા ધારે ત્યારે છેદી શકે છે, તે અમુક વેદન પછી જ છૂટે એવો નિયમ નથી, ત્યારે અઘાતી કર્મ અમુક વેદન પછી જ છૂટે છે. તેથી નિરંતર સ્મરણની આવશ્યકતા જણાવી છે. સંગ્રામમાં થતી વેદના, સમુદ્રમાં ફસાતાં થતી વેદના, રોગ અને જંજીરનાં બંધનની વેદના એ સર્વ શરીરને સ્પર્શે છે, ત્યારે આરંભના ચાર ઉપસર્ગમાં ભય વિશેષ છે, ત્યાં શરીરને સ્પર્શ નથી પણ આત્માના ભાવને સ્પર્શ છે. અને એ રીતે વેદનમાં ભેદ પડે છે.

આમ આ કડીઓ દ્વારા આપણને કર્મનાં સ્વરૂપનો તથા તેની બળવત્તરતાનો આછો પરિચય પણ આપણને મળે છે. (૪૬)

मत्तद्विपेन्द्र मृगराज–दवानलाहि
संग्राम–वारिधि–महोदर बंधनोत्थम् ।

तस्याशु नाशमुपयाति भयं भियेव,
यस्तावकं स्तवमिमं मतिमान धीते || ४७ ||

ગાંડા હાથી, સિંહ દવ અને સર્વ યુદ્ધે થયેલી,
અબ્ધિ કેરી ઉદર-દરદે બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારું સ્તવન પ્રભુજી! પ્રેમથી રે કરે છે. (૪૭)

આગળની નવ કડીઓના સારરૂપ આ કડી રચાઈ હોય એમ જણાય છે. આચાર્યજી પ્રભુજીને કહે છે કે, "હે પ્રભુ! જે બુદ્ધિમાન માણસ તમારું સ્તવન ભણે છે, તેનાં મદોન્મત્ત હાથીથી, સિંહથી, દાવાનળથી, યુદ્ધથી, સંગ્રામથી, સમુદ્રથી, અને જળોદરથી તથા બંધનથી ઉત્પન્ન થયેલા સર્વ ભય-ભયથી જ નાશ પામતા હોય તેમ, આ સ્તોત્રના પાઠ માત્રથી ઝટ નાશ પામે છે."

આ પંક્તિઓમાં આચાર્યજી આ સ્તોત્રનું માહાત્મ્ય પ્રગટ કરે છે. કોઈ પણ પ્રકારના અશુભનો ઉદય હોય તો તે આ સ્તવનથી અવશ્ય નાશ પામનાર છે તેવી ખાતરી આપણને આચાર્યજી પાસેથી પ્રાપ્ત થાય છે. તથા તેનો પુરાવો આપણને તેમની અવસ્થામાંથી જ પ્રાપ્ત થાય છે. તેમની બંધન અવસ્થા આ સ્તોત્રના પાઠ પછી મુક્તાવસ્થામાં પલટાઈ હતી તે સર્વવિદિત છે, અને એ જ એનું મુખ્યતમ માહાત્મ્ય છે.

દરેક રચનાનો જેમ હેતુ હોય છે, હાર્દ હોય છે, અને ફલશ્રુતિ હોય છે તેમ અહીં આ કડીમાં આ રચનાની ફલશ્રુતિ મુકાયેલી છે. આ સ્તોત્રને ભણવાથી સર્વ અશુભનો નાશ થઈ મુક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે તેવી ફલશ્રુતિ સાનુભવ મૂકાયેલી છે, એ આ રચનાને અત્યંત ગૌરવવંતી બનાવે છે. અને પ્રત્યેક જનના હૃદયમાં સ્થાન મેળવી લે છે. આ પછીની અને અંતિમ કડીમાં આચાર્યજી આ ફલશ્રુતિને વિશેષ સ્પષ્ટતાથી રજૂ કરે છે. (૪૭)

स्तोत्रस्रजं तव जिनेन्द्र गुणैर्निबद्धां,
भक्त्या मया विविधवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कंठगतामजस्त्रं,
तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः ॥ ४८ ॥

જેને ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમૂજી;
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. (૪૮)

આચાર્યજી પોતાનો સામાન્ય પરિચય પ્રકાશતાં પ્રભુજીને આ કડીમાં કહે છે કે, "હે જિનેન્દ્ર! આ સ્તોત્રરૂપી માળા મેં તમારા ગુણરૂપી દોરા વડે, વિવિધ અક્ષરરૂપી રંગવાળાં પુષ્પો થકી ભક્તિ વડે ગૂંથેલી છે, તેને જે માણસ હંમેશા પોતાના કંઠ વિશે ધારણ કરશે તે સન્માન થકી ઊંચા થઈ (માનતુંગ) અવશ્ય મોક્ષલક્ષ્મીને પામશે."

જે કોઈ ભવ્ય જીવ,આ રચનાને નિયમિતપણે કંઠમાં ધારણ કરશે અર્થાત્ તેનો ઉત્તમ ભાવથી પાઠ કરશે તે મુક્તિરૂપી લક્ષ્મીને અવશ્ય પામશે એ આ સ્તોત્રની ફલશ્રુતિ છે. આ સ્તોત્રરૂપી માળા કેવી છે? આ માળા આચાર્યજીના જણાવ્યા પ્રમાણે, પ્રભુના ગુણરૂપી દોરા વડે, વિવિધ અક્ષરોરૂપી રંગીન ફૂલો વડે, ભાવથી ગૂંથેલી છે. કોઈ પણ માળામાં ફૂલ, દોરા અને દોરામાં ફૂલને પરોવનાર એ ત્રણની જરૂર પડે છે. અહીં ભાષાના અક્ષરો વર્ણોરૂપી ફૂલ છે. આ અક્ષરોને સાંકળનાર-તેમાંથી ભવ્ય અર્થની નિષ્પત્તિ કરનાર ગુણો છે. જુદા જુદા અક્ષરો ભેગા મળે તો એક વિશિષ્ટ અર્થવાળો શબ્દ બને છે. આમ એ કાર્ય દોરાના કાર્ય જેવું છે, એટલે કે ગુણો એ દોરા સ્વરૂપે છે અને એ ગૂંથણીનું કાર્ય કરે છે પરોણીગર - જે અહીં આચાર્યજી પોતે છે. અને એ ત્રણની એકતાથી-ફૂલ, દોરા અને પરોણીગરની એકતાથી સુંદર માળા રચાય છે. એવી જ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાથી સુંદર આત્મસ્વરૂપ

પ્રગટ થાય છે. એ ધ્વનિ પકડતાં અવશ્ય આનંદ જ થાય. માનતુંગાચાર્યે પ્રત્યેક કડીમાં પ્રભુના ગુણો ખૂબ જ ભાવથી વર્ણવ્યા છે તે તો સ્પષ્ટ જ છે, એટલે એ દોરાના કાર્યમાં શી ખામી હોય!

આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગાચાર્ય છે તે આપણે છેલ્લી પંક્તિમાં આવતા 'માનતુંગ' શબ્દ પરથી જાણી શકીએ છીએ. એ શબ્દ બે અર્થમાં પ્રયોજાયેલો જોઈ શકાય છેઃ (૧) સન્માન થકી ઊંચા થયેલા, (૨) આચાર્યજીનું નામ - એ બે અર્થથી આ ચરણ રચાયું છે.

અડતાલીસ કડીના આ 'ભક્તામર સ્તોત્ર'માં આચાર્યજીની અહોભાવભરી વાણીમાં પ્રભુના ગુણો સમજાતાં હૈયું આનંદથી ડોલી ઊઠે છે, અને જીવ એ રચનાને નિશદિન કંઠમાં ધરવા પ્રવૃત્ત થાય છે અને તેની અદ્‌ભુત ફલશ્રુતિને પામે છે.


આવા અહોભાવભર્યા સ્તોત્રમાં પણ આચાર્યજી સાહિત્યિક રચનાનો ક્રમ સાચવવાનું ચૂક્યા નથી એ ખૂબ જ આશ્ચર્યકારક છે. મંગલાચરણ, પોતે ઉપાડેલા કાર્યની મહત્તા, પ્રભુકૃપાથી પાર ઊતરવાની ખાતરી, આ કાર્ય ઉપાડવાનો હેતુ, મુખ્ય રચના, તે કાર્યનું પરિણામ અને કાર્યની ફલશ્રુતિ એ બધું જ વ્યવસ્થિત રીતે તેમણે આપ્યું છે. સાથે સાથે પ્રત્યેક ચરણમાં પ્રભુ પ્રતિનો અહોભાવ વ્યક્ત થાય છે અને ભક્તજનના હૈયાને આનંદના ઝૂલે ઝુલાવે છે. જે અહોભાવથી આ રચના થઈ છે એ જોતાં લાગ્યા સિવાય નથી રહેતું કે એના રચયિતાના સર્વ બંધો છૂટવા-તૂટવા જ જોઈએ અને પ્રાપ્ત ઉપસર્ગની પૂર્ણાહુતિ સુંદર અંતમાં થવી જોઈએ.

જગતગુરુના યોગબળથી સર્વ જીવો અહોભાવ પ્રગટાવી સર્વથા કર્મમુક્ત બનો એ જ ભાવના જગતગુરુ પૂર્ણ કરો, પૂર્ણ કરો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

"જેમ છે તેમ નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજસ્વરૂપનાં નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાની પુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે. બારમા ગુણસ્થાને વર્તતા આત્માને નિદિધ્યાસરૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીનાં વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણ જિનમાર્ગને વિશે વારંવાર કહ્યું છે. બોધબીજની પ્રાપ્તિ થયે, નિર્વાણ માર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાની પુરુષનો આશ્રય મુખ્ય સાધન છે, અને તે ઠેઠ પૂર્ણદશા થતાં સુધી છે; નહિ તો જીવને પતિત થવાનો ભય છે, એમ માન્યું છે, તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્ગુરુના યોગ વિના નિજસ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય? નિજસ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગત્વ્યવહાર વારંવાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂન દશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે? પોતાના વિચારનાં બળે કરી, સત્સંગ – સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગત્વ્યવહાર વિશેષ બળ કરે છે, અને ત્યારે વારંવાર શ્રી સદ્ગુરૂનું માહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ સત્ય દેખાય છે."

— શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૫૭૫.




શ્રીમદ્ પાર્શ્વનાથ પ્રભુ

# વિનંતિ...

શ્રી પાર્શ્વનાથ પ્રભુને અત્યંત ભક્તિભાવે કોટિકોટિ નમસ્કાર હો, નમસ્કાર હો!

હે નાથ!

આવા પંચમ કઠણકળિકાળમાં આપ ભાવિક ભક્તોની આશા પૂર્ણ કરો છો. મારી પણ ઘણી ઘણી આશા પૂર્ણ થાય એવા પરચા આપી, પ્રભુ, ધર્મના આધારે ટકાવી તમે ઉપકાર કર્યો છે. તો હવે આ સંસારનાં જન્મ-મરણાદિ દુઃખોથી મને રહિત કરો, રહિત કરો.

હે નાથ!

આ જીવે અનાદિકાળથી મન, વચન, કાયાના યોગે કરી ચોરાશી લાખ જીવ યોનિના જીવને હાલતાં ચાલતાં શારીરિક, માનસિક કિલામના પરિતાપ ઉપજાવ્યા હોય તે આપની સાક્ષીએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાવું છું. મારાં તે સર્વ પાપ નિષ્ફળ થાઓ, નિષ્ફળ થાઓ.

હે નાથ!

આ જીવ તો હવે રાગ-દ્વેષની ભૂલભૂલામણી વાળી કડી જેટલી જલદી તોડાય તેટલી જલદી તોડી, સ્વરૂપ સ્વદેશ જવાની ઉત્તમ પ્રિય મહત્ત્વાકાંક્ષા રાખે છે. મારી તે મહત્ત્વાકાંક્ષા જલદી જલદી પૂર્ણ કરો, પૂર્ણ કરો.

હે નાથ!

આપના ગુણગ્રામ કરતાં અનંત કર્મોની ક્રોડો ખપે, ઉત્કૃષ્ટ રસ ઉપજે તો આ જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે. ઉત્કૃષ્ટ રસે આજની ભક્તિ કરાવો. સ્તોત્ર બોલવા માટે આજ્ઞા માગું છું. મન, વચન અને કાયા આપને આત્મભાવે અર્પણ કરું છું. સંકલ્પ, વિકલ્પ વિચાર આવે તેનો હું કર્તા નથી અને ભોક્તા પણ નથી.

## શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ રચિત

# મૂળ સંસ્કૃત કલ્યાણમંદિર સ્તોત્રનો

## શ્રી હરજીવન રાયચંદ શાહે
## કરેલો ગુજરાતી અનુવાદ

કલ્યાણનું મંદિર અને ઉદાર ઇચ્છિત આપવે,
દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;
સંસાર દરિયે ડૂબતાને નાવરૂપે જે વળી,
નિર્દોષ પ્રભુનાં પદકમળને પ્રથમ હું પ્રેમે નમી. (૧)

સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિશે,
વિશાળ બુદ્ધિ સુરગુરુ તે છેક શક્તિહીણ દીસે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. (૨)

સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જિનરાજ! શક્તિમાન દુર્લભ મૂઢ મુજસમ છે થવા;
દિનઅંધ ધીરજવાન બચ્ચું ઘૂડનું જે તેહથી,
નહિ સૂર્યકેરાં રૂપને વર્ણી શકે તે સ્નેહથી. (૩)

અનુભવ કરે તુજ ગુણ તણો જન મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ! તે પણ આપ ગુણ ગણતાં કદી;
જેમ પ્રલયકાળ વડે ખસેલા જળ થકી સમુદ્રના,
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કો’થી માપી શકાય ના. (૪)

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ તમારી હું,
આરંભતો કરવા સ્તુતિ પણ મંદબુદ્ધિમાન છું;
શું બાળ પણ કે'તું નથી લંબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી ઉદધિ તણા વિસ્તારને? (૫)

હે ઈશ! યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે,
સામર્થ્ય મારું ક્યાંથી વર્ણન મુજથી તેનું થઇ શકે;
વિચાર વિણનું કાર્ય આ ગણાય મારું તેહથી,
પણ પક્ષી શું પોતા તણી ભાષા કહો વદતાં નથી? (૬)

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર અરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોક્યનું રક્ષણ કરે;
જ્યમ ગ્રીષ્મકેરા સખ્ત તાપ વડે મુસાફર જે દુઃખી,
તે થાય કમળ તળાવ કેરા શીતળ વાયુથી સુખી. (૭)

હે સ્વામી! આપ હ્રદય વિશે આવો તદા પ્રાણી તણાં,
ક્ષણમાત્રમાં દઢ કર્મબંધન જાય તૂટી જગ તણાં;
વનના મયુરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદન તણાં તરુથી જ સર્પો સદ્ય છૂટે છે નક્કી. (૮)

દર્શન અહો જિનેન્દ્ર! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભયભરેલાં સ્હેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી,
પશુઓ મૂકાએ સદ્ય જેવાં નાસતા ચોરો થકી. (૯)

તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,
તમને હ્રદયમાં ધારી ઉલટા તારતા સંસારીઆ;
આશ્ચર્ય છે પણ ચર્મકેરી મસકથી સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. (૧૦)

હરિ હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણ માત્રમાં તે રતિપતિને સ્હેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ માત્રને બુઝાવતું પળવારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં? (૧૧)

હે સ્વામિ! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો! નિજ હૃદયમાં ધાર્યા થકી;
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સ્હેજમાં તરી જાય છે,
અથવા મહાન જનો તણો મહિમા અચિંત્ય ગણાય છે. (૧૨)

હે ઈશ! જ્યારે પ્રથમથી આપે હણ્યો તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને;
અથવા નહિ આ અવનિમાં શું દેખવામાં આવતું,
શીતળ પડે જે હિમ તે લીલાં વનોને બાળતું. (૧૩)

હે જિન! યોગી આપને પરમાત્મરૂપેથી સદા,
નિજ હૃદયકમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતાં;
પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું બી સંભવે,
શું કમળકેરી કર્ણિકાના મધ્યવિણ બીજે સ્થળે? (૧૪)

ક્ષણમાત્રમાં જિનરાજ! ભવિજન આપ કેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જ્યમ તીવ્ર અગ્નિતાપથી મિશ્રિત ધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. (૧૫)

હે જિન! હંમેશા ભવ્યજન જે દેહના અંતર વિશે,
ધરતા તમારું ધ્યાન તેનો નાશ કરતા કેમ તે?
અથવા સ્વભાવ મહાજન મધ્યસ્થનો એવો સદા,
વિગ્રહતણો કરી નાશ ને શાંતિ પ્રસારે ઉભયથા. (૧૬)

નહિ ભેદ હે પ્રભુ આપને આત્મા વિશે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નક્કી;
જે જળ વિશે શ્રદ્ધાથકી અમૃતતણું ચિંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે? (૧૭)

તમને જ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળાતણા રોગેથી જેનાં નેત્ર પ્રભુ પીળાં રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી નહિ કહે? (૧૮)

ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,
તરુ પણ અશોક જ થાય તો શું મનુજનું કે'વું પછી;
જ્યમ સૂર્યના ઉગ્યા થકી ના માત્ર માનવી જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સહેજમાં પ્રફુલ્લિત થતાં. (૧૯)

ચારે દિશાયે દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચાં મુખવાળાં ડીંટથી તે ક્યમ પડે?
હે મુનીશ! અથવા આપનું સામીપ્ય જવ પમાય છે,
પંડિત અને પુષ્પોતણાં બંધન અધોમુખ થાય છે. (૨૦)

જે આપના ગંભીર હૃદયના સમુદ્રમાંથી ઉપજે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
કાં કે કરીને પાન પરમાનંદને ભજતા થકા,
ભવિજન અહો એથી કરીને શીઘ્ર અજરામર થતા. (૨૧)

દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામી! આપ સમીપ તે,
હું ધારું છું નીચાં નમી ઊંચાં જતાં એમ જ કહે;
મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધભાવી ઉર્ધ્વગતિને પામશે નિશ્ચય થકી. (૨૨)

સુવર્ણ રત્નોથી બનેલા ઉજળા સિંહાસને,
ગંભીર વાણી વાન રૂપે શ્યામ સ્વામી આપને;
ઉત્સુક થઈને ભવ્યજનરૂપી મયુરો નિરખે,
મેરુ શિરે અતિ ગાજતા નવ મેઘસમ પ્રીતિ વડે. (૨૩)

ઊંચે જતી તુમ શ્યામ ભામંડળ તણી કાંતિ વડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામી ખરે;
પ્રાણી સચેતન તો પછી વીતરાગ! આપ સમાગમે,
રે કોણ આ સંસારમાં પામે નહિ વૈરાગ્યને! (૨૪)

રે રે પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
એ મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી પાર્શ્વનાથને;
સુર દુંદુંભિનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ! તે ત્રૈલોક્યને એમ જ કહે! (૨૫)

હે નાથ! આ ત્રિલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમાં તવ હીણ અધિકારી ઠર્યો;
મોતી સમૂહે શોભતા ત્રણ છત્રના મિષે કરી,
આવ્યો પ્રભુની પાસ, નક્કી રૂપ ત્રણ જાણે ધરી. (૨૬)

કીર્તિ, પ્રતાપ જ કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક્ય આ,
ગોળારૂપે ભગવાન! જ્યમ આપે પૂરેલા હોય ના!
રૂપું, સુવર્ણ અને વળી માણિક્યથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે. (૨૭)

પડતી પ્રભુ! તુમ પાદમાં દેવેન્દ્ર નમતા તેમની,
રત્ને રચિત મુગટો તજીને દિવ્ય માળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે એ યોગ્ય થાયે સર્વથી,
વિભુ! આપનો સંગમ થતાં સુમનો બીજે રમતાં નથી. (૨૮)

હે નાથ! આ સંસાર સાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વેશ તે તો યોગ્ય છે;
લોકો તરે માટી તણા ઘટ કર્મપાક સહિતથી,
આશ્ચર્ય વિભુ! પણ આપ તો છો રહિત કર્મ વિપાકથી. (૨૯)

વિશ્વેશ, જનપાલક! છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ! અક્ષર છો, તથાપિ રહિત લિપિ સર્વથા;
વળી દેવ છો અજ્ઞાનીને પણ તારનાર સદૈવ જે,
વિચિત્ર તે ત્રિલોક-બોધક જ્ઞાન આપ વિશે સ્ફુરે. (૩૦)

આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામી આપને;
છાયા પરંતુ નાથ! તેથી આપની ઢંકાઈ નથી,
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાનાં થકી. (૩૧)

વીજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે, છોડિયો પ્રભુ ગાજતો;
તેણે અહો જિનરાજ ઊલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તિક્ષ્ણ બૂરી તલવાર કેરૂં કામ તે સાચું કર્યું. (૩૨)

વિકરાળ ઊંચા કેશ લટકે, માળ શબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;
એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો. (૩૩)

હે ત્રણ ભુવનના નાથ! જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધિવત્ પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,
આ પૃથ્વીમાં તે ભવ્ય જનને હે પ્રભુજી! ધન્ય છે. (૩૪)

હે મુનીશ! આ સંસારરૂપ અપાર સાગરને વિશે,
હું માનું છું તુમ નામ નહિ મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યા પછી શુદ્ધ મંત્રરૂપી આપનાં શુભ નામને,
આપત્તિરૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે? (૩૫)

હે દેવ! જન્માંતર વિશે પણ આપનાં બે ચરણ જે,
બળવાન ઈચ્છિત આપવે તે મેં નહિ પૂજ્યાં હશે;
હે મુનિશ! હું તેથી કરીને જરૂર આ ભવને વિશે,
સ્થળ હ્રદયવેધક પરાભવનું તે થયેલો જાતે દિસે. (૩૬)

નિશ્ચય અરે મોહાન્ધકારે વ્યાપ્ત એવા નેત્રથી,
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;
કેવી રીતે થઇ હ્રદયભેદક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. (૩૭)

કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નીરખ્યા હશે,
પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હ્રદયમાં ધાર્યા હશે;
જનબંધુ! તેથી દુ:ખપાત્ર થયેલ છું ભવને વિશે,
કાં કે ક્રિયા ભાવેરહિત નહિ આપતી ફળ કાંઇએ. (૩૮)

સુખકારી શરણાગત પ્રભુ! હિતકારી જન દુ:ખિયા તણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ! સ્થળ કરુણા અને પુણ્ય જ તણા;
નમતો પ્રભુ! હું ભક્તિથી તો મહેશ! મારા ઉપરે,
તત્પર થશો દુ:ખ અંકુરોને ટાળવા કરુણા વડે. (૩૯)

અસંખ્ય બળનું શરણ ને વળી શરણ કરવા યોગ્ય જે,
અરિ નાશથી થઇ કીર્તિ એવા આપનાં પદ-કમળને;
શરણે છતાં પણ ભુવન-પાવન! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયેલો, હણાવા જ માટે યોગ્ય જો. (૪૦)

હે અખિલ વસ્તુ જાણનાર! વંદ્ય હે દેવેન્દ્રને,
સંસારના તારક! અને ભુવનાધિનાથ! પ્રભુ તમે!
ભયકારી દુઃખદરિયા થકી આજે પવિત્ર કરો અને,
કરુણાતણા હે સિંધુ! તારો દેવ! દુઃખિયાને મને. (૪૧)

હે નાથ! આપ ચરણકમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિ કરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય! માત્ર આપને જ શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો. (૪૨)

એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાનને,
અતિ હર્ષથી રોમાંચી જેના શરીર કેરા અંગને;
તુજ મુખકમળ નિર્મળ વિશે જિનેન્દ્ર બાંધી દૃષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ! રચે છે, આપ કેરી સ્તુતિને. (૪૩)

જનનયન કુમુદચંદ્ર સ્વામી,
ચળકતી સંપદ સ્વર્ગની જ પામી;
નિર્મળ મનના થવા થકી એ,
તુરત જશે જન મોક્ષને વિશે તે. (૪૪)

# કલ્યાણમંદિર સ્તોત્ર

## [શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ]

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ રચિત "કલ્યાણમંદિર સ્તોત્ર" પણ શ્રી માનતુંગાચાર્ય રચિત "ભક્તામર સ્તોત્ર" ની માફક ખૂબ જ પ્રભાવશાળી છે. જે કોઈ આ સ્તોત્રનો ભક્તિપૂર્વક નિયમિત પાઠ કરે તે અવશ્ય કલ્યાણને – આત્મકલ્યાણને પ્રાપ્ત કરે, એવો મહિમા આ સ્તોત્રનો છે. એટલે કે ભક્તિ-રહસ્યથી ભરપૂર એવો મોક્ષમાર્ગ એમાં પ્રકાશિત થયો છે. એક નહિ પણ અનેકનું કલ્યાણ કરવાની શક્તિ જ્યાં રહેલી છે એવું મંદિરરૂપ આ સ્તોત્ર છે. એની પવિત્રતા એવી અદ્‌ભુત છે કે એનું પઠન કરનારના આત્માની પવિત્રતા પણ દિનપ્રતિદિન વધતી જાય છે અને છેવટે તે સ્વાત્મ પ્રગટાવી અપૂર્વ કલ્યાણને પ્રગટ કરે છે. જેમ મંદિરમાં પ્રવેશી પ્રભુ સમક્ષ જીવ આવે ત્યારે અશુભ વિચારો દબાઈ જાય છે અને મંદિરની પવિત્રતાને કારણે શુભ વિચારો આગંતુકના હૃદયને ભરી દે છે, તેમ શિર્ષકમાંથી ફલિત થતું આ રહસ્ય જેમ જેમ સ્તોત્રનો અભ્યાસ કરતા જઈએ છીએ તેમ તેમ વિશેષ ને વિશેષ યથાર્થ તેમ જ અદ્‌ભુત લાગતું જાય છે. અને નિયમિત રીતે તેનું મનન તથા અધ્યયન કરનાર કલ્યાણને પામતો જાય છે એવો અનુભવ પણ તેમ કરનારને થતો જાય છે.

આવા કલ્યાણકારી સ્તોત્રના રચયિતા, રચનાકાળ અને રચના નિમિત્ત વિશે જાણવાની જિજ્ઞાસા સહુ કોઈ ભાવિકને થાય તે સ્વાભાવિક છે. પરંતુ આ ત્રણે વિશે નિર્વિવાદ કહી શકાય એવી ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી. બલ્કે કર્ણોપકર્ણ મળતી કથાના આધારે મહત્ત્વના ગણાતા એવા ગ્રંથોમાં એની લેવાયેલી કેટલીક નોંધ આપણને મળે છે, અને એ જાણીને જ આપણે સંતોષ માનવો પડે તેમ છે. (આમ થવા માટે કેટલાંક કારણો વિચારી શકાય તેમ છે.) જૈન મુનિઓ જે કંઈ રચના કરતા

તે કરવા પાછળનો તેમના હેતુ કીર્તિનો નહિ પણ કલ્યાણનો રહેતો. તેમની મુખ્ય દૃષ્ટિ કીર્તિ પરત્વે ન રહેતી, આથી બીજી બધી વસ્તુઓની ગૌણતા થતી. એ જ રીતે તેઓ ઐતિહાસિકને બદલે આત્મિક દૃષ્ટિ સ્વીકારીને ચાલનારાઓ હતા, તેમને ઇતિહાસાદિનું કોઈ મહત્ત્વ ન રહેતું, 'આ રચનાથી આત્મા જાગૃત થાય છે કે કેમ' તે જ તેમની રચના માટેની કસોટી રહેતી, તેથી તેઓ પોતાનાં જીવનના પ્રસંગો, કાળ, સમય, વગેરે વિશે ગૌણતા રાખતા, અને મોટે ભાગે જણાવવાની ખેવના રાખતા નહિ. તેથી એ વિશે બીજા કોઈએ નોંધ લીધી હોય તેના ઉપરથી જ આપણે અનુમાન કરી કંઈક નિર્ણય પર આવવાનું રાખવું પડે, એવી પરિસ્થિતિ લગભગ બધા મોટા જૈન આચાર્યોની બાબતમાં થતી આવી છે. આ ઉપરાંત તેમની ભાષા, શબ્દોની પસંદગી, વાક્ય રચનાની રીત વગેરે પરથી અમુક અંશે રચનાકાળ નક્કી કરવામાં સહાયરૂપ થાય છે. ભાષા પ્રવાહી છે, અને સમયે સમયે ફરતી રહે છે. આથી ક્યું સ્વરૂપ ક્યા કાળે હતું તેની વિચારણા કરી પ્રસ્તુત રચના ક્યા કાળે થઇ હોવી જાઈએ તેનું અનુમાન વિદ્વાનો કરી શકે છે. પરંતુ આ બાબતમાં પણ કઈંક અવરોધ આવે છે. પૂર્વના કાળમાં મુદ્રણયંત્ર ખીલેલું નહોતું, તેથી ગ્રંથોની નકલો લહિયાઓ કરતા. અને તેઓ દેશકાળાનુસાર ભાષામાં ફેરફાર કરી, ગ્રંથોને વર્તમાન સ્વરૂપ આપતા. આમ હોવાથી ઘણીવાર ભાષાની પ્રાચીનતા પુરેપુરી જળવાય નહિ, અને સમય નક્કી કરવામાં પ્રવૃત્ત વિદ્વાનોને મુશ્કેલી નડે તેમ છતાં જે કંઈ મર્યાદિત સાધનો ઉપલબ્ધ થાય છે તેના આધારે જીવન, સમય આદિ વિશે તેઓ અમુક નિર્ણય પર આવે છે. અને એવું જ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ માટે પણ છે.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના જીવન વિશે, તેમના સમય વિશે તથા આ સ્તોત્રની રચના-પ્રસંગ વિશે આપણને નીચે જણાવેલા ગ્રંથોમાંથી કેટલીક માહિતી ઉપલબ્ધ થાય છે.

૧. શ્રી મેરુતુંગાચાર્યકૃત પ્રબંધ ચિંતામણિ. રચના સં. ૧૩૬૧.

૨. શ્રી પ્રભાચંદ્રસૂરિકૃત શ્રી પ્રભાવક ચરિત્ર, રચના સં. ૧૩૩૪.

૩. નવ સ્મરણ.

આ ત્રણે ગ્રંથોમાં લગભગ સમાન કહી શકાય એવા પ્રસંગો આપણને શ્રી સિદ્ધસેન દિવાકર વિશે જોવા મળે છે. વળી આ ગ્રંથોમાં એવો પણ ઉલ્લેખ જોવા મળે છે કે એમાં આપેલાં ચરિત્રો બહુશ્રુત આચાર્યોથી સાંભળીને અને કેટલાંક પ્રાચીન ગ્રંથોમાં જોઇને વર્ણવાયાં છે. એટલે કે આ ચરિત્રોમાં માત્ર વિશુદ્ધ ઇતિહાસ વર્ણવાયો છે તેમ નથી, પરંતુ તેમાં કર્ણોપકર્ણ ચાલી આવતી દંતકથાઓનું પણ એટલું જ મહત્ત્વનું સ્થાન છે. આથી ન બન્યા હોય એવા ઉપજાવી કાઢેલા પ્રસંગો પણ તેમાં સ્થાન પામી ગયા હોય એવું પણ બની જાય. તેમ છતાં અન્ય વિશુદ્ધ ઇતિહાસની અનુપલબ્ધતાને લીધે આ ગ્રંથો અને એમાંથી મળતી માહિતીનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું વધી જાય છે. વળી આ ગ્રંથો પણ પ્રાચીન હોવાને કારણે વિશેષ મહત્ત્વના ગણી શકાય.

આ ગ્રંથોમાં મળતી માહિતી જાણતા પહેલાં આ સ્તોત્રના ઉદ્‌ગમ વિશે કર્ણોપકર્ણ મળતી જે કથા મળે છે તે જોઇ જઈએ. કારણ કે બંનેનાં પ્રમાણમાં કથાનું મહત્ત્વ અલ્પ ગણી શકાય.

એક વખત સૂરિજી વિહારમાં હતા. માર્ગમાં જતાં સંધ્યાકાળ થયો હોવાથી તેમણે શિવના મંદિરમાં વાસ કર્યો. રાતના લિંગ તરફ મસ્તકને બદલે પગ રાખીને સૂરિશ્રી સૂતા. મંદિરના પૂજારીને એમાં શિવનું અપમાન જણાયું. આથી સૂરિશ્રી વિશે તેણે રાજાને ફરિયાદ કરી. રાજા શિવધર્મી હતો, તેને ખૂબ ગુસ્સો આવ્યો. સૂરિને સાચી રીતે વર્તવા આજ્ઞા કરી. સૂરિશ્રીએ ખુલાસો કર્યો કે લિંગની સામેની બાજુની નીચે ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા દટાયેલી છે. તેથી અશાતના ન થાય તે હેતુથી લિંગ તરફ પગ રાખ્યા હતા. લિંગનું અપમાન કરવાનો તેમનો કોઈ ઇરાદો નહોતો. આ વિશે રાજા તથા નગરજનો તરફથી સાબિતી માગવામાં આવી. પરિણામે આ સ્તોત્રની રચના થઇ તેના પ્રભાવથી જમીન ફાડીને પ્રતિમાજી ઉપર આવ્યા, બધે વાહવાહ થઇ. રાજા તથા નગરજનોને સંતોષ થયો.

ઉપર કહ્યા તે ત્રણ ગ્રંથોમાંથી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિનાં જીવન વિશે નીચેના પ્રસંગો તથા માહિતી જાણી શકાય છે. તે પરથી તેઓ કેવા પ્રભાવક પુરુષ હતા તેનું આપણને લક્ષ થઇ શકે છે.

શ્રી વૃદ્ધવાદિસૂરિ ગૃહસ્થાવસ્થામાં કોશલ ગામના રહેવાસી મુકુંદ નામના બ્રાહ્મણ હતા. તેમણે વૃદ્ધાવસ્થામાં પાદલિપ્તાચાર્યના પરમ્પર શિષ્ય વિદ્યાધર કુલિન આચાર્ય સ્કન્દિલસૂરિ પાસે જૈન દીક્ષા લીધી હતી. અને તેમને સરસ્વતીની આરાધનાના પ્રભાવથી અપૂર્વ વાદશક્તિ પ્રાપ્ત થઇ હતી, એથી તેઓ "વૃદ્ધવાદી" એ નામથી સર્વત્ર પ્રસિદ્ધ થયા હતા. સ્કન્દિલાચાર્યના સ્વર્ગવાસ પછી વૃદ્ધવાદીસૂરિએ તેમના પટ્ટધર આચાર્ય થઇને ઉજ્જૈની તરફ વિહાર કર્યો.

એ સમયમાં વિક્રમાદિત્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. એક દિવસ કાત્યયનગોત્રીય દેવર્ષિ બ્રાહ્મણ અને દેવશ્રીનો પુત્ર "સિદ્ધસેન" નામનો વિદ્વાન બ્રાહ્મણ ત્યાં આવ્યો. નગરની બહાર જ વૃદ્ધવાદીસૂરિ તેને મળ્યા. તે જ જગ્યાએ સૂરિ સાથે વાદ કરી હાર્યા પછી સિદ્ધસેન પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે તેમનો "કુમુદચંદ્ર" નામનો શિષ્ય થયો.

વર્તમાનકાલીન જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરીને ગીતાર્થ થતાં વૃદ્ધવાદિસૂરિએ કુમુદચંદ્રને આચાર્યપદ આપ્યું, અને "સિદ્ધસેન" એ પ્રથમનું જ નામ આપીને પોતાના ગચ્છના ઉત્તરાધિકારી બનાવ્યા.

એક વખત શ્રી સિદ્ધસેને પોતાની કવિત્વશક્તિથી વિક્રમાદિત્ય રાજાને ખુશ કર્યા. એના બદલામાં રાજાએ તેમને એક કરોડ સોનૈયા આપવા માંડ્યા, પણ તેમણે તે દ્રવ્યનો સ્વીકાર કર્યો નહિ, અને તે દ્રવ્યનો ઉપયોગ ગરીબ શ્રાવકો તથા જિનમંદિરોનો ઉદ્ધાર કરાવવામાં કર્યો.

શ્રી સિદ્ધસેન એક વખત ચિતોડગઢ ગયા હતા. ત્યાં તેમને વિચિત્ર સ્થંભ નજરે પડ્યો, જે ન પથ્થરનો હતો, ન માટીનો હતો કે ન લાકડાનો હતો. આચાર્યે આથી એની બારીક તપાસ કરી તો તે સ્થંભ તેમને લેપમય લાગ્યો. આથી તે સ્થંભને વિરુદ્ધ દ્રવ્યથી ઘસીને તેમાં એક છિદ્ર પાડયું, તો તે સ્થંભ પુસ્તકોથી ભરેલો જણાયો. આચાર્યે તેમાંથી એક પુસ્તક કાઢયું, અને તેનું એક પત્ર લઈને વાંચ્યું, એટલામાં તો કોઈ અદષ્ટ દેવતાએ તેમના હાથમાંથી તે પત્ર અને પુસ્તક ઝૂંટવી લીધાં. પરંતુ

તેમને તેમાંથી સુવર્ણસિદ્ધિ યોગ અને સરસવમાંથિ સુભટ (લડવૈયા) નિપજાવવાની વિધિ – આ બે ચીજો યાદ રહી ગઈ. પોતાને મળેલી આ સિદ્ધિનો ઉપયોગ તેમણે પૂર્વના કર્માર દેશના રાજા દેવપાલને શત્રુથી બચાવવામાં કર્યો હતો. જેનાં પરિણામે દેવપાલ રાજાએ શ્રી સિદ્ધસેનને "દિવાકર" એટલે કે "અંધકારમાં પ્રકાશ આપનાર" એવા નૂતન વિશેષણથી નવાજ્યા. ત્યારથી આચાર્યજી શ્રી સિદ્ધસેન દિવાકરના નામથી ઓળખાવા લાગ્યા.

શ્રી દેવપાલ રાજાનાં દાક્ષિણ્ય અને માનપાનમાં લેપાઈને શ્રી સિદ્ધસેન દિવાકર શિથિલાચારમાં પડી ગયા. તેમની આ પ્રમાદી અવસ્થાની ખબર તેમના ગુરુ શ્રી વૃદ્ધવાદીસૂરિ સુધી પહોંચી. ગુરુ વિહાર કરીને કર્મારપુર તેમની સમીપ આવ્યા. શ્રી સિદ્ધસેનને યુક્તિથી સમજાવી શિથિલાચારથી છોડાવ્યા. તે પછી શ્રી સિદ્ધસેનને ગચ્છનો ભાર સોંપી શ્રી વૃદ્ધવાદીસૂરિએ પરલોકવાસ કર્યો.

શ્રી સિદ્ધસેન દિવાકરે તે પછી મૂળ આગમ ગ્રંથો, કે જે પ્રાકૃત ભાષામાં રચાયેલા છે, તેને સંસ્કૃત ભાષામાં બદલી નાખવા વિચાર કર્યો અને તે કાર્ય પ્રારંભ્યું. પણ તેમના આ સંકલ્પથી શ્રમણ સંઘે એમને ઠપકો આપ્યો, અને બાર વર્ષ પર્યંત ગચ્છ તથા સાધુવેશ છોડી ચાલ્યા જવાનો દંડ કર્યો. અને તેમને કહ્યું કે "જો તમારાથી જૈન ધર્મની કોઈ મોટી ઉન્નતિ થતી સંઘ જોશે તો બાર વર્ષની અંદર પણ તમને માફ કરીને સંઘમાં લઈ લેશે." શ્રી સિદ્ધસેન દિવાકરે આ 'પારાંચિત' નામનું પ્રાયશ્ચિત સ્વીકાર્યું, અને ગચ્છ છોડીને ગુપ્ત વેશમાં ચાલી નિકળ્યા. સાત વર્ષ સુધી આમ તેમ ગુપ્તપણે ભ્રમણ કર્યા પછી, અવધૂત વેશે તેઓ ઉજ્જયિની નગરીમાં ગયા. કવિતાથી વિક્રમ રાજાનું મનોરંજન કરીને તેની સભાના પંડિત થઇને રહ્યા.

એક વખત આચાર્યજી પંડિતરૂપે, વિક્રમાદિત્ય રાજાની સાથે કુંડગેશ્વર નામના શિવાલયમાં ગયા, પણ ત્યાં શિવને નમસ્કાર કર્યા નહિ. રાજાએ તેનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે "મારા પ્રણામ સહન કરે તે દેવ બીજા જાણવા. આ દેવ મારા પ્રણામ સહન કરી શકે નહિ." રાજાને આ સાંભળીને વધારે આશ્ચર્ય થયું. તેમણે આચાર્યજીને વંદન કરવા આગ્રહપૂર્વક કહ્યું. તેથી શ્રી સિદ્ધસેન દિવાકરે આ પ્રસ્તુત સ્તોત્રની રચના

કરીને સ્તુતિ કરવા માંડી. આ સ્તોત્રનું તેરમું પદ બોલાતાં ધરણ નામનો નાગેન્દ્ર ત્યાં આવ્યો અને તેના પ્રભાવથી શિવલિંગ ફાટીને, તેની નીચેથી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઇ, તે જોઇને આચાર્યજીએ વિશેષ ભક્તિથી સ્તુતિ કરી. તેમણે રાજાને કહ્યું, અમારા પ્રણામ સહન કરે તે દેવ આ છે. આ આશ્ચર્યથી રાજા આચાર્યજીના પરમ ભક્ત બન્યા અને જૈનધર્મના સહાયક થયા. શ્રી સંઘે પણ શેષ પાંચ વર્ષનું પ્રાયશ્ચિત માફ કરીને આચાર્યજીને ફરી સંઘમાં લઈ લીધા.

કાળાંતરે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ વિક્રમ રાજાની રજા લઈ ઉજ્જયિનીથી વિહાર કરી પ્રતિષ્ઠાનપુર ગયા. તેઓ જ્યારે ભરૂચ પાસે પહોંચ્યા ત્યારે તેમણે કેટલાક ગોવાળોને પ્રાકૃત ભાષામાં રાસ ગાઈને ઉપદેશ કર્યો. એ સાંભળી ગોવાાળો પ્રતિબોધ પામ્યા, અને પાછળથી તે સ્થળે લોકોએ “તાલાકરસ” એ નામનું ગામ વસાવ્યું, જે હજુ પણ જિન મંદિરથી શોભી રહ્યું છે.

ત્યાર પછીથી આચાર્યજી ભરૂચ ગયા. ત્યાં બલમિત્રના પુત્ર ધનંજય રાજા રાજ્ય કરતા હતા. રાજાએ ઉત્સવપૂર્વક આચાર્યજીને નગરપ્રવેશ કરાવ્યો. પરંતુ તે જ વખતે અન્ય શત્રુરાજા તેના ઉપર ચડી આવ્યો, આથી આચાર્યજીએ સર્ષપ પ્રયોગથી અસંખ્ય સૈનિકો આપીને રાજાને બચાવી લીધો. આ પ્રસંગે આચાર્યજીએ પોતોને મળેલી સિદ્ધિનો બીજી વખત ઉપયોગ કર્યો. તે પછીથી તેમનું “સિદ્ધસેન” નામ વિશેષ પ્રસિદ્ધ થયું. આખરે આચાર્યજી દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુર ગયા, અને ત્યાં જ આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગવાસી થયા.

પાદલિપ્તસૂરિ અને તેમની જ શિષ્ય પરંપરામાં થયેલા વૃદ્ધવાદીસૂરિ ‘વિદ્યાધર’ વંશના હતા. એનું પ્રમાણ બતાવતાં પ્રબંધકાર જણાવે છે કે વિક્રમ સંવત ૧૫૦માં જાકુટિ શ્રાવકે નેમિનાથ ચૈત્યનો ઉદ્ધાર કર્યો, તે પછી વરસાદથી પડેલા મઠમાંથી નીકળેલી એક પ્રશસ્તિ ઉપરથી આ હકીકત ઉતારી છે.

ઉપર જણાવેલા ગ્રંથોમાં જો કે વૃદ્ધવાદી કે સિદ્ધસેનના અસ્તિત્ત્વ સમય વિશે સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, છતાં આમાં આપેલાં વિક્રમાદિત્ય અને સિદ્ધસેનનાં વૃતાંત પરથી એમને વિક્રમાદિત્યના સમકાલીન માનવાનું સહજ લાગે છે. બીજી તરફ પૂર્વદેશાંત

રાજા દેવપાલનું અને કામરૂપ (આસામ) ના રાજા વિજયવર્માનું વૃતાંત પણ આવે છે અને બંને રાજાઓને સિદ્ધસેનના સમકાલીન જણાવ્યા છે, જે ઉપરના સમય સાથે મેળમાં આવતો નથી.

બંગાળમાં દેવપાલ નામે રાજા થયેલ છે પણ તેનો સમય વિક્રમના દશમા સૈકાના પ્રારંભથી શરૂ થાય છે, અને વિજયવર્મા નામક રાજાનો તો ઇતિહાસમાં પત્તો જ લાગતો નથી.

બીજી તરફ પરમ્પરા ગાથાઓમાં શ્રી સિદ્ધસેન દિવાકર માટે 'पंचसेय वरिससए सिद्धसेणो दिवायरो जाओ' અર્થાત 'વીર નિર્વાણથી ૫૦૦ વર્ષે સિદ્ધસેન દિવાકર થયા.' મહાનિશીથ સૂત્રમાં પણ સિદ્ધસેન દિવાકરનો ઉલ્લેખ આવે છે. આ બધું જોતાં એ તો નિશ્ચિત થાય છે કે શ્રી સિદ્ધસેન દિવાકર પ્રસિદ્ધ પાલવંશી રાજા ધર્મપાલના પુત્ર દેવપાલના સમકાલીન તો નથી જ.

શ્રી સિદ્ધસેન ભરૂચમાં આવ્યા ત્યારે ત્યાં બલમિત્રના પુત્ર ધનંજયનું રાજ્ય હોવાનો ઉલ્લેખ મળે છે, એથી તેઓ વિક્રમના સમકાલીન હોય એવો ટેકો મળે છે. પણ અન્ય પ્રમાણો જોતાં એ બંનેનું સમકાલીનપણું સંભવિત જણાતું નથી. દેવપાલ રાજાના આગ્રહથી શ્રી સિદ્ધસેન દિવાકરે હાથી અને પાલખીની સવારીનો સ્વીકાર કર્યો હતો. એ પરથી લાગે છે કે તેઓ વિક્રમના પહેલા સૈકામાં નહિ, પણ ચોથા કે પાંચમા સૈકામાં થયા હોવા જોઈએ; કારણ કે તે સમયમાં જ આવા પ્રકારનો શિથિલ આચાર જૈન શ્રમણોમાં ચાલુ થયો હતો; તે પહેલાં નહિ.

શ્રી વૃદ્ધવાદિસૂરિ અનુયોગધર આર્ય સ્કંદિલના શિષ્ય હોવાનું જણાવાયું છે, આર્ય સ્કંદિલનો સમય વીર સંવત ૮૨૭ થી ૮૪૦ ( વિક્રમ સંવત ૩૫૭ થી ૩૭૦) સુધીમાં આવે છે. આ સમય દરમ્યાન વૃદ્ધવાદીસૂરિએ દીક્ષા લીધી હોય એમ માનીએ તો, એમના શિષ્ય સિદ્ધસેન દિવાકરનો સમય વિક્રમના ચોથા સૈકાના અંતમાં અને પાંચમા સૈકાના પૂર્વાર્ધમાં આવે છે. આ પરથી શ્રી સિદ્ધસેન દિવાકરને પ્રસિદ્ધ સંવત્સર પ્રવર્તક વિક્રમાદિત્યના નહિ, પણ ગુપ્તવંશી રાજા, બીજા ચંદ્રગુપ્તના સહવાસી માનવામાં

હરકત લાગતી નથી, કારણ કે આ રાજા ઘણા પ્રસિદ્ધ હતા અને 'વિક્રમાદિત્ય'ની ઉપાધિ ધરનારા હતા.

ગમે તેમ હો પણ શ્રી સિદ્ધસેન દિવાકરનો સમય વિક્રમની ચોથી પાંચમી સદી પછીનો તો નહિ જ હોય, કેમકે એમના યુગપદ્દુપયોગદ્ધયવાદનું જૈન આગમોની પ્રાચીન ચૂર્ણિઓમાં નિરાકરણ કરવામાં આવ્યું છે, અને વિક્રમની સાતમી સદીના ટીકાગ્રંથ નિશિથચૂર્ણિમાં આઠથી દશ સ્થળે 'સિદ્ધસેણ ખમાસમણ' અને 'સિદ્ધસેણાયરિય' એ નામથી ઉલ્લેખ થયેલો છે. એ ઉલ્લેખો પરથી એ સ્પષ્ટ જણાય છે કે એમણે નિશિથસૂત્ર ઉપર ભાષ્ય અથવા તે જાતના ગાથાબદ્ધ વિવરણ ગ્રંથની રચના કરી હતી. નિશિથ ચૂર્ણિમાં એક સ્થળે તો શ્રી સિદ્ધસેને યોનિપ્રાભૃતના પ્રયોગથી ઘોડા બનાવ્યાનો ઉલ્લેખ પણ મળી આવે છે, તેથી તેઓ ચોથી-પાંચમી સદીના વ્યક્તિ હોવાનું વિશેષ યોગ્ય લાગે છે. કારણ કે અન્ય ભાષ્યકારો પણ એ જ અરસામાં થયેલા છે.

આમ શ્રી સિદ્ધસેન દિવાકરનો ચોક્કસ સમય નિર્ણિત કરવામાં કેટલીક અસંદિગ્ધતાઓ જણાય છે. અને તેમ બનવામાં આપણે જોયું તેમ જૈન મુનિઓની કીર્તિ આદિ પરત્વે દૃષ્ટિ ન રહેતાં માત્ર આત્મા ભણી જ દૃષ્ટિ રહેતી હતી અર્થાત્ "આત્મા પાસે અન્ય સર્વની ગૌણતા" એ વૃત્તિ મુખ્ય કારણભુત જણાય છે.

શ્રી સિદ્ધસેન દિવાકરના જીવનના કેટલાક પ્રસંગો આવા પ્રબંધ અને ચરિત્રમાં જળવાઈ રહ્યા છે, જે આપણે ઉપર જોયા, પરંતુ તેમના જીવનનો કડીબદ્ધ ઈતિહાસ ક્યાંય પ્રાપ્ત થતો નથી. એમાં પણ ઉપર જોયાં તે કારણો જ નિમિત્ત જણાય છે. મુનિ પોતે આત્મદૃષ્ટિ રાખી કૃતિ રચતાં, સાથે સાથે તેની નોંધ લેનાર કે ટીકા રચનાર પણ મુનિઓ હતા તેથી તેમની પણ આત્મદૃષ્ટિ જ રહેતી, આથી જીવનનો ઈતિહાસ મળવો ઘણો કઠિન થઈ પડ્યો છે. શ્રી સિદ્ધસેન દિવાકર રચિત કેટલાક ગ્રંથો આજે પણ ઉપલબ્ધ થાય છે. જેમાં 'ન્યાયાવતાર', 'દ્વાત્રિંશિકાઓ', 'કલ્યાણમંદિર સ્તોત્ર' અને 'સન્મતિતર્ક પ્રકરણ' મુખ્ય છે. આ બધા ગ્રંથો વિદ્વાનો માટે આદરણીય છે.

આ સ્તોત્રમાં શ્રી સિદ્ધસેન દિવાકરે અનેક વિષમ સંકટોમાં અદ્‌ભુત સામર્થ્ય પ્રગટાવી, આત્મદશા વર્ધમાન કરી, કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવનાર ત્રેવીસમા તીર્થંકર થી પાર્શ્વનાથ પ્રભુના ગુણો અને જીવનના પ્રસંગો તથા અતિશયો ગૂંથ્યા છે. જે ભાવથી આચાર્યે સ્તુતિ કરી છે એવા અનન્ય ભાવથી સ્તુતિ કરવામાં આવે તો અવશ્ય સ્તુતિ કરનારનું કલ્યાણ થાય એવો આ સ્તોત્રનો ધ્વનિ છે. સાહિત્યની દૃષ્ટિએ આ એક ઉત્તમ પ્રકારની રચના છે. અનેક અલંકારોથી ભરપૂર છે અને એના અભ્યાસીને આત્મદૃષ્ટિએ અનેક પ્રકારે ઉપકારક છે. વળી આ સ્તુતિનો ધ્વનિ તથા હાર્દ સમજાતાં તે કાવ્ય આચાર્યની ઉચ્ચ આત્માવસ્થા, ભાવના આદિનો તે સબળ પુરાવો બની રહે છે. આ કાવ્યની રચના તેમણે સમૃદ્ધ સંસ્કૃત ભાષામાં કરેલી છે, કે જે ભાષા ઉપર તેમને વિશેષ પ્રકારનો પક્ષપાત તથા અસાધારણ કાબૂ હતા.

અહીં મૂળ સંસ્કૃત કડી સાથે તેનો ગુજરાતી અનુવાદ પણ લીધેલો છે. આ ગુજરાતી અનુવાદ શ્રીહરજીવન રાયચંદ શાહે કર્યો છે. તેમનો તે માટે આભાર.

કલ્યાણમંદિર સ્તોત્રની રચના શ્રી સિદ્ધસેન દિવાકરે ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને કરી છે. પ્રભુ પ્રત્યક્ષ હોય અને સામે બેસીને હૃદયમાં ઉઠતા ભાવો અસરકારક વાણીમાં પ્રગટ થતા હોય એવા શુદ્ધ વાતાવરણમાં આ રચના વાંચતી કે સમજતી વખતે મૂકાતા હોઈએ એવો અનુભવ થાય છે. આ સ્તોત્રમાં આરંભમાં મંગલાચરણ, રચનાનો હેતુ, રચના કરવામાં પોતાને અનુભવાતી પોતાની અલ્પતા, છતાં પ્રભુના ગુણો જણાતા પ્રસરતો અદમ્ય ઉલ્લાસ પ્રગટ કરવાની તીવ્ર ઝંખનાને કારણે થતી રચના, પ્રભુ ભક્તિનું મહાત્મ્ય, પ્રભુને પ્રગટેલા અતિશયો, પૂર્વે ન કરેલી ભક્તિનો પશ્ચાત્તાપ, અને અંતમાં પ્રભુનું ગ્રહણ કરેલું અનન્ય શરણ ભાવિમાં ક્યારેય ન છૂટે તેવી ભાવભરી વિનંતિ તથા આ કાવ્ય અને આ માર્ગની ફલશ્રુતિ અપાયાં છે, અને આ ક્રમ ભવ્ય જીવને ભાવ જાગે તો આત્મદશામાં આગળ વધારે તેવો છે તે તેનો અભ્યાસ થતા સમજાય છે. આટલું વિચારી હવે સ્તોત્રના અભ્યાસ પ્રતિ આપણે આગળ વધીએ.

મૂળ સ્તોત્રની રચના શ્રી સિદ્ધસેન દિવાકરે વસંતતિલકા છંદમાં કરી છે, અને માત્ર તેની એક અંતિમ કડી આર્યામાં છે. જ્યારે અહીં લીધલો અનુવાદ હરિગીતમાં છે, તથા અંતિમ કડી આર્યામાં છે.

कल्याण मंदिरमुदार मवद्यभेदि
भीता भयप्रदम निन्दित मंघ्रिप्रपद्मम् ।
संसार सागर निमज्जदशेष जंतु
पोतायमानभमिनम्य जिनेश्वरस्य ।।१।।

यस्य स्वयं सुरगुरुर्गरिमांबुराशे
स्तोत्रं सुविस्तृत मतिर्न विभुर्विघातुम् ।
तीर्थेश्वरस्य कमठस्य धूमकेतोस्
तस्याहमेष कित संस्तवनं करिष्ये ।।२।।

કલ્યાણનું મંદિર અને ઉદાર ઈચ્છિત આપવે,
દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;
સંસાર દરિયે ડૂબતાને નાવરૂપે જે વળી,
નિર્દોષ પ્રભુનાં પદકમળને પ્રથમ હું પ્રેમે નમી. (૧)

સાગર સમા જેના મહિમાની સ્તુતિ કરવા વિશે,
વિશાળ બુદ્ધિ સુરગુરુ તે છેક શક્તિહીણ દીસે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે. (૨)

મંગલાચરણ રૂપ આરંભની આ બે કડીઓમાં આચાર્યજી, પોતે કરવા ધારેલી રચનાનો હેતુ પણ સમાવી દે છે. પ્રાચીન કાળમાં કોઈ પણ રચનાના પ્રારંભમાં વિઘ્નહર્તા દેવની સ્તુતિ કરવામાં આવતી હતી, અને એ સ્તુતિ મંગલાચરણ તરીકે ઓળખાતી. આ પ્રકારની સ્તુતિ રચવામાં કર્તાનો હેતુ એવો રહેતો કે પોતે આરંભેલું શુભ કાર્ય એ દેવના પ્રભાવથી અને આશીર્વાદથી નિર્વિઘ્ને પૂર્ણ થાય અને પોતે શુભ્ર

કીર્તિના ભોકતા બને. કેટલીક વખત રચનામાંથી પોતાનું કર્તૃત્વ કાઢી નાખવા, તથા સત્કાર્યનો યશ વિઘ્નહર્તા દેવને આપવાની વૃત્તિથી પણ મંગલાચરણની રચના થતી હતી. મંગલાચરણની રચનાની એ પ્રણાલિકાને આચાર્યજી અહીં અનુસરેલા જણાય છે. તેઓ ગણેશ આદિ દેવની સ્તુતિ કરતા નથી પણ મહાસમર્થ સર્વજ્ઞ પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરીને આરંભ કરે છે. અન્ય દેવો છે તેઓ કર્મોથી લેપાયેલા હોવાને કારણે અનેક મર્યાદાઓથી બંધાયેલા છે, ત્યારે પાર્શ્વનાથ પ્રભુ સહુ કર્મોથી મૂકાયેલા હોવાથી નિર્બંધ છે અને સંપૂર્ણ છે. તેમના આશિષથી કરેલું કાર્ય સંપૂર્ણ થાય છે અને ઉત્તમ પણ નીવડે એવી ભાવના અંતર્ગત રહેલી જોઇ શકાય છે.

પ્રભુના ગુણો બતાવી, પોતે કોની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા છે તે જણાવતાં આ બે યુગ્મરૂપ કડીઓમાં આચાર્યજી કહે છે કે ‘કલ્યાણના મંદિરરૂપ, જે ઇચ્છવામાં આવે તે આપવાની ઉદાર વૃત્તિવાળા, ભયથી ભરેલાને અભય આપનાર દાનેશ્વરી, કોઈ પણ અશુભને કાપવામાં સમર્થ, સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા પ્રાણીને નૌકારૂપ એવા શ્રી તીર્થંકર પ્રભુના નિર્દોષ ચરણકમળને હું પહેલાં વંદન કરીને, શ્રી તીર્થપતિની સ્તુતિ કરીશ.’ ક્યા તીર્થપતિની સ્તુતિ ઇચ્છી છે? ‘જે તીર્થંકર પ્રભુના સાગર જેટલા મહાન મહિમાની સ્તુતિ કરવા વિશાળ બુદ્ધિવાળા ઇન્દ્ર પણ સાવ શક્તિરહિત લાગે છે, અને જે કમઠના ગર્વને બાળવામાં અગ્નિ જેવા જણાયા હતા તેવા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવા હું ઇચ્છું છું.’ આમ બીજી કડીમાં આચાર્યજી આપણને જણાવે છે.

આ કડીઓમાં આચાર્યજી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવાનો પોતાનો મનોરથ, પ્રભુનાં ચરણમાં વિનયપૂર્વક વંદન કરીને પ્રગટ કરે છે. આમ સર્વોત્તમ પદવીધારક તીર્થંકર પ્રભુને વંદન કરી, મંગલાચરણની પંક્તિઓમાં જ આ રચનાનો હેતુ આચાર્યજીએ સમાવી દીધેલો જોઇ શકાય છે. જે પ્રભુ અત્યંત મહાન છે, જેમનાં અનેક ગુણો પ્રકાશિત છે, અને જે ઇચ્છિત આપવા સમર્થ છે તેવા મહાન આત્માની ભક્તિ કરવાનો ઉદ્દેશ અહીં ખૂબ જ ખૂબીપૂર્વક આચાર્યજીએ મૂકી દીધો છે. તેમાં થોડામાં ઝાઝું કહેવાની આચાર્યજીની કલાનો આપણને પરિચય થાય છે. આ બંને કડીઓના વિશેષણો તથા શબ્દોનો વિચાર કરીએ તો કરેલું વિધાન વધારે સ્પષ્ટ થશે.

પ્રારંભની કડીમાં આચાર્યજી તીર્થંકર પ્રભુનાં ચરણને ખૂબ પ્રેમભાવથી નમન કરવા ચાહે છે. કેવાં છે આ ચરણ? આરંભમાં જ મંગલસૂચક શબ્દોથી જણાવ્યું છે તે પ્રમાણે પ્રભુનાં ચરણ આચાર્યજીને મન "કલ્યાણનાં મંદિર" રૂપ છે. જ્યાં એક પ્રકારે નહિ પણ અનેક પ્રકારે કલ્યાણ તથા શાંતિ પ્રાપ્ત થાય એવા પવિત્ર ધામને આપણે મંદિર કહીએ છીએ. મંદિર અને પવિત્રતાને અવિનાભાવિ સંબંધ છે, આથી 'મંદિર' શબ્દથી ઘણા પ્રકારની પવિત્રતાનું સૂચવન થાય છે. અને એ પવિત્રતાના પડછાયામાં કલ્યાણ અથવા સુખશાંતિની અનુભૂતિ અવશ્ય રહેલી હોય છે. આથી જે જગ્યાએથી અનેકવિધ રીતે સુખ-શાંતિ-પવિત્રતા વધતાં જાય તે કલ્યાણનાં મંદિરરૂપ કહી શકાય. વળી એ જગ્યાએથી કોઈ પણ જીવ કોઈ ને કોઈ પ્રકારે શાંતિ કે સુખ મેળવ્યા વગર પાછો જાય નહિ. આ લક્ષણથી તપાસતાં પ્રભુનાં ચરણ ખરેખર કલ્યાણનાં મંદિરરૂપ છે. તીર્થંકર પ્રભુનાં ચરણની પવિત્રતા એટલી બધી છે કે તેની આસપાસ કોઈ પણ પ્રકારની અપવિત્રતા વાસ કરી શકતી નથી. ગમે તેવી અપવિત્રતા હોય તો પણ તે પ્રભુનાં ચરણનો સ્પર્શ પામતાં પવિત્ર બની જાય છે. જે જીવ પ્રભુનાં ચરણનું શરણ લે છે તેના બધા દોષો ગળી જાય છે, અને કાળે કરીને તે જીવ પવિત્ર આત્મા બને છે. આથી પ્રભુનાં ચરણને "કલ્યાણનાં મંદિરરૂપ" કહેવાં યથાર્થ જણાયા વિના રહેશે નહિ.

આ ઉપરાંત શ્રી તીર્થંકર પ્રભુનાં ચરણ "ઇચ્છિત આપવામાં ઉદાર" છે. પ્રભુનાં ચરણમાં જઈને જે જીવ જે કંઈ ઇચ્છે તે તેને કાળે કરીને, યોગ્ય સમય આવતાં પ્રાપ્ત થાય છે. જે જીવ સંસાર માગે તેને સંસાર મળે છે, વૈભવ માગે તેને વૈભવ પ્રાપ્ત થાય છે, સત્તા ઇચ્છે તે સત્તાધીશ થાય છે, કુટુંબમાં જ મગ્ન થવા ઇચ્છે તે બહોળા કુટુંબમાં વસતો બને છે, અને આત્મિક સુખ કે મોક્ષ માગે તે આત્મિક સુખ તથા મોક્ષનો ભોકતા બને છે. પ્રભુનાં ચરણ કોઈ પણ યાચકને નિરાશ કરતાં નથી. યાચકના ભાવની તીવ્રતા મંદતા અનુસાર ઈચ્છિતની પ્રાપ્તિ વહેલી કે મોડી થાય તેમ બને છે, પણ ક્યારેય ઈચ્છિત પ્રાપ્ત ન થાય તેવું બનતું નથી. પ્રભુ સિવાય અન્ય કોઈ પાસે જ્યારે ઈચ્છિતની માગણી કરવામાં આવે છે ત્યારે તેની પ્રાપ્તિ દાતાની શક્તિમર્યાદા અનુસાર થાય છે. દરેક દાતાને પોતાનાં કર્મ આશ્રિત ભાવોની અને પોતા પાસે

પદાર્થનાં હોવાપણાની મર્યાદા રહ્યા કરે છે. ત્યારે પ્રભુનાં ચરણને આવી કોઈ મર્યાદા નથી. પ્રભુ પોતે સ્વયંસંપૂર્ણ છે, તેમને કોઈ પણ વસ્તુ માટે બીજા પર આધાર રાખવાનો રહેતો નથી. આથી પ્રભુનાં ચરણનો એવો મહિમા છે કે તેમની પાસેથી કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય રહેતી નથી. કલ્પવૃક્ષ આદિ પાસે બીજી અનેક ઈચ્છાઓ પૂર્ણ થઈ શકે છે, પણ મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ થઈ શકતી નથી, તે ઈચ્છાપૂર્તિ માટે તો પ્રભુનાં ચરણને જ આરાધવા પડે છે. અર્થાત્ એવી કોઈ પણ ઈચ્છા નથી કે જે પ્રભુનાં ચરણ પાસેથી પૂર્ણ ન થાય. વળી, જ્યારે અન્ય કોઈ પાસે ઈચ્છાપૂર્તિની માંગણી કરવામાં આવે ત્યારે તેની પાસેથી તે પ્રાપ્તિનો પુણ્યોદય જોઈએ છે. તે ન હોય તો પ્રાપ્તિ થતી નથી. પ્રભુનાં ચરણ પાસે ઈચ્છવામાં આવે ત્યારે પણ પુણ્યોદયની જરૂર તો છે જ, પણ જ્યાં પ્રભુનાં ચરણને નમીને વંદન કરવામાં આવે છે ત્યાં જ એ પુણ્યોપાર્જનનો પ્રારંભ થઈ જાય છે, જેથી યાચકને આ જરૂરિયાતની ગણતરી કરવાની રહેતી નથી. અન્યને કાળની મર્યાદા નડે છે, નિર્બંધ પ્રભુચરણ એ મર્યાદાથી પર છે, આથી તેની પાસે કરેલી માંગણી કાળાંતરે પણ, એ મેળવવા યોગ્ય પુણ્ય એકઠું થાય ત્યારે પૂર્ણ થાય છે. અલબત્ત, પ્રભુનાં ચરણનું ધ્યાન ધરતાં અમુક અશુભ ઈચ્છાઓ પલટાઈને શુભ સ્વરૂપ પામી જાય કે જેથી કોઈનું પણ તે દ્વારા અકલ્યાણ સંભવી શકે નહિ, તે વાત જુદી છે. તેમાં પણ પ્રભુનાં ચરણનો વધતો મહિમા જ દેખાય છે. આમ પ્રભુનાં ચરણ ઈચ્છિત આપવામાં સૌથી ઉદાર છે.

સહુને ઈચ્છિત આપવામાં કુશળ એવાં પ્રભુનાં ચરણ સર્વ શરણાર્થીનું કલ્યાણ થાય એનું લક્ષ રાખ્યા જ કરતા હોય છે. આથી જે ઈચ્છાની પૂર્તિમાં અકલ્યાણ સંભવતું હોય તે ઈચ્છા જ પલટાઈને કલ્યાણસ્વરૂપ ધારણ કરે તેવો પ્રભુચરણનો મહિમા છે. આ પ્રકારના મહિમા દ્વારા – સામર્થ્ય દ્વારા પ્રભુનાં ચરણ સર્વને અભય આપવામાં તત્પર રહે છે. સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રત્યેક જીવ કોઈ ને કોઈ પ્રકારનાં ભયથી પીડાતો હોય છે, અને એ ભયને કારણે અનેક પ્રકારનાં દુઃખો વેદતો રહે છે. આવા ભયભીત જીવો પ્રભુનાં ચરણનું શરણ સ્વીકારે તો તે ભયના ભયથી મુક્ત થાય છે – અર્થાત્ અભય બને છે. સામાન્ય રીતે જીવને સૌથી મોટો ભય અકલ્યાણનો હોય છે

અને પ્રભુચરણની સેવના પછી અકલ્યાણ સંભવી શકતું નથી. વળી ચરણ સેવ્યા પહેલાં બાંધેલા અશુભ કર્મોના ઉદયથી કષ્ટો ઉત્પન્ન થાય ત્યારે તે બધું જવા માટે છે અને આત્મસુખ તો સમીપ જ છે એવી ભાવનાને લીધે આવેલ કષ્ટ ભયરૂપ થઇ શકતું નથી. આમ આ બધી અપેક્ષાએ જોતાં પ્રભુનાં ચરણ સહુ કોઈને અભય કરે છે.

જે અશુભ તત્ત્વ છે તેનો નાશ કરવામાં પ્રભુનાં ચરણ જેવું સમર્થ બીજું કોઈ નથી, એવો આચાર્યજીનો અભિપ્રાય છે. પ્રભુનાં ચરણને સેવ્યા પછી મોટા અશુભ કર્મોનો આશ્રવ થતો નથી, એટલું જ નહિ પણ પૂર્વનાં બંધાયેલાં અશુભ કર્મો પણ પ્રભુચરણના મહિમાથી નાશ પામે છે. પ્રભુનો મહિમા જ એવો છે કે તેની આસપાસ અશુભ ડોકાઈ શકતું નથી, તો પછી પ્રભુનાં શરણમાં રહેનારને અશુભ પીડા તો ક્યાંથી જ આપી શકે? જેમ જેમ પ્રભુચરણનું સેવન થતું જાય છે તેમ તેમ પ્રભુના ગુણો ભક્તમાં આવવા લાગે છે, અર્થાત્ ભક્તમાં ગુણો ખીલતા જાય છે, અને દુર્ગુણો નાશ પામતા જાય છે, એટલે ભક્ત સાચા આત્મિક સુખનો ભોક્તા બની, અશાંતિથી વિમુક્ત થાય છે. આ રીતે જોતાં પ્રભુનાં ચરણ અશુભનો નાશ કરવામાં મહાસમર્થ જણાયા વિના રહેતાં નથી.

આજ રીતે આચાર્યજી પ્રભુચરણને સંસાર-સમુદ્રમાં ડૂબતાં પ્રાણીને નૌકા સમાન સહારો આપનાર ગણાવે છે. કર્મથી લેપાયેલો આત્મા પ્રભુનાં શરણમાં ન જતાં સ્વચ્છંદથી વર્ત્યા કરે છે ત્યાં સુધી તે મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક ગતિમાં પોતાનાં શુભાશુભ કર્મ અનુસાર પરિભ્રમણ કર્યા કરે છે, અને તેમાંથી છૂટવા માટેનો – પંચમ ગતિ પામવા માટેનો ઉપાય તેને પ્રાપ્ત થતો નથી. વળી આ સંસારની ગહનતા અને વિશાળતા સમજાવવા માટે બુધજનોએ તેને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્રની વિશાળતા અને ઊંડાણના પરિચયી જીવો તે પરથી સંસારની વિશાળતા અને ગહનતાનો લક્ષ કરી શકે છે. આવા સમુદ્રનાં મધ્યનાં ઊંડાણમાં કોઈ પ્રાણી ફસાય તો અન્ય સહાય વગર, માત્ર પોતાનાં બાહુબળથી તે કિનારે પહોંચી શકતો નથી, પણ તેના હાથમાં લાકડાની નાની નૌકા પણ હલેસાં સાથે પ્રાપ્ત થાય તો તેની સહાયથી તે સહીસલામત કિનારે આવી શકે છે. આમ કર્મથી લેપાયેલો જીવ સંસારની મધ્યમાં

ફસાયેલો રહે છે અને ચતુર્ગતિથી બહાર નીકળી શકતો નથી, એટલે કે નિજછંદે ચાલી મોક્ષરૂપી કિનારે પહોંચી શકતો નથી, બલ્કે અનંત પ્રકારનાં દુઃખો ભોગવતો ભોગવતો કાળ નિર્ગમન કરે છે. આવો જીવ જો સ્વચ્છંદ છોડી પ્રભુનાં ચરણનું શરણ સ્વીકારે તો તેને સમુદ્ર તરવા માટેની નૌકા પ્રાપ્ત થાય છે. એના અનાદિકાળથી ચાલ્યા આવતાં પરિભ્રમણનો અંત આવે છે, અને અલ્પ કાળમાં મોક્ષસુખનો ભોકતા બને છે. આમ યથાર્થ રીતે પ્રભુનાં ચરણ એ સંસાર-સમુદ્રમાં ડૂબતા પ્રાણીને તરવા માટે પ્રાપ્ત થયેલી નૌકા સમાન ઉપકારી છે.

એકાંતે કલ્યાણકારી, ઈચ્છિત દેનાર, અભયના આપનાર, અશુભનો નાશ કરવામાં સમર્થ, સંસારમાં ડૂબતા પ્રાણીને તરવા માટે નૌકા સમાન પ્રભુનાં ચરણ અત્યંત નિર્દોષ છે. તેમનાં ચરણ થકી કોઈનું જરા પણ અકલ્યાણ થતું નથી. તીર્થંકર પ્રભુ જ્યારે વિહાર કરે છે, ઊભા રહે છે, દેશના આપવા વિરાજે છે, અથવા કોઈ પણ ક્રિયા કરે છે, ત્યારે તેમનાં ચરણ જમીનને અડતાં નથી, પણ જરા અદ્ધર રહે છે. આથી પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયની હિંસા પણ તેમના થકી થતી નથી, તે જીવ પણ તેમના થકી દુભાતા નથી, અને એ રીતે પ્રભુનાં ચરણ અત્યંત નિર્દોષ છે. બીજી બાજુ અન્ય જીવો આ હિંસાથી નિવર્તી શકતા નથી. તેઓનાં ચરણ જમીનને અડે છે, જમીન સાથે ઘસડાય છે અને એ દ્વારા પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયની હિંસા થાય છે, જેનો અજાણતાં હિંસા કર્યાનો દોષ પણ લાગે છે, અને તેટલા પ્રમાણમાં આ ચરણ દોષિત ઠરે છે. તે જોતાં પ્રભુનાં ચરણ સંપૂર્ણ નિર્દોષ છે.

પ્રભુનાં મહાસમર્થ અને અતિ પવિત્ર ચરણને વંદન કરીને આચાર્યજી આ સ્તોત્રનો પ્રારંભ કરે છે, એ ખૂબ જ સૂચક છે. જગતની સૌથી પવિત્ર વસ્તુ – પ્રભુનાં ચરણને વંદન કરી એ પવિત્રતા પોતામાં પ્રગટાવવાનો અવ્યક્ત ભાવ સહેજે જણાઈ આવે છે અને આવાં પવિત્ર ચરણનું ધ્યાન ધરી આરંભેલું શુભ કાર્ય પૂર્ણ થાય એવી ભાવના પણ રહી હોય એમ કલ્પી શકાય છે. (૧)

પોતે આરંભેલી સ્તુતિમાં કોના સ્તુત્ય ગુણો વર્ણવવા ધાર્યા છે તે આચાર્યજી બીજી કડીમાં જણાવે છે. દેવોના ગુરુ તથા મહા બુદ્ધિશાળી બૃહસ્પતિ જેવા પણ જે પ્રભુના

મહિમાના સાગરનું વર્ણન કરવા સમર્થ થયા નથી, અને કમઠ નામના દૈત્યના ગર્વને બાળવામાં પ્રત્યક્ષ અગ્નિરૂપ એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવા આચાર્યજી પ્રવૃત્ત થયા છે.

ચારે ગતિમાં લબ્ધિ, સિદ્ધિ તથા બુદ્ધિ દેવલોકમાં વિશેષ હોય છે. વિશેષ પુણ્યના ભોગવટા માટે આ ગતિ નિર્માઈ છે તેથી બુદ્ધિ, શક્તિ ત્યાં વિશેષ હોય તે સ્વાભાવિક છે. આમ દેવો તેમની વિશાળ બુદ્ધિ તથા શક્તિ માટે પ્રખ્યાત છે. એમાંય તેમના ગુરુ – સર્વશ્રેષ્ઠ દેવની બુદ્ધિ તથા શક્તિ માટે તો પૂછવું જ શું ? પ્રભુનાં પાંચ કલ્યાણક – ગર્ભ કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, જ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક – ઉજવતી વખતે દેવોમાં શ્રેષ્ઠ એવા ઈંદ્ર પોતાનાં હજાર રૂપ વિકુર્વીને હજાર જીહ્વાથી પ્રભુની સ્તુતિ કરતાં કરતાં તેમનો મહિમા વર્ણવે છે. પરંતુ ઈન્દ્રને ય પ્રભુનાં ગુણો તથા શક્તિનું વર્ણન કરવા માટે એ હજાર જીભ પણ ઓછી પડે છે, અર્થાત ઈંદ્ર પોતાને જણાયેલા, અનુભવાયેલા પ્રભુના મહિમાને એ હજાર જીભ દ્વારા પણ પૂર્ણપણે પ્રગટ કરી શકતા નથી. તેથી જ આચાર્યજી જણાવે છે કે વિશાળ બુદ્ધિવાળા સુરગુરુ પણ પ્રભુના સાગર જેવા મહિમાનું વર્ણન કરવામાં શક્તિહીન જણાય છે. આવો અનુભવ કબીરને પણ થયો જણાય છે. તેઓ કહે છે,

“ધરતીકા કાગજ કરું, કલમ કરું વનરાઈ;
સાત સમુદ્રકી શાહી કરું, હરિગુણ લિખ્યા ન જાય.”

આ વસ્તુ તો પ્રત્યેક તીર્થંકર તથા મહાન આત્માઓ માટે સત્ય છે. આથી અહીં સુધીનાં વર્ણન પરથી એ સમજાતું નથી કે આચાર્યજી, ચોવીસમાંથી ક્યા તીર્થંકર પ્રભુની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા છે, એની સ્પષ્ટતા આપણને ત્રીજી પંક્તિમાંથી મળી રહે છે. જે પ્રભુ મહાગર્વિષ્ઠ એવા કમઠ દૈત્યનો ગર્વ તોડવામાં અગ્નિરૂપ પુરવાર થયા હતા તે પ્રભુની સ્તુતિ કરવા આચાર્યજી પ્રવૃત્ત થયા છે. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુને કમઠ દૈત્યે પૂર્વનાં વેરને કારણે અનેક ઉપસર્ગો કર્યા હતા. પાર્શ્વનાથ પ્રભુનો જીવ અને કમઠનો જીવ છ ભવ પૂર્વે ભાઈ રૂપે હતા, અને એ વખતે તીવ્ર વેરનો બંધ પડ્યો હતો. આથી તે પછીના પ્રત્યેક ભવે કમઠનો જીવ

પાર્શ્વનાથ પ્રભુના જીવને પ્રાણઘાતક ઉપસર્ગ કરતો હતો, અને પ્રભુનો જીવ ક્ષમાભાવ ધારણ કરી સહન કરતો જતો હતો. અંતિમ ભવમાં કમઠ રૂપે પ્રભુના આત્માને ઘણા કષ્ટકારી ઉપસર્ગો કર્યા હતા, અને એમ કરવામાં તેને ગૌરવ હતું. તેને હતું કે મારું સામર્થ્ય એટલું બધું છે કે હું ધારું તેનો નાશ કરી શકું અને નાશ કરવાના ઉદ્દેશથી જ કમઠે પ્રભુના આત્માને અનેક પ્રકારે પીડા આપવાનો પુરુષાર્થ કર્યો હતો. પણ તે બધા ઉપસર્ગોને સમભાવે જીતીને શ્રી પ્રભુએ પોતાનું અનંત, અવ્યાબાધ આત્મિક સુખ પ્રગટાવ્યું હતું. કરવા ધારેલો પ્રભુનો નાશ કમઠ ન કરી શક્યો એથી એના ગર્વનું ખંડન થયું, અને બીજી બાજુ પ્રભુનો આત્મા મહાશક્તિશાળી બની સર્વજ્ઞ થયો. આ પ્રસંગથી આપણને પ્રભુનાં સામર્થ્યનું લક્ષ થાય છે. વળી કમઠે ઉપસર્ગ પાર્શ્વનાથ પ્રભુને જ કર્યા હતા તે પરથી સમજાય છે કે આચાર્યજી શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા છે.

આમ આ બીજી કડીમાં પોતે કેવા મહાન આત્માના ગુણગાન ગાવાનું સ્વીકાર્યું છે તે આપણી સમક્ષ આચાર્યજી પ્રગટ કરે છે. જે કાર્ય દેવોના ઈંદ્ર પણ કરી શકયા નથી તે કાર્ય કરવા આચાર્યજી પ્રવૃત્ત થયા છે તેમાં તેમની બડાઈ નથી, પણ તેમને મન આ કાર્ય અત્યંત પવિત્ર અને પ્રેરણાદાયી હોવાને લીધે ગમે તેવી મર્યાદિત શક્તિઓ હોય છતાં પણ કરવા યોગ્ય લાગ્યું છે, અને તેથી તેમણે પવિત્ર કાર્યનો આરંભ કર્યો છે. વળી આ કાર્ય પૂર્ણ કરવા માટે આવા મહાસમર્થ પ્રભુની આશિષ પણ માગી છે, જેનાથી એ કાર્ય પૂર્ણ થઇ શકે. આચાર્યજી પોતે કરવા ધારેલા કાર્યનાં મહાનપણાથી અથવા તો પોતાની મર્યાદાથી અજાણ હતા તેમ નથી, તેઓ તેના સંપૂર્ણ જાણકાર હતા અને મર્યાદાથી વાકેફ હતા તે ત્રીજી કડીમાં જ જણાય છે. એ કડીમાં તેઓ પોતાની મર્યાદાને ઘૂવડના બચ્ચાનું ઉદાહરણ લઈને પોતાની લાક્ષણિક શૈલીમાં વર્ણવે છે. (૨)

सामान्यतोडपि तव वर्णयितुं स्वरुपम्  
अस्माद्दशः कथमधीश भवंत्यधीशाः ।  
धृष्टोऽपि कौशिक शिशुर्यदि वा दिवान्धो  
रुपं प्ररुपयति कि किल धर्म रश्मेः ।। ३ ।।

સામાન્ય રીતે પણ તમારાં રૂપને વિસ્તારવા,
જિનરાજ! શક્તિમાન દુર્લભ મૂઢ મુજસમ છે થવા;
દિનઅંધ ધીરજવાન બચ્ચું ઘૂડનું જે તેહથી,
નહિ સૂર્યકેરાં રૂપને વર્ણી શકે તે સ્નેહથી. (૩)

આચાર્યજી પોતાની મર્યાદા પ્રભુ સમક્ષ સ્પષ્ટ કરતાં પ્રભુજીને જણાવે છે કે હે જિનરાજ! તમારા જેવા અલૌકિકનું સામાન્ય સ્વરૂપ વર્ણવવું એ પણ મારા જેવા મંદબુદ્ધિવાળા માટે સુલભ નથી. જેમ દિવસના ન જોઇ શકનાર ઘૂવડ પક્ષીનું બચ્ચું ગમે તેટલી ધીરજવાળું હોય તો પણ તે સૂર્યનું સ્વરૂપ વર્ણવવા માટે શક્તિશાળી નથી તેમ.

આ કડીમાં આચાર્યજી પોતાને દિનઅંધ ઘૂવડનાં બચ્ચાં સાથે સરખાવે છે, અને પ્રભુને દેદીપ્યમાન સૂર્ય સાથે સરખાવે છે. તે દ્વારા સર્જાતી પરિસ્થિતિથી તેઓ પોતાની મર્યાદા પ્રકાશિત કરે છે.

ઘૂવડનાં બચ્ચાંને આંખો હોવા છતાં પણ તે દિવસના ભાગમાં જોઇ શકતું નથી, તેને સર્વત્ર અંધકાર જ દેખાય છે. સૂર્યના પ્રકાશમાં તેની આંખો એવી અંજાયેલી રહે છે કે તેને બીજું કંઈ પણ દેખાતું નથી. તેની આંખોનું નૂર જ એ પ્રકારનું હોય છે કે તેને ઝળહળતા સૂર્યનો પ્રકાશ પણ અંધકારમય જ લાગે છે, ત્યારે રાત્રિના અંધકારમાં તેની આંખો કામ કરે છે. તે બધી વસ્તુઓ રાત્રિના સમયે જોઇ શકે છે. આમ ઘૂવડનાં બચ્ચાંને સૂર્યનાં દર્શન થતાં જ નથી. તે બીજા પાસેથી ઝળહળતા સૂર્યના પ્રકાશ વિશે અનેક વાતો સાંભળી, પોતે એ પ્રકાશ અનુભવવા તથા વર્ણવવા તત્પર બને તો પણ તેનાથી તે કાર્ય થઇ શકતું નથી. આ બચ્ચું સૂર્યને વર્ણવવા માટે ગમે તેવી ધીરજવાળું હોય, અન્ય પ્રકારે ગમે તેવી શક્તિઓ ધરાવતું હોય તો પણ તે પોતાની જન્મજાત અશક્તિને કારણે કરવા ધારેલું કાર્ય સફળતાપૂર્વક કરી શકતું નથી. ઘૂવડનાં બચ્ચાંની ધીરજ કે ઉત્સુક્તા સૂર્યનાં રૂપને વર્ણવવામાં તેને સફળ બનાવી શકતાં નથી, કારણ કે તે માટેની તેની દૃષ્ટિની અયોગ્યતા તેને ઉત્તમ કાર્યમાં સફળ થવા દેતી નથી. તેનું કાર્ય પૂર્ણ થઇ શકતું નથી.

આ ઉદાહરણ દ્વારા આચાર્યજી પોતાની મર્યાદાની અભિવ્યક્તિ કરે છે અને પોતે પોતાને ઘૂવડના બચ્ચાં જેવા અસમર્થ ગણે છે. પોતે પોતાને સૂર્યના સર્વને પ્રકાશિત કરતાં અજવાળામાં પણ અંધકારમાં અટવાતા ઘૂવડના બચ્ચા સમાન ગણે છે. પોતાના આત્માના પ્રદેશો પર અનેક પ્રકારનાં કર્મોની કાલિમા છવાયેલી છે, એટલે કે આત્માનાં તેજ ઉપર અંધકાર છવાયેલો છે, અને એ અંધકારમાં પોતે અટવાયેલા છે અર્થાત્ કર્મની જાળમાં ફસાયેલા છે. ત્યારે સર્વજ્ઞ શ્રી પાર્શ્વનાથ પ્રભુ આખા ભૂમિતલને પ્રકાશનાર સૂર્ય સમાન છે. તેમના આત્માના પ્રદેશો કોઈ પણ ઘાતી કર્મનાં આવરણથી અવરાયેલા નથી, અને તેથી તેમના આત્માનું સંપૂર્ણ તેજ ત્રણે લોકમાં ફેલાયેલું રહે છે. જેમ સૂર્ય પોતાનાં તેજ-કિરણો દ્વારા આખી ભૂમિને પ્રકાશિત કરે છે તેમ સર્વજ્ઞ પ્રભુ પોતાનાં જ્ઞાન-કિરણો દ્વારા ત્રણે લોકને અજવાળે છે. આ ઝળહળતા સૂર્યના પ્રકાશમાં ગરીબ બિચારૂં ઘૂવડનું બચ્ચું અંધકારમાં અટવાય છે, તેને સાચો પ્રકાશ લાધતો નથી, અને એ અવસ્થામાં સૂર્યને વર્ણવવાની તેની ઈચ્છા પૂરી થતી નથી, ગમે તેટલી ધીરજ રાખે છતાં તેનું તે કાર્ય સફળ થતું નથી. બીજા અનેક ગુણો હોવા છતાં એક દિનઅંધપણાની મુખ્ય ખામીને લીધે ઘૂવડનું બચ્ચું અત્યંત તેજસ્વી, દેદીપ્યમાન સૂર્યનાં સ્વરૂપને સમજી કે વર્ણવી શકતું નથી. એવું જ પ્રભુના ગુણ વર્ણવનારને થાય છે. પોતે કર્મથી અવરાયેલા હોવાને કારણે, કર્મની કાલિમા ચારેબાજુ છવાયેલી હોવાને કારણે જીવ પ્રભુનાં સાચા સ્વરૂપને ઓળખી શકતો નથી, અને વર્ણવી શકતો પણ નથી. ઘૂવડનાં બચ્ચાને સૂર્યસ્વરૂપ ન વર્ણવી શકવામાં તેનું દિનઅંધપણું જેમ કારણરૂપ છે, તેમ પ્રભુસ્વરૂપને યથાર્થ રીતે ન વર્ણવી શકવામાં જીવનો સ્વચ્છંદ મુખ્ય કારણરૂપ છે. જીવ સ્વચ્છંદે ચાલે છે અને ચારેબાજુ કર્મની કાલિમા છવાયેલી હોય છે તેથી તેને પ્રભુની ઓળખ અથવા તો પ્રતીતિ આવી શકતાં નથી. આથી સ્વચ્છંદે ચાલનારને પ્રભુનું સ્વરૂપ વર્ણવવું એટલું કઠિન છે કે જેટલું કઠિન ઘૂવડનાં બચ્ચાંને સૂર્યનું સ્વરૂપ વર્ણવવું છે.

સૂર્યનાં તેજ પાસે જેમ ઘૂવડનાં બચ્ચાનું તેજ કંઈ વિસાતમાં નથી, તેવી જ રીતે સર્વજ્ઞ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ત્રૈલોક્ય પ્રકાશક જ્ઞાન પાસે આચાર્યજીના જણાવ્યા પ્રમાણે

પોતાનું જ્ઞાન કંઈ જ વિસાતમાં નથી. પોતાની શક્તિઓ અને જ્ઞાન કર્મથી અવરાયેલાં હોવાને કારણે પ્રભુનાં ગુણોનું વર્ણન કરવા બેસવું એ આચાર્યજીને ખૂબ જ હાસ્યાસ્પદ લાગે છે, અને એથી જ પોતાને એ કાર્ય કરતી વખતે દિનઅંધ ઘૂવડનાં બચ્ચાં સાથે સરખાવે છે, અને પોતાનાં પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિનાં કાર્યને, ઘૂવડનાં બચ્ચાંએ કરેલી સૂર્યસ્તુતિ સમાન ગણે છે. તેઓ આમ પોતાને ઘૂવડનાં બચ્ચાંથી જરાય ચડિયાતા ન માનતાં હોવા છતાં, આવું દુસ્તર કાર્ય કરવા શા માટે પ્રેરાયા એ વિશે એક રસિક કોયડો આપણા માટે ખડો કરે છે.

પણ આમાં એક ગુપ્ત ભેદ રહેલો નજરે પડે છે. ઘૂવડનું બચ્ચું જ્યારે સૂર્યનાં રૂપને વર્ણવવા બેસે છે ત્યારે તે પોતાની મર્યાદાનો સ્વીકાર કરતું નથી, પોતાનો સ્વચ્છંદ છોડતું નથી, અને સૂર્ય સામે બાથ ભીડી હોય એવો તેનો વર્તાવ રહ્યો હોય છે. આથી જ તે પોતાનાં કાર્યમાં કદી પણ સફળ થઇ શકતું નથી, કારણ કે તેનું દિનઅંધપણું છૂટતું નથી. ત્યારે આચાર્યજીની બાબત આથી સાવ વિરોધી પૂરવાર થતી જણાય છે. જ્યાં સુધી કર્મોનું ભારે જોર હોય, સ્વચ્છંદ છૂટ્યો ન હોય, અને પ્રભુનું શરણ સ્વીકાર્યું ન હોય ત્યાં સુધી, પ્રભુનું વર્ણન કરવાવાળાની ભાવનાનો પણ ઘૂવડનાં બચ્ચાં જેવો જ કરુણ અંજામ આવે છે. તે જીવનો સ્વચ્છંદ ન છૂટવાથી પ્રભુની સાચી ઓળખ થતી નથી. આચાર્યજીને હવે આમાંનાં એકે તત્ત્વ નડી શકે તેમ નથી. આચાર્યજીએ નમ્ર બની પોતાની મર્યાદાઓ સૌ પ્રથમ જ સ્વીકારી લીધી છે. પ્રભુની સાચી ઓળખ થાય તે હેતુથી પ્રભુનું અનન્ય શરણું પણ સ્વીકાર્યું છે અને આરંભમાં જ પ્રભુને અત્યંત ભક્તિભાવે વંદન કર્યા છે. ત્યાં જ પૂર્વે આચાર્યજીના આત્માએ વેઠેલો સ્વચ્છંદ છૂટી જાય છે. કર્મ નિર્બળ બને છે. એવા સંજોગમાં બાહ્યથી કપરૂં જણાતું કાર્ય, સહેલાઈથી પૂર્ણ કેમ ન થાય? પોતાની પૂર્વની શરણ રહિત અજ્ઞાન અવસ્થા જ હોત તો પોતાનું કાર્ય ઘૂવડનાં બચ્ચાં જેવું જ પૂરવાર થાત, પણ તે બધું છૂટી જવાથી કાર્ય પૂર્ણ થવાનું છે એ આચાર્યજી આ કડીમાં ગુપ્ત રાખી શ્રોતા સમક્ષ કોયડો જ રાખે છે, અને પછીની કડીમાં થોડો વિશેષ ગહન પણ કરે છે. (૩)

मोहक्षयादनुभवन्नपि नाथ मर्त्यो
नूनं गुणात् गनयितुं न तव क्षमेत ।
कल्पांतवांत पयसः प्रकटोडपि यस्मान्
मीयेत् केन जलघेर्ननु रत्नराशिः ।।४।।

અનુભવ કરે તુજ ગુણ તણો જન મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ! તે પણ આપ ગુણ ગણતા કદી;
જેમ પ્રલયકાળ વડે ખસેલાં જળ થકી સમુદ્રનાં,
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કો'થી માપી શકાય ના. (૪)

પોતે જ પ્રગટ કરેલા પ્રશ્નને વધુ ગુંચવતા આચાર્યજી આ કડીમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને જણાવે છે કે, "હે નાથ! જેમ પ્રલયકાળને લીધે સમુદ્રનું પાણી ખસી જવાથી ખુલ્લો થયેલો રત્નનો સમૂહ કોઈથી માપી શકાય નહિ, તેમ જેનામાંથી મોહ દૂર થયેલ છે એવા પુરુષો પણ આપના ગુણનું વર્ણન કરવાને શક્તિમાન નથી."

દેહધારી જીવ કે જે મરણને શરણ થવાનો છે તેનો મોહ નાશ પામ્યો હોય છતાં પણ આપનું-આપનાં ગુણોનું યથાર્થ વર્ણન તે કરી શકતો નથી. ત્રીજી કડીમાં આપણે જોયું કે જેને કર્મનાં પડળ, મોહનાં દળિયા નડતાં હોય છે તેને તો પ્રભુની ઓળખ જ થતી નથી અને પરિચય પણ જરાય થતો નથી. દિનઅંધ ઘૂવડના બચ્ચાંની દશા સૂર્યનાં રૂપને જાણવા માટે જેવી થાય છે તેવી કર્મથી ઘેરાયેલા જીવની દશા પ્રભુને જાણવા બાબત થાય છે. તે પ્રભુનાં રૂપને જરા પણ જાણી કે અનુભવી શકતો નથી. આ કડીમાં જેનો મોહ તૂટ્યો હોય તેવા જીવની વાત આચાર્યજી કરે છે. જે જીવે પ્રભુનાં શરણમાં આવી પોતાને નડતો મોહ તોડ્યો છે તે જીવ પ્રભુની ઓળખ અને પ્રભુના ગુણોનો અનુભવ પામે છે. પ્રભુમાં કેવા કેવા ગુણો છે તેની ઝાંખી તેને થાય છે, આથી પહેલાની અપેક્ષાએ મોહ તોડેલો જીવ પ્રભુના ગુણ ગાવામાં વધુ સમર્થ કહી શકાય. પ્રભુગુણ ગણવા બેસે ત્યારે આ જીવની પણ કેવી દશા થાય છે, તેનો અહેવાલ અહીં વિચારવા મળે છે.

પ્રભુની ઓળખ અને પ્રભુના ગુણોનો પરિચય પામેલો જીવ જ્યારે પ્રભુના ગુણો સંભારવા બેસે છે ત્યારે તેને પોતાની મર્યાદાનું લક્ષ થાય છે. પોતે મોહને તોડ્યો તેથી ભક્ત પ્રભુના કેટલાક ગુણો પોતામાં પ્રગટેલા અનુભવી શકે છે અને તે પરથી પ્રભુના અનંત ગુણોની ઝાંખી તેને થાય છે. થોડો મોહ તોડતા આટલા ગુણો પોતામાં પ્રગટ્યા તે અનુભવથી, સંપૂર્ણ મોહનો નાશ કરનાર પ્રભુમાં કેટલા ગુણો હોય તેનો લક્ષ આ ભક્તને થાય છે, અને એ રીતે તેને પ્રભુના ગુણોનો પરિચય પણ થાય છે. એ અનુસાર જ્યારે તે પ્રભુના એક પછી એક ગુણો ક્રમથી સ્મૃતિમાં લેવા અને જણાવવા પ્રયત્ન કરે છે ત્યારે, તેમ કરવામાં તેનું આખું આયુષ્ય પૂર્ણ થઇ જાય તો પણ પ્રભુના ગુણો બધા જણાવાઈ રહેતા નથી. એ ગુણોના ક્રમનો અંત જ આવતો નથી. પોતાનાં એકથી વધારે જન્મોનો ઉપયોગ તે ગુણ ગાવામાં કરે તો પણ તે ગુણો પૂરેપૂરા વર્ણવાઈ રહેતા નથી એવા અપાર ગુણો પ્રભુના છે. અર્થાત્ આચાર્યજી અહીં જણાવે છે તે પ્રમાણે પ્રભુના ગુણ ગાવાનો આરંભ કરનાર ભક્ત કયારેય તે કાર્યના અંત સુધી પહોંચી શકતો નથી.

ભક્તની આ પરિસ્થિતિ સમજાવવા માટે આચાર્યજી સમુદ્રના રત્નરાશિનું ઉદાહરણ ગ્રહણ કરે છે. પ્રલયકાળ વખતે, સંસારનો નાશ થવાનો સમય નજીક આવ્યો હોય ત્યારે સમુદ્ર પોતાની મર્યાદા ત્યાગીને તાંડવ શરૂ કરે છે, ભયંકર તોફાનો સમુદ્રમાં પ્રગટ થાય છે, અને એ સમુદ્રનાં તોફાનમાંથી એક પણ જીવ બચી શકતો નથી, અને એ વખતે જળ-સ્થળના પણ ઘણાં ફેરફારો થઇ જાય છે. જ્યાં જમીન હોય ત્યાં સમુદ્ર આવી જાય, તથા સમુદ્ર હોય ત્યાં જમીન થઇ જાય. આવા બીજા પણ અનેક ફેરફારો તે વખતે થઇ જાય છે. પાણી ચારે બાજુ ફેલાતું જતું હોવાથી વચ્ચે – જ્યાં રત્નોના ઢગલા છૂપાયેલા પડ્યા હોય છે તે ભાગ ઉપર આવી ખુલ્લો થાય છે અને રત્નો દૃષ્ટિગોચર બને છે. પ્રાચીનકાળથી એક એવી કવિકલ્પના ચાલી આવે છે કે વધુમાં વધુ રત્નો અને કિંમતી પથ્થરો એ દરિયાનાં પેટાળમાં છૂપાઇને પડેલાં છે, અને જ્યારે પ્રલયકાળનું તાંડવ રચાશે ત્યારે તે રત્નરાશિ પ્રગટ થશે. પ્રલયકાળને વખતે ખુલ્લો થયેલો આ સમુદ્રનો મહા અદ્‌ભુત ખજાનો જો કોઈ જીવ માત્ર પોતાના બે

બાહુના સાધનથી માપવા ઇચ્છે તો તેની શી દશા થાય? સાધન અતિ અલ્પ હોવાને કારણે એ ખજાનાનું માપ કાઢવું લગભગ અસંભવિત જ છે. જેનું માપ કાઢવાનું હોય તેનાં પ્રમાણમાં તે સાધન મોટું અથવા નાનું હોવું જોઇએ. નાના સાધનથી મોટી વસ્તુનું માપ કાઢવા જતાં બધી મહેનત વ્યર્થ જાય અને માપ કાઢનાર મૂરખમાં ખપે એ તો નફામાં.

આવું જ કંઈક આચાર્યજી પ્રભુગુણ ગાવાની બાબતમાં પોતા માટે અનુભવે છે. જીવનાં સંસાર પરિભ્રમણનો અંત આવવાનો હોય ત્યારે તેના ભાવોમાં મહાન ફેરફારો થતા જાય છે. તે જીવના કર્મસમૂહમાં ભયંકર તાંડવ રચાય છે, અને તેનો – કર્મનો નાશ થવા લાગે છે, અને છેવટે એક પણ કર્મ જીવે કરેલા તાંડવમાંથી બચી શકતું નથી. સમુદ્રના પ્રલયથી તેનાં પેટાળમાં રહેલાં અનેક રત્નો પ્રગટ થાય છે તેમ જીવના પ્રલય તાંડવથી તેનામાં ગુપ્ત રહેલાં અનેક ગુણરૂપી રત્નો પ્રગટ થાય છે. જેમ જેમ જીવનો મોહ તૂટતો જાય તેમ તેમ તેનામાં ગુણો પ્રગટતા જતા હોવાથી, તેને પ્રભુનાં સાચા સ્વરૂપનો લક્ષ થાય છે અને સાચા રત્નસમૂહનો ખ્યાલ આવે છે.પણ થોડાક જ લક્ષણો તથા ગુણોનો ખ્યાલ પામ્યા પછી તેનું વર્ણન કરવું અસંભવિત જેવું છે, જેમ માત્ર બે હાથના સાધનથી સમુદ્રનો રત્નરાશિ માપવો અસંભવિત છે. તેમાં હજારો માઈલના વિસ્તારમાં રહેલા રત્નોની પરખ કરવા કોઈ માત્ર બે હાથનાં સાધનને સ્વીકારીને બેસે તો તેમ કરવામાં અનેક આયુષ્ય પૂરા થઇ જાય તો પણ કાર્ય પૂર્ણ થઇ શકે નહિ. એમ જ ગુણ પામવાનો આરંભ કરેલો જીવ અનંત ગુણોનો પરિચય આપવા બેસે તો અનેક જન્મે પણ એ કાર્ય પૂર્ણ થઇ શકે નહિ. જીવની મતિશક્તિની અલ્પતા હોવાથી પ્રભુગુણ ગાવા માટેનું સાધન મર્યાદિત થઇ ગયું છે.

ત્રીજી અને ચોથી કડીમાં આચાર્યજી આપણને એ જણાવે છે કે પ્રભુગુણ ગાવાનું કાર્ય કેટલું કઠિન તથા કેટલું મહાન છે! જેને પ્રભુની સાચી ઓળખ નથી તે તો પ્રભુનો મહિમા ન સમજાવી શકે એ બરાબર છે, પણ જેને પ્રભુની સાચી ઓળખ છે એવી વ્યક્તિને પણ પ્રભુનો મહિમા સમજાવવો અત્યંત કઠિન છે તે પ્રત્યક્ષ કરાવ્યું છે, આથી આપણી મુંઝવણ એ વધે છે કે તો પછી આચાર્યજીએ આ કાર્ય ઉપાડ્યું શા માટે?

અપ્રગટ ધ્વનિથી એમ સમજાય છે કે પોતાના મોહનો નાશ થવાથી કેટલાક ગુણો પોતામાં પ્રગટ્યા છે અને એથી પ્રભુનો પરિચય સારી રીતે આચાર્યજીને થયો છે. આ પરિચય એવો અદ્‌ભુત છે કે તે પરિચય વ્યક્ત કરવો ગમે તેવો કઠિન હોવા છતાં પણ તે અન્યને સુખના ભાગીદાર કરાવવા માટે વ્યક્ત કરવો જરૂરી છે, તેનો આનંદ શમાવ્યો શમી શકે એવો નથી. આથી સ્વશક્તિની મર્યાદાનું પૂરેપૂરું ભાન હોવા છતાં આચાર્યજી આ મહાન કાર્ય કરવા પ્રવૃત્ત થયા છે. સ્વશક્તિની મર્યાદા અહીં થોડું ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. ભયંકર પ્રલયકાળ વખતે સમુદ્રનો રત્નરાશિ ખુલ્લો થાય છે તેને પ્રલયકાળના ઝંઝાવાતથી બચીને અલ્પસાધનથી માપવો જેવો દુષ્કર છે, તેવો જ દુષ્કર અનુભવ પ્રભુના ગુણોનો મહિમા વર્ણવતા અલ્પશક્તિવાનને થાય છે. આ વિકટતામાં – કર્મોના ઉલ્કાપાતમાં, અનેક ઉપસર્ગ અને અંતરાયોની વચ્ચે આચાર્યજી આ દુષ્કર કાર્ય કેમ ઉપાડે છે તેનું રહસ્ય આ પછીની કડીઓમાં ધીમે ધીમે પ્રગટ થતું જણાય છે. બાર વર્ષ સંઘની બાર રહી, પરધર્મી વચ્ચે વસવાની શિક્ષા એ આચાર્યજી માટે કર્મનો ઉલ્કાપાત ગણી શકાય. (૪)

अभ्युद्यतोऽस्मि तव नाथ जडाशयोऽपि
कर्तु स्तवं लसदसंरव्य गुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य
विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ।। ५ ।।

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ તમારી હું,
આરંભતો કરવા સ્તુતિ પણ મંદબુદ્ધિમાન છું;
શું બાળ પણ કે'તું નથી લંબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી ઉદધિ તણા વિસ્તારને. (૫)

આચાર્યજી પોતે આરંભેલા આ વિકટ કાર્યના રહસ્યનો પડદો ઉપાડવાની શરૂઆત કરતાં પ્રભુને કહે છે કે જેમ બાળક પણ પોતાની સમજણ પ્રમાણે સમુદ્રનો વિસ્તાર જણાવવાને પોતાના બેઉ હાથ પ્રસારે છે તેમ હે નાથ! હું પણ મંદ

બુદ્ધિવાળો હોવા છતાં તમારા અસંખ્ય તેજસ્વી ગુણોની ખાણનું વર્ણન કરવાને ઉદ્યમી થયો છું.

એક નાનું બાળક સમુદ્રની વિશાળતાથી પ્રભાવિત થઇને તેનો વિસ્તાર દર્શાવવા પોતાની મતિ અનુસાર ઉદ્યમી થાય છે. અને એમ કરવામાં સાધન તરીકે ઉપયોગ કરે છે પોતાના બે નાના કોમળ હાથોનો. પોતે જેટલા અંશે બાહુ ફેલાવી શકે તેટલા અંશે ફેલાવીને, સમુદ્રની વિશાળતા અન્યને દર્શાવવા તે બાળક પ્રવૃત્ત થાય છે, અને તેમાં પોતાની મર્યાદા કે અશક્તિના ખ્યાલથી તે બાળક ક્ષોભ પામતું નથી. બલ્કે પોતે જે કંઈ વર્ણવવા ઇચ્છે છે તેને અમુક અંશે ફલિતાર્થ થતું જોઇને તે બાળક આનંદ તથા સંતોષને અનુભવે છે.

પ્રસ્તુત કડીમાં આચાર્યજીની પરિસ્થિતિ કેટલાક અંશે આવા નાના બાળક જેવી જણાઈ આવે છે. બાળક સમુદ્રની વિશાળતા જોઇને, તેનો ફેલાવો ઠેઠ ક્ષિતિજ સુધી વિસ્તરતો જોઇને સાનંદાશ્ચર્ય પામે છે, અને ખૂબ જ ઉલ્લાસ અનુભવે છે. પ્રગટતો ઉલ્લાસ એ પ્રકારનો છે કે બાળક તેને છુપાવી શકતો નથી, તેને પ્રગટ કર્યે જ સંતોષ પ્રવર્તે છે, પછી ભલે તેને ઉલ્લાસને પ્રગટ કરવા, સમુદ્રની વિશાળતા દર્શાવવા માત્ર ચહેરો અને બે નાના બાહુ એટલું જ સાધનરૂપે પ્રાપ્ત થયું હોય. શ્રી પ્રભુ સાગર જેવા મહાન છે, ગંભીર છે અને પોતે નાનાં બાળક જેવા સામાન્ય બુદ્ધિના છે એવું બતાવી આચાર્યજી અહીં બે વચ્ચેનો જ્ઞાનદશાનો તફાવત પ્રગટ કરે છે. બાળક અને સમુદ્ર વચ્ચે જેવો તફાવત છે તેવો ભક્ત અને પ્રભુ વચ્ચેનો તફાવત પ્રદર્શિત કર્યો છે, અને તેથી પોતે પ્રભુના ગુણોને વર્ણવવા માટે વાણીને સાધનરૂપે સ્વીકારી છે, તેને ન્યાયયુક્ત ગણે છે. બાળક બાહુને સાધન બનાવે છે, આચાર્યજી વાણીને સાધન કરે છે. તેમ છતાં બાળક અને આચાર્યજી વચ્ચે રહેલો એક તફાવત અહીં સ્પષ્ટ જોઇ શકાય છે. ઉદધિનો વિસ્તાર બતાવતા બાળકને પોતાની શક્તિની અલ્પતાનું કે મર્યાદાનું યથાર્થ ભાન હોતું નથી, તે તો એમ જ સમજતું હોય છે કે પોતે બધું બરાબર વર્ણવે છે. તેને એવો ખ્યાલ પણ હોતો નથી કે સમુદ્રની વિશાળતા બતાવવા પોતાનાં બે હાથ ઘણા નાના છે. ત્યારે આચાર્યજીને

પોતાની મર્યાદાનું ભાન અત્યંત સ્પષ્ટપણે છે. આ કડીની બીજી જ પંક્તિમાં તેઓ જણાવે છે કે,

"આરંભતો કરવા સ્તુતિ પણ મંદબુદ્ધિમાન છું."

'હું મારી મંદ બુદ્ધિને યથાર્થપણે જાણું છું, અનુભવું છું, તેમ છતાં પ્રભુથી પ્રભાવિત થઈને તેમના ગુણોના સ્મરણ દ્વારા તેમની સ્તુતિ કરવા હું પ્રવૃત્ત થયો છું.' તેમની આ સ્પષ્ટતા આપણને એક પ્રકારની ચોક્કસ વિચારણા પ્રતિ વાળે છે. આપણને મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે બાળક તો પોતાની મર્યાદા જાણતું નથી, તેથી એ પ્રકારની પ્રવૃત્તિ કરે છે, ત્યારે આચાર્યજી તો પોતાની મર્યાદાને સ્પષ્ટપણે જાણતાં અને અનુભવતાં છતાં, તેનો પ્રકાશ કર્યા પછી પણ એ પ્રવૃત્તિ કરવા તત્પર બન્યા છે, તો તેની પાછળનું રહસ્ય શું છે? આ પ્રવૃત્તિ થવા પાછળ ક્યા પરિબળો કાર્ય કરી રહ્યા છે? આ પ્રશ્નોના સમાધાનાર્થે ચિંતન કરતાં, તેનો ખુલાસો આ પછીની કડીઓમાં આપણને મળી રહે છે. આપણે એ પ્રતિ વળીએ તે પહેલાં પ્રભુ માટે અને પોતા માટે આચાર્યજીએ યોજેલી ઉપમા સમજવી યોગ્ય છે.

આચાર્યજી પ્રભુના કેટલાક ગુણોને ઓળખ્યા પછી, પ્રભુને વિશાળ સમુદ્ર સમાન ગણાવે છે. આમ કહેવામાં પ્રભુના ક્યા ગુણો વિશેષપણે તેમનાં ધ્યાનમાં હશે તે વિચારીએ. સાગર તેની વિશાળતા અને ગંભીરતા માટે અનેક જગ્યાએ આદર યોગ્ય થયો છે. આખી પૃથ્વીનો નકશો તપાસીએ તો સમજાય છે કે સ્થળ કરતાં સમુદ્રનું જળ વિશેષ જગ્યા રોકે છે, હજારો માઈલોમાં આ જળ ફેલાઈને રહેલું છે. આ પ્રકારની વિશાળતા અન્ય કોઈની જોવામાં આવતી નથી. વળી તેનાં પેટાળમાં અનેક પ્રકારનાં રત્નો, ખનીજો, તથા અન્ય કિંમતી ચીજો છુપાયેલી પડી હોય છે, તે સર્વને સાગર પોતામાં સમાવી રાખે છે, ક્યારેય તે આછકલો બની પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન કરતો નથી. સાથે સાથે સમુદ્ર એવો જ ગંભીર પણ છે. તેનામાં વૃદ્ધિ કે ઘટ થાય, કોઈ ફેરફાર થાય તો તે સામાન્ય રીતે પ્રગટ કરતો નથી, પણ પોતામાં જ બધું સમાવ્યા કરે છે. નદીઓમાં વરસાદના પૂરને લીધે પાણી વધે તો તે આછકલી બની બંને કાંઠે ઉભરાઈ પૂરપાટ દોડે છે અને માર્ગમાં અનેકને નુકશાન કરે છે. જો પાણી ઘટે તો તે

સૂકાઈને મૃત:પ્રાય જેવી થઇ અન્યને જીવન નિર્વાહમાં પણ અંતરાયરૂપ બની જાય છે. અર્થાત્ થોડો ફેરફાર પણ નદીમાં ઘણી અસર ઉપજાવે છે. ત્યારે સમુદ્રમાં તેનાથી ઘણો મોટો ફેરફાર પણ અત્યંત અલ્પ અસર ઉપજાવી શકે છે. સમુદ્રમાં આવી અનેક નદીઓ દિવસ રાત પોતાનું પાણી ઠાલવતી જ રહે છે, છતાં પણ તે ક્યારેય પોતાની મર્યાદા છોડતો નથી કે નથી પોતાની સપાટી વધવા દેતો. બધું જ પોતાનાં ઊંડાણમાં સમાવી દે છે. અગર સૂર્ય પોતાના પ્રખર તાપથી સારાએ સમુદ્રને શોષી લેવા તત્પર બન્યો હોય, સાથે અંદરના ભાગમાં રહેલો ભડકે બળતો વડવાગ્નિ તેને વિશિષ્ટ પ્રકારે સહાયકારી બનતો હોય, તેવી સ્થિતિમાં પણ સમુદ્ર પોતાની સમતુલા જાળવી રાખે છે, અને બધું જ પોતામાં સમાવ્યા કરે છે. તેનાં આ પ્રકારનાં ગંભીરપણાએ અનેક જ્ઞાનીઓને આકર્ષ્યા છે. આથી જ કોઈ વિદ્વાને ગાયું છે કે :–

“હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય;
હસી જાણે જગઝેર પી, સંતન તે કહેવાય.”

આચાર્યજી જ્યારે પ્રભુને સાગર સમા ગણાવે છે ત્યારે તેમને તેમના આવા ગુણોનો અનુભવ થતો જણાય છે. પ્રભુના ગુણો ચારે બાજુ ફેલાયેલા છે. કોઈ ક્ષેત્ર એવું જોવામાં કે અનુભવવામાં આવતું નથી કે જ્યાં પ્રભુના ગુણનો પ્રભાવ પહોંચતો ન હોય, જો કોઈ ક્ષેત્ર એવું હોય કે જ્યાં પ્રભુનો પ્રભાવ ન હોય તો તે ક્ષેત્રના જીવો કદી પણ વિકાસ કરી શકે નહિ. આ પ્રભુના ગુણોના પ્રભાવની વિશાળતા આચાર્યજીને ખૂબ આકર્ષી ગઈ જણાય છે. વળી પ્રભુ અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અને અનંત વીર્યના ધારક હોવા છતાં પોતાની આ સમૃદ્ધિ ક્યાંય પ્રગટ કરતા જણાતા નથી. તેઓ તો પોતાની સર્વ શક્તિઓ પોતામાં જ ગંભીર બનીને સમાવી દે છે. તેઓ ક્યારેય પોતાને મળેલી જ્ઞાનસમૃદ્ધિથી છલકાતા નથી, પણ સાગરની માફક પોતામાં સમાવે છે અને પાત્ર જીવની પાસે જ એ ખજાનો પ્રગટ કરે છે. સમુદ્રનો રત્નરાશિ મેળવવા જેમ સાચા મરજીવા જ ભાગ્યશાળી બને છે તેમ સાચો મુમુક્ષુ જ પ્રભુએ આપેલા જ્ઞાનનાં ગુપ્તભેદો પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે. પ્રભુનાં જ્ઞાનની વિશાળતા જેવી તેવી નથી. તેમનાં જ્ઞાનમાં ત્રણે કાળનું ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન પ્રકાશે છે; પણ

પ્રભુનું ગાંભીર્ય અદ્‌ભુત છે! સાચા મુમુક્ષુ વિના એનો લક્ષ પણ બીજાને થતો નથી, તો પછી તેની પ્રાપ્તિની તો વાત જ ક્યાં રહી? સમુદ્ર જેમ પોતાનું સમપણું જાળવી રાખે છે, વૃદ્ધિ ક્ષયની અસર જણાવા દેતો નથી તેમ પ્રભુ પોતે વીતરાગ રહી પોતાનું સમપણું જાળવી રાખે છે. કોઈ અત્યંત માન આપે કે કોઈ ઉપસર્ગ કરે તે વિશે પોતે તો નિર્વિકાર જ રહે છે. આ બધી અપેક્ષાથી વિચારીએ છીએ ત્યારે સમજાય છે કે આચાર્યજી પ્રભુને વિશાળ સાગર સમાન બતાવે છે તે કેટલું યોગ્ય છે!

સમુદ્રની મહત્તા બતાવતા બાળક સાથે આચાર્યજી પોતાને સરખાવે છે તે પણ સૂચક છે. બાળક હજી મરજીવો તો બનેલો નથી, તે તો સમુદ્રની બાહ્ય મહત્તા જોઈને જ આકર્ષાય છે, અને તેને વર્ણવવા પોતાને સુલભ એવા સાધનનો ઉપયોગ કરી પોતાની પ્રવૃત્તિ આરંભી દે છે. તે અપેક્ષાથી બાળક હજુ ગંભીર બનેલ નથી, અને આવા બાળક સાથેની પોતાની સરખામણી દ્વારા આચાર્યજી એ પ્રગટ કરે છે કે પોતે હજુ સુધી પ્રભુનાં જ્ઞાનમાં રહેલા પ્રત્યેક ગુપ્તભેદોના જાણકાર થયેલ નથી, પણ બાહ્ય જણાતાં અનેક આશ્ચર્યોથી એટલા પ્રભાવિત થયા છે કે તેમની મહત્તા ગાયા વિના રહી શકાય એમ નથી. આથી ગુપ્તતાના ભેદ વિનાની પોતાની વાણીનો આશ્રય લઈને પોતે સ્તુતિનો આરંભ કરી દીધો છે. આમ વિશિષ્ટ રીતે આચાર્યજીએ પોતાની વાણીની મર્યાદા બતાવી દીધી છે.

આ કડી દ્વારા એક સુંદર ધ્વનિ ફલિત થાય છે. બાહ્ય-સમૃદ્ધિ અને વિશાળતા જોનાર બાળક સમુદ્રથી કેટલો આકર્ષાય છે! આવું અદમ્ય આકર્ષણ અનુભવનાર તે બાળક કાળે કરીને સમુદ્રનાં આંતરપેટાળના ખજાના ખોલનાર એક અચ્છો મરજીવો બને તો તેમાં આશ્ચર્ય લાગે નહિ. એ જ રીતે પ્રભુનાં બાહ્ય ઐશ્વર્યથી પણ અત્યંત પ્રભાવિત થનાર, અદમ્ય આકર્ષણ અનુભવનાર આચાર્યજી પ્રભુનાં હૃદયમાં રહેલા ગુપ્ત ભેદોના જ્ઞાતા નીવડે તો ખૂબ જ સહજ લાગે. આ સ્થિતિ તથા દશા આપણને આગળની કડીઓમાં સ્પષ્ટ જોવા મળે છે, અને એ પરથી અહીં ફલિત થતો ધ્વનિ યથાર્થ જણાય છે. આચાર્યજી પોતાની મર્યાદા આ પછીની કડીમાં જુદી રીતે સ્પષ્ટ કરે છે. (૫)

ये योगिनामपि न यांति गुणास्तवेश!
वक्तुं कथं भवित तेषु ममावकाश? ।
जातातदेवमसमीक्षित कारितेयं
जल्पंति वा निजगिरा ननु पक्षिणोऽपि ।। ६ ।।

હે ઈશ! યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે,
સામર્થ્ય મારું ક્યાંથી વર્ણન મુજથી તેનું થઈ શકે;
વિચાર વિણનું કાર્ય આ ગણાય મારું તેહથી,
પણ પક્ષી શું પોતા તણી ભાષા કહો વદતાં નથી? (૬)

નાનાં બાળકની જેમ અતિ ઉત્સાહમાં આવીને પોતે પ્રભુના ગુણોની ખાણ વર્ણવવા તો બેઠા છે, પણ તે કાર્ય વિદ્વાનોની નજરમાં કેવું હાસ્યસ્પદ જણાય છે તે અનુભવ સ્પષ્ટ કરતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, હે ઈશ! યોગીઓ (મન, વચન અને કાયાના યોગને સંયમિત કરનારાઓ) પણ તમારા ગુણો કહેવાને શક્તિમાન થતા નથી, તો પછી ગુણોનું વર્ણન કરવા માટે મારી બુદ્ધિ કેવી રીતે સમર્થ થાય? આ રીતે જોતાં તો મારું આ કાર્ય વિચાર વગરનું, અતિ સાહસપૂર્વકનું ગણાય તેવું છે. તથાપિ મનુષ્યની ભાષા ન સમજવા છતાં પક્ષીઓ શું મનુષ્યની સમક્ષ પોતાના ભાવ જણાવવાના પ્રયાસ નથી કરતા?

આચાર્યજી આ કડીમાં પોતે આરંભેલું કાર્ય અન્યની દૃષ્ટિમાં કેવું વિચાર વગરનું જણાય છે તે સ્પષ્ટ કરે છે. તેઓ શ્રી પાર્શ્વનાથ પ્રભુને કહે છે કે હે પ્રભુ! તમારામાં એટલા બધા ગુણોનો સમૂહ એકઠો થયો છે કે ભલભલા યોગીઓ પણ તેનું વર્ણન કરવા સમર્થ થતા નથી. યોગી એટલે મન, વચન, કાયાના યોગને સંયમિત કરી આત્મદશાની ઉચ્ચ અવસ્થાએ વિરાજતા જીવો. તેમનું મુખ્ય કાર્ય પ્રભુ સાથે એકતા કેળવવાનું છે, અને સંસારથી સર્વથા અલિપ્તપણું કેળવવાનું છે. આવા માત્ર આત્માર્થમાં રમતાં યોગીઓ પણ પ્રભુના ગુણો યથાર્થ રીતે વર્ણવવામાં સફળ થતા નથી. ભૌતિક લબ્ધિશક્તિવાળા ઈન્દ્રોની હજાર જીભ પણ પ્રભુગુણ યથાર્થ વર્ણવી શકતી નથી એ આગળની કડીમાં આપણે જોયું અને અહીં બતાવ્યા પ્રમાણે આત્મવૈભવી યોગીઓ

પણ પ્રભુગુણ યથાર્થ વર્ણવવા શક્તિમાન નથી. આમ પ્રભુના ગુણોનો મહિમા એવો અદ્ભુત છે કે તેને વર્ણવવા જતાં સહુને મર્યાદા નડે છે. માત્ર તે મહિમાનો અનુભવ જ કરી શકાય છે, પ્રગટ વર્ણવી શકાતો નથી. આમ માત્ર અનુભવગોચર એવા પ્રભુના ગુણો ગાવા મહા સમર્થ યોગીઓ પણ શક્તિમાન નથી. એવા યોગીઓના પડછાયામાં પોતાનું સામર્થ્ય કેટલું અલ્પ છે તે આચાર્યજી અહીં બતાવે છે, અને તેથી જ પ્રભુને પ્રશ્ન કરે છે કે તો પછી મારી શક્તિથી હું તમારા ગુણોનું વર્ણન કઇ રીતે કરી શકું? આચાર્યજીને સ્પષ્ટ જણાય છે કે પોતે ઉપાડેલું પ્રભુ સ્તુતિનું કાર્ય પોતાના ગજા ઉપરાંતનું છે.

આવી પરિસ્થિતિ હોવા છતાં આચાર્યજી આરંભેલું કાર્ય અધવચથી છોડવા તૈયાર નથી, બલ્કે પૂર્ણ કરવા કટિબદ્ધ થયા છે, તે પાછળની બે પંક્તિઓમાં તેમણે લીધેલા વળાંક પરથી સ્પષ્ટ થાય છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે કે :–

अनारम्भो हि कार्याणां प्रथमम् बुद्धि लक्षणम् ।
आरब्धस्यान्त गमनम् द्वितीयम् बुद्धि लक्षणम् ।।

કાર્યનો આરંભ જ ન કરવો એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે, અને આરંભેલું કાર્ય પૂર્ણ કરવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. આચાર્યજીએ પહેલું લક્ષણ તો રાખ્યું નથી, તેથી ગમે તેવા અંતરાયો વચ્ચે પણ આરંભેલું કાર્ય પૂર્ણ કરવું એ બીજું લક્ષણ રાખવા તત્પર બન્યા જણાય છે.

ત્રીજી પંક્તિમાં આચાર્યજી કહે છે કે ગજા ઉપરાંતનું કાર્ય કરવાના મનોરથ સેવવા અને પાર પાડવા પ્રવૃત્ત થવું એ વિદ્વાનનું લક્ષણ નથી, પણ વિચારહીનનું લક્ષણ છે, વિદ્વાન અથવા ડાહ્યો માણસ પોતાની મર્યાદા સમજીને, શક્તિ અનુસારનું જ કામ ઉપાડે, અને તે પૂર્ણ પણ કરે. પોતાની શક્તિ અનુસારનું કાર્ય ઉપાડી પૂર્ણ કરે તે ડાહ્યો માણસ, અને પોતાની શક્તિ બહારનું કાર્ય ઉપાડી પાર પાડે તે મહાન માણસ. આ વ્યાખ્યાને અનુસરી આપણે આચાર્યજીનો દરજ્જો નક્કી કરવો હોય તો? પણ આચાર્યજી એ તરફ અંગુલી નિર્દેશ પણ કરતા નથી. તેઓ તો બીજો કોઈ હેતુ સાધવા

પ્રયત્ની હોય તેમ જણાય છે. તેમના મતે ડાહ્યો માણસ પોતાની શક્તિ માપીને જ પોતાથી થાય તેવું કાર્ય ઉપાડે છે, ત્યારે અવિવેકી જ પોતાની શક્તિ-મર્યાદાની બહારનું કાર્ય કરવા ઉત્સાહ બતાવે છે. આમ જણાવી આચાર્યજી પોતાની અલ્પતા પ્રગટ કરે છે કે પોતે ગજા બહારનું કાર્ય કરવા પ્રવૃત્ત થયા છે, પરંતુ તેમની આ અલ્પતામાં જ આપણને સાચા ભક્તનાં દર્શન થાય છે. વિદ્વાન જીવ પોતાની શક્તિ અનુસાર કાર્ય કરે છે તે સાચું, પણ ભક્તે તો પોતાનું સર્વસ્વ જ સર્વજ્ઞ પ્રભુને સોંપ્યું હોય છે એટલે તેણે પોતાની શક્તિનો વિચાર કરવાને બદલે, સર્વ સમર્થ પ્રભુની શક્તિમાં જ વિશ્વાસ રાખવાનો હોય છે. પોતાની ગમે તેટલી મર્યાદા હોવા છતાં, પ્રભુનાં સામર્થ્યમાં તેને અતૂટ શ્રદ્ધા હોય છે, અને એ જ પ્રભુને સર્વ સોંપ્યું હોવાને કારણે, એ કાર્ય પૂરતું પ્રભુનું સામર્થ્ય પોતાનું બની જતું હોય છે, તેથી સાચા ભક્તને ખાતરી જ હોય છે કે પોતે આરંભેલું ઉત્તમ પવિત્ર કાર્ય પ્રભુની કૃપા તથા પ્રેરણાથી સફળ થવાનું જ હોય છે, અને પોતાની મર્યાદાનાં બંધન તૂટી પ્રભુની વિશાળતા સુધી પહોંચીને કાર્ય થતું હોવાથી તેમાં ખામી પણ રહી શકે તેમ નથી. આ રીતે જોતાં અનેક મર્યાદા હોવા છતાં આચાર્યજી આરંભેલા ઉત્તમ કાર્યને શા માટે વળગી રહે છે તેનું થોડું રહસ્ય પ્રગટ થતું જણાય છે, અને એ દ્વારા એ પણ સમજાય છે કે આચાર્યજીને પ્રભુમાં અનન્ય શ્રદ્ધા છે, અને એ શ્રદ્ધાના જોરથી જ પ્રભુગુણ ગાવાના અદમ્ય ઉત્સાહને તેઓ જારી રાખે છે. સાચા ભક્ત વિના આમ બનવું સંભવિત નથી.

આટલું કર્યા પછી, પોતાની શ્રદ્ધાને બિરદાવતું ઉદાહરણ તેઓ પૃથ્વીના ઉછરંગેથી શોધી કાઢે છે. તેઓ પ્રભુને જ પ્રશ્ન કરે છે કે શું મનુષ્યની ભાષાથી અજાણ હોવા છતાં પણ પક્ષીઓ પોતાનું વક્તવ્ય, પોતાની જ ભાષામાં મનુષ્યને સમજાવવાનો પ્રયત્ન કરતા નથી? પક્ષી તથા મનુષ્ય બંને એકબીજાની ભાષાથી અજાણ છે, અને બંને કુદરતનાં સાનિધ્યમાં ખેલતા જીવો છે. બંને ખીલેલી કુદરતનો આનંદ સમાન રીતે માણતા હોવા છતાં, એમાંથી પ્રગટતો આનંદ, મનુષ્ય પોતાનું ડહાપણ વાપરી, પોતાની ભાષાથી અજાણ એવા પક્ષીઓ સમક્ષ વ્યક્ત કરતાં ખંચકાય છે, ત્યારે પક્ષીઓ એવા પ્રસંગે પોતાનો આનંદ મનુષ્ય સમક્ષ મધુર કલરવ કરીને વ્યક્ત કરતાં

જરા પણ ખંચકાતા નથી. તેઓ વાણીની-ભાષાની મર્યાદા વિશે લક્ષ કર્યા વિના, કુદરતમાં જ શ્રદ્ધા રાખી, પોતાને યોગ્ય લાગે તે કર્યે જાય છે. પરિણામે આપણે અનુભવીએ છીએ કે પક્ષીના એ ગુંજારવ અને કલરવનો આનંદ આપણે મનુષ્યો માણી શકીએ છીએ, ભાષાની મર્યાદાઓ નડતી હોવા છતાં. આ ઉદાહરણ દ્વારા આપણું લક્ષ આચાર્યજીની વાણી પર નહિ, પણ તેમના ગુંજારવ પર કેન્દ્રિત થાય છે. પ્રભુના ગુણોના સ્મરણથી પ્રગટ થતો અત્યાનંદ આચાર્યજી આ રીતે પ્રગટ કરે છે કે આપણને તેમને નડતી વાણીની મર્યાદાનું ભાન પણ થતું નથી, આપણે તો તે રચનામાંથી ટપકતાં આનંદરસમાં જ નિમગ્ન બનતા જઈએ છીએ, અને તેમની સાથે સાથે એ આનંદના રસપાનમાં તદ્રુપ થતા જઈએ છીએ, આ જ એમની કાવ્યશક્તિનો સાચો પરિચય છે. તેમની અનુભૂતિમાં આપણી અનુભૂતિ સમાઈ જાય છે. (૬)

આમ છ કડી સુધી આચાર્યજીએ પોતે આરંભેલું પ્રભુની સ્તુતિ કરવાનું કાર્ય કેટલું મહાન, કેટલું વિસ્તૃત અને કેટલું કઠિન છે તે જુદી જુદી રીતે વ્યક્ત કર્યું છે. આ મહાન કાર્ય માટે જોઈતી શક્તિ પોતામાં નથી, એવી પોતાની અલ્પતા સ્પષ્ટ કરી છે. તેમ છતાં તેઓ આ કાર્ય શા માટે કરે છે તેનું રહસ્ય વિશેષતાએ આપણને સાતથી નવ એ ત્રણ કડીમાં જાણવા મળે છે. અર્થાત્ સ્તુતિની રચના પાછળનો હેતુ આ કડીઓમાં પ્રગટ થાય છે.

आस्तामचिंत्य महिमा जिन संस्तवस्ते
नामाऽपि पाति भवतो भवतो जगति ।
तीव्रतपो पहत पांथ जनान्निदांघे
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ।। ७ ।।

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર અરે,
તુજ નામ પણ સંસારથી ત્રૈલોક્યનું રક્ષણ કરે;
જ્યમ ગ્રીષ્મકેરા સખ્ત તાપ વડે મુસાફર જે દુ:ખી,
તે થાય કમળ તળાવકેરા શીતળ વાયુથી સુખી. (૭)

પોતાને અનેક મર્યાદાઓ નડતી હોવા છતાં આચાર્યજી આ રચના કરવા કેમ તત્પર બન્યા છે તેનું રહસ્ય અહીં જાણવા મળે છે. પ્રભુના સ્મરણથી સંસારના પરિતાપથી છૂટાય છે તે બતાવતાં આચાર્યજી આ કડીમાં પ્રભુને સંબોધીને કહે છે કે 'હે જિનપ્રભુ! આપની સ્તુતિ કરવાનો મહિમા તો ચિંતવી પણ ન શકાય તેવો છે. માત્ર તમારા નામનું સ્મરણ કરવામાં આવે તો પણ તે ત્રણે લોકના જીવોને સંસારથી રક્ષણ આપવા સમર્થ છે. મધ્ય ઉનાળાના સખત તાપમાં પ્રવાસ કરતો મુસાફર અનેક સંકટો પામે છે, પણ જ્યારે તે મુસાફર કમળથી ભરપૂર એવા તળાવ પરથી પસાર થઈને આવતા ઠંડા વાયુનો સ્પર્શ પામે છે ત્યારે સુખ તથા શાંતિ અનુભવે છે. અર્થાત્ પ્રભુનું નામ-સ્મરણ એ સંસારના પરિતાપોમાં ગ્રીષ્મ ઋતુમાં શીતળ વાયુ માફક શાતાકારી રહે છે.

સંસારમાં અનુભવવા મળતી એક પરિસ્થિતિનું દૃષ્ટાંત લઈને આચાર્યજી આ કડીમાં પ્રભુનાં સ્મરણનો અને સ્તુતિનો પ્રભાવ વર્ણવે છે. પ્રત્યેક મનુષ્ય સમજી શકે અને અનુભવી શકે એવી વિષમ પરિસ્થિતિનું ચિત્ર તેઓ ત્રીજી પંક્તિમાં ખડું કરે છે. ધોમધખતા ગ્રીષ્મની બપોરે, જ્યાં લેશ પણ છાંયો મળતો ન હોય તેવી વાટે આગળ વધતા મુસાફરનું ચિત્ર આપ્યું છે. આ મુસાફર એ સખત તાપમાં કેટલા પ્રકારની વેદના અનુભવે? ધરતી ખૂબ તપી હોય એટલે પગ સખત દાઝતા હોય, અગ્નિ ઝરતી લૂ વાતી હોય એટલે આખા શરીરે ડામ દેવાતા હોય તેવી બળતરા થતી હોય, અને માથા ઉપર પણ ક્યાંય છાંયો ન આવવાને કારણે તે ભાગ પણ બળું બળું થતો હોય; આ દશામાં સખત તૃષા લાગી હોય; આવા સમયે એ મુસાફર કેટલા પ્રકારે દુઃખ અનુભવે તેની કલ્પના આવવી કઠણ નથી. તે ચારે બાજુથી સંકટથી જ ઘેરાયેલો હોય અને ક્યાંયથી પણ રાહત મળે તેવો અવકાશ ન હોય, એવી પરિસ્થિતિમાં પ્રવાસમાં આગળ વધવું તે મુસાફર માટે કેટલું વિષમ બની રહે! તેમ છતાં તે પ્રવાસમાં થોડે આગળ જતાં એક સુંદર કમળોથી ભરપૂર તળાવ પાસેથી પસાર થવાનો તેને યોગ આવે, તે સરોવર પરથી પસાર થઈને આવતી મીઠી હવાની શીતળ લહેર માણવાનો પ્રસંગ બને તો તે મુસાફરને કેટલી શાંતિનો અનુભવ થાય! લૂ ઝરતા પવનની જગ્યાએ શીતળતાથી ભરપૂર પવનનો સ્પર્શ થતાં આખા શરીરનો દાહ લુપ્ત થાય, ધરતી પણ

શીતળતાને કારણે દાહ દેવાનું બંધ કરે અને એ રીતે સમગ્ર શરીરે સુખનો અનુભવ થાય. વળી સુંદર કમળોથી યુક્ત સરોવરનું નયનરમ્ય દૃશ્ય આંખને પણ ખૂબ શીતળતા આપે છે. ચારે બાજુની સંકટની પરિસ્થિતિમાં કમળતળાવના શીતળ પવનનો સહારો તે મુસાફરને કેટલો લાભકારી થાય એ અંદાજ કાઢવો આ પરિસ્થિતિનો વિચાર કરતાં જરાય મુશ્કેલ નથી.

આ આખી પરિસ્થિતિ સ્પષ્ટ કરવાનો હેતુ પ્રગટ જ છે. શ્રી આચાર્યજી જણાવે છે કે કમળતળાવ પરથી થઈને આવતો પવન, ગ્રીષ્મના અસહ્ય તાપથી દાઝતા મુસાફરને જેવો શાતાકારી થાય છે, તેવું શાતાકારી પ્રભુનું નામસ્મરણ, સંસારના અસહ્ય તાપથી દાઝતા જીવોને થાય છે. આ સંસાર એ ગ્રીષ્મ ઋતુના લૂ ઝરતા પવન જેવો છે. તેમાંથી સતત દુ:ખનો દાવાનળ પ્રગટ્યા જ કરે છે. જીવ સુખ મેળવવા ઝાંવા નાખ્યા કરે અને તેને સતત દુ:ખનો અનુભવ થયા જ કરે, સંસારમાં ક્યાંય શાતાનો એક અંશ પણ નથી એવું જ્ઞાનીઓ પોકારી પોકારીને કહી ગયા છે અને પ્રત્યેક જીવ તેનો અનુભવ કર્યા કરે છે. પણ છતાંય તેનાં સુખ માટેનાં વલખાં ઓછા થતાં નથી. સંસારમાં રખડતા જીવો એ લૂથી દાઝતા મુસાફર છે. નિત્ય નિગોદથી શરૂ કરી મોક્ષ સુધીના પ્રવાસમાં ચારે ગતિમાં તે પરિભ્રમણ કરે છે, અને પ્રત્યેક ગતિમાં તે સંસાર દુ:ખનો અનુભવ કરી દાઝ્યા જ કરે છે. આ પરિતાપની વચ્ચે રહેતા જીવોને પ્રભુનું નામસ્મરણ કમળતળાવ પર થઈને આવતા શીતળતાસભર પવન જેવું શાતાકારી નીવડે છે. મેષોન્મેષથી શરૂ કરી શૈલેશી અવસ્થા પર્યંતની શાતાનું કારણ એક સત્પુરુષ જ છે એવો અભિપ્રાય સર્વ જ્ઞાનીઓનો છે. આ દુ:ખના ઝપાટામાં જે કંઈ શાંતિ અનુભવાય છે તેનું નિમિત્ત સત્પુરુષ જ હોય છે એવું વિચારતાં સમજી શકાય છે.

સંસારમાં ક્યાંય સુખ નથી. તેમાં રહેતા જીવો ચારે બાજુથી અનેક પ્રકારની મુશ્કેલીઓ જ અનુભવ્યા કરે છે અને ચારે બાજુથી તેઓ સંકટમાં ઘેરાયેલાં હોવાથી દુ:ખ જ અનુભવ્યા કરે છે. ત્યાં રાહતનો દમ મળવો પણ અતિ મુશ્કેલ જણાય છે. આ સ્થિતિનો અનુભવ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને પણ થાય છે. તો પછી તેનાથી નીચી અવસ્થાવાળાનું તો પૂછવું જ શું? તેમને તો મેષોન્મેષ જેટલી શાતા પણ અનુભવવા

મળતી નથી. સંસારનું આવું દુઃખથી ભરપૂર સ્વરૂપ ગ્રીષ્મ ઋતુના પ્રખર તાપવાળા દિવસના ઉદાહરણથી વિવક્ષિત કર્યું છે. આવા દુઃખ ઝરતા સંસારમાં અનંત જીવો સાચા ભાન વગર આથડ્યા જ કરે છે. ગીષ્મઋતુના તાપઝરતા દિવસના પ્રવાસમાં શીતળતા આપનાર કમળતળાવ પાસેથી આવતી ઠંડી લહેર માણતા પસાર થવાનું ભાગ્ય તો કોઈક વિરલાને જ સાંપડે છે. બાકી તો તે તાપ સહન કરતાં કરતાં જ પ્રવાસ આગળ વધારવાનો હોય છે. તેમ આ સંસારમાં શીતળતા આપનાર પ્રભુસ્મરણ તો અત્યંત પુણ્યના યોગે જ પ્રાપ્ત થાય છે, બાકીના જીવો તો સતત દુઃખ ભોગવ્યા જ કરે છે.

આ સંસારમાં જીવો ચારે બાજુથી કોઈ ને કોઈ પ્રકારે પરિતાપ સહન કરતા રહે છે, અને અતિ દુઃખી થતા રહે છે. સંસારના દાવાનળ જેવા દુઃખના સમૂહમાં તરફડતા જીવોને આચાર્યજી ગ્રીષ્મના તાપમાં દુઃખી થતા મુસાફર જેવા ગણાવે છે, અને એમાં લેશ પણ શીતળતા આપનાર જો કોઈ હોય તો તે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું નામસ્મરણ છે તેમ જણાવે છે. પ્રભુનાં નામનું સ્મરણ કરવાથી જીવ સંસારમાં – ત્રણે લોકમાં ઉપદ્રવિત થતા પરિતાપથી બચી શકે છે એવો તેનો મહિમા છે. પ્રભુનું સ્મરણ રહે ક્યારે? જ્યારે પ્રભુમાં પ્રેમ ઉદ્‌ભવે ત્યારે, પ્રભુ પ્રત્યે સમર્પણભાવ આવે ત્યારે. આ સમર્પણભાવ આવે ત્યારે પ્રભુ પોતાના ભક્તને પોતાના જેવો જ બનાવવા પુરુષાર્થ કરે છે અને જેમ જેમ ભક્ત વીતરાગદશા તરફ વળતો જાય છે તેમ તેમ પોતાનું શાંતસ્વરૂપ પ્રગટાવી સંસારના પરિતાપથી બચતો જાય છે, એવો મહિમા પ્રભુના નામસ્મરણનો છે. જો સાચા ભાવથી સ્મરણ કરવામાં આવે તો સ્મરણ કરનારની પાસે દુઃખો આવી શકતાં નથી. માત્ર સ્મરણથી જ આવું કાર્ય થઇ શકે તો તેમની સ્તુતિ કરવાથી કેવું અદ્‌ભુત પરિણામ આવે? એ મહિમા વર્ણવવો એ પણ આચાર્યજીને પોતાના ગજા બહારની વાત લાગે છે. તેઓ ચિંતવી શકતા નથી કે એ મહિમા કેટલો અદ્‌ભુત હશે. તેથી તેઓ કહે છે કે :–

“અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર અરે!
તુજ નામ પણ સંસારથી ત્રૈલોક્યનું રક્ષણ કરે.”

આ પંક્તિઓ વાંચતા આપણને શ્રી માનતુંગાચાર્ય વિરચિત "ભક્તામર સ્તોત્ર"ની નવમી કડીની નીચેની પંક્તિઓની સ્મૃતિ થાય છે.

"દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાસે જગજનતણાં નામ માત્રે તમારા."

બંનેના શબ્દો જુદા હોવા છતાં ભાવની સમાનતા કેવી અદ્‌ભુત છે! બંનેને શ્રી તીર્થંકર પ્રભુની સતત સ્તુતિ તથા નામસ્મરણના અદ્‌ભુત મહિમાની સમાન અનુભૂતિ થઇ છે. એ પરથી શ્રી તીર્થંકર પ્રભુના મહિમાનો કેટલોક પરિચય આપણને થાય છે અને જ્ઞાની પુરુષનાં નીચે જણાવેલાં વચનની સાક્ષી પણ મળી રહે છે.

"કોટિ જ્ઞાનીનો એક અભિપ્રાય હોય છે, એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાય હોય છે."

આત્માની ઉચ્ચ અવસ્થાએ બિરાજતી બે અદ્‌ભુત વ્યક્તિઓ – શ્રી માનતુંગ આચાર્ય અને શ્રી સિદ્ધસેન દિવાકર – સર્વજ્ઞ પ્રભુનો કેવો સમાન મહિમા અનુભવે છે? આવા અદ્‌ભુત મહિમાના અનુભવના પરિણામમાં તેઓ સ્તુતિની રચના કરવા, અનેક મર્યાદાઓ નડવા છતાં પણ તત્પર બને તેમાં નવાઈ શું છે? (૭)

આચાર્યજીએ પોતે અનુભવેલા આ મહિમાને વિશેષ સ્પષ્ટ કરતાં આઠમી કડીમાં ગાયું છે કે :–

हृद्वर्तिनि त्वयि विभो शिथिली भवंति
जंतोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजगममया इव मध्यभागम्
अभ्यागते वनशिखंडिनि चंदनस्य ॥ ८ ॥

હે સ્વામી! આપ હ્રદય વિશે આવો તદા પ્રાણી તણાં,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગતણા;
વનના મયુરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદન તણા તરુથી જ સર્પો સદ્ય છૂટે છે નક્કી. (૮)

આચાર્યજી પ્રભુજી સમક્ષ અહોભાવભરી વાણીમાં જણાવે છે કે, 'હે વિભુ! ચંદનના વનમાં ચંદનવૃક્ષોને સર્પો ભરડો દઈને રહે છે, પણ વનમાં મયૂર પક્ષીના પ્રવેશ માત્રથી તે ભરડો છૂટી જાય છે. તેમ જ હે વિભુ! સ્વભાવતઃ આનંદરૂપ આ હૃદયમાં 'પાપ' , 'દુઃખ' રૂપી સર્પો ભરડો દઈને રહેવા લાગ્યા હતા તે આપ કલાધર મોરના પ્રવેશમાત્રથી અદૃશ્ય થાય છે.'

આ કડીમાં બહુ જ સ્વભાવિકતાથી છતાં અદ્‌ભુત રીતે પ્રભુનો યથાર્થ મહિમા આચાર્યજીએ વર્ણવ્યો છે. પ્રભુ જ્યારે પ્રાણીનાં હૃદયમાં પ્રવેશ કરે છે, અર્થાત્ કર્મથી લેપાયેલો જીવ જ્યારે પ્રભુ પ્રતિ પ્રેમ ઢોળી, પ્રભુને હૃદયમાં સ્થાપિત કરે છે ત્યારે તેનાં ગમે તેવાં દૃઢ કર્મબંધન હોય તે પણ ક્ષણમાં – જોતજોતામાં તૂટી જાય છે અને જીવ કર્મમુક્ત બને છે. પ્રભુ જ્યારે પ્રાણીનાં હૃદયમાં પ્રવેશ કરે છે ત્યારે તે પ્રાણીનાં કર્મો ટકી શકતાં નથી, તેનો નાશ થતો જાય છે. અહીં આચાર્યજી પ્રભુને 'વિભુ' તરીકે ઓળખાવે છે તે ઘણું સૂચક છે. 'વિભુ' એટલે પ્રકાશિત કરનાર. જ્યાં અંધકાર છવાયો હોય ત્યાં પ્રકાશ પાથરે તે વિભુ. આ સંબોધન પરથી જ આપણને પ્રભુનું કાર્ય સામાન્યપણે સમજાય છે અને સંબોધન પછીના શબ્દો દ્વારા એની સ્પષ્ટતા થાય છે. ગળાબૂડ કર્મમાં લોપાયેલો જીવ જ્યારે પોતાનાં હૃદયમાં પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના કરે છે ત્યારે તે પ્રભુના પ્રભાવથી કર્મરહિત બનતો આવે છે. આ પ્રભાવ કેવો અદ્‌ભુત છે! એ પ્રભાવ અનુભવવા માટે જીવની યોગ્યતા કેવી હોવી કોઈએ તે પણ અહીં સમજાવ્યું છે, અહીં આચાર્યે 'જંતુ' શબ્દનો ઉપયોગ કર્યો છે. જંતુ એટલે કર્મના ભારથી દબાઈને સૂક્ષ્મ સ્વરૂપને પામેલો જીવ. એટલે ગમે તેવા ભયંકર કર્મના ભારવાળો જીવ પણ 'જંતુ' શબ્દમાં સમાઈ શકે છે. આવા જીવના હૃદયમાં જ્યારે પ્રભુનો પ્રવેશ થાય છે ત્યારે ઉત્તમ કાર્ય થાય છે, 'હૃદય' શબ્દથી 'સંજ્ઞી પંચેન્દ્રિય'પણું વિવક્ષાય છે. હૃદયનું કાર્ય છે અનુભવવું અને વિચારવું. સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામ્યા વિના જીવ હૃદય પ્રાપ્ત કરી શકતો નથી. વળી તે હૃદયમાં પ્રભુને સ્થાપન કરવાના હોવાથી, પ્રભુ પ્રતિ અનન્ય પ્રેમ કેળવીને તેમની આજ્ઞાનુસાર વર્તવાની વૃત્તિ તેણે રાખવી પડે છે. અર્થાત્ પોતામાં રહેલા સ્વચ્છંદને દેશવટો આપી, પ્રભુ આજ્ઞાએ

વર્તવાનો દૃઢ નિર્ધાર કરનાર જીવની વાત આચાર્યજીએ અહીં રજૂ કરી છે. આવો જીવ જ પ્રભુના સાચા મહિમાને માણી શકે છે, અનુભવી શકે છે. આ કથન દ્વારા પ્રભુનો મહિમા અનુભવવા માટે બે મુખ્ય ગુણોની જરૂરિયાત આચાર્યજીએ ખૂબીથી બતાવી દીધી છે. (૧) સંજ્ઞી પંચેન્દ્રિયપણું (૨) પ્રભુ આજ્ઞાએ ચાલવાની વૃત્તિ. જીવ જ્યારે આ બંને યોગ્યતા પોતામાં લાવે છે ત્યારે જ પ્રભુ પોતાનું કાર્ય કરે છે. પ્રભુનો જીવનાં હ્રદયમાં જેવો પ્રવેશ થાય તેવો જ બધા કર્મોનો ક્રમે કરીને નાશ થવા લાગે છે. આ પ્રભાવ દ્વારા શુદ્ધસ્વરૂપી પ્રભુ અને કર્મમળ વચ્ચેનો સંબંધ પ્રગટ થાય છે. બંને ક્યારે ય સાથે રહી શકતા નથી, આથી ગમે તેવા ભારે કર્મોવાળો જીવ હોય, પણ તેનાં હ્રદયમાં પ્રભુ બિરાજમાન થાય તો, પ્રભુના પ્રભાવથી એ સર્વ કર્મોને જવું જ પડે છે. ભગવાનની આસપાસમાં અનિષ્ટો ટકી શકતાં નથી, એટલે કે કર્મ કરતાં પ્રભુનું બળવાનપણું અનેકગણું છે એવો પોતાનો અનુભવ આચાર્યજી અહીં રજૂ કરે છે.

પોતાના આ અનુભવને પુષ્ટિ આપવા આચાર્યજી પ્રકૃતિમાં જોવા મળતું એને અનુરૂપ ઉદાહરણ પછીની બે પંક્તિઓમાં રજૂ કરે છે. ચંદનવનમાં ચંદનની સુગંધથી આકર્ષાઇને આવેલા સર્પો, ચંદનની સુગંધ તથા ઠંડક માણવા માટે તે વૃક્ષને ભરડો દઈને પડ્યા રહે છે, અને વૃક્ષને અનેક પ્રકારે કષ્ટ કરે છે. પરંતુ એ વનમાં પવિત્ર ગણાતા મોરલાઓ પ્રવેશ કરે છે ત્યારે તેમની પવિત્રતા સહન ન કરી શકવાથી, સર્પો વૃક્ષને ભરડો દેવો છોડી દઈ, તત્કાલ જ અન્ય જગ્યાએ ચાલ્યા જાય છે અને વૃક્ષને કષ્ટથી મુક્ત કરે છે.

આ બંને પ્રસંગોનો સંબંધ અને સમન્વય સમજવાથી વિશેષ સ્પષ્ટતા થાય તેમ છે. પ્રકૃતિથી જ સર્પ અને મયુરને વેરભાવનો સંબંધ છે. સર્પ એ અનિષ્ટ અને મિથ્યાત્વનું પ્રતિક છે, ત્યારે મોર એ પવિત્રતા અને પાત્રતાનું પ્રતિક છે. આથી જ્યારે જ્યારે ઈષ્ટ અને અનિષ્ટનો સંઘર્ષ જામે છે ત્યારે ત્યારે ઈષ્ટનો જય અને અનિષ્ટનો પરાજય હોય છે. જેમ પ્રકૃતિમાં તેમ પરમાર્થમાં કર્મ અને પ્રભુને પ્રકૃતિથી જ વેરભાવનો સંબંધ છે, તેઓ બંને ક્યારેય પણ સાથે રહી શકતાં નથી. કર્મ એ સર્વ પ્રકારનાં

અનિષ્ટો અને દુઃખનું નિમિત્ત છે. ત્યારે પ્રભુ એ સર્વ ઈષ્ટ અને અવ્યાબાધ સુખનું નિમિત્ત છે. તેથી જ્યારે જ્યારે બંને વચ્ચે સંઘર્ષ થાય છે ત્યારે ત્યારે પ્રભુનો જ વિજય નિશ્ચયપણે હોય છે, તથા કર્મની હાર થાય છે એ અવસ્થા અહીં સ્પષ્ટપણે રજૂ કરાઇ છે.

આ કડીને વિચારતાં સમજાય છે કે આત્મા એ ચંદનવૃક્ષ સમાન છે. તે ગમે તે સંજોગમાં યથાવત્ રહે છે. સર્પ ભરડો લે તો પણ વૃક્ષ તેની સુગંધનો કે ઠંડકનો ત્યાગ કરતું નથી, તેથી આત્મા પણ ગમે તેવા કર્મભાર નીચે પ્રદેશ કે ગુણનો ત્યાગ કરતો નથી. તે પોતાની અવસ્થા જાળવી રાખે છે. કર્મ એ સર્પ સ્વરૂપ છે. તે અનિષ્ટ તથા પીડા સૂચવે છે, ત્યારે પ્રભુ એ મયુર સ્વરૂપ છે, તે પાત્રતા અને પવિત્રતા સૂચવે છે.

અહીં પ્રકૃતિ અને પરમાર્થનો એક તફાવત નજરે ચડે છે. સર્પ અને મયૂરના ગજગ્રાહની વચ્ચે ચંદનવૃક્ષ અલિપ્ત રહે છે. તે પોતે કોઈને નિમંત્રણ આપતું નથી. કે તિરસ્કાર કરતું નથી. ત્યારે જીવ પોતાના ભાવાનુસાર બંનેને નિમિત્ત આપે છે. આત્મા એ ચંદનવૃક્ષની જેમ બધાને આકર્ષનાર છે, આથી મિથ્યાત્વાદિ અનેક કર્મો આત્માની વિભાવ અવસ્થામાં સર્પની જેમ તેને ચિટકી પડે છે. પણ તે ભરડામાં દબાયેલો જીવ જો એથી છૂટવાના ભાવ કરી મયૂરરૂપ પ્રભુને હ્રદયમાં સ્થાપે તો આ કર્મો આત્મા પાસે રહી શકતાં નથી. આત્મા આમ ચંદનવૃક્ષની જેમ કર્મ અને સર્વજ્ઞ બંનેને સુખરૂપ છે. પણ તેને સુખરૂપ કોણ તે નક્કી કરી, તેને આમંત્રણ આપવું એ તેની સ્વતંત્રતાની વાત છે. તે પોતે જેવો થવા ધારે તેવો થઇને રહે છે. કર્મના ભારથી દબાવા ઇચ્છે તો તેમ બને અને પ્રભુનાં ધ્યાનમાં લીન બની કર્મરહિત થવા ઇચ્છે તો તેમ બને. આ સ્થિતિ સૂક્ષ્મ વિચારણા માગી લે છે અને પ્રભુનો મહિમા માગ્યા વિના માણવા મળતો નથી એ સૂક્ષ્મજ્ઞાનનો વિવેક તેમાંથી સમજાય છે. વીતરાગપ્રભુ, વીતરાગ થવા ઇચ્છનારને તેમ થવા માટે સંપૂર્ણ સહાય કરે છે, અને વિજયી નીવડે છે એ સિદ્ધાંત અહીં વણાયેલો જોઈ શકાય છે. (૮)

આ અગત્યના સિદ્ધાંતની પુષ્ટિ માટે આચાર્યજી આ પછીની કડીમાં એક નવું ઉદાહરણ રજૂ કરે છે :–

मुच्यंत एव मनुजाः सहसा जिनेन्द्र
रौद्ररुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गौस्वामिनि स्फुरति तेजसि दृष्टमात्रे
चौरे रिवाशु पशवः प्रपलायमानैः ।।९।।

દર્શન અહો જિનેન્દ્ર! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભયભરેલાં સ્હેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી,
પશુઓ મૂકાએ સદ્ય જેવાં નાસતા ચોરો થકી. (૯)

પ્રભુજીનાં દર્શન માત્રનો જે પ્રભાવ છે તે પ્રભાવ વર્ણવતાં આચાર્યજી આ કડીમાં હ્રદય ખોલીને જણાવે છે કે, 'હે જિનેન્દ્ર પ્રભુ! મનુષ્યને આપનાં દર્શન થતાં, તે દર્શન માત્રથી જ ભય પ્રેરનારા સેંકડો દુઃખો સહજપણે ટળી જાય છે, જેમ ચારે બાજુ પ્રકાશ ફેલાવનાર સૂર્યના પ્રગટ થવાથી અથવા ગોવાળની માત્ર દૃષ્ટિ પડવાથી જ ચોરલોકો પોતે ચોરી જતાં પશુઓને છોડી નાસી જાય છે.' અર્થાત્ સૂર્ય કે પશુપાલકની દૃષ્ટિથી જેમ ચોરો ડરે છે તેમ પ્રભુની દૃષ્ટિથી દુઃખો ડરે છે.

આઠમી કડીમાં, જે કોઈ જીવ પ્રભુને હ્રદયમાં સ્થાપે તે સર્વને પ્રભુનાં કેવાં મહાત્મ્યનો પરિચય થાય છે તે આચાર્યજીએ વર્ણવ્યું છે. પ્રસ્તુત કડીમાં, જે જીવ પ્રભુનાં દર્શન કરવાનો લાભ પામે તે કેવા ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે તે વર્ણવ્યું છે. પૂર્વની કડીમાં, પ્રભુને હ્રદયમાં સ્થાપન કરનાર જીવ કોઈ પણ ગતિમાં રહેલો હોય તો પણ એમનો મહિમા અનુભવવા ભાગ્યશાળી થાય છે, તે સ્પષ્ટ રીતે આચાર્યજીએ બતાવ્યું છે અને આ કડીમાં માત્ર મનુષ્યગતિમાં અનુભવવા મળતો એવો પ્રભુનો મહિમા પ્રગટ કર્યો છે. એનો અર્થ એટલો જ છે કે આ પ્રકારનો અનુભવ મુખ્યત્વે મનુષ્યગતિમાં પ્રાપ્ત થાય છે, અને અન્ય ગતિઓમાં આવો અનુભવ ભાગ્યે જ થવા

યોગ્ય છે. આ પરથી એ વિચારણા જાગે છે કે એમાં એવી ક્યા પ્રકારની વિશેષતા છે કે જે માટેની પાત્રતા વિશેષપણે પ્રગટ થાય છે? એ તપાસતાં પહેલાં થતો અનુભવ જોઇએ.

પ્રભુનાં મુખદર્શનથી થતો અદ્‌ભુત પ્રભાવ આ કડીમાં આચાર્યજી વર્ણવે છે.મનુષ્યને પ્રભુનાં મુખનું દર્શન બે પ્રકારે થાય છે. પ્રભુ જ્યારે સર્વજ્ઞરૂપે બિરાજતા હોય, સિદ્ધ થયા ન હોય તે વખતે પ્રત્યક્ષ દર્શનનો લાભ મનુષ્યને થાય છે, અને જ્યારે પ્રત્યક્ષ સ્વરૂપે પ્રભુ બિરાજમાન ન હોય ત્યારે પ્રભુનાં મુખદર્શનનો લાભ મનુષ્યને ભાસમાં મળે છે. મનુષ્યનું ચિત્ત પ્રભુમાં એકાગ્ર બને છે, અને ત્યારે તેને પ્રભુદર્શનની તીવ્ર ઝંખના થાય છે. તે વખતે પ્રભુ પ્રત્યક્ષપણે બિરાજમાન ન હોય તો તે પ્રભુનાં દર્શનનો લાભ ન પામી શકે એમ નથી. તે વખતે ચિત્તની સ્થિરતાના સમયે ભાસરૂપે પ્રભુદર્શનનો લાભ તેને મળે છે. વળી પ્રભુ પ્રત્યક્ષપણે હોય છતાં એવા દૂરના સ્થળે કે એવી અન્ય જગ્યાએ હોય કે મનુષ્ય ત્યાં દર્શન કરવા પહોંચી શકે તેમ ન હોય, તો તેવે વખતે પણ ચિત્તસ્થિરતામાં તે મનુષ્ય પ્રભુદર્શનનો લાભ ભાસમાં મેળવી શકે છે. વળી પ્રભુદર્શનની તીવ્ર ઝંખના કે ભાવના ન હોય તો પ્રત્યક્ષ રહેલા સર્વજ્ઞને મનુષ્ય સર્વજ્ઞપણે ઓળખી શકતો નથી કારણ કે પ્રભુને બાહ્યવેશથી પ્રભુસ્વરૂપે ઓળખવા તે અત્યંત મુશ્કેલ વાત છે. એ ઓળખ માત્ર આંતરગુણ ધરાવનારથી થાય છે. એ ગુણોમાં વિશિષ્ટ અને અગત્યનો ગુણ તે પ્રભુને ઓળખવાની અને પ્રભુનાં દર્શન કરવાની ‘તીવ્ર અદમ્ય ઇચ્છા’ છે, અને સાચી ભાવના વગર પ્રભુની પ્રભુરૂપે ઓળખાણ ન હોય તો થયેલાં દર્શન પણ કંઈ ફળ આપી શકતાં નથી. આમ પ્રભુદર્શનનો સાચો લાભ મેળવવા માટે, પ્રભુનાં સત્ય સ્વરૂપે પ્રત્યક્ષ કે પરોક્ષ દર્શન કરવા માટેની તીવ્ર અભિલાષા હોવી તે ખૂબ અગત્યનું છે. આ ઝંખનાનાં પરિણામે જ્યારે મનુષ્યને પ્રત્યક્ષ કે પરોક્ષ દર્શન થાય છે ત્યારે એના પ્રભાવથી દર્શન કરનાર મનુષ્યનાં અનેક દુઃખો – ઘણા ઘણા પ્રકારે દુઃખ આપે એવા સેંકડો દુઃખો સહજપણે નાશ પામે છે, અને તે દુઃખો ઉદયમાં આવી એ મનુષ્યને પરેશાન કરી શકતાં નથી. આ પ્રભાવ સમજાવવા માટે આચાર્યજી એક ઉદાહરણ આપે છે.

રાત્રિના અંધકારનો લાભ લઈને ચોર લોકો પશુઓને તેમનાં નિવાસ્થાનેથી ચોરી જવાનો પ્રયાસ કરતા હોય છે. એ ચોરી કરતી વખતે અન્ય કોઈનું લક્ષ તેમના પર ન જાય તેવી તકેદારી પણ તેઓ રાખતા હોય છે, તેમ છતાં કોઈ ગફલતીના કારણે કે પશુના વિરોધને કારણે, પશુપતિનું લક્ષ તેમના કાર્ય તરફ જાય અર્થાત્ પશુઓના માલિકની નજર તેમના પર પડી જાય, અથવા તો ચોરીનું કાર્ય કરતાં વાર લાગે અને પ્રભાતનાં સૂર્યનાં સોનેરી કિરણો ચારે બાજુ પ્રસરવા લાગે તો તરત જ તેઓ પોતે આરંભેલું ચોરીનું કાર્ય પકડાઈ જવાના ડરથી છોડી દે છે. પશુઓને એમ ને એમ, ત્યાં જ છોડી તેઓ પલાયન થઇ જાય છે. જેવું ચોર અને પશુઓની બાબતમાં બને છે, તેવું જ મનુષ્યનાં દુ:ખો અને પ્રભુની બાબતમાં બને છે, તે અહીં આચાર્યજીએ પ્રગટ કર્યું છે.

મનુષ્યની અવસ્થા પશુ જેવી નિરાધાર છે. દુ:ખો ચોર લોકોનું કાર્ય કરે છે. પ્રભુ એ સૂર્ય અથવા ગોવાળની તેજસ્વી દૃષ્ટિનું કાર્ય કરે છે. ચોર સૂર્ય અને પશુપાલકની ગેરહાજરીનો લાભ લઈ પશુધન ચોરી જાય છે, એમ દુ:ખો પ્રભુની ગેરહાજરીનો લાભ લઈને મનુષ્યને અર્થાત્ જીવનાં મનુષ્યત્વને ચોરી જાય છે. પ્રભુની ગેરહાજરીમાં નિરાધાર બનેલો જીવ દુ:ખના ભાર નીચે મનુષ્યત્વ ગુમાવી દે છે, પરંતુ તે વખતે જો તે પ્રભુનું સાનિધ્ય પામે તો તે થતાં નુકશાનમાંથી બચી જાય છે, અને પ્રાપ્ત થયેલો મનુષ્યભવ સાર્થક થાય છે. પ્રભુનાં સાનિધ્યમાં ન હોય તેવો જીવ પોતાના આખા મનુષ્યભવને દુ:ખના અનેક પ્રકારના ભોગવટામાં ગુમાવી દે છે, અને કરવા યોગ્ય આત્મશ્રેય જરા પણ કરી શકતો નથી અને ચારે ગતિમાં જે શ્રેષ્ઠ કહેવાય તે મનુષ્યભવ વ્યર્થ વેડફાઈ જાય છે. પણ પ્રભુનાં શરણમાં રહેનારનું મનુષ્યપણું સાર્થક થાય છે, જેમ પશુઓ સૂર્ય કે ગોવાળની તેજસ્વી દૃષ્ટિ પડતાં ચોરાતાં બચી જાય છે તેમ. પ્રભુનું મુખ એટલું બધું સમર્થ છે કે તેનાં તેજનાં પ્રભાવથી દુ:ખો તેમનાં સાનિધ્યમાં આવી જ શકતા નથી. અને એથી દુ:ખો કોઈ જીવને સાર્થકતાથી રહિત કરી શકતાં નથી.

આટલું જાણ્યા પછી આચાર્યજીએ આ વિશેષતા માત્ર એક મનુષ્યને માટે જ શા માટે કહી છે! દેવ, નારકી કે તિર્યંચ માટે શા માટે આ વિશેષતા કેમ જણાવી નથી?

આ પ્રશ્નનું સમાધાન વિચારીએ અને યથાર્થતા સમજીએ. ચાર ગતિઓમાં શ્રેષ્ઠ ગતિ તરીકે સર્વ જ્ઞાનીઓએ મનુષ્યગતિને જ સ્વીકારી છે, ભૌતિક સુખો દેવગતિમાં સૌથી વિશેષ હોવા છતાં આમ કહેવાનું તેમને માટે સબળ કારણ છે. મનુષ્યગતિમાં આત્માને જાગૃત કરવાનો પુરુષાર્થ બીજી ગતિઓ કરતાં સવિશેષપણે થઇ શકે છે, એટલું જ નહિ પણ, પંચમ ગતિ-મોક્ષગતિ પામવા માટે મનુષ્યદેહની જ આવશ્યક્તા છે. એટલે કે પરમ વિશુદ્ધિ પ્રાપ્ત કરવા માટેનો પુરુષાર્થ પણ મનુષ્યદેહે જ થઇ શકે છે. અન્ય કોઈ ગતિથી મોક્ષ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ થઇ શકતો નથી અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. એટલે બીજી રીતે કહીએ તો કહી શકાય કે જીવ પોતાનું અમૂલ્ય ધન મનુષ્યગતિમાં જ પ્રાપ્ત કરી શકે છે. જ્યાં વિશેષ સમૃદ્ધિ છે ત્યાં જ લૂંટાવાનો ભય વિશેષ છે. સમૃદ્ધિ હોય જ નહિ તો લૂંટારા લૂંટે શું? એ ન્યાયે વિચારીએ તો આત્માને લૂંટાવાનો વિશેષ ભય મનુષ્યગતિમાં છે. જીવ સુખ પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરે અને દુઃખો તેને તેનાથી વંચિત કરવા પ્રત્યત્નવાન રહે. આ વિગ્રહના અનુસંધાનમાં આચાર્યજી મનુષ્યગતિને મુખ્યતા આપે છે તે યથાર્થ લાગ્યા વિના રહેતું નથી.

બીજી અપેક્ષાએ જોઇએ તો પ્રભુનું દર્શન અને શરણું, જો જીવને મનુષ્યગતિમાં પ્રાપ્ત થાય તો તે ઠેઠ મુક્તિ સુધીનો પુરુષાર્થ જગાડી, સર્વ કર્મોનો આત્યંતિક ક્ષય કરી, સર્વજ્ઞપણું પ્રાપ્ત કરાવી શકે છે. ત્યારે અન્ય ગતિઓમાં પ્રભુનું શરણું અને દર્શન પ્રાપ્ત થવાથી સમકિત કે તેની થોડી ઉપરની અવસ્થા સુધી જ પહોંચી શકાય છે, એટલે કે અમુક અંશે જ દશા વધારવા જેટલો લાભ લઈ શકાય છે, પૂર્ણતાએ જીવ પહોંચી શકતો નથી. એટલે કે પ્રભુદર્શનનો સર્વોત્તમ મહિમા અન્ય ગતિઓમાં પૂરેપૂરો અનુભવી શકાતો નથી. વળી પ્રભુદર્શનના અભાવમાં સૌથી મોટી ખોટ પણ મનુષ્યગતિમાં અનુભવવી પડે છે. બીજી ગતિઓમાં તો ભોગવટાની મુખ્યતા છે, પુરુષાર્થની નથી. તે દૃષ્ટિએ પણ મનુષ્યગતિને આપેલું મહત્ત્વ સમજવા યોગ્ય છે.

આ અને આવાં અન્ય કારણોને લીધે મનુષ્યગતિમાં પ્રભુ દર્શનનો લાભ અનન્ય છે તે આચાર્યજીએ આ કડીમાં સ્પષ્ટ કર્યું છે તે યોગ્ય છે. સર્વ જીવો માટેનો મહિમા આઠમી કડીમાં પ્રગટ કર્યા પછી, તેના પડછામાં ઉત્કૃષ્ટ ગણાતી ગતિમાં મળતો અનન્ય

લાભ વ્યક્ત કરતાં આચાર્યજીમાં તેમની સૂક્ષ્મ બુદ્ધિ અને અવલોકનશક્તિનો આપણને પરિચય થાય છે.

આચાર્યજી પોતે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય છે. પ્રભુને હૃદયમાં સ્થાપી તેમનું નિરંતર ધ્યાન ધરવાવાળા છે, એ સમજ્યા પછી, તેઓ આ રચના કરવા, અનેક મર્યાદાઓ નડતી હોવા છતાં કેમ પ્રેરાયા તે સ્પષ્ટ થઈ જાય છે. સામાન્ય મનુષ્યને પણ પ્રભુદર્શનથી ઉત્તમ લાભ પ્રાપ્ત થાય છે તો પ્રભુમય બનેલા મનુષ્યને તેમની સ્તુતિથી કેવો અનન્ય લાભ થાય! એ ગણિત મૂકી શકાય. ગમે તેટલી અલ્પશક્તિ કે મર્યાદાઓ હોય છતાં પણ આ અગણિત લાભ ન જ ચૂકાય ને? તો પછી સાચા ભાવથી સ્તુતિ કરવી જ રહી! છે ને આ અદ્‌ભુત વાત! પોતે ગમે તેવા અલ્પ છે, પણ સમર્થની સ્તુતિ કરતાં કરતાં મહાન થવાનો લાભ શા માટે જવા દેવો! અને આ જ હેતુથી તેમણે સ્તુતિ રચી જણાય છે. પરિણામ તો જાહેર છે. તેમના ઉપર આવેલા બાર વર્ષના સંઘ બહાર રહેવાના ફરમાન તથા શિવ મંદિરમાં ઉપસર્ગ થવાની તૈયારીનો અંત આવે છે અને ત્યાં જ તેમની ધન્યતા છે. (૯)

આ પછીની એટલે કે દશમી કડીથી, સામાન્ય રીતે સમજમાં ન ઊતરે એવા વિરોધી જણાતાં પ્રસંગો અન્ય અપેક્ષાથી કેટલા સત્ય હોય છે તે વિશદતાથી આચાર્યજીએ પ્રભુજીની બાબતમાં જણાવ્યું છે. વિરોધ વિશે આશ્ચર્ય બતાવી, તેનું કેવી અપેક્ષાથી સમાધાન કર્યું છે એ સમજવામાં ખૂબ આનંદ આવે એમ છે. જુઓ :–

त्वं तारको जिन कथं भविनां त एव
त्वामुद्रहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दृतिस्तरति यज्जलमेष नूनम्
अंतर्गतस्य मरुतः स किलानुभावः ।।१०।।

તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીઆ;

આશ્ચર્ય છે પણ ચર્મકેરી મસકથી સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. (૧૦)

પ્રભુના ગુણો વર્ણવવામાં પોતાને જણાતી મર્યાદાઓ દર્શાવ્યા પછી, પ્રભુના એક ગુણને સંભારતા, પોતાને વર્તતું આશ્ચર્ય આચાર્યજી આ કડીમાં પ્રગટ કરે છે. તેઓ પ્રભુને ઉદ્દેશીને કહે છે કે, 'હે જિનરાજ! તમે ભવિજનોના તારક છો તે શી રીતે! કારણ કે જેઓ આ સંસાર સમુદ્રને તરે છે, તેઓ આપને પોતાના હૃદયમાં ધારણ કરીને તરતા હોવાથી, આપને તારતા હોય એમ જણાય છે. આથી તમે ભવિજનોના તારક કહેવાઓ છો તે આશ્ચર્ય લાગે છે. તેમ છતાં ચામડાની મસકનો વિચાર કરવામાં આવે છે ત્યારે તે આશ્ચર્ય સમાય છે. ચામડાની મસકમાં ભરેલો વાયુ તે મસકને પાણી ઉપર તારે છે, તેવી જ રીતે ખરેખર આપ પણ ભવિજનોના હૃદયમાં રહીને તેમને તારો છો.'

આઠમી કડીમાં આચાર્યજીએ જણાવ્યું છે કે જે જીવનાં અંતરમાં પ્રભુ બિરાજે છે, તે જીવ કર્મોથી જલદી મૂકાય છે, એટલે કે પ્રભુ એ સંસારસમુદ્ર તરવા માટે નૌકા સમાન છે. તેમના આ તારક ગુણને આચાર્યજી આ કડીમાં સાશ્ચર્ય જણાવે છે. સામાન્ય રીતે તારક નીચે અને તરનાર ઉપર એવી રચના હોય છે. જેમ કે લાકડું પાણીમાં તરે છે, સાથે સાથે તેના પર જે જીવ કે સામાન હોય તેને પણ તે તારે છે, પરંતુ તરનાર ઉપર તારનાર હોય તો તરનાર ડૂબી જાય. લાકડાની નીચે તારવાની વસ્તુ રાખવામાં આવે તો તે વસ્તુ પાણીમાં ડૂબી જાય, માત્ર લાકડું જ તરે. આથી આચાર્યજીને આશ્ચર્ય લાગે છે કે પ્રભુ તરનાર છે કે તારનાર? પ્રભુ તારનાર હોય તો તો તેઓ નીચે હોવા જોઇએ, અને તેમના ઉપર સંસારી જીવ હોવો જોઇએ. તેને બદલે તો ઉલટો ઘાટ જોવા મળે છે કે સંસારી જીવ નીચે અને ઉપર પ્રભુ હોય છે. આ ઘટનાથી આશ્ચર્ય પામી આચાર્યજી કહે છે કે તમે જે સંસારીના તારનાર કહેવાઓ છો તે યોગ્ય લાગતું નથી, કારણ કે પ્રથમ દૃષ્ટિએ જોતાં તો એમ જણાય છે કે તમને હૃદયની અંદર સાચવીને લોકો તમને તારે છે.

આ બે પંક્તિઓ ઉચ્ચારતાંની સાથે જ તેમને સ્મૃતિ થાય છે કે અપવાદરૂપ પ્રસંગોમાં અહીં જણાવ્યા પ્રમાણેની પરિસ્થિતિ જોવામાં આવે છે. અને એ ઉદાહરણ માટે સમર્થનરૂપે તેમને ચામડાની મસક સ્મૃતિમાં આવે છે. ચામડાની મસક ખાલી હોય તો પાણીમાં વજનને કારણે ડૂબી જાય છે, તરી શકતી નથી. પણ તેમાં જો હળવી હવા ભરવામાં આવે તો તેની ઘનતા હળવી બની તે પાણીમાં તરવા લાગે છે, એટલે કે મસકની અંદર રહેલી હવાના આધારથી જ મસક તરી શકે છે.

આચાર્યજીને જણાય છે કે સંસારીઓની બાબતમાં પણ આવું જ બને છે. તેઓ એકલા તરવા ઇચ્છે તો તરી શકતા નથી, પણ જો તેઓ હ્રદયમાં પ્રભુને સ્થાપે તો તેઓ સહેલાઈથી સંસાર-સમુદ્ર તરી શકે છે. આ પરથી સમજાય છે કે સંસારી જીવ એ ચામડાની ખાલી મસક જેવો છે, અને પ્રભુ એ અંદર ભરેલા વાયુ સમાન છે. ચામડું મૂળથી વજનદાર છે, તે પાણીમાં તરી શકતું નથી, પણ તેની મસક બનાવી, વચ્ચે હવા ભરવામાં આવે તો તે પાણી ઉપર તરે છે, એટલે વાયુ અને મસક એ બેમાં તરનાર મસક અને તારનાર વાયુ છે. મનુષ્ય એ મસક જેવો છે. મનુષ્યનો દેહ પણ હાડ-ચામનો બનેલો છે અને તેની સાથે કર્મોથી લેપાયેલો આત્મા વસે છે. જ્યાં સુધી મનુષ્ય સ્વચ્છંદે ચાલી, સંસાર-સમુદ્રમાં તરવાનો પ્રયત્ન કરે છે ત્યાં સુધી કર્મભારને લીધે તે તરી ન શકતાં ડૂબકીઓ ખાધાં કરે છે, ઊંચો-નીચો થયા કરે છે, એટલે કે કર્માનુસાર ઊંચી-નીચી ગતિમાં ભમ્યા કરે છે, પણ એ મનુષ્યદેહમાં જેવું પ્રભુનું સ્થાપન થાય છે તેવું અતિ મહત્ત્વનું પરિવર્તન આવે છે. કર્મભારથી રહિત હળવા પ્રભુના સાનિધ્યમાં મનુષ્યનાં કર્મો પણ નાશ પામતાં જાય છે. તેની નીચી ગતિ છેદાઈ જાય છે અને ઊંચે ઊંચે ચડી સમદ્ર તરી જાય છે. મસકને તારવા માટે તેમાં વાયુ પૂરવાનો જેમ પુરુષાર્થ કરવો પડે છે તેમ જીવને તરવા માટે પ્રભુને હ્રદયમાં બિરાજમાન કરવાનો પુરુષાર્થ કર્તવ્ય છે તે આ કડીથી સમજાય છે.

બાહ્ય વિરોધ તથા તેનાં શમન દ્વારા આચાર્યજી પોતાને થયેલી અનુભૂતિ પ્રગટ કરે છે. આરંભની કડીઓમાં તેમણે પોતાની અલ્પતા વ્યક્ત કરી છે, અને સાથે સાથે

મહાન કાર્ય કરવાની તત્પરતા પણ દર્શાવી છે. આ પરિસ્થિતિનું રહસ્ય અહીં ખુલ્લું થતું જણાય છે. પોતે કર્મધારી જીવ છે, તેથી મસક જેવા છે, અને તેમાં પવન જેવા પ્રભુને બિરાજમાન કર્યા છે. પવન એ મસક સાથેની સરખામણીમાં વજન અપેક્ષાએ ઘણો હળવો છે. તેથી મસકનું સમગ્રપણે, કદના પ્રમાણમાં વજન ઘટતું હોવાથી બંને સાથે રહીને તરી શકે છે. પવન તો એવો હળવો છે કે ગમે ત્યાં જઈ શકે, તરી શકે, રહી શકે, ત્યારે મસક વજનદાર હોવાથી તરી શકતી નથી. એ મસકમાં હળવો પવન પ્રવેશવાથી મસકનું કદના પ્રમાણમાં વજન ઘણું ઘટી જાય છે અને તે પણ તરવા યોગ્ય બની જાય છે, અર્થાત તે તરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે. આ જ પ્રમાણે સંસારી જીવ ઘણા કર્મભારથી લદાયેલો હોવાને કારણે ખૂબ વજનદાર હોય છે. કદના પ્રમાણમાં વજન એટલું વધારે હોય છે કે તેનામાં તરી શકવાની યોગ્યતા હોતી નથી. પ્રભુનો આત્મા સંપૂર્ણ રીતે કર્મમળ રહિત હોવાથી અત્યંત હળવો હોય છે. આવા હળવા પવિત્ર પ્રભુજી જ્યારે સંસારી જીવના હ્રદયમાં સ્થાપિત થાય છે ત્યારે તે જીવનું કદનાં પ્રમાણમાં વજન ઘટી જાય છે અને જીવ સંસાર-સમુદ્ર તરવા સમર્થ બને છે.

આ ઘટનાથી આચાર્યજી આપણને વાકેફ કરે છે કે મેં પણ મારા હ્રદયમાં શુદ્ધાત્મા પ્રભુજીને બિરાજમાન કર્યા છે, તેથી સમગ્રપણે જોતાં મારામાં હળવાશ પ્રવેશી છે, અને તેથી સંસાર-સમુદ્ર તરવા હું અધિકારી થયો છું; અને પ્રભુના આધાર અને મળેલા અધિકારની રૂએ મારું આરંભેલું ગુણસ્તવન યોગ્ય જ છે. (૧૦)

यस्मिन्हर प्रभृतयोऽपि हतप्रभावाः
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।
विघ्यापिता हुतभुजः पयासाऽय येन
पीतं न किं तदपि दुर्धरवाडवेन ॥११॥

હરિ હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણ માત્રમાં તે રતિપતિને સ્હેજમાં આપે હણ્યો;

જે પાણી અગ્નિ માત્રને બૂઝાવતું પળવારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણવારમાં? (૧૧)

આ કડીમાં આચાર્યજી પ્રભુનું સામર્થ્ય વિશેષતાએ પ્રગટ કરે છે, કામદેવનો પ્રભાવ તો જાણીતો છે. તેણે હરિ, હર અને બ્રહ્માને મહાત કર્યા છે. આવા કામદેવને જીતનાર પ્રભુનો પ્રભાવ વર્ણવતાં આચાર્યજી કહે છે કે, "હે પ્રભુ! હરિ(વિષ્ણુ), હર(શંકર), અને બ્રહ્મા (સૃષ્ટિસર્જક) જેવી મહાન વ્યક્તિઓને પણ કામદેવે હરાવી હતી, તે કામદેવને આપે ક્ષણવારમાં હરાવ્યો, એ આપનું કેવું અદ્‌ભુત સામર્થ્ય છે! જે પાણી અગ્નિ માત્રને ઝડપથી ઠારે છે, તે પાણીને જ વાડવ અગ્નિએ પીધું હતું, અર્થાત્ તેનો નાશ કર્યો હતો. આપનું કાર્ય પણ તેવું જ છે."

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ(શંકર) એ ત્રણ ઘણા પ્રભાવિત દેવો છે. ત્રિગુણાત્મક સૃષ્ટિરચનાના કારક છે. એક પરંપરા અનુસાર બ્રહ્મા એ સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર દેવ છે. જે કંઈ નવું ઉત્પન્ન થાય છે તે બ્રહ્માને આભારી ગણાય છે. ઉત્પન્ન થયેલાની જાળવણીનું કાર્ય વિષ્ણુ(હરિ) કરે છે, અને યોગ્ય સમયે તેનો નાશ કરવાનું કાર્ય શંકર(હર) કરે છે, અને એ રીતે સૃષ્ટિનું સંચાલન થાય છે અને નિયમન રહે છે. પ્રાકૃતિક માન્યતાને લઈને ઘણા લોકો બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશને દેવ સ્વરૂપે પૂજે છે. બ્રહ્માને પૂજવાથી સારી જગ્યાએ અને સારી સ્થિતિમાં ઉત્પતિ થાય તેવી માન્યતા હોય છે. વિષ્ણુને પૂજવાથી એ સારી જગ્યા અને સ્થિતિ ટકી રહે એવી ભાવના દઢ કરે છે અને શંકરને ભજી નાશથી બચવાની ભાવના કામ કરતી હોય છે. આમ આ ત્રણ દેવો એવા છે કે તેમને ભયથી કે પ્રેમથી લોકો પૂજે છે, અને તેમને ઘણા જ પ્રભાવશાળી માને છે.

આ ત્રણે મહાન ગણાતા દેવો ઉપર કામદેવે વિજય મેળવ્યો છે. બ્રહ્માને સાવિત્રી-રૂપે કામદેવે પરાજિત કર્યા છે. શંકર પાર્વતીમાં મોહાઈને કામદેવથી હાર્યા છે અને લક્ષ્મીરૂપ પાસે વિષ્ણુ, કામદેવથી મહાત્ થયા છે. આ ત્રણે ય દેવો એકલા

પૂજાતા નથી, તેમની જોડમાં નારીસ્વરૂપ હોય જ છે, અને ત્રણે તે નારી સ્વરૂપની સહાય વિના પાંગળા હોય એવું ગણાય છે. તેમાં જ કામદેવનો વિજય સમાયેલો છે. બ્રહ્મા-સાવિત્રી, વિષ્ણુ-લક્ષ્મી અને શંકર-પાર્વતી એ જોડીનાં પૂજનમાં જ કામદેવનો પ્રભાવ જોઇ શકાય છે. ઘણાં ઘણાં વર્ષોનું તપ હોવા છતાં બ્રહ્મા સાવિત્રી પાસે, વિષ્ણુ લક્ષ્મી પાસે અને શંકર પાર્વતી પાસે ઝૂક્યા હતા. એ જ કામદેવની સમર્થતા બતાવે છે. આવા મોટા અને મહાન ગણાતા દેવો પણ કામદેવની જાળમાંથી બચી શક્યા નથી, તો પછી અન્યની તો વાત જ શું કરવી?

આ કડીમાં આચાર્યજી આપણને જણાવે છે કે હરિ, હર અને બ્રહ્માને હરાવનારા કામદેવને શ્રી પાર્શ્વનાથ પ્રભુએ પળવારમાં હરાવ્યો હતો, એ પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ જ કંઈ અલૌકિક છે. તેઓ દીક્ષા લીધા પછી છદ્મસ્થ રૂપે વિચરતા હતા ત્યારે દેવોએ પ્રભુને વિચલિત કરવા માટે અનેક અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો કર્યા હતા. તેમ છતાં તેઓ જરાય ચલિત ન થતાં મેરુ શા અડોલ રહી આત્મનિમગ્ન જ રહ્યા હતા અને કામદેવ કે અન્ય કોઈ દેવથી પરાજય ન પામતાં શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટાવીને જ જંપ્યા હતા, એ પ્રભાવને કેવો કહેવો?

આચાર્યજીને જૈન સંઘની બહાર રહીને બાર વર્ષ પસાર કરવાના હતા. તે સમયે અન્યધર્મી જીવોના પરિચયમાં તેમને રહેવું પડતું હતું અને તે સંજોગોની છાયા આપણને આ કડીમાં જોવા મળે છે. ત્રિગુણાત્મક દેવોની કથા જૈન ધર્મની નહિ પણ વેદાંતની છે. વળી આ સ્તોત્રની રચના શિવમંદિરમાં અને શૈવધર્મી રાજાની હાજરીમાં થઇ હતી. તેથી તેઓને પ્રભુનું ચડિયાતાપણું બતાવવાનો ઉદ્દેશ પણ આચાર્યજીનો હોય એમ લાગે છે. આચાર્યજી આડકતરી રીતે રાજાને અને ઉપસ્થિત જનોને જણાવતાં જણાય છે કે તમે જે દેવસ્વરૂપને પૂજો છો તે તો અપૂર્ણ છે, કામદેવથી મહાત થયેલ છે, ત્યારે મારા સમર્થ પ્રભુજી કોઈથી જીતાયેલા નથી, બલ્કે પોતે જીતેલા છે તથા સંપૂર્ણ છે અને લોકો સમક્ષ પ્રગટ કરેલ આ ધ્વનિના સમર્થનમાં આચાર્યજી યોગ્ય ઉદાહરણ રજૂ કરે છે.

સર્વ જીવોનું રક્ષક અને જીવક તત્ત્વ પાણી એ શીતળ પ્રકૃતિનું છે. તેના વિના લગભગ બધા જીવોનું જીવન અલ્પકાલીન અને અનેક દુ:ખથી ભરપૂર બની જાય છે. આ પાણીને અગ્નિ ઉપર નાખવાથી અગ્નિ બૂઝાઈ જાય છે એટલે કે બળતું બૂઝાવવા માટે પાણી સાચા આશ્રયરૂપ છે. તેમ છતાં એ જ પાણીને સમુદ્રમાં રહેલો ‘વાડવ’ નામનો અગ્નિ શોષ્યા કરે છે. બીજા બધા અગ્નિ જે પાણીથી બૂઝાય છે તેને, સમુદ્રમાં રહેલો વાડવ અગ્નિ મહા સમર્થ હોવાને કારણે શોષી લે છે.

આ ઉદાહરણ દ્વારા આચાર્યજી આપણને એ સમજાવે છે કે પાણીનો પ્રભાવ કામદેવ જેવો છે. તે ભલભલાને મહાત કરી શકે છે. તેમ છતાં શેરને માથે સવાશેર હોય એ ન્યાયે તેનાથી કોઈને કોઈ ચડિયાતું નીકળી આવે છે. સમુદ્રમાં ઘણું પાણી હોય છે, અને તેની મર્યાદા આ વાડવ અગ્નિથી જળવાય છે; કારણ કે એ અગ્નિ સતત પાણીનું શોષણ કર્યા જ કરે છે, અને પાણીની વચ્ચે રહેવા છતાં પણ તે બૂઝાતો નથી. પ્રભુ પણ એ રીતે જોતાં વાડવાગ્નિ જેવા છે. બધાને મહાત કરનાર કામદેવનું સામ્રાજ્ય સતત છવાયેલું હોવા છતાં, તેનાં સામ્રાજ્યની વચ્ચે રહેવા છતાં પણ પ્રભુ તેના થકી લેશ પણ પરાભવ પામતા નથી, અને પોતે એવાં જ નિષ્કંપ અને અડોલ રહે છે. પાંચ મહાવ્રતમાં કઠિનમાં કઠિન અને નિરપવાદપણે પાળવા યોગ્ય એ ચોથું વ્રત છે. એમાં કઠણ મર્યાદાઓ હોવા છતાં જીવ સહેલાઈથી પતન પામી જાય છે અને તેને નીચે ઊતરવાનું બને છે. આથી બ્રહ્મચર્યપાલનને સૌથી કઠિન વ્રત ગણ્યું છે. એ વ્રત સંબંધી પણ પ્રભુનું વલણ કેવું હતું તે સ્પષ્ટ કરી પ્રભુની સાચી મહત્તા આપણને સમજાવી છે. બાકીનાં ચાર વ્રત અહિંસા, સત્ય, અચૌર્ય, અને અપરિગ્રહ એમાં જીત મેળવવી જીવને માટે સહેલી છે. પણ બ્રહ્મચર્યમાં જીત મેળવવી અતિ કઠિન છે; તેથી હરિ, હર, બ્રહ્મા અને પ્રભુની એ વ્રત માટેની કસોટી પ્રત્યક્ષ કરી પ્રભુનો વિશિષ્ટ મહિમા આપણને દર્શાવ્યો છે.

એક બીજી અપેક્ષાથી પણ આ કડી સમજી શકાય તેમ છે. હરિ, હર અને બ્રહ્મા એ ત્રણે દેવો તપસ્વી હોવા છતાં કામદેવને આધીન થનારા અર્થાત્ બળવાન કર્મોદયને વશ થનારા જીવો છે. જગતમાં રહેલા બીજા સર્વ સામાન્ય જીવોની દશા

પણ એ દેવો જેવી જ થાય છે અર્થાત્ તેઓ પણ કામદેવથી તાત્કાલિક પરાભવ પામે છે એ વસ્તુ 'આદિ' શબ્દથી સમજી શકાય છે. આ બધા જીવોમાં અપવાદરૂપ શ્રી તીર્થંકર પ્રભુ અને એમના જેવા બીજા સમર્થ આત્માઓ છે, એટલે કે તેઓ કર્મને વશ ન થતાં કર્મને બાળનારા અગ્નિરૂપ છે. કર્મો પાણી જેવાં છે. આ જગતમાં જીવોનું જીવક તત્ત્વ પાણી છે, તેમ સમગ્ર પરભ્રિમણનું મૂળ શુભાશુભ કર્મો છે. પાણી વગર પ્રાણીનું આયુષ્ય લાંબો સમય ટકી શકતું નથી, તેમ કર્મ ન હોય તો સંસારની મર્યાદા વર્તમાન ભવથી વિશેષ લંબાઈ શકતી નથી. સંપૂર્ણ કર્મનાશ સાથે સંસારનો પણ અંત આવે છે. વળી પાણીથી જેમ મીઠાશ લાગે છે, તેમાં પ્રીતિ લાગે છે અને તે મેળવવાની તરસ હોય ત્યારે પીવાની ઇચ્છા રહ્યા જ કરે છે, તેમ સંસારના ચાલક રાગદ્વેષાદિ કર્મનું પણ છે. જીવને રાગ કે દ્વેષના ભાવ કરવામાં પ્રીતિ થાય છે, આનંદ આવે છે અને મીઠાશ લાગે છે. એટલે કે જીવ રાગદ્વેષનાં પરિણામ કરતાં કરતાં કર્મ બાંધતો જાય છે, અને તેમાં કલ્પિત સુખ અનુભવતો હોય છે. બીજી બાજુ જોઇએ તો પાણી સમગ્ર અગ્નિને બૂઝાવવા સમર્થ છે. તે રીતે આ રાગદ્વેષ કે કર્મ શુદ્ધ આત્માના કર્મને બાળવારૂપ સામર્થ્યના અગ્નિને ઝડપથી બૂઝાવે છે, આત્માને નિર્વીય બનાવે છે. કર્મરૂપી પાણી આત્માને લાગતું રહેતું હોવાથી જીવનું પરિભ્રમણ અટકતું નથી. સમુદ્રમાં રહેલાં પાણીને જેમ વાડવાગ્નિ શોષી જાય છે તેમ પ્રભુ જેવા મહાવીર્યવાન આત્માઓ કર્મોને શોષી જાય છે અર્થાત્ પરાભવ પમાડે છે. બધાને અલ્પવીર્ય બનાવનાર કર્મો પાસે પ્રભુ જેવા આત્માઓ અપવાદરૂપ નીવડી જુદું કાર્ય કરે છે. કર્મને વશ ન થતાં કર્મનો નાશ કરે છે, જેમ સમુદ્રમાં રહેલો વાડવાગ્નિ પાણીથી ન બૂઝાતાં પાણીને જ શોષી લે છે તેમ. આમ પ્રભુ વાડવાગ્નિ સમાન નીવડી, કર્મોનો નાશ કરી પોતાનાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટાવી જગત સમક્ષ કલ્યાણનો માર્ગ ખુલ્લો કરે છે. આમ પાણીનું જોર જેમ વાડવાગ્નિ પાસે ચાલતું નથી તેમ-મોહનીય, અંતરાય, જ્ઞાનાવરણ આદિ કર્મોનું જોર પ્રભુ પાસે ચાલતું નથી. તેમને તો પ્રભુને વશ થઇ તેમનાથી મહાત થવું પડે છે અને પોતાનો પ્રભાવ દર્શાવવા માટે અન્ય સામાન્ય જનો સમક્ષ જવું પડે છે.

શ્રી માનતુંગાચાર્ય વિરચિત 'ભક્તામર સ્તોત્ર' માં પણ પ્રભુએ આચરેલા ચોથા બ્રહ્મચર્ય મહાવ્રત વિશેનું કથન નીચે પ્રમાણે જોવા મળે છે :–

ઈંદ્રાણીઓ ચલિત કરવા આદરે જે પ્રકારો,
તો'યે થાતાં કદી નહિ અહા, આપને રે વિકારો;
ડોલે જો કે સકળ મહિધરો કલ્પના વાયરાથી,
ડોલે તો યે કદી નવ અહા! મેરુ એ વાયરાથી. ૧૫

આ કડીમાં કામદેવ પોતાનો પ્રભાવ દર્શાવવા માટે ઈન્દ્રાણીઓ પાસે અનુકૂળ ઉપસર્ગ કરાવે છે તે બતાવ્યું છે. તેમ છતાં પ્રભુજી તો મેરુ પર્વતની જેમ નિશ્ચળ અને અડોલ જ રહે છે એ સમજાવ્યું છે.

ભક્તામર અને કલ્યાણમંદિરની આ કડીઓ સાથે વિચારીએ તો સમજાય છે કે જુદા જુદા ઉદાહરણ દ્વારા પ્રભુનું એક જ પ્રકારનું સામર્થ્ય બંને આચાર્યોએ પ્રગટ કર્યું છે. પણ બંનેએ પોતપોતાની સ્થિતિ અને દશા અનુસાર એ કાર્ય કર્યું છે તે ત્વરાથી જણાઈ આવે છે. જંજીરબદ્ધ માનતુંગાચાર્યજી આ કડીમાં પ્રભુનું સામર્થ્ય ગાઇ, પોતે નિષ્કંપ અને અડોલ રહેવાનું બળ મેળવે છે. ત્યારે શ્રી સિદ્ધસેન દિવાકર શિવમંદિરમાં રહી, રાજાને પૂજનીય શિવલિંગ કરતાં પ્રભુની મહત્તા કઈ રીતે ચડીયાતી છે તે યોગ્ય ઉદાહરણ દ્વારા પ્રગટ કરે છે. (૧૧)

स्वामिन्ननल्प गरिमाणमपि प्रपन्नास्
त्वां जं तवः कथमहो हृदये दधानाः ।
जन्मोदधिं लघु तरं त्यति लाधवेन
चिंत्यो न हन्त महतां यदि वा प्रभावः ।।१२।।

હે સ્વામી! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો! નિજ હ્રદયમાં ધાર્યા થકી;
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સ્હેજમાં તરી જાય છે,
અથવા મહાન જનો તણો મહિમા અચિંત્ય ગણાય છે. ૧૨

આ કડીમાં આચાર્યજી પ્રભુનો મહિમા જરા જુદી રીતે વર્ણવતાં કહે છે કે, “હે સ્વામી! પ્રાણીઓ આ સંસારરૂપી સમુદ્રને, આપને પોતાના હૃદયને વિશે ધારણ કર્યા પછી પણ, જાણે છેક હલકા હોય એમ સહેજે તરી જાય છે, એ મોટું આશ્ચર્ય છે. અતિશય ભારે(ગંભીર) એવા આપને ધારણ કરીને જાણે પોતે હળવા થયા હોય એમ સહેલાઈથી તરી શકે એ આશ્ચર્ય જ કહેવાય. અથવા મહાપુરુષોનો મહિમા એવો જ કંઈ અલૌકિક છે કે જેની કલ્પના કરવી પણ શક્ય નથી.

સામાન્ય રીતે આપણે જોઈએ તો જણાય છે કે પ્રવાહીમાં, પ્રવાહીની ઘનતા કરતાં ઓછી ઘનતાવાળી વસ્તુ તરે છે અને ભારે ઘનતાવાળી વસ્તુ ડૂબી જાય છે. અહીં તીર્થંકર પ્રભુ વિશે વિચારતાં આચાર્યજીને તેનાથી વિરુદ્ધ પ્રકારની વસ્તુ બનતી જણાય છે. એથી તેમને ખૂબ આશ્ચર્ય લાગતું જણાય છે. આ સંસાર-સમુદ્રમાં કર્મભારથી લચતા જીવો ડૂબકી ખાતાં ખાતાં ચતુર્ગતિમાં ભમ્યા કરતા હોય છે. આવા જીવો જ્યારે અતિશય ગંભીર-ભારવાળા પ્રભુને પોતાના હૃદયમાં સ્થાપે છે ત્યારે ભાર વધવાને કારણે તેઓ ઝડપથી ડૂબી જવા જોઈએ. તેને બદલે જોવામાં તો એવું આવે છે કે તેઓ હળવા બની ભવરૂપી સમુદ્ર સહેલાઈથી તરી જાય છે. આ આશ્ચર્ય કેમ બને છે તે સામાન્ય રીતે સમજવામાં આવે તેવું નથી, તેમ છતાં તે બને છે તે એક હકીકત છે. આથી જ ચોથા ચરણમાં આચાર્યજી પ્રભુને કહે છે કે તમારા જેવા મહાન પુરુષોનો મહિમા અને પ્રભાવ જ એવા અલૌકિક છે કે તેની સમજ સામાન્ય જનને થતી નથી, અર્થાત્ તમારો પ્રભાવ તેમના માટે અચિંત્ય છે.

આ કડીમાં એક અપેક્ષાથી મોક્ષમાર્ગની થોડી સમજ આપણને પ્રાપ્ત થાય છે. શ્રી સર્વજ્ઞ પ્રભુ પ્રતિ આપણી ભાવના કેવી હોવી જોઈએ તે અહીં સ્પષ્ટ કર્યું છે. સર્વજ્ઞ પ્રભુ સર્વશ્રેષ્ઠ છે. જે જીવે આ ભવસમુદ્રને તરીને પાર ઊતરવું હોય તે જીવે પ્રભુજીને પોતાના હૃદયમાં સ્થાપિત કરવા જોઈએ. પ્રભુને હૃદયમાં સ્થાપિત કરવા એટલે શું? પરિભ્રમણ કરતા જીવનાં હૃદયમાં જે માનભાવ છે, સ્વચ્છંદ છે એટલે કે સંસારનાં પરિભ્રમણના હેતુરૂપ જે રાગદ્વેષાદિ ભાવો છે તેને દૂર કરી, તેનાં સ્થાને નિરાગી, નિર્વિકારી પ્રભુને બિરાજમાન કરવાના છે. તેમાં પ્રભુ પ્રતિના પ્રેમને, તેમનાં શમ,

સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા એ પાંચ ભાવોને સ્થાન આપવાનું છે. આવા ઉત્તમ ગુણોના ધારક એવા શ્રી સર્વજ્ઞ પ્રભુને આપણે આપણા હૃદયમાં સ્થાપીએ, અર્થાત્ તેમના પ્રતિ અનન્ય પ્રેમ કેળવીએ તથા પોતાપણાના ભાવો તેમને અર્પણ કરીએ તો સંસાર-સમુદ્ર ખૂબ જ સહેલાઈથી તરી જઈ શકાય છે. પ્રભુને અર્પણભાવ કરવાથી પોતાનું લઘુપણું અને હળવાપણું પ્રાપ્ત થાય છે, અને એ રીતે વર્તવાથી મુક્તિમાં ઝડપથી પહોંચાય છે.

હવે આચાર્યજીએ દર્શાવેલો વિરોધ સમજવા પ્રયત્ન કરીએ. સામાન્ય નિયમ અનુસાર હળવી વસ્તુ ભારે પ્રવાહીમાં તરે છે, જેમકે પાણીમાં લાકડું. આ કડીમાં તેનાથી વિરુદ્ધ વસ્તુ બનતી જણાય છે. જીવ પોતે એકલોજ, - પોતાનું વજન લઈને ભવ સમુદ્રમાં તરવા ઈચ્છે તો પણ તે ડૂબે જ છે અને જ્યારે તે તેનાથી પણ મોટા-ગુરુ એવા પ્રભુજીને પોતામાં બિરાજમાન કરે છે – પોતામાં પ્રભુજીનું વજન પણ ભેળવે છે ત્યારે વિશેષ ઊંડા ઊતરવાને બદલે તે ભવસમુદ્રમાં તરવા લાગે છે. આ શક્ય થાય છે કઇ રીતે? જીવ જ્યારે પોતાની જ રીતે સમુદ્રને તરવા ઈચ્છે છે ત્યારે તેનાં હુંપણાનું અને ‘મમપણા’ નું જ વજન એટલું બધું હોય છે કે તેના ભારથી તે સંસાર-સમુદ્રમાં ડૂબે છે. પણ જ્યારે તે મહાન એવા પ્રભુને સ્વીકારે છે ત્યારે તેના પ્રભાવથી ‘હુંપણું’ તથા ‘મમપણું’ ઓગળી જાય છે અને જે વજન દૂર થાય છે તેના પ્રમાણમાં પ્રભુનું સ્વીકારેલું વજન એટલું ઓછું હોય છે કે જીવ સમુદ્ર તરી જાય છે. આ વજન દૂર કેવી રીતે થાય છે? પ્રભુની ઓળખ થતાં તેમનાં અનંત ગુણો અને અનંત શક્તિઓ પ્રત્યક્ષ થાય છે, અને તેના પડછામાં પોતાની અલ્પ શક્તિઓ જણાતાં પોતાનું વામણાપણું નિશ્ચિત જણાય છે, સ્પષ્ટ જણાય છે, આથી ‘પોતે કંઈક છે’ એવું માન તથા શુદ્ધ આત્મા સિવાયની અન્ય વસ્તુઓ પ્રત્યેનું મમપણું ચાલ્યું જાય છે અને આત્મા ઉપર રહેલો બોજો ઘટી જાય છે. આ વજનનું ઘટવાપણું બાહ્યલક્ષી જીવોને જલદીથી લક્ષાતું નથી. આ ભારના ઘટાડાની સરખામણીમાં નિર્મમ અને નિરહંકારી પરમાત્મા એટલા હળવા છે કે તેમના સાથમાં જીવ ખરેખર હળવો બની સમુદ્ર તરી શકવા શક્તિમાન થાય છે. પ્રભુનું ભારેપણું છે તે કર્મને કારણે નથી, પણ તે ભારેપણું આત્માના અનંત

આત્મિક ગુણોની મહત્તાનું છે. પ્રભુ સિવાય આ ગુણો બીજા કોઈ પણ જીવમાં આટલા પ્રમાણમાં ખીલ્યા હોતા નથી, અને તે વિકાસના અર્થમાં "ગૌરવ" કે પ્રભુનું "ગુરુપણું" આચાર્યજીએ બતાવ્યું છે. આમ 'ગુરુ' શબ્દના શ્લેષથી વિરોધ અને તેનું શમન બંનેને આચાર્યજી શક્ય બનાવે છે, અને 'ગરિમા' એટલે ગુણના અત્યંતપણે વિકાસથી આવતી મોટાઈ એ અર્થ સ્વીકારીએ છીએ. પ્રભુને ધારણ કરવાથી ભવસમુદ્ર તરવો અત્યંત સહેલો છે તે સુનિશ્ચિત સમજાય છે.

આ સાથે દશમી કડીમાં આચાર્યજીએ જે જણાવ્યું છે તેનું સમર્થન પણ મળી રહે છે. એ (૧૦મી) કડીમાં આચાર્યજી પ્રભુને પવન જેવા હળવા જણાવે છે, અને તેમને હ્રદયમાં ધારણ કરનારને તારે છે એ તેમણે બતાવ્યું છે. એ કડીમાં પવન જેવા હળવા પ્રભુને બતાવ્યા પછી, પ્રસ્તુત કડીમાં આચાર્યજી પ્રભુને 'ગુરુ' જણાવે તો તેનું રહસ્ય તો હોવું જ જોઈએ ને? નહિતર તો આચાર્યજીની વાણી પૂર્વાપર વિરોધવાળી નીવડી કહેવાય. જ્ઞાનીની વાણીમાં આવો વિરોધ કદાપિ આવતો નથી. તેથી તેવા સંયોગોમાં અપેક્ષાને સમજવી અત્યંત યોગ્ય છે. દશમી કડીમાં દર્શાવેલું પ્રભુનું હળવાપણું કર્મની અપેક્ષાએ છે અને બારમી કડીમાં દર્શાવેલું પ્રભુનું ગુરુપણું અનંત ગુણના પ્રાકટ્યની અપેક્ષાએ છે, એ સમજ્યા પછી પ્રભુની બાબતમાં લાગતા વિરોધનું સહજપણે શમન થઈ જાય છે.

આ સમાધાન સ્વીકાર્યા પછી પ્રસ્તુત કડીનું ચોથું ચરણ આપણને ખૂબ જ પ્રભાવશાળી જણાય છે. 'અથવા મહાન જનોતણો મહિમા અચિંત્ય ગણાય છે' પ્રભુને સ્વીકારવાથી ભવસમુદ્ર તરવો સહેલો બને છે, એવો પ્રભુનો મહિમા આ કડીમાં દર્શાવ્યો છે. પણ જ્યારે એમાંથી સમજાતા પ્રભુના બીજા પ્રભાવની વિચારણા કરીએ છીએ ત્યારે બાહ્ય દેખાતા વિરોધના સંદર્ભમાં આ પ્રભાવ પાંગળો લાગે છે. પ્રભુને હ્રદયમાં ધારણ કર્યા પછી, જીવમાં જે અનેક પ્રકારના દોષો પ્રવર્તતા હતા, તેનો એક પછી એક નાશ થવા લાગે છે, તેની સંસાર તરફની પ્રીતિ તૂટવા લાગે છે, સંસારમાં પ્રવર્તી રહેલું દુઃખ પ્રત્યક્ષ થતું જાય છે અને તે દુઃખથી છૂટી આત્માનાં સાચા સુખને પ્રાપ્ત કરવાની તાલાવેલી તેને જાગે છે, તે સુખ પ્રાપ્ત કરવાના પુરુષાર્થનો આરંભ

થાય છે, પરિણામે જે જીવ ત્રણ લોકનાં દાસપણાને સ્વીકારી, ભિખારીની અવસ્થામાં પ્રવર્તતો હતો, તે પ્રભુને અંતરમાં સ્થાપી, પ્રભુ જેવો જ ત્રણે લોકનો નાથ બને છે. પ્રભુનો જે સાચો મહિમા છે તે આ છે. પ્રભુ જ્યાં બિરાજે છે, તે જીવને તેઓ પોતાના જેવો જ કરીને જંપે છે, સંસારમાં આવું જોવા મળતું નથી. સંસારદૃષ્ટિએ સફળ થયેલી વ્યક્તિ પાસે અન્ય વ્યક્તિઓ માર્ગદર્શન માટે આવે છે ત્યારે તે વ્યક્તિ અમુક પ્રમાણમાં તેને આગળ વધારે છે. પરંતુ આગળ વધતી વ્યક્તિ વધારનાર કરતાં થોડી નીચી કક્ષાની રહે એવા ભાવ ગુપ્તપણે સેવે છે. વળી કેટલીક વખત તો અન્ય વ્યક્તિ પોતા કરતાં વિશેષ પ્રભાવવાળી કે સત્તાવાળી બની જશે એવી દહેશતને કારણે પોતાને પ્રાપ્ત થયેલી સફળતાનું રહસ્ય પ્રગટ કરવા તૈયાર જ થતી નથી, પ્રભુનાં સાનિધ્યમાં રહેનારને માટે તો આનાથી સાવ જુદો જ માર્ગ નિર્ણિત કરાયેલો છે. તેમાં સંસારમાં જોવા મળતી સ્વાર્થવૃત્તિને સ્થાન નથી કે નથી મળતું સ્વાર્થની વેલને જરાય પોષણ. અને આ જ કલ્પનામાં પણ ન આવે તેવો પ્રભુનો મહિમા છે. પ્રભુ જ સર્વને પોતા સમાન બનાવે છે, અને તેઓ જેના હૃદયમાં પ્રવેશે તેના હૃદયના ભાવો પણ એવા બનાવે છે કે સર્વ જીવ કલ્યાણ પામી, પ્રભુ સમાન બને. આ ભાવનાના પરિણામે, સ્વાર્થની ભારેખમ વૃત્તિ છૂટવાને કારણે પ્રભુને ધારણ કરનાર જીવ અલ્પ સમયમાં ભવસમુદ્ર તરી જાય છે અને અનંત અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. (૧૨)

क्रोधस्त्वया यदि विभो प्रथमं निरस्तो
ध्वस्तास्तदा वद कथं किल कर्मचौराः ।
प्लोषत्यमुत्र यदि वा शिशिरऽपि लोके
नीलद्रूमाणि विपिनानि न किं हिमानी ।।१३।।

હે ઈશ! જ્યારે પ્રથમથી આપે હણ્યો’ તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને;
અથવા નહિ આ અવનિમાં શું દેખવામાં આવતું,
શીતળ પડે જે હિમ તે લીલાં વનોને બાળતું. (૧૩)

શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણોની સ્મૃતિ લેતા શ્રી સિદ્ધસેન દિવાકર સમક્ષ આશ્ચર્યની પરંપરા જ ખડી થયેલી જોવામાં આવે છે. આવું જ એક આશ્ચર્ય આ કડીમાં સમાયેલું જોવા મળે છે. આચાર્યજી કહે છે કે, “હે પ્રભુ! આપે જો ક્રોધરૂપી અગ્નિનો નાશ પ્રથમથી જ કર્યો હતો, તો પછી કર્મરૂપી ચોરોને તમે શી રીતે હણી નાંખ્યા? અથવા તે પણ ખરું છે, શીતળ એવા હિમના પડવાથી લીલાં વનો જેમ બળી જાય છે તેમ જ આપે પણ શાન્તિરૂપી શીતળ હિમવડે કર્મરૂપી ચોરોનાં વનનું દહન કર્યું હશે.”

સંસારમાં આપણે અનુભવ કરીએ છીએ કે કોઈ વસ્તુનો નાશ કરવો હોય ત્યારે જીવ ક્રોધાદિ કષાયનો આશરો લે છે. કષાયને જોરદાર કર્યા સિવાય અન્યનો નાશ કરવો સામાન્ય રીતે સંભવતો નથી. આચાર્યજીને જણાય છે કે પ્રભુજીની બાબતમાં તો તેનાથી વિરુદ્ધ પ્રકારનું જોવામાં આવે છે. ભગવાને કર્મરૂપી ચોરોને બાળ્યા તે તો બરાબર છે, પણ તેને બાળવા માટે જે ક્રોધરૂપી અગ્નિ જોઈએ, તે ક્રોધનો તો તેમણે, કર્મોનો સંપૂર્ણ નાશ કરતાં પહેલાં જ નાશ કર્યો હતો. તો આ કાર્ય થયું કેવી રીતે? આ આચાર્યજીને આશ્ચર્યરૂપ લાગે છે.

આ કડીમાં આચાર્યજીએ કર્મોને ખૂબ જ યોગ્ય રીતે ચોર તરીકે ગણાવ્યા છે. ચોરનું કાર્ય શું? પોતાની ન હોય તેવી, અર્થાત્ બીજાની વસ્તુ, તે જીવની જાણ બહાર લઈ લેવી અને તેનો પોતાની વસ્તુ તરીકે ઉપયોગ કરવો. કર્મો બરાબર આ જ કાર્ય કરે છે. આત્માના અસંખ્યાત પ્રદેશો ઉપર કર્મનાં ચીકણાં પરમાણુઓ ચીટકે છે, તેનાથી આત્માના જે અનંત ગુણો છે તે લોપાય છે, અને અવરાતા ગુણોનો ખ્યાલ પણ જીવને આવતો નથી. તે એટલે સુધી કે ત્રણ લોકનો નાથ બનવા યોગ્ય આત્મા ત્રણ લોકનો દાસ અર્થાત્ ભિખારીની અવસ્થાને પ્રાપ્ત થાય છે, અને છતાં ય તેને પોતાની અવદશાનું ભાન થતું નથી. કોઈ જ્ઞાની મહાત્મા તે જીવને ઢંઢોળી, થયેલી અવદશાનું ભાન કરાવી, તેની થયેલી અલ્પતા દર્શાવે છે ત્યારે જ તેને પોતાની થયેલી અધોગતિનું લક્ષ થાય છે. આમ કર્મો જીવનાં અનંત ગુણોમાંથી શક્ય તેટલા બધા જ ગુણો ચોરી લે છે, અને એ બધાને એવાં છુપાવી દે છે કે, એ ગુણો પોતાની સમૃદ્ધિ છે એનું ભાન તે જીવને રહેતું નથી. કર્મના આશ્રયે જીવના વિભાવભાવ જેમ જેમ

વધતા જાય છે તેમ તેમ તેના ગુણો અવરાતા જાય છે. આમ કર્મોને આત્માના ગુણોને ચોરનારા ગણાવ્યા છે તે યથાર્થ છે.

જીવની સમૃદ્ધિનો નાશ કરનાર કર્મરૂપી ચોરને મહાસમર્થ પ્રભુએ બાળીને ભસ્મ કર્યા તે તો ઠીક, પણ તેને બાળવા માટે જોઈતા ક્રોધરૂપી અગ્નિનો તેના પહેલાં જ નાશ કર્યો હતો, તે જ ખરેખરું આશ્ચર્ય છે. જીવને સંસારભ્રમણમાં રાખનાર મુખ્ય કર્મ મોહનીય છે. તેના ચાર પ્રકાર છેઃ ક્રોધ, માન, માયા અને લોભ. તે ચારેની તરતમતા અનુસાર ચાર વિભાગ રાખેલા છેઃ અનંતાનુંબધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન. અને તેના આશ્રયે અનંત પ્રકારનાં કર્મોનો બંધ જીવ કરે છે. પ્રભુએ જ્યારે કર્મનો નાશ કરવાનો પ્રારંભ કર્યો ત્યારે સૌ પ્રથમ અનંતાનુંબધી ક્રોધ, માન, માયા અને લોભને હણ્યા. તે વખતે ક્રોધનો ઉપયોગ ક્રોધાદિનો નાશ કરવામાં કર્યો. આથી અનંતાનુબંધીનો સંપૂર્ણનાશ થયો અર્થાત્ ક્ષાયિક સમકિત પ્રાપ્ત થયું. તે પછીથી ક્રોધની જગ્યાએ શીતળતાએ આત્મામાં પ્રવેશ કર્યો. પહેલાં નવાં ક્ર્મોને આવતાં અટકાવ્યા, અને પછી પૂર્વે નિબંધન કરેલા કર્મોનો નાશ કરવો શરૂ કર્યો, જેથી ટૂંકા ગાળામાં બધાં કર્મો નાશ પામી જાય. સંવર કરી નિર્જરાનો આરંભ કર્યો. સામાન્ય રીતે આ બનવું શક્ય જણાતું નથી, છતાં તે કેવી રીતે શક્ય થયું, આશ્ચર્યનું કેવી રીતે શમન થયું તે આપણને બીજી બે પંક્તિઓથી જાણવા મળે છે. તેમાં એક પ્રાકૃતિક ઉદાહરણનો આચાર્યજીએ આશ્રય લીધેલો જણાય છે.

વરસાદ થયા પછી ખેતરોમાં લીલો પાક થાય છે. ખેતરોમાં થોડા સમયમાં જ સુંદર અનાજ, શાકભાજી નીપજે છે અને પાક તૈયાર થાય છે. તે વખતે અતિશય ઠંડીનું મોજું આવે અથવા હિમપ્રપાત, બરફનો વરસાદ પડે તો એ બધો લીલો પાક ચીમળાઈને નાશ પામી જાય છે. અને અનાજ કે શાકભાજીનો પાક નિષ્ફળ થાય છે. આ સ્થિતિનું લક્ષ થતાં આચાર્યજીનું આશ્ચર્ય શમી જાય છે. કોઈ વસ્તુના નાશ માટે જેમ અતિશય તાપ કામ કરે છે, તેમ અતિશય હિમ-ઠંડી પણ કામ કરે છે. પ્રભુએ તાપને નસાડી હિમથી કામ સાર્યું એ અહીં સમજાય છે. અને એ દ્વારા કર્મોનો નાશ ક્યા ક્રમથી થાય છે તે ગુપ્ત વાત રહસ્ય સાથે આચાર્યજીએ પ્રગટ કરી જણાય છે.

પ્રારંભમાં જીવ જ્યારે પરમાર્થમાર્ગ તરફ વળે છે ત્યારે તેનામાં કર્મને બાળવા માટે ઘણી ઉગ્રતા હોય છે. એટલે કે વિશેષ ગરમી-ક્રોધ હોય છે. પછી જેમ જેમ અનંતાનુબંધીનો નાશ થાય, આત્મદશા આગળ વધે તેમ તેમ ક્રોધ-ગરમી ઓછાં થતાં જાય છે અને તેનું સ્થાન શીતળતા લે છે, અને ક્રમથી એ શીતળતા વધતી જાય છે. એટલે કે ક્ષાયિક સમકિત વખતે અનંતાનુબંધી ક્રોધ નાશ પામતાં તેનું સ્થાન શીતળતાને મળે છે. જીવને ઠંડક વધતી વધતી સંપૂર્ણ ઠંડકમાં તે અવરાય ત્યાં સુધી વધે છે. જીવ જ્યારે શુક્લધ્યાનનો સ્પર્શ કરે છે ત્યાં સુધી તે શીતળતા ઘણી વૃદ્ધિ પામી હોય છે – આ શીતળતાને હિમની સાથે સરખાવી શકાય. શુક્લધ્યાનમાં પ્રવર્તતી ઠંડી કર્મો માટે એવી કાતિલ પુરવાર થાય છે કે બધાં કર્મો અનંત ગમે નાશ પામવા માંડે છે. આમ અનંતાનુબંધી મોહનીયનો નાશ કર્યા પછીનાં કર્મો આત્માની ગરમીથી નહિ, પણ ઠંડીથી નાશ પામે છે; કારણ કે શીતળતા એ આત્માનો સ્વાભાવિક ગુણ છે અને ક્રોધ એ બહારથી માગી આણેલી પ્રકૃતિ છે. આ આખો ક્રમ લીલાં વનોને બાળનાર શીતળતાથી સમજી શકાય છે.

અહીં કર્મોને લીલાં વનનાં રૂપકથી સમજી શકાય તેમ છે. લીલાં ખેતરોમાં નવો નવો પાક આવે છે અને વૃદ્ધિ થાય છે અને દેખાવમાં તે બહુ સુંદર લાગે છે. કર્મનું પણ એવું જ છે, કર્મોનો નાશ કરવામાં ન આવે તો તેનો સતત વધારો રહ્યા કરે છે. આત્માનાં વિભાવ ભાવની વૃદ્ધિ થયા જ કરે છે, જો સદ્‌ગુરુનાં સાનિધ્યમાં રહી તેના પર સંયમ ન રાખવામાં આવે તો. વળી આ કષાયો એવા સ્વરૂપે આવે છે કે તેમાં જીવ ઘણી ઘણી મીઠાશ અનુભવે છે, અને કષાયને વશ થઈ વર્તતી વખતે બીજાં અગણિત કર્મો વધે છે તેનું લક્ષ પણ છૂટી જાય છે.

આ પંક્તિઓ દ્વારા આચાર્યજીએ આપણને એ સમજાવ્યું છે કે પ્રભુએ પોતાનાં કર્મોનો નાશ કઈ રીતે અને કયા ક્રમથી કર્યો છે. મોહનીયની ચાર પ્રકૃતિ ક્રોધ, માન, માયા અને લોભ – એમાં સૌ પ્રથમ ક્રોધ છે. આથી તેનો નાશ પ્રથમ કર્યો. અને બાકીનાં ત્રણનો નાશ કરવા માટે ક્રોધની ગરમી નહિ, પણ આત્માની શીતળતાનો

ઉપયોગ કર્યો હતો. કર્મોનાં ઝુંડના ઝુંડ ભસ્મ કરી, કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવ્યાં.

આ કડી બીજી રીતે પણ ઘણી મહત્વની છે. આપણને મળેલી માહિતી મુજબ આપણે જાણીએ છીએ કે આ કડી બોલાતી હતી, બોલી રહેવા આવ્યા ત્યારે ધરતીમાંથી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઇ હતી. અને મહાન ચમત્કાર સર્જાયો હતો, પ્રભુ પરોક્ષમાંથી પ્રત્યક્ષ થયા હતા. આ રીતે પ્રગટ થઇને આચાર્યજીની ભક્તિ તથા તેમનાં કાર્યને પ્રભુએ અનુમોદન આપ્યું હતું. વળી કર્મો પ્રભુનાં સાનિધ્યમાં ઘણાં ઝડપથી બળે છે એવું વિધાન આચાર્યજીએ આ પ્રથમ કરેલું જોયું છે, તેની સાબિતિ પણ મળે છે. આ ચમત્કારના પ્રભાવથી પ્રભાવિત થઇને સંઘે તેમને કરેલી શિક્ષા માફ કરીને ફરીથી સંઘમાં લીધા હતા. એ જ બતાવે છે કે શેષ રહેલા પાંચ વર્ષના અશુભ કર્મો પ્રભુ પ્રગટવાથી ક્ષણમાં નાશ પામી ગયા હતા. આ શું ઓછું આશ્ચર્ય છે? (૧૩)

त्वां योगिनो जिन! सदा परमात्मरुपम्
अन्वेषयन्ति ह्रदयांबुज कोषदेशे ।
पूतस्य निर्मल रुयेर्यदि वा किमन्य
दक्षस्य संभवपदं ननु कर्णिकायाः ।।१४।।

હે જિન! યોગી આપને પરમાત્મરૂપેથી સદા,
નિજ હ્રદયકમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતાં;
પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું બી સંભવે,
શું કમળકેરી કર્ણિકાનાં મધ્યવિણ બીજે સ્થળે? (૧૪)

પરોક્ષમાંથી સ્તુતિ પ્રભાવે પ્રત્યક્ષ થયેલા શ્રી પ્રભુનું સ્થાન કઈ જગ્યાએ છે તે જણાવતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, “હે જિનેશ્વર પ્રભુ! પરમાત્મસ્વરૂપ એવા આપને યોગીઓ નિરંતર પોતાનાં હ્રદયકમળમાં જુએ છે (શોધે છે) તે યોગ્ય જ છે, કેમકે પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળનાં બીજનું સ્થળ, કમળના મધ્ય પ્રદેશમાં

રહેલી કર્ણિકામાં સંભવે છે; તેમજ બીજરૂપ આપનું સ્થળ પણ માણસના હૃદયકમળમાં છે, એ વાસ્તવિક છે.

આ કડીમાં પ્રભુ ક્યાં બિરાજે છે તે આપણને આચાર્યજી યોગીનાં દૃષ્ટાંતથી જણાવે છે. તેઓ અહીં પ્રભુને જિન તરીકે સંબોધે છે. 'જિન' એટલે જિતેન્દ્રિય. જેમણે ઇન્દ્રિયોનો આશરો છોડી પોતાનું ઇન્દ્રિયાતીત સ્વરૂપ પ્રગટાવ્યું છે તે. આવા જિન પ્રભુને યોગીઓ પોતાનાં હૃદયકમળમાં જુએ છે. યોગીઓ એટલે મન, વચન અને કાયાના યોગને ધારણ કરીને સ્વરૂપને પ્રગટાવવા મથતા જીવો. આ યોગીઓ બાહ્યદૃષ્ટિ ત્યાગી આંતર્દૃષ્ટિ ધારણ કરે છે, તેઓ અંતર્મુખ બને છે અને ઉપયોગને અંદરમાં કેંદ્રિત કરે છે, જે જગ્યાએ જિનપ્રભુ બિરાજ્યા હોય છે. પ્રભુને જોવા માટે ચર્મચક્ષુની જરૂર પડતી નથી, પણ આંતરચક્ષુની-જ્ઞાનદૃષ્ટિની જરૂરિયાત છે. આ અગાઉની કડીઓમાં આચાર્યજીએ આપણને બતાવ્યું છે કે જે જીવો પોતાનાં હૃદયમાં પ્રભુને સ્થાપે છે તે જીવો સહેલાઈથી સંસાર-સમુદ્ર પાર કરી જાય છે. એનાં અનુસંધાનમાં, પાર પહોંચવા ઇચ્છતા યોગીઓ પોતાનાં હૃદયકમળમાં પ્રભુ બરાબર બિરાજમાન થયા છે કે નહિ તેની તપાસ રાખે તે યોગ્ય જણાયા વિના રહેશે નહિ. આથી તેઓ પ્રભુની શોધ ક્યાંય બહાર નહિ પણ અંદર જ ચલાવે છે. જો એક વખત પ્રભુ અંદર આવી ગયા તો પછી તેનો ધારક જીવ અવશ્ય ભવસમુદ્ર તરી જવાનો. આથી યોગી અંતરમાં પ્રભુને શોધીને ખૂબ પ્રસન્ન થાય છે કે પ્રભુ અંતરમાં જ છે તેથી હવે કિનારો નજીક જ છે.

આ પરિસ્થિતિને બીજી અપેક્ષાથી પણ સમજી શકાય તેમ છે. હે જિનદેવ! યોગીઓ તારા પરમાત્મસ્વરૂપનું અન્વેષણ પોતાના હૃદયકમળમાં કરે છે. જેઓ મોક્ષમાર્ગમાં ચાલનારા છે, જેઓ પરમાત્માની ખોજમાં લાગી રહેલા છે, એવા યોગીઓ પ્રભુની શોધ કરવા ક્યાંય બહાર જતા નથી. બહારની વસ્તુઓમાં પણ શોધ કરતા નથી, તેઓ એ શોધ પોતાનાં જ હૃદયમાં ચલાવે છે અને બાહ્ય સંજોગો તથા નિમિત્તોથી છૂટી પોતામાં જ તે પરમેશ્વરસ્વરૂપને પ્રગટાવવા મથે છે. યોગીઓના આ કાર્યની યોગ્યતા દર્શાવવા, આચાર્યજી એક ઉદાહરણ પણ પેશ કરે છે – તે છે કમળનું. પવિત્ર અને નિર્મળ કાંતિવાળાં કમળનું બી, કમળના મધ્ય પ્રદેશમાં રહેલી કર્ણિકાના

મધ્ય ભાગમાં જ રહે છે. વસ્તુની જેટલી વધારે પવિત્રતા, તેટલી વધારે પવિત્રતા તેને ધારણ કરનારની જોઈએ. કમળ પવિત્ર છે. કાદવ કે પાણીમાં તે ઊગવા છતાં તેનો પાશ તેને જરા પણ લાગતો નથી, તે તો કાદવ અને પાણીથી અલિપ્ત જ રહે છે. આવા કમળને જન્મ આપનાર, તેનું બી – જેમાંથી કમળ ઉત્પન્ન થાય છે, તે પણ પવિત્ર જ હોય છે. આ કમળનું બી, કમળના મધ્ય ભાગમાં ન રહે તો બીજે ક્યાં રહે? કમળ જેવી પવિત્રતા, તેના વેલાના બીજા ક્યા ભાગમાં મળવાની હતી? આ પવિત્ર કમળમાં વાસ કરી, કાંતિવાળું કમળનું બી પોતાની પવિત્રતા જાળવી શકે છે. આમ અન્યોન્ય પવિત્રતા અર્પી તેઓ વસે છે. અર્થાત્ સમાન વચ્ચે મૈત્રી સંભવે છે.

આ ઉદાહરણ પરથી આપણને યોગી અને પરમાત્માનો સંબંધ સમજાય છે. યોગી પોતે પરમાત્મા જેવા પવિત્ર થવાનો પુરુષાર્થ કરી રહ્યા હોય છે, તેથી અમુક અંશે પવિત્રતા પ્રગટાવી ચૂક્યા હોય છે. આખા દેહમાં હ્રદય એ સૌથી અગત્યનું અંગ છે. એની તંદુરસ્તી વિના દેહ ટકી શકતો નથી. દેહના અન્ય કોઈ અંગમાં બગાડો હોય તો એ બગાડા સાથે, અથવા તો એ અંગ વિના શરીરનું કાર્ય ચાલી શકે છે, ત્યારે હ્રદય વિના તો મનુષ્યશરીર અસ્તિત્વ જ ધરાવી શકતું નથી, એટલું જ નહિ પણ હ્રદયમાં બગાડો થાય તો પણ તે જીવન સમાપ્ત થઈ જાય છે. એટલે કે હ્રદય એ શરીરનું સૌથી અગત્યનું અંગ છે. વળી જ્યારે જીવ પવિત્રતા ધારણ કરવાની શરૂઆત કરે છે, ત્યારે તેનો આરંભ પણ હ્રદયથી થાય છે. પહેલાં હ્રદય પવિત્ર થાય છે પછી બીજા અંગો પવિત્રતા વિસ્તરતાં પવિત્ર થાય છે. આ અપેક્ષાથી પણ હ્રદય અગત્યનું અંગ છે. આવા મહત્વના ભાગમાં મહાપવિત્ર એવા પરમાત્મા વસે છે. જેઓ પરમ પવિત્ર થયા છે, તેવા મહાન આત્માનું સ્વરૂપ હ્રદયમાં પ્રકાશિત થાય છે. કારણ કે એના જેવું બીજું પવિત્ર અંગ શરીરમાં નથી. તેથી જ્યારે યોગીઓ પરમ સ્વરૂપની ખોજમાં પડે છે ત્યારે તેઓ અન્ય કોઈ અંગ કે સ્થળની તપાસ ન કરતાં જ્યાં પવિત્રતાનો વાસ છે તે હ્રદયના મધ્યભાગની જ તપાસ કરે છે. ત્યાં પોતાની વૃત્તિને સ્થિર કરી ઝળહળતા પરમાત્મસ્વરૂપનો અનુભવ કરે છે. જ્યારે પ્રભુ પ્રતિનાં પ્રેમ તથા લાગણી ઘણાં

વધે છે ત્યારે પ્રભુ સ્વયમ્ જ યોગીનાં હ્રદયના મધ્યભાગમાં આવી, તેને પવિત્ર કરવાનું કાર્ય શરૂ કરી દે છે. આમ પરમાત્માના વાસથી યોગી પવિત્ર થતા જાય છે, અને હ્રદયની પવિત્રતાને કારણે પ્રભુનો વસવાટ ત્યાં સ્થિર રહે છે. આમ આ અન્યોન્ય પવિત્ર સંબંધનાં કારણે યોગીઓ પણ સંસારમાં કમળની જેમ અલિપ્ત બનીને રહે છે, અને રાગદ્વેષની જાળમાં ગૂંચવાતા નથી.

સંસાર એ કાદવ સમાન છે, જ્યાં જાત જાતના વિષય, વિકાર અને કૂડ-કપટ જેવો કાદવ ચારે બાજુ ફેલાયેલો છે. એવા કાદવ વચ્ચે યોગીઓ રૂપે પવિત્ર કમળ ખીલે છે. તેઓ કાદવમાં કમળની જેમ સંસારની આંટીઘૂંટીથી અલિપ્ત જ રહે છે. અને પ્રભુ એ કમળનાં પવિત્ર નિર્મળ બી સમાન છે. કમળનાં એક બીજમાંથી જેમ અનેક કમળો ઉત્પન્ન થાય છે તેમ પરમાત્માના સંપર્કથી અનેક જીવમાંથી શિવસ્વરૂપ પ્રગટ થાય છે. પ્રભુના પ્રતાપે અનેક યોગીઓ સંસારથી અલિપ્ત બની, ભવસમુદ્ર તરી પાર ઊતરે છે. આ ઉદાહરણ આપણને એકદમ યોગ્ય લાગ્યા સિવાય રહેતું નથી. અને જેમ જેમ તેના વિશે વિચારીએ છીએ તેમ તેમ તેની વિશેષ યથાર્થતા જણાતાં આનંદ પ્રવર્તે છે. (૧૪)

ध्यानाज्जिनेश! भवतो भविनः क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।
तीव्रानलादुपलभावमपास्य लोके
चामीकरत्वमचिरादिव धातुभेदा ।।१५।।

ક્ષણમાત્રમાં જિનરાજ! ભવિજન આપ કેરાં ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જ્યમ તીવ્ર અગ્નિતાપથી મિશ્રિત ધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. (૧૫)

પ્રભુને હ્રદયમાં એક વખત સ્થાપ્યા પછી તેમનો પ્રભાવ કેવો છે તે બતાવતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, “હે જિનેશ! જેવી રીતે તીવ્ર અગ્નિના તાપથી

જુદી જુદી ધાતુઓ પથ્થરપણાને છોડીને તત્કાળ સુવર્ણપણાને પામે છે, તેવી રીતે ભવ્યજનો આપનું ધ્યાન ધરવાથી ભૌતિક દેહને છોડીને ક્ષણમાત્રમાં પરમાત્મદશાને પામે છે."

આચાર્યજી આ કડીમાં જિનેશ – જિતેંદ્રિય હોય તેઓમાં પણ જે શ્રેષ્ઠ છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને કહે છે કે, "હે પ્રભુ! તમારું જેઓ ધ્યાન ધરે છે તેઓ થોડી ક્ષણોમાં જ પરમાત્મદશાને પામે છે, અને દેહથી આત્માની ભિન્નતાનો અનુભવ કરે છે." આ વચનો ખૂબ જ સમજવા જેવાં અને ઉત્તમ બોધને આપનારાં છે.

અહીં શ્રી પાર્શ્વનાથ પ્રભુને આચાર્યજી જિનેશ તરીકે સંબોધે છે. જિનેશ એટલે જિનોના ઇશ, જે બધા જિતેંદ્રિય છે તેઓમાં શ્રેષ્ઠ. જ્યારે આપણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો વિચાર કરીએ છીએ, તેમના પરિષહો અને ઉપસર્ગોનો લક્ષ લઈએ છીએ, અને એવા વિકટ સંજોગોમાં એમણે ધારણ કરેલી અદ્‌ભુત સમતાને જાણીએ છીએ ત્યારે આપણને જરૂર સમજાય છે કે આવા વિકટ ઉપસર્ગો વખતે આવી સમતા મહાબળવાન, મહાસમર્થ આત્મા હોય તે જ રાખી શકે. અને આ સામર્થ્યમાં જ તેમનું ઇશપણું – ઈશ્વરપણું સમાયેલું છે.

આવા જિનેશનું – મહાસમર્થ પ્રભુનું શરણું લઈ, તેમનું ધ્યાન ધરે તે જીવને પ્રભુ પાસેથી ઘણું વિશેષ બળ મળે છે. વળી જેનું શરણું લીધું હોય તેના જેવા થવાની જીવની ભાવના દૃઢ બને છે, કારણ કે જેવા થવું હોય તેવાનાં શરણમાં જવાની ભાવના જીવ રાખતો હોય છે. આ રીતે મહાસમર્થ પ્રભુનું શરણું લેવાથી મહાસમર્થ બનવાની ભાવના દૃઢ બને છે. એ તાલાવેલીમાં જીવ પ્રભુનું શરણું સ્વીકારી, તેમની પાસેથી પ્રેરણા તથા બળ મેળવી આરાધના કરે, તો થોડા જ સમયમાં, અલ્પકાળમાં દેહથી ભિન્ન એવા પરમાત્માનો અનુભવ તેને થાય.

અનાદિકાળથી રખડતો આત્મા જો પ્રભુનાં શરણમાં ન જાય, પ્રભુની શ્રદ્ધા ન કરે, પ્રભુ પ્રતિ પ્રેમ ન કેળવે તો અનંતકાળ સુધી પણ પરમાત્મસ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. પણ જો સમર્થ એવા શ્રી તીર્થંકર પ્રભુની શ્રદ્ધા કરે તો તેને

ક્ષણમાત્રમાં પરમાત્મસ્વરૂપનો અનુભવ, દેહથી ભિન્નપણાનો અનુભવ થાય. જીવ સૌ પ્રથમ દેહ અને આત્માની ભિન્નતા અનુભવે છે ત્યારની અમુક શરતો હોય છે. જીવને પાંચ ઇન્દ્રિય અને સંજ્ઞા પૂર્ણ જોઇએ, પ્રભુની શ્રદ્ધા એટલે કે પ્રભુ કહે છે તે સત્ય જ છે એવી લાગણી અંતરનાં ઊંડાણમાંથી ઊઠવી જોઇએ, આત્માનું સાચું સુખ મેળવવાની ભાવના હોવી જોઇએ, અને તે માટેનો પુરુષાર્થ જોઇએ. આ પુરુષાર્થ એટલે પ્રભુનું શરણું સ્વીકારવું. શરણું સ્વીકારવાની ઉત્તમ પળોએ જીવને એક સમય માટે આત્મા અને દેહની ભિન્નતાનો અનુભવ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એ વખતે જીવ અંતર્વૃત્તિનો સ્પર્શ કરે છે એમ કહેવાય. દેહ અને આત્માની ભિન્નતાનો સૌ પ્રથમનો અનુભવ, ભલે પછી તે એક જ સમય માટેનો હોય, તે જ અંતર્વૃત્તિસ્પર્શ. આ પ્રથમના અનુભવ માટે શ્રી તીર્થંકર પ્રભુ, કેવળી પ્રભુની હાજરી અવશ્ય છે. આમ હોવાનું એક જ કારણ છે કે પહેલીવાર જ્યારે જે ભિન્નતાનો અનુભવ કરવાનો હોય છે ત્યારે જીવે અત્યંત બળ કેળવવું પડે છે અને તે બળ આવા પુરુષની હાજરી વિના પ્રાપ્ત થઇ શકતું નથી. આ અનુભવ અત્યંત અલ્પકાળ માટેનો હોય છે, તેથી તે ભિન્નતાના અનુભવનું જ્ઞાન શ્રી તીર્થંકર પ્રભુ કે કેવળી પ્રભુ સિવાય કોઈને થઇ શકતું નથી. તેમના સિવાય કોઈને પણ સમય સમયનું જ્ઞાન નથી તેથી કોઈ પણ છદ્મસ્થ જીવ સમય સમયનું જ્ઞાન કરી શકતો નથી. પરંતુ આ અનુભવનું મહાત્મ્ય એવું છે કે એક પણ વખત એ અનુભવ થયા પછી નિયમપૂર્વક એ જીવ કાળે કરીને મોક્ષસુખનો અધિકારી બને છે. મોક્ષપ્રાપ્તિમાં કેટલો કાળ નિર્ગમન થાય તે, તે જીવના પુરુષાર્થ પર આધારિત છે. પરંતુ તે નિયમપૂર્વક ભવ્ય જીવ કહેવાય. અભવી જીવ એક સમય માટે પણ દેહ અને આત્માની ભિન્નતા અનુભવી શકતો નથી, અને માત્ર એક સમય માટે થયેલો દેહ તથા આત્માની ભિન્નતાનો અનુભવ ક્રમે ક્રમે વધતાં વધતાં પરમાત્મસ્વરૂપને પ્રગટ કરે છે અને એ જ મહિમા અહીં વર્ણવ્યો છે.

આ જ્ઞાનને લક્ષમાં રાખીએ તો આ કડીની અદ્‌ભુતતા આપણને સ્પષ્ટ થાય છે. માત્ર ગણતરીના સમયમાં પ્રભુના સાનિધ્યમાં રહીને જીવ પરમાત્મસ્વરૂપ પ્રગટાવવાની

યોગ્યતા કેવી રીતે પ્રાપ્ત કરી લે છે તે આપણને અહીં જણાય છે. અંતર્વૃત્તિસ્પર્શવાનું કાર્ય માત્ર ભવ્ય જીવ જ – જે મોક્ષમાં જવાની યોગ્યતા ધરાવે છે તે જીવ જ કરી શકે છે. અર્થાત્ જેણે અંતર્વૃત્તિ સ્પર્શાવી તે જીવ નિયમપૂર્વક મોક્ષમાં જવાનો. નિત્યનો અભવી જીવ તીર્થંકર પ્રભુના પ્રત્યક્ષ સંપર્કમાં આવ્યો હોય તો પણ આ કાર્ય કરી શકતો નથી. આ સ્થિતિ સ્પષ્ટ કરવા આચાર્યજીએ 'ભવિજન' શબ્દ ખૂબ જ યોગ્યતાથી મૂકેલો જણાય છે.

આ કડીની બીજી પંક્તિમાં જણાવ્યું છે કે 'પામે દશા પરમાત્મની, તજી દેહને પ્રભુ જ્ઞાનથી.' ભવ્ય જીવ જ્યારે પ્રભુનું શરણું લઈને ધ્યાન કરે છે ત્યારે થોડી ક્ષણો માટે તેને દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ થાય છે તે અહીં બતાવ્યું છે. જે પરમાત્મા છે તે સમયે સમયે, સતત દેહ અને આત્માની ભિન્નતાનો સ્પષ્ટ અનુભવ કરે છે. છદ્મસ્થ જીવ જે અનુભવ થોડા કાળ માટે કરે છે તે અનુભવ પરમાત્મા નિરંતર કરે છે, પણ એ અનુભવ સમાન છે. આથી જ્યારે આ અનુભવ છદ્મસ્થ જીવ કરતો હોય છે ત્યારે થોડા સમય માટે 'પરમાત્માની દશા' ને પ્રાપ્ત કરે છે એમ કહી શકાય. વળી એ અનુભવ વખતની દશા બતાવતાં આચાર્યજી કહે છે 'તજી દેહને પ્રભુ જ્ઞાનથી.' જે વખતે આવી ભિન્નતાનો અનુભવ જીવને થાય છે ત્યારે તેની દેહની આસક્તિ બિલકુલ છૂટી ગઈ હોય છે. એ વખતે વાસ્તવિક દેહ છૂટતો નથી, પણ દેહાસક્તિમાંથી ઉપયોગ છૂટી ગયો હોય છે એટલે દેહનાં અસ્તિત્ત્વનું લક્ષ પણ તેને રહેતું નથી. એટલે કે એ અનુભવ ચાલે છે તેટલા સમય માટે તેને દેહનો ત્યાગ હોય છે. આ ત્યાગ ઉપયોગપૂર્વકનો હોય છે, વાસ્તવિક નહિ, તેથી આચાર્યજી કહે છે કે 'તજી દેહને જ્ઞાનથી.'

આ સ્થિતિનું નિર્માણ કેવી રીતે થાય છે, કેવા પ્રકારની પ્રક્રિયા ચાલે છે તે જણાવવા માટે એક ઉદાહરણ આચાર્યજીએ આપ્યું છે. તેઓ કહે છે કે ઘણી ધાતુઓનું મિશ્રણ થઇ ગયું હોય અને છૂટી પડતી ન હોય તે વખતે તેને તપાવવામાં આવે ત્યારે તેમાંથી જે સુવર્ણ હોય છે તે તેનાં મિશ્રણપણાનો ત્યાગ કરીને સુવર્ણરૂપ ધારણ કરે છે. એ જ રીતે દેહ, અને આત્માને એકરૂપ માનતો જીવ મિશ્ર ધાતુ જેવો છે, એ જીવ

અગ્નિતાપરૂપ પ્રભુનાં સાનિધ્યમાં રહીને આત્મારૂપ સુવર્ણને છૂટો પાડે છે, અર્થાત્ આત્મા પ્રગટાવે છે.

અનાદિકાળથી ચારે ગતિમાં રખડતો જીવ 'દેહ તે હું' અને 'અન્ય એ મારાં' આવી ભાવનામાં રાચતાં રાચતાં સંસારસમુદ્રમાં ડૂબકી ખાધાં કરે છે. આવો અનેક વિભાવોથી ભરેલો તથા આત્માના અનંત ગુણોને ગુમાવી બેઠેલો જીવ મિશ્રધાતુ સમાન છે. અનેક ધાતુઓ એકઠી મળી હોય ત્યારે તેમાં સુવર્ણનું તેજસ્વીપણું જરાય જણાતું નથી, સુવર્ણ પણ અન્ય ધાતુની માફક નિસ્તેજ બની જાય છે. એ જ રીતે અનેક વિભાવો – કર્મોથી ઘેરાયેલા આત્માનું ઓજસ્ ચાલ્યું જાય છે, તે નિસ્તેજ બની રહે છે. એના સાચા સ્વરૂપનો લક્ષ તેને જરા પણ થતો નથી.

આ મિશ્ર થઇ ગયેલી ધાતુઓને જ્યારે અગ્નિતાપ સન્મુખ રાખવામાં આવે છે ત્યારે બીજી ધાતુઓ બળીને કે ઓગળીને છૂટી પડી જાય છે અને સુવર્ણ પોતાનાં શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અર્થાત્ સુવર્ણ એક જ બાકી રહી શુદ્ધ સ્વરૂપને પામે છે. એ જ રીતે વિભાવ ભાવ તથા અનંત કર્મોથી લેપાયેલા જીવ સમક્ષ જ્યારે કર્મ બાળવામાં અગ્નિ સમાન શ્રી તીર્થંકર પ્રભુ આવે છે ત્યારે તે જીવનાં કર્મો અન્ય ધાતુની માફક બળીને જીવથી છૂટા પડી જાય છે, અને આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવી સુવર્ણ સમાન તેજસ્વી બને છે. આમાં ગુરુ અને પ્રભુની આવશ્યક્તા સમજાય છે. કર્મને બાળવામાં સહાયરૂપ એવા પ્રભુ કે ગુરુની હાજરી વિના જીવનું કર્મથી લેપાવાપણું ટળતું નથી એ અહીં અનુભવાય છે. પ્રભુનો મહિમા જ એવો છે કે તેમની હાજરીમાં કર્મનો નાશ સહેલાઈથી થાય છે તે યોગ્ય ઉદાહરણથી આચાર્યજીએ આપણને દર્શાવ્યું છે. (૧૫)

अन्तः सदैव जिन! यस्य विभाव्यसे स्वं
मध्यैः कथं तदपि नाशयसे शरीरम्? ।
एतत्स्वरूपमथ मध्यविवर्तिनो हि
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ।।१६।।

હે જિન! હંમેશાં ભવ્યજન જે દેહના અંતર વિશે,
ધરતા તમારું ધ્યાન તેનો નાશ કરતા કેમ તે?
અથવા સ્વભાવ મહાજન મધ્યસ્થનો એવો સદા,
વિગ્રહતણો કરી નાશ ને શાંતિ પ્રસારે ઉભયથા. (૧૬)

પ્રભુની હાજરીમાં ઘણાં વધારે કર્મો બળી જાય છે, તે આપણને પંદરમી કડીમાં સમજાવ્યા પછી, એ ક્રિયાને વિશેષ સ્પષ્ટ કરતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, “હે જિનેશ્વર! જે ભવ્યજનો, દેહની અંદર નિરંતર આપનું ધ્યાન ધરે છે, તે જ દેહનો આપ કેમ નાશ કરો છો? પણ એમાં શંકા જેવું નથી, કેમકે જે મહાત્માઓ મધ્યસ્થપણું ધારણ કરે છે, તેમની રીત જ એવી હોય છે કે તેઓ વિગ્રહનો નાશ કરે છે.”

એક વખત દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ, અરિહંત પ્રભુ કે કેવળી પ્રભુનાં સાનિધ્યમાં કર્યા પછી જીવ ક્રમે ક્રમે એ અનુભવ વધારતો રહે છે. અને અમુક દશાએ પહોંચ્યા પછી જીવમાં એવી શક્તિ આવે છે કે પ્રભુનું ઊંડું સ્મરણ કરીને, એના અવલંબનથી તે જીવ ધારે ત્યારે આ ભિન્નતાનો અનુભવ કરી શકે છે. પ્રભુનાં ઊંડા સ્મરણનાં પરિપાકરૂપે ભિન્નતાનો જે અનુભવ કરી શકાય છે, તે અનુભવની ક્રિયાને ધ્યાન ધર્યું કહેવાય. એટલે કે ધ્યાનમાં જીવ પોતાનો ઉપયોગ દેહમાંથી ખેંચી લઈ આત્મામાં કેંદ્રિત કરે છે. અને એટલા સમય માટે આત્મસ્વરૂપમાં લીન રહે છે. આવો અનુભવ તથા અનુભવ કરવાની શક્તિ, માત્ર ભવ્યજીવને જ પ્રાપ્ત થાય છે. અર્થાત્ ભવ્યજીવ અને તેમાંય નિકટભવી જીવ સાચા અર્થમાં ધ્યાનમાં જઈ શકે છે, કારણ કે સાચા ધ્યાનમાં લીન બનનારને પંદરથી વધુ ભવ મુક્ત થવા માટે લાગતાં નથી. જે જીવનાં કર્મમળનો સંપૂર્ણ નાશ કોઈને કોઈ કાળે થવાનો છે તે જીવ ભવ્ય છે, અને જે જીવનાં કર્મો કોઈ કાળે, અનંત કાળ પછી પણ નાશ થવાનાં નથી, જેનું સંસાર પરિભ્રમણ સદાકાળ માટે ચાલુ રહેવાનું છે તે જીવ અભવ્ય કે અભવી છે. તેનાં આત્માનાં પરિણામ એવા ઉત્કટ રસથી પરિણમતાં હોય છે કે તે જીવ કોઈ કાળે પણ કર્મથી મુક્ત થવાનાં ભાવ પ્રવર્તાવી શકતો નથી. આથી જ આચાર્યજી જે જીવ ક્રમે

કરીને મુક્તિ પામવાનો છે તેવા ભવ્ય જીવની જ વાત અહીં કરે છે. અભવીની વાત કરતા નથી, તે યોગ્ય લાગે છે.

અહીં આચાર્યદેવ જણાવે છે કે જે ભવ્યજીવ પ્રભુનું ધ્યાન પોતાનાં અંતરમાં કરે છે, તે ભવ્યજીવનાં દેહનો જ નાશ પ્રભુજી કરે છે. આ પરિસ્થિતિ ખરેખર સમજવા યોગ્ય છે. જીવ ધ્યાન ધરે છે ત્યારે તે અંતર્મુખ બને છે. અંતરમાં ઉપયોગને કેંદ્રિત કરી સ્થિર થાય છે. આ અંતર એ દેહનો જ એક વિભાગ છે. એટલે કે જીવ ધ્યાન કરતી વખતે દેહના અમુક ભાગમાં પ્રભુનું સ્થાપન કરી, ત્યાં પોતાના ઉપયોગને કેંદ્રિત કરીને રહે છે. આવું ધ્યાન જે જીવો હંમેશાં રોજેરોજ કરે છે, તેમના જ દેહનો નાશ પ્રભુ કરે છે. પ્રભુનું આ કાર્ય આચાર્યજીને ખૂબ આશ્ચર્યરૂપ લાગે છે. તે એ રીતે કે જે સ્થળે પ્રભુનું સ્થાપન ભવ્યજીવ કરે છે, તે સ્થળનો જ નાશ – તે દેહનો નાશ પ્રભુ કરે છે. સામાન્ય રીતે લોકપ્રચલિત રૂઢિ એવી જોવામાં આવે છે કે જ્યાં માનપાન મળે, સ્થાપના કરવામાં આવી હોય તે સ્થળને લોકો શણગારે છે, પૂજે છે, જાળવે છે અને લાંબો સમય ટકી રહે તેવા પ્રયત્ન કર્યા કરે છે. એની સરખામણીમાં પ્રભુની વર્તના સાવ જુદી જણાઇ આવે છે, તેઓ તો જે દેહમાં બિરાજમાન થયા છે તે દેહનો જ નાશ કરે છે.

જીવ પ્રભુને હ્રદયમાં સ્થાપી, અંતર્મુખ બની, પ્રભુનું ધ્યાન ધરે છે, ત્યારે તેનો હેતુ મુખ્યત્વે આત્માને શુદ્ધ કરવાનો હોય છે. ઘણી વખત એવું બને છે કે જીવ પોતે કરેલાં તપ કે ધ્યાનનાં ફળ રૂપે સંસારસુખ પ્રાપ્ત થાય એવી માગણી કરે છે, અને તે માગણી અનુસાર તેને સંસારસુખ મળે છે. પરિણામે એથી વિશેષ ફળ – આત્માર્થે ફળ પ્રાપ્તિની તેની યોગ્યતા નષ્ટ થાય છે. જો આવી માગણી કરવામાં આવી ન હોય તો, કરેલાં શુભ કર્મ અને ભાવોનું વધુમાં વધુ શક્ય હોય તેટલું ફળ પ્રભુ આત્માર્થે આપે છે. એટલે કે કર્મમળનો નાશ કરવામાં સહાયભૂત હોય એવા ફળની પ્રાપ્તિ પ્રભુ કરાવે છે. સર્વ કર્મમાં સૌથી છેલ્લે છૂટતો સંબંધ તે દેહ સાથેનો સંબંધ છે. અને એ સંબંધ છૂટયા પછી આત્માને કોઈ પણ પ્રકારનાં કર્મનું આવરણ નડી શકતું નથી. આ કડીમાં આચાર્યજી આપણને જણાવે છે કે પ્રભુને સાચા ભાવથી હ્રદયમાં સ્થાપવામાં

આવે તો પ્રભુ ભક્તના દેહનો જ નાશ કરે છે. આ દ્વારા આચાર્યજી આપણને એ સમજાવે છે કે એક વખત સાચા ભાવથી પ્રભુને હ્રદયમાં સ્થાપવાથી, તેનું નિરંતર ધ્યાન ધરવાથી ભક્તના આત્માને સંપૂર્ણ શુદ્ધ કરવાની જવાબદારી ભગવાન લે છે. આ ઘટના પરથી સમજાય છે કે પ્રભુ જ્યાં પ્રતિષ્ઠિત થાય છે તે દેહનો જ નાશ કરતાં હોવા છતાં, ભક્તનાં ભાવને અનુરૂપ જ તેમનું કાર્ય હોય છે. આથી આ કડી વાંચતાં આરંભમાં જે વિરોધાભાસ જીવને અકળાવે છે તે, તેનું હાર્દ સમજતાં ટળી જાય છે, અને તેમાંથી વાસ્તવિક સમજ તથા પ્રભુનું સાચું મહાત્મ્ય પ્રગટ થાય છે.

આચાર્યજી પોતાનાં આ કથનને પુષ્ટિ આપવા માટે મહાજનોના સ્વભાવ તથા તેમનું ચારિત્રલેખન ત્રીજી અને ચોથી એ બે પંક્તિઓમાં કરે છે. આ મહાજનો મધ્યસ્થપણું ધારણ કરીને રહેનારા હોય છે, એટલે કે રાગ તથા દ્વેષના ફાંદામાં ફસાનારા હોતા નથી. તેઓ કોઈ પ્રકારના વિભાવમાં ફસાઈને પ્રવૃત્તિ કરતા નથી, પણ નિરંજનપણે તથા નિર્વિકારપણે વર્તના કરે છે. અથવા મહાન જીવો 'વિગ્રહ' નો નાશ કરી, 'શાંતિનું' પ્રસારણ કરવાનું મુખ્ય કાર્ય કરે છે.

આ કડીનાં ચોથા ચરણમાં આચાર્યજી 'વિગ્રહ' શબ્દ ખૂબ જ ખૂબીપૂર્વક યોજી શ્લેષ અલંકાર દ્વારા પોતાનું વક્તવ્ય સ્પષ્ટ કરે છે. 'વિગ્રહ' શબ્દના બે અર્થ થાય છે. (૧) ઝગડો (૨) શરીર. શ્રી પાર્શ્વનાથ પ્રભુ જેવા મહાનુભાવ વિગ્રહનો નાશ કરે છે: એટલે કે આત્મા તથા કર્મ વચ્ચે જે અનાદિકાળથી ગજગ્રાહ ચાલ્યા કરે છે, તે કર્મના નાશ દ્વારા વૈમનસ્યનો અંત આણી, શાંતિની સ્થાપના કરે છે. કર્મના ક્રૂર પાશમાંથી આત્માને છોડાવી, તેને પોતાના સહજ શાંત સ્વરૂપમાં બિરાજમાન કરે છે. વળી જે દેહમાં રહી આ બધા દુઃખોનો ભોગવટો આત્મા કરે છે, તે દેહનો જ નાશ પ્રભુ કરતા હોવાથી, આત્માને પરમ શાંતિમાં બિરાજમાન થવાનો યોગ પ્રાપ્ત થાય છે. આમ પ્રભુનું મુખ્ય કાર્ય વિગ્રહનો નાશ કરવાનું તથા શાંતિનું પ્રસારણ કરવાનું છે. (૧૬)

आत्मा मनीषिभिरयं स्वदभेदबुद्धया
घ्यातो जिनेन्द्र! भवतीह भवत्प्रभावः ।

पानीयमप्यमृतमित्यनु चिंत्यमानं
किं नाम नो विषविकारमपाकरोति ।।१७।।

નહિ ભેદ હે પ્રભુ આપને આત્માવિશે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નક્કી;
જે જળ વિશે શ્રદ્ધાથકી અમૃતતણું ચિંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે? (૧૭)

પ્રભુને હૃદયમાં સ્થાપી, તેમનું ધ્યાન ધરવાથી વિગ્રહનો નાશ થાય છે. એ જણાવ્યા પછી, આ કડીમાં વિશેષ સ્પષ્ટતા કરતાં આચાર્યજી જણાવે છે કે, હે જિનેન્દ્ર! આત્મા અને આપ એક જ છો, એવી અભેદબુદ્ધિથી જે પંડિતો આપનું ધ્યાન કરે છે તેઓ આ લોકના વિષે જ આપના જેવા થાય છે. જેમ શ્રદ્ધાથી મંત્રાદિક પ્રયોગ વડે પાણીમાં અમૃતપણું આરોપ્યું હોય, તેવા પાણી માત્રથી પણ વિષના વિકારો મટી જાય છે.

મહાનુભાવ એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ધ્યાન ધરવાથી કર્મ તથા દેહનો નાશ થાય છે, તે આપણે સોળમી કડીમાં જોયું. આ ધ્યાન ક્યા પ્રકારનું હોવું જોઇએ તે આપણને આ સત્તરમી કડીમાંથી જાણવા મળે છે. અહીં દર્શાવ્યા પ્રમાણે પ્રભુનો શુદ્ધ થયેલો આત્મા, અને પોતાનો વિશુદ્ધ બને તે વખતનો આત્મા, એ બંને સમાન જ છે, એવી અભેદબુદ્ધિ ધારણ કરીને જેઓ પ્રભુનું ચિંતન કરે છે, તેઓ નિશ્ચયથી પ્રભુ સમાન એટલે કે વિશુદ્ધ આત્મા બને છે. અહીં આત્મા વિશેની મૂળ વિગત આપેલી જણાય છે. જ્યારે આત્મા વિશુદ્ધ બને ત્યારે બધા જ આત્મા ગુણ, શક્તિ, પ્રદેશ વગેરે અપેક્ષાએ જોતાં સમાન જ હોય છે, એ હકીકત અહીં પ્રગટ કરી છે. જ્યારથી નિત્ય નિગોદમાંથી નીકળ્યો ત્યારથી જીવનું ચાર ગતિનું પરિભ્રમણ શરૂ થાય છે, અને એ પરિભ્રમણ મુક્તિશીલા પર ન પહોંચે ત્યાં સુધી ચાલુ રહે છે. આવા અત્યંત લાંબા કાળનાં પરિભ્રમણમાં પણ આત્માના એક પણ પ્રદેશમાં વધઘટ થતી નથી, એક પણ ગુણનો સંપૂર્ણ નાશ થતો નથી, કે ન છૂટે એવો

એક પણ દુર્ગુણ પ્રગટ થતો નથી. આ અત્યંત દુ:ખમય પરિભ્રમણમાં આત્માના ગુણો માત્ર અવરાય છે, નાશ પામતાં નથી, એટલે કે જેમ જેમ આત્મા શુદ્ધિ કરતો જાય છે, તેમ તેમ તેના અવરાયેલા ગુણો, આવરણને ફગાવી દઈ પ્રગટ થાય છે, અને જ્યારે સંપૂર્ણ વિશુદ્ધ થાય છે ત્યારે તે સર્વજ્ઞ સમાન થાય છે. તેનામાં એક પણ ગુણ ઓછો કે ફેરફારવાળો હોતો નથી. સર્વજ્ઞ પ્રભુ અને વિશુદ્ધ થયેલા આત્માનાં શક્તિ, ગુણ, પ્રદેશ સમાન જ હોય છે. એક જીવ અનંત કાળચક્રનું પરિભ્રમણ કરે અને બીજો જીવ એનાથી ઘણું ઓછું પરિભ્રમણ કરે, તેમ છતાં જ્યારે બંને વિશુદ્ધ થાય છે ત્યારે તેમનાં શક્તિ, ગુણ, પ્રદેશ સમાન રહે છે, ક્યાંય તરતમપણું રહેતું નથી. આ આત્માની એક અતિ મહત્ત્વની લાક્ષણિકતા છે. જો આ લાક્ષણિકતા આત્મામાં ન હોત તો, જુદા જુદા પ્રકારનાં અને કાળનાં પરિભ્રમણને કારણે બધા આત્માઓ વચ્ચે અસમાનપણું પ્રગટ થાત અને આત્માનું એકરૂપપણું તૂટી જાત. આત્માને સમાન કરી તે જાળવવામાં આ લાક્ષણિકતા મહત્ત્વનો ભાગ ભજવે છે.

આત્માની આ વિશેષતાને અનુલક્ષીને આ કડીનું વિધાન થયેલું જણાય છે. સાધક અથવા તો ભક્ત અશુદ્ધ દશામાં છે, કર્મમળ સહિત છે. આ અવસ્થામાં તે પ્રભુનું ચિંતન કરે છે, પ્રભુના ગુણોનું મનન કરે છે, અને એવી ભાવનાને દૃઢ કરે છે કે જે બધા ગુણો પ્રભુમાં પ્રગટ થયા છે તે બધા જ ગુણો પોતામાં પ્રગટ થવાના છે. અને વર્તમાનમાં તે ગુણો પોતામાં અવરાઈને રહેલા છે, અને તે આવરણો પ્રભુનું ચિંતવન કરવાથી નાશ પામવાના છે અને ગુણો પ્રગટ થવાના છે. આવી ભાવના પ્રગટાવી, તે જ શ્રદ્ધાથી સાધક પ્રભુનું ચિંતન કરે છે. પરિણામે કાળે કરીને તે પ્રભુ સમાન વિશુદ્ધ દશાને પ્રાપ્ત કરે છે.

છદ્મસ્થ અવસ્થામાં રહ્યા રહ્યા વિશુદ્ધ આત્માનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી વિશુદ્ધ કેવી રીતે થઇ શકાય! આ સમજાવવા પાછળની બે પંક્તિઓમાં આચાર્યજીએ એક સુંદર ઉદાહરણ આપ્યું છે. સામાન્ય પાણી લઇને, તેને શ્રદ્ધા રાખીને મંત્રવામાં આવે, અને તે પાણીમાં અમૃતપણાનું આરોપણ કરવામાં આવે ત્યારે ખરેખર તે

પાણીમાં અમૃતપણું પ્રગટ થાય છે. આ પાણીમાં ઝેરથી થયેલા વિકારને હરવાની શક્તિ પ્રગટ થાય છે. અર્થાત્ સામાન્ય પાણીમાં અમૃતપણાનું આરોપણ કરી, તે માટે શ્રદ્ધાથી ચિંતન કરવામાં આવે તો તે સામાન્ય પાણી પણ ઝેરના વિકારને ચૂસી લેનાર અમૃત બને છે. આવો અનુભવ જો જીવને જગતમાં સાંપડી રહે છે, તો તેવું પરમાર્થમાં બને એમાં શું નવાઇ કહેવાય!

કર્મથી લેપાયેલો, છતાં વિશુદ્ધ થવા ઇચ્છતો જીવ એ જળ સમાન છે. જેમ પાણી અમૃત નથી, પણ તે અમૃતમય થવાનું છે તેમ શ્રદ્ધાથી ચિંતવવામાં આવે છે, એ જ રીતે જીવ એ વિશુદ્ધ થયેલો નથી પણ પ્રભુ સમાન વિશુદ્ધ થવાનો છે તેમ શ્રદ્ધાથી ચિંતવવાનું છે. અર્થાત્ પાણીમાં અમૃતપણાનું જેમ આરોપણ કરવામાં આવે છે તેમ જીવમાં સંપૂર્ણ શુદ્ધપણું હોવાનું આરોપણ કરવામાં આવે છે. આ પરથી સમજાય છે કે જળને અમૃતમાં ફેરવવા માટે શ્રદ્ધા તથા ચિંતવન જેમ આવશ્યક તત્ત્વો છે, તેમ સકર્મ જીવને શુદ્ધ કરવા માટે શ્રદ્ધા અને ચિંતવન એવાં જ આવશ્યક તત્ત્વો છે. અહીં જે પ્રક્રિયા થાય છે તે મહત્ત્વની છે. જળને અમૃત સમાન બનાવવા માટે 'તે બનશે જ' એવી શ્રદ્ધા તથા 'તે અમૃતમય છે' એવું ચિંતવન કરવું જરૂરી છે, એટલે કે જે પ્રાપ્ત કરવું છે તેનું દૃઢત્વ વારંવાર કરવાથી, વારંવાર કરેલી ભાવનાના ફળરૂપે એ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ જ વસ્તુ અશુદ્ધ આત્માને શુદ્ધ બનાવવા માટે ખૂબ ઉપયોગી છે. અહીં પ્રભુનો દીધેલો નિયમ 'કોઈ પણ ભાવ નિષ્ફળ નથી' કાર્ય કરી જાય છે. જે ફળ પ્રાપ્ત કરવું છે તેનું વારંવાર રટણ કરવાથી તે કર્મ દૃઢ બને છે, અને તેનું પ્રમાણ વધતાં તે નિકાચિત સ્વરૂપને ધારણ કરે છે. પરિણામે આત્મા એ અવસ્થા અને ફળ અવશ્ય પ્રાપ્ત કરે છે.

અનાદિકાળથી સંસારચક્રમાં ચાલતાં ચાલતાં જીવે આ એક જ કાર્ય નથી કર્યું, બાકીનું બધું ય કર્યું છે. જીવ સુખને ઇચ્છે છે, અને પોતે કલ્પેલા સુખને પ્રાપ્ત કરવા અથાગ પ્રયત્નો કર્યા કરે છે. પણ સાચું સુખ શું, અને તે કેવી રીતે પ્રાપ્ત થાય તે તેણે કદી વિચાર્યું નથી. અનેક પ્રયત્નો અને પુરુષાર્થ કરતી વખતે તેને સમજણ નથી હોતી કે સાચું સુખ આત્મામાં જ રહેલું છે. આ સુખ આત્માનાં સંપૂર્ણ શુદ્ધપણામાં

રહેલું છે, અને 'સંપૂર્ણ વિશુદ્ધ આત્માનું ચિંતવન કરવાથી વિશુદ્ધ થવાય છે'. આ પ્રક્રિયાની શ્રદ્ધા જ તેણે કેળવી નથી. 'ભાવના તેવી સિદ્ધિ' એમ અનેક પ્રસંગે બોલે છે પણ પોતાની બાબતમાં એ એટલું જ સત્ય છે તે જીવ ક્યારેય આત્માથી શ્રદ્ધી શક્યો નથી. જો એ શ્રદ્ધા કરી, એ પ્રમાણે તે વર્ત્યો હોત તો તે અત્યાર સુધીમાં વિશુદ્ધ બની ચૂક્યો હોત. જે જીવો પરમ વિશુદ્ધિને વરી મુક્તિશીલામાં બિરાજમાન થયા છે તેઓ આ ભાવને દૃઢ કરી, એ પ્રમાણે વર્તી વિશુદ્ધ થયા છે. જે હજુ સુધી વિશુદ્ધ થયા નથી, તેમણે અત્યાર સુધી કર્યું છે શું? સર્વજ્ઞ તીર્થંકર પ્રભુની સાથે અભેદબુદ્ધિ કેળવવાને બદલે જીવે કર્મવશાત્ પ્રાપ્ત થયેલા દેહની સાથે અભેદબુદ્ધિ કેળવી છે, એટલે કે તેણે અત્યંતપણે દેહાધ્યાસ કેળવ્યા કર્યો છે. જે પ્રકારનું ચિંતવન તથા જે પ્રકારની ભાવના હોય તે પ્રકારનું ફળ જીવ પ્રાપ્ત કરે છે. આથી તેને દેહમાં જ આત્મબુદ્ધિ થતી હોવાને કારણે એક પછી એક દેહની પ્રાપ્તિ જીવને થયા કરે છે. આ ચક્રાવો ત્યારે જ અટકે, જ્યારે ભાવનામાં ફેરફાર કરવામાં આવે. એટલે કે દેહમાંની આત્મબુદ્ધિ ત્યાગી, આત્મામાં આત્મબુદ્ધિ કરવામાં આવે, અને તીર્થંકર પ્રભુ પ્રતિ અભેદબુદ્ધિ શ્રદ્ધાથી કેળવવામાં આવે તો જીવ પ્રભુ સમાન વિશુદ્ધ બને અને સંસારનાં ચક્કરથી છૂટે.

એક અપેક્ષાથી વિચારીએ તો આઠમા ગુણસ્થાનથી શરૂ કરી બારમાના અંત સુધીની ક્ષપક શ્રેણી આચાર્યજીએ પહેલી બે પંક્તિઓમાં સમાવી દીધી છે. તે પંક્તિઓ આ પ્રમાણે છે :–

"નહિ ભેદ હે પ્રભુ! આપને આત્મા વિષે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે આપ સમ થાયે નક્કી."

કોઈ પણ જીવને જો પ્રભુ સમાન બનવું હોય તો તેણે શું કરવું જોઇએ તે અહીં બતાવ્યું છે. અહીં પ્રભુ સમાન બનવા માટેના ઉપાયોમાં ચિંતનને સૌથી મહત્ત્વનું બતાવ્યું છે. ચિંતન એટલે જે ધ્યેય હોય તે ધ્યેય વિશે વારંવાર અટક્યા વગર, સતત અમુક કાળ સુધી તેનો વિચાર કરવો. આ રીતે વિચાર કરવાથી જીવમાં

સારાસર વિવેક તથા હેય ઉપાદેયનું જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાન આવવાથી જીવની વર્તના શુભ બને છે. વળી આ ચિંતન ગમે તે રીતે કરવાનું નથી. તે ચિંતન કરતાં પહેલાં પ્રભુ પ્રતિની અનન્ય શ્રદ્ધા કેળવવાની છે, પ્રભુના અદ્‌ભુત ગુણોનો લક્ષ કરવાનો છે, પ્રભુમાં પ્રગટ થયેલા બધા જ ગુણો પોતામાં સમાયેલા છે એવી શ્રદ્ધા જગાડવાની છે, પ્રભુના આત્મા અને પોતાનાં વિશુદ્ધ સ્વરૂપમાં કોઈ ભેદ નથી એવી અભેદબુદ્ધિ કેળવીને શુદ્ધ થવા માટેનું ચિંતન કરવાનું છે. વિચારતાં સમજાશે કે આ પ્રકારની અભેદબુદ્ધિ જીવમાં સામાન્ય દશાએ પ્રગટી શકતી નથી. આવી અભેદબુદ્ધિ આત્માની અમુક વિશુદ્ધ અવસ્થાએ પહોંચ્યા પછી જ પ્રગટે છે, અને તે પછી આ ચિંતવન જીવને ખૂબ જ ઉપકારી થાય છે. સામાન્ય પ્રકારે જોઈએ તો સાતમા ગુણસ્થાને જીવમાં પ્રભુ અને પોતા વચ્ચેની અભેદબુદ્ધિ જાગૃત થાય છે. તેમ છતાં તે વિશેનું અનન્ય ચિંતન પ્રગટ થતું નથી, ત્યાં સુધી તે જીવ જાગૃતિ કેળવી શ્રેણી માંડી શકતો નથી. જ્યારે આ ચિંતન પ્રગટે છે ત્યારે જીવ, પ્રભુ સાથેની કેળવેલી અભેદબુદ્ધિનો ઉપયોગ કરી આત્મા વિશેનાં અનન્ય ચિંતનમાં લીન બને છે, સર્વ ઘાતી કર્મોનો નાશ કરે છે અને છેવટમાં કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવી સર્વજ્ઞ બને છે. આ પ્રક્રિયા સમજવા માટે પૂજ્ય કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર લિખિત 'અપૂર્વ અવસર' ની નીચેની બે પંક્તિઓ ખૂબ ઉપકારક જણાય છે :–

> "શ્રેણી ક્ષપકતણી કરીને આરુઢતા,
> અનન્ય ચિંતન, અતિશય શુદ્ધ સ્વભાવ જો."

આઠથી તેરમા ગુણસ્થાન સુધી ચડવા માટે આત્માનો શુદ્ધ સ્વભાવ ત્વરાથી પ્રગટાવવા માટે 'અનન્ય ચિંતન' એ શ્રેણીમાં ખૂબ અગત્યનું છે તે પૂ. શ્રીમદ્ રાજચંદ્રે પણ અહીં સ્પષ્ટપણે જણાવ્યું છે. સર્વજ્ઞ પ્રભુના શુદ્ધ સ્વભાવને લક્ષમાં રાખી, આત્માનાં ઊંડાણભર્યાં ચિંતન દ્વારા જીવ સર્વ ઘાતી કર્મોનો ક્ષય કરતો કરતો, પ્રત્યેક ક્ષણે વિશુદ્ધતા પ્રગટાવતો પ્રગટાવતો અતિશય શુદ્ધ બને છે. આ જ ધ્વનિ આપણે સત્તરમી કડીની પહેલી બે પંક્તિઓમાં અનુભવી શકીએ છીએ. (૧૭)

त्वामेव वीततमसं परवादिनोऽपि
सूनं विभो हरिहरादिधिया प्रपन्नाः ।
किं काच कामलिभिरीश! सितोऽपि शंखो
नो गृह्यते विविध वर्ण विपर्ययेण ।।१८।।

તમને જ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે;
કમળાતણા રોગેથી જેનાં નેત્ર પ્રભુ પીળાં રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી નહિ કહે? (૧૮)

અઢારમી કડીમાં અન્યધર્મી જીવો પ્રભુને કેવી રીતે પ્રાપ્ત કરે છે તે સોદાહરણ બતાવતાં આચાર્યજી કહે છે કે, હે પ્રભુ! જેમ કમળાના રોગથી પીળી થયેલી આંખોવાળો માણસ, ધોળા શંખને પણ પીળા રંગનો જુએ છે, તેમ અન્યધર્મી પુરુષો પણ અજ્ઞાનથી રહિત (વીતતમસ) થવાથી આપને હરિ, હર કે બ્રહ્મા સ્વરૂપે પામે છે.

અહીં આચાર્યજી એમ જણાવે છે કે જે જીવો જૈન ધર્મી નથી, પણ છ દર્શનમાંના બીજા કોઈ દર્શનનું આરાધન કરનાર છે, તેવા જીવો પણ પ્રભુને હરિ, હર કે બ્રહ્મા સ્વરૂપે પ્રાપ્ત કરી શકે છે. એના માટે એક અગત્યની શરત છે, કે જે જીવ અજ્ઞાનને હટાડવાનો પુરુષાર્થ કરે તે જીવ પ્રભુને પામી શકે. આ હકીકત બહુ વિચારણીય છે. જીવ ગમે તે ધર્મને માનતો હોય તો પણ તે પોતાનાં રાગદ્વેષ તથા અજ્ઞાનને ઘટાડવાનો પ્રયત્ન કરે તો તે અવશ્ય પ્રભુને પામે. તેની થોડી વિશેષતા સમજવી યોગ્ય છે. આવા જીવોની દૃષ્ટિ વિશુદ્ધ ન હોવાને કારણે, પૂર્ણ સાચી સમજ ન હોવાને કારણે, તે જીવો પ્રભુનાં યથાર્થ સ્વરૂપને સમજી શકતા નથી, પણ તેમના જે ઇષ્ટદેવ છે તે સ્વરૂપે તેઓ પ્રભુને ઓળખે છે. જેમ કમળો થયો હોય, આખું શરીર પીળું થઇ ગયું હોય તેવા માણસને સફેદ શંખ બતાવવામાં આવે તો તેને તે શંખ શ્વેત ન દેખાતાં પીળી ઝાંયવાળો દેખાય છે, આ જ રીતે અન્યધર્મી જીવને પ્રભુનું યથાર્થ વીતરાગ

સ્વરૂપ નથી જણાતું, પણ પ્રભુ તેને હરિ, હર કે બ્રહ્મા સ્વરૂપે દેખાય છે, કારણ કે તે જીવોને અમુક પ્રકારે કર્મરૂપી રોગ લાગુ પડ્યો છે.

અહીં આચાર્યજી શંખના ઉદાહરણ દ્વારા એ સૂચવે છે કે, પ્રભુ એ શંખ જેવા ઉજ્જવળ, પવિત્ર અને નિર્મળ છે. પણ કમળાનો રોગી તે શંખને રોગિષ્ટ દૃષ્ટિને કારણે પીળાશવાળો દેખે છે, તેમ પ્રભુનું અત્યંત ઉજ્જવળ વીતરાગ સ્વરૂપ, તીર્થંકર સ્વરૂપ અન્યદર્શીઓ સમક્ષ યથાર્થ પ્રગટ થતું નથી. પણ અશુદ્ધ દૃષ્ટિને કારણે હરિ, હર કે બ્રહ્મા જેવું દેવસ્વરૂપ પ્રગટ થાય છે. એટલે કે પ્રભુનું સ્વરૂપ પરધર્મી જીવો અન્ય પ્રકારે જાણે છે.

સામાન્ય જણાતી આ કડી દ્વારા થોડી વિશિષ્ટ સમજ લેવા યોગ્ય છે. ઘણીવાર અમુક ધર્મમતમાં માનનારાઓ એવો આગ્રહ સેવતા હોય છે કે અમુક ધર્મનું પાલન કરે તો જ પ્રભુની પ્રાપ્તિ થાય, તે સિવાય કોઈ કાળે પ્રભુની પ્રાપ્તિ થઇ શકે નહિ. જે ધર્મમતમાં જીવની માન્યતા દૃઢ થઈ હોય તે જ ધર્મમત સાચો, અને બીજા બધા મત સદંતર ખોટા એવી માન્યતા ઘણા જીવોમાં પ્રવર્તતી જોવા મળે છે. આ માન્યતાને રદિયો આપતી આ કડી જણાય છે. પ્રભુ તો વિશુદ્ધ સ્વરૂપે બિરાજે છે. અને ઘણા જીવો તેમને પ્રાપ્ત કરવા ઝંખે છે. 'જેવી જેની દૃષ્ટિ તેવી તેની સૃષ્ટિ', એ ન્યાયે તે જીવો સમક્ષ પ્રભુ ચિંતિત સ્વરૂપે પ્રગટ થાય છે. દૃષ્ટિની જેટલી વિશુદ્ધતા, તેટલી પ્રભુ પ્રતિની લય વધારે હોય, અને તેટલા વિશુદ્ધ સ્વરૂપે પ્રભુ તેની સમક્ષ પ્રગટ થાય. આથી જ્યાં પ્રભુનું યથાર્થ સ્વરૂપ દર્શાવ્યું છે એવા જિનમાર્ગથી પ્રભુને ઓળખવાનો પુરુષાર્થ કરવામાં આવે તો પ્રભુ તીર્થંકર સ્વરૂપે તથા સર્વજ્ઞરૂપે જીવ પાસે પ્રગટ થાય છે. તો પણ તેનો અર્થ એમ તો નથી જ કે બીજા કોઈ ધર્મમતમાં રહીને સાચો પુરુષાર્થ કરનાર જીવ પ્રભુને મેળવી ન શકે. જે અજ્ઞાન ટાળી પ્રભુને પામવાનો પુરુષાર્થ કરે તે અવશ્ય પ્રભુને પામે. જ્યાં વિશેષ વિશુદ્ધિ નથી, જ્યાં પ્રભુને દેવ સ્વરૂપે અથવા તો શક્તિ સ્વરૂપે ઓળખવામાં આવે છે ત્યાં પ્રભુ દેવ સ્વરૂપે અથવા તો શક્તિ સ્વરૂપે પ્રગટે છે. એટલે કે પ્રભુને મેળવવાની તાલાવેલી જો જીવમાં પ્રગટી હોય તો, તેણે જે સ્વરૂપે પ્રભુને ચિંતવ્યા હોય તે સ્વરૂપે પ્રભુને પામે છે. આ પરથી

સમજાશે કે કોઈ એક ધર્મમાં જ પ્રભુની પ્રાપ્તિ થાય એવો નિયમ નથી, પણ જેને પ્રભુપ્રાપ્તિની તાલાવેલી લાગે, તે જે સ્વરૂપે પ્રભુને ચિંતવે, તે સ્વરૂપે પ્રભુ તેની સમક્ષ આવે એવો સુંદર નિયમ છે. આથી પ્રભુનાં સાચા સ્વરૂપને પામવા માટે શુદ્ધ દૃષ્ટિ કેળવવી જોઇએ એવો ધ્વનિ તારવીએ તો તે યોગ્ય જ છે. પરંતુ બધા જીવો શુદ્ધ દૃષ્ટિ શા માટે કેળવી શકતા નથી તે 'કમળાના રોગ'નાં ઉદાહરણથી સમજી શકાય છે. દૃષ્ટિના રોગને સમજાવવા આચાર્યજી કમળાના રોગનું ઉદાહરણ યથાર્થ રીતે આપે છે. રોગ જો માત્ર આંખને જ લાગુ પડ્યો હોય તો તે આંખને નબળી પાડે, દૃષ્ટિને નબળી કરે. પણ તેથી આખા શરીરને તકલીફ કે નુકશાન થાય નહિ. પણ કમળાનો રોગ એવો છે કે તેમાં લીવર બગડે છે, અને તેને કારણે આખા શરીરમાં પીળાશ આવે છે. આ પીળાશ ચક્ષુમાં પણ ફેલાય છે. જેથી શ્વેત દ્રવ્ય પણ કમળાના રોગીને પીળાશવાળું લાગે છે. જીવને લાગુ પડેલો આ કર્મરૂપી રોગ પણ કમળાના રોગ જેવો જ છે. ચાર ઘાતીકર્મોના પ્રભાવથી આત્માની એવી વિભાવબુદ્ધિ થઇ જાય છે કે તે 'આત્મા તે હું' એમ માનવાને બદલે 'દેહ તે હું' એ માન્યતા સ્વીકારી લે છે, અને પછી આત્માને શાતાકારી એવા સર્વજ્ઞ પ્રભુની આરાધનાને બદલે, દેહને શાતાકારી એવા હરિ, હર કે બ્રહ્મા જેવા દેવની આરાધના કરે છે. આ દ્વારા તે વીતરાગતાને બદલે ભૌતિક સુખની પ્રાપ્તિ કરે છે. વીતરાગતાને પરિણામે પ્રાપ્ત થતું સુખ શાશ્વત છે, ત્યારે ભૌતિક સુખ ક્ષણિક છે, જેના અંતમાં દુઃખ ડોકિયાં કરી રહ્યું હોય છે. આથી તે જીવ પ્રભુને મેળવે છે પણ અનુપકારી સ્વરૂપે, આમ જે કંઈ દોષ છે તે ધર્મમતમાં નહિ પણ સાધકની માન્યતામાં છે. આ રહસ્ય આચાર્યજી ગૂઢતાથી રજૂ કરે છે અને વિચારકને સમજાવે છે કે પ્રભુને સાચા સ્વરૂપે પામવામાં જે કલ્યાણ છે તે અન્ય સ્વરૂપે પામવામાં નથી.

ત્રેવીશમાં તિર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિરૂપ 'કલ્યાણમંદિર સ્તોત્ર'માં તેમના ગુણો, તેમની વિશેષતાઓ, તેમની શક્તિ, તેમના અતિશયો, એ બધાનું વર્ણન આવે તે તો સમજી શકાય તેમ છે. પણ આ સ્તુતિમાં હરિ, હર કે બ્રહ્મા સ્વરૂપે જીવ પ્રભુને પામે છે એ પ્રકારનું વિધાન, પ્રથમ દૃષ્ટિએ બંધબેસતું લાગતું નથી. વાચકને

થોડીવાર તો વિચાર થઇ જાય કે અશુદ્ધ દૃષ્ટિવાળા જીવો સમક્ષ પ્રભુ દેવસ્વરૂપે પ્રગટ થાય છે, તેમાં પ્રભુને ગૌરવરૂપ શું છે? પ્રભુની આવી વર્તના પાછળ શો હેતુ હોઈ શકે? આ વિધાન અહીં ન હોત તો સ્તોત્ર વિશેષ પ્રભાવવાળું ન બનત?

વિચારતાં લાગે છે કે આ કડીના અસ્તિત્ત્વની યથાર્થતા સમજવા માટે આ સ્તોત્રના ઉદ્‌ગમ સંજોગો વિચારવા વધારે ઉપકારી થઇ શકે તેમ છે. આ સ્તોત્રની રચના થઇ એ વખતે સિદ્ધસેન દિવાકર સૂરિ, બાર વર્ષના સંઘની બહાર રહેવાના શિક્ષાકાળમાંથી પસાર થતા હતા. એ વખતે તેઓને જૈન મુનિ તરીકે નહિ પણ અન્યધર્મી તરીકે રહેવાનું હતું અને અન્ય ધર્મીઓની વચ્ચે વસવાનું હતું. વળી જે સ્થળે આ સ્તોત્રની રચના થઇ તે શિવમંદિર હતું તથા આચાર્યજીનાં વચનને પડકાર ફેંકનાર રાજા પણ શિવધર્મી હતા. આ બધા સંજોગોને કારણે અન્ય ધર્મનો પરિચય, જૈન મુનિ હોવા છતાં આચાર્યજીને વિશેષ હોય તે સ્વાભાવિક જણાય છે. તેથી તેમના ગુણદોષ પણ તેમને વિશેષ લક્ષમાં હોય. વળી તેમની પ્રભુ વિશેની સમજણ, પ્રભુ પ્રત્યેના ભાવો અને પ્રભુ પ્રત્યેની વર્તના એક જૈન કરતાં ક્યા પ્રકારે જુદી પડે છે તેની સમજણ આચાર્યજીને સહજ રીતે આવે. અને આ બધા અન્યધર્મીઓ સાથે પ્રભુ ક્યા પ્રકારે રહે છે તેનો લક્ષ હોય, કારણ કે શ્રી સિદ્ધસેનસૂરિ આત્માની ઉચ્ચ ભૂમિકાએ બિરાજતા જૈન મુનિ હતા. અન્યધર્મીઓ વચ્ચેના વસવાટના પરિપાક અને અનુભવના નિચોડરૂપે આ કડીની રચના થઇ હોય એમ જણાય છે. એક જૈન તરીકેના પ્રભુ પ્રતિના ભાવો, દૃષ્ટિ વગેરે આપણને અન્ય કડીઓમાં જોવા મળે છે, તો સાથે સાથે આ કડીમાં જૈનની દૃષ્ટિએ અન્ય ધર્મીની પ્રભુ પ્રતિની ભાવના ક્યા પ્રકારની છે તે પણ જાણવા મળે છે. વળી આ સ્તોત્રની તેરમી કડી રચાઈ તે વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી જમીન ફાડીને ઉપર આવી ગયા હતા, એટલે રાજા સહિતના અન્યધર્મીઓ પણ આ ચમત્કારથી ખૂબ જ પ્રભાવિત થયા હોય તે સ્વાભાવિક છે. એવા સંજોગોમાં તેઓનો શ્રી તીર્થંકર પ્રભુ પ્રતિનો આદરભાવ વધવા લાગ્યો હોય, તે વખતે જો કોઈ પ્રેક્ષક જીવોને તેમની સાચી કથા સમજાવે તો સમજ ઝડપથી આવે તે સમજાય તેવું છે. આ વાતાવરણનો લાભ લેવા, અન્ય ધર્મીને જૈન ધર્મ પ્રતિ વાળવા, અન્ય ધર્મીઓ

આત્મ સમજણવાળા જૈન મુનિની દૃષ્ટિમાં કેવા જણાય છે તે આચાર્યજીએ સ્પષ્ટ કર્યું હોય તેમ જણાય છે. ઉપસ્થિત શ્રોતાજનોને આ કડી સાંભળતાં લક્ષ થાય કે પોતે જે રીતે ભગવાનનાં દેવસ્વરૂપને ભજે છે તે દૃષ્ટિ કમળાના રોગી જેવી છે, અને તે સમજણ વર્ધમાન થતાં તેઓ પોતાની દૃષ્ટિને વિશુદ્ધતા તરફ વાળવા પુરુષાર્થી થાય એ સહજ છે; આ કડીની રચના પાછળ, આચાર્યજીનો આવો કોઈ હેતુ હોય એવી કલ્પના થઇ શકે તેમ છે. અન્ય ધર્મીઓની વચ્ચે વર્ષો સુધી વસવાને કારણે પોતાને થયેલા અનુભવનો નિચોડ સ્વાભાવિકપણે જ આચાર્યજીએ મૂકી દીધો હોય એમ બનવું પણ શક્ય છે. કારણ કે આ રચના કરતી વખતે તેઓ પ્રભુ પ્રતિના ભાવમાં એટલા બધા લીન હોય કે અન્ય કોઈ વિશે વિચારવાનો અવકાશ જ આચાર્યજીને રહ્યો ન હોય.

વર્તમાન પરિસ્થિતિનો ચિતાર આપ્યા પછી, આચાર્યજી પ્રભુના અતિશયો જણાવવા તરફ વળે છે. આ બધા અતિશયો દ્વારા પ્રભુનો મહિમા પ્રગટ કરે છે તે પણ સૂચક જણાય છે. આ પછીની નવ કડીઓમાં જુદા જુદા અતિશયો વર્ણવી, તે અતિશય દ્વારા પ્રકાશિત થતો પ્રભુ મહિમા આચાર્યજીએ વ્યક્ત કર્યો છે. (૧૮)

धर्मोपदेशसमये सविधानुभावात्
आस्तां जनो भवति ते तरूरप्यशोक ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि
किं वा विबोधमुपयाति न जीवलोकः? ॥१९॥

ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,
તરુ પણ અશોક જ થાય તો શું મનુજનું કેવું પછી;
જ્યમ સૂર્યના ઊગ્યા થકી ના માત્ર માનવી જાગતા,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સહેજમાં પ્રફુલ્લિત થતા. (૧૯)

આ કડીમાં આચાર્યજી તીર્થંકરપ્રભુને સ્વયં પ્રગટ થતો અતિશય આપણને જણાવે છે. તીર્થંકર પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે તેની અસર જીવો પર કેવી થાય

છે તે બતાવતાં આચાર્યજી જણાવે છે કે, 'જેમ સૂર્યના ઊગવાથી માત્ર માણસો જ જાગે છે એવું નથી, પણ વૃક્ષો ય જાણે નિદ્રામાંથી જાગતા હોય તેમ પુષ્પ-પત્રોથી પ્રફુલ્લિત થાય છે; તેમ પ્રભુ ધર્મનો ઉપદેશ આપતા હોય છે તે વખતે તેમના સમીપપણાને લીધે, વૃક્ષો પણ અશોક-શોક રહિત થાય છે, તો પછી મનુષ્યની તો વાત જ શું કરવી?'

તીર્થ પ્રવર્તાવ્યા પહેલાં પ્રભુનો આત્મા જગતના સમસ્ત જીવોનું કલ્યાણ કરવાના પ્રબળ ભાવ સેવે છે. અને તેનાથી બંધાતા પુણ્યાનુબંધી પુણ્યના પરિણામે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. અને તેનાં ફળરૂપે અંતિમ ભવમાં તીર્થ પ્રવર્તાવે છે. એમાં પૂર્વે કરેલા પ્રબળ ભાવો એવું કાર્ય કરે છે કે જેના પરિણામે તેમણે કરેલો ઉપદેશ સૌથી વિશેષ અસર કરે છે. વળી, સૌથી વિશેષ વ્યક્તિઓનું કલ્યાણ તેમનો ઉપદેશ સાંભળવાથી થાય છે. પ્રભુ દેશના આપે છે ત્યારે તેઓ અશોકવૃક્ષની નીચે સિંહાસન પર બિરાજમાન થયા હોય છે. અને અશોકવૃક્ષની આસપાસમાં સમવસરણની રચના દેવો કરે છે, જેમાં સંર્વ શ્રોતાઓ પોતાનું સ્થાન લે છે. સમવસરણમાં ચારે ગતિનાં જીવો પ્રભુની વાણીનો લાભ લે છે. સાથે સાથે એકેંદ્રિય વનસ્પતિ, પાણી વગેરેનાં જીવો પણ કંઈકને કંઈ લાભ પામે છે. પ્રભુની દેશના થતી હોય છે, તે વખતે જે બધાં વૃક્ષો સમવસરણમાં હોય છે તેઓ બધાં શોકરહિત થાય છે, અર્થાત્ નવપલ્લવિત બને છે. એમાં ય પ્રભુ જે વૃક્ષની ઘટા નીચે બેઠા હોય છે તે વૃક્ષ ખૂબ જ ખીલેલું રહે છે, અને એથી તો તે અશોકવૃક્ષ તરીકે યથાર્થ રીતે ઓળખાય છે. આ અશોકવૃક્ષનાં પાંદડા અને પુષ્પ ખૂબ ખીલે છે અને તે ખૂબ પ્રફુલ્લિત હોય તેમ જણાય છે. આ વૃક્ષ તો એકેંદ્રિય હોય છે. તેનામાં પણ પ્રભુના સહવાસથી આવો સુંદર ફેરફાર થાય છે, તો પછી જેની પાંચે ઇન્દ્રિયો પૂર્ણપણે ખીલેલી હોય તેવા મનુષ્યનાં પ્રફુલ્લિતપણાની તો વાત જ શું કરવી? આ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પ્રભુનો ઉપદેશ સાંભળી પોતાનો આત્મા કેવી રીતે શુદ્ધ, બુદ્ધ અને મુક્ત બને તે માટેનો કલ્યાણમાર્ગ સમજે છે, અને પોતાના અવરાયેલા ગુણો તથા શક્તિ પ્રગટ કરવા માટેનો સચોટ ઉપાય પ્રાપ્ત થવાથી અત્યંત ઉલ્લાસિત થાય છે. આથી જ આ વાત ગર્ભિત રીતે સમજાવતાં આચાર્યજી

યોગ્ય પ્રશ્ન મૂકે છે કે એકેન્દ્રિય વૃક્ષ પર પ્રભુના સહવાસથી આવો ફેરફાર થાય છે, તો પછી જેની પાંચે ઇન્દ્રિયો ખીલેલી છે તે મનુષ્યના પ્રફુલ્લિતપણાની તો વાત જ શી કરવી? પ્રભુનો પ્રભાવ એકેંન્દ્રિય પર ઘણો હોય છે તો પછી તેનાથી ઘણી વિશેષ શક્તિના ધારક સંજ્ઞી પંચેન્દ્રિય પર અકલ્પ્ય પ્રભાવ હોય તે સહજ સમજાય તેવું છે.

એકેન્દ્રિયથી શરૂ કરી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો પર પ્રભુની થતી, ઉત્તમ અસર સમજાવવા માટે આચાર્યજી ઊગતા સૂર્યનું ઉદાહરણ આપે છે. પ્રભાતે સૂર્ય ઊગે ત્યારે મનુષ્યો જ નિદ્રાનો ત્યાગ કરીને પ્રવૃત્તિશીલ થાય છે એવું નથી, પણ પશુ-પંખી-વૃક્ષ વગેરે તિર્યંચ સૃષ્ટિ પણ નિદ્રા છોડી જાગૃત થયેલી – પ્રફુલ્લિત થયેલી જણાય છે. આવું જ પ્રભુના ઉપદેશથી બને છે. પ્રભુ એ ઊગતા સૂર્ય સમાન છે. સૂર્ય ઊગે એટલે તેનો પ્રકાશ ચારે બાજુ ફેલાય છે અને અંધકારનો નાશ થાય છે. આવી જ રીતે પ્રભુની દેશના છૂટે ત્યારે ચારે બાજુ જ્ઞાનનો ફેલાવો થાય છે અને અજ્ઞાનનો નાશ થાય છે. જ્ઞાન એ સૂર્યકિરણ સમાન પ્રકાશિત છે, ત્યારે અજ્ઞાન એ અંધકાર સમ છે. આ દેશનાના પ્રભાવથી એકેંદ્રિયથી માંડી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો કંઈને કંઈ લાભપ્રાપ્તિ કરે છે. સૂર્યના ઊગવાથી જીવો સ્થૂળ નિદ્રા ત્યાગે છે તેમ પ્રભુની દેશનાના પ્રભાવથી જીવો ભાવનિદ્રાનો ત્યાગ કરે છે. સૂર્યના પ્રકાશથી સર્વ જીવો જેમ ચેતનવંત બને છે, તેમ પ્રભુની દેશનામાં પ્રગટ થતા જ્ઞાનરૂપી પ્રકાશથી સર્વ જીવો પરમાર્થે ચેતનવંત બને છે, અને કોઈને કોઈ પ્રકારે પરમાર્થે જાગૃતિ પામે છે. આમ બનવાનું કારણ સમજવા યોગ્ય છે.

સૂર્ય એ સ્વપરપ્રકાશક જ્યોતિસ્વરૂપ પુદ્‌ગલ પદાર્થ છે. તેનું તેજ એ પ્રકારનું છે કે તેના પ્રકાશથી પોતે તો પ્રકાશિત દેખાય છે, પણ અન્ય પદાર્થોને પણ તે પ્રકાશિત કરે છે. તેનાં તેજમાં બીજા સ્વપ્રકાશ વગરના તત્ત્વો પણ દૃષ્ટિગોચર થાય છે. એ રીતે જોતાં શ્રી તીર્થંકર પ્રભુનો શુદ્ધ આત્મા સ્વપરપ્રકાશક જ્યોતિસ્વરૂપ ચેતન પદાર્થ છે. તેથી પ્રભુ પોતે તો પ્રકાશમય જ રહે છે, અને સાથે સાથે બીજાને પ્રકાશમય બનાવવામાં અતિ મહત્ત્વનો ફાળો આપે છે. તેમના નિમિત્તથી અનેક

જીવો સ્વાત્માને શુદ્ધ બનાવી પ્રકાશક બને છે. આ તીર્થંકર ભગવંતનો એક અતિશય છે. સામાન્ય જીવ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે તેના થકી કેટલાક જીવો સ્વાત્માને પ્રગટ કરે છે, પણ તે સંખ્યા તીર્થંકર પ્રભુની સરખામણીમાં ઘણી અલ્પ હોય છે. સામાન્ય જીવ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે અન્ય જીવોને પરમાર્થ પ્રતિ વાળવાનો તેનો પુરુષાર્થ શ્રી તીર્થંકર પ્રભુનાં પુરુષાર્થની અપેક્ષાએ ઘણો અલ્પ હોય છે. શ્રી તીર્થંકર પ્રભુનાં ચરણનો આશ્રય લઈ સ્વાત્માને પ્રગટ કરનારાઓની સંખ્યા ઘણી વિશેષ હોય છે અને સમવસરણમાં રહેલા એકેંન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના તમામ જીવો કોઈ ને કોઈ પ્રકારે આત્મલાભ પામે જ છે. આ જે પરિસ્થિતિ છે તે સામાન્ય જીવોના સંબંધમાં બનતી નથી. તેથી આ શક્તિ પ્રભુનો એક અતિશય ગણાય છે. પ્રભુજીના સહવાસમાં ક્યારે ય પણ જીવ આવે તો તે, શુભ દૃષ્ટિવાન હોય તો કંઈ ને કંઈ લાભ પામે જ છે. અહીં આ બધી અન્ય પળોમાં થતા લાભની વાત જવા દઈને, આચાર્યજી માત્ર ધર્મોપદેશ વખતની પળોની જ વાત કરે છે. જ્યારે જ્યારે પ્રભુની દેશના છૂટે છે, ત્યારે ત્યારે પ્રભુએ પૂર્વે કરેલી લોકકલ્યાણની ભાવના પ્રબળતાએ ખીલી હોય છે, તેથી તેનું સંપૂર્ણ ફળ એ અવસ્થામાં લોકોને પ્રાપ્ત થાય છે. આમ લોકો માટે કઈ પળો ઉત્તમ છે તેનો નિર્દેશ અને ઉત્તમ પળોની ફલશ્રુતિ આ કડીમાં આચાર્યજી આપણને દર્શાવે છે. (૧૯)

चित्रं विभो! कथमवाङ्मुखवृन्तमेव
विष्वदपतत्यविरला सुरपुष्पवृष्टिः ।
त्वदगोचरे सुमनसां यदि वा मुनीश!
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ।।२०।।

ચારે દિશાએ દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચાં મુખવાળાં ડીંટથી તે ક્યમ પડે?
હે મુનીશ! અથવા આપનું સામીપ્ય જવ પમાય છે,
પંડિત અને પુષ્પોતણાં બંધન અધોમુખ થાય છે. (૨૦)

સમવસરણની રચના કરતાં પહેલાં, પ્રભુની દેશના છૂટવાની એંધાણી આપતાં, ઉલ્લસિત થયેલા દેવો ચોતરફ પુષ્પની વૃષ્ટિ કરે છે, પુષ્પો વરસાવે છે, તે અતિશયનું લક્ષ કરાવતાં આચાર્યજી આપણને આ કડીમાં જણાવે છે કે, "હે વિભુ! સમવસરણને વિશે દેવતાઓ આપની ચોતરફ જે પુષ્પોની નિરંતર વૃષ્ટિ કરે છે, તે પુષ્પોનાં ડીંટા (બંધન) આપની સમીપ આવતાં નીચાં મુખવાળાં થઇ જાય છે, એ ખરેખર આશ્ચર્ય છે! અથવા હે મુનીશ! તે યોગ્ય જ છે. કેમકે આપની સમીપમાં આવવાથી વિદ્વાનોનાં તેમજ પુષ્પોનાં બંધન (કર્મ-ડીંટા) જરૂરથી અધોમુખ થવા જોઇએ.

પહેલી બે પંક્તિઓમાં આચાર્યજી આશ્ચર્યથી પ્રભુને પ્રશ્ન કરે છે કે, 'હે વિભુ! જ્યારે દેવો આનંદ વિભોર બનીને તમારી ચોતરફ પુષ્પવૃષ્ટિ કરે છે, ત્યારે તે ફુલોનાં મુખ નીચાં કેમ હોય છે? દેવો જ્યારે સ્વર્ગનાં વૃક્ષો જેવાં કે મંદાર, પારિજાત, નમેરુ, સંતાનક વગેરેનાં સુગંધથી ભરપૂર ફુલો જેવાં જ ફુલો વિકુર્વીને પ્રભુજી પર વરસાવે છે ત્યારે તેનો ખીલેલો ભાગ-પહોળો ભાગ નીચો અને ડીંટીયુ ઉપર હોય છે. જે કોઈ ફુલ ચૂંટીને નાખવામાં આવે તેમાં એ રીતની પ્રક્રિયા થતી જણાય છે, એમ જ દેવોએ વરસાવેલા ફુલોમાં પણ બને છે. પરંતુ જેમ જેમ તે ફુલો નીચે આવતાં જાય છે, તેમ તેમ તેની પડવાની રીતમાં ફેર પડતો જાય છે, અને છેવટે તે ફુલો જ્યારે પ્રભુનાં સમીપપણામાં આવે છે ત્યારે તે ફુલોના ખીલેલા ભાગ ઉપર અને ડીંટીયા નીચાં એવી સ્થિતિ સર્જાઈ જાય છે. એટલે કે ફુલનો ડાળી સાથેના જોડાણવાળો ભાગ – ફુલને ડાળી સાથે બંધનમાં રાખનાર ડીંટીયા નીચા થઇ જાય છે. આચાર્યજી આશ્ચર્યકારક જણાતી આ ઘટનાનું સમાધાન પોતે જ મેળવી લે છે, અને બાકીની બે પંક્તિઓમાં તેને વ્યક્ત કરે છે.

આ ઘટના બનવાના રહસ્યરૂપે, આચાર્યજીને પ્રભુનો અદ્ભુત પ્રભાવ સ્પષ્ટ સમજાય છે. તેથી પ્રભુને તેઓ કહે છે કે "હે મુનીશ! આપનો પ્રભાવ જ એવો છે કે જે કોઈ આપનાં સાનિધ્યમાં અથવા તો સમાગમમાં આવે છે તેનાં બંધન અધોમુખવાળા થઇ જાય છે." આ ભાવ વ્યક્ત કરવા માટે આચાર્યજી શ્લેષ અલંકાર યોજી પંડિત અને પુષ્પનું ઉદાહરણ આપે છે, જેમ પ્રભુનાં સાનિધ્યમાં – ચરણમાં

આવતાં પુષ્પોનાં બંધન અધોમુખ થાય છે તેમ પંડિત અગર વિદ્વાન કે જે પ્રભુએ દર્શાવેલા મોક્ષમાર્ગમાં વિચરે છે તેમનાં બંધન-કર્મબંધન પણ અધોમુખ થઈ જાય છે અર્થાત છૂટી જાય છે. નાનકડું પુષ્પ પણ જો પ્રભુનાં ચરણ સેવે છે, તેમની સમીપમાં આવે છે તો તેનું બંધન નીચું જાય છે, તેનાં ડીંટીયાની શક્તિ ફુલને નમાવવા જેટલી રહેતી નથી, પણ ફુલ હળવું બની બંધનથી રહિત થાય છે. એટલે કે તેની વિશેષ પ્રસન્નતા પ્રગટ થાય છે. અચેત્ ફુલો અર્થાત્ પુદ્ગલ પર પણ પ્રભુનો આવો અદ્ભુત પ્રભાવ પડતો હોય, ફુલ બંધનરહિત થતાં હોય, તો પછી ચેતન પર તેનો કેવો અદ્ભુત પ્રભાવ હોવો જોઈએ! એ પ્રભાવ અહીં કલ્પનાથી સમજવાનો છે. પ્રત્યેક જીવ કર્મનાં ભારથી લદાયેલા છે, અને પોતાનાં સત્ય સ્વરૂપથી વંચિત બનેલા છે. પરિણામે અનેક પ્રકારનાં દુ:ખો તથા કષ્ટો જીવને આ સંસારનાં પરિભ્રમણમાં ભોગવવાં પડે છે. એવે વખતે કોઈક જીવ જો બળવાન બને, સત્યને જાણે અને પ્રભુનાં ચરણોનું સેવન કરે તો પ્રભુના અદ્ભુત મહિમાનો તેને પરિચય થાય છે. જેમ જેમ તે પ્રભુની સમીપમાં આવે છે, તેમ તેમ તેનાં કર્મબંધન શિથિલ થતાં જાય છે, અને તેનું સ્વસ્વરૂપ પ્રગટ થતું જાય છે. પ્રભુની આજ્ઞાએ ચાલવાથી જીવ ખોટા રાગદ્વેષથી છૂટી સમભાવમાં આવતો જાય છે. પરિણામે નવીન કર્મોનો બંધ ન થવાથી પૂર્વે નિબંધન કરેલાં કર્મોની નિર્જરા કરતો જાય છે. એટલે કે પોતાના આત્માના પ્રદેશો પરથી પૂર્વે સંગ્રહેલાં કર્મ પરમાણુઓ ખેરવતો જાય છે અને આત્માને વધુને વધુ હળવો બનાવતો જાય છે. આમ કર્મની થતી અલ્પતાને આચાર્યજી એ રીતે વ્યક્ત કરે છે કે વિદ્વાનનાં બંધન અધોમુખ થાય છે, વિદ્વાનને જે જે ગ્રંથીઓ, રાગદ્વેષનાં પરિણામો સંસારમાં જકડી રાખતાં હતાં તે સર્વ પ્રભુનાં સાનિધ્યમાં નિરાધાર બનતાં છૂટી જાય છે. એટલે કે કર્મોનાં જોરનું અધ:પતન થાય છે – કર્મો અધોમુખ બને છે. આમ એક અતિશયના ઉદાહરણ દ્વારા પ્રભુનો વાસ્તવિક મહિમા આચાર્યજીએ આ કડીમાં વ્યક્ત કર્યો છે.

સમ્યક્દૃષ્ટિ દેવો પ્રભુનો અતિશય બતાવવા માટે, તેમનું ઉચ્ચપણું પ્રગટ કરવા માટે, પ્રભુનું જ્યાં જ્યાં આગમન થવાનું હોય અથવા તો જ્યારે જ્યારે તેમની દેશના

છૂટવાની હોય ત્યારે ત્યારે સમવસરણની રચના કરતાં પહેલાં અચેત ફુલોની વૃષ્ટિ ધરતી પર કરે છે. પુષ્પવૃષ્ટિની એંધાણીથી સુપાત્ર જીવોને પ્રભુનાં આગમનની અથવા તો દેશના પ્રકાશના સ્થળની જાણ થાય છે. આ રીતે પોતે અવધિજ્ઞાનથી જાણેલી પ્રભુ વિશેની માહિતી સમ્યક્દૃષ્ટિ દેવો પાત્ર જીવોને પૂરી પાડી, તેમના ઉપર ઉપકાર કરે છે. વળી સહુ દેવો પોતપોતાની દશા તથા કક્ષા અનુસાર પુષ્પોની રચના કરી વૃષ્ટિ કરે છે. તેથી જે સ્થળે પુષ્પવૃષ્ટિ થાય છે તે સ્થળ વિવિધરંગી અને અત્યંત સુશોભિત બની રહે છે. વળી ધરતીના એકેંદ્રિય જીવોવાળી જગ્યા અચેત ફુલો દ્વારા અવરાઈ પવિત્ર પણ બની રહે છે. કારણ કે સચેત જગ્યા અચેત ફુલોથી છવાઇ ચાલવાથી લાગતા પાપથી અનેક જીવોને નિવારે છે. પ્રભુના વિહાર તથા દેશનાનું સૂચન આપવા આ દેવો ખૂબ આતુર હોય છે. વળી તેઓ પ્રભુએ દર્શાવેલા માર્ગને ફેલાવવા ખૂબ ઉત્સુક હોય છે. કારણ કે પ્રભુએ સર્વ આત્માને શુદ્ધ કરવાના બોધેલા માર્ગથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હોય છે. અને તેમનાં અંતરમાં પણ એવી ભાવના રમતી હોય છે કે સર્વ જીવ આ સન્માર્ગને પામે તો સારું. આવા ઉલ્લાસિત પરિણામને કારણે પ્રભુની દેશના તથા વિહાર માટેનું અવધિજ્ઞાન દ્વારા મળેલું જ્ઞાન દેવો અહોભાવભરી રીતે પ્રગટ કરે છે. પ્રભુનાં આગમન તથા દેશનાનો લાભ લેવા પુષ્પવૃષ્ટિ દ્વારા દેવો સુપાત્ર જીવોને એક સુંદર નિમિત્ત પુરૂં પાડે છે. સાથે સાથે તેમાં પ્રભુ પ્રત્યેનો અહોભાવ તો પ્રગટ થાય જ ને! આમ સમ્યક્દૃષ્ટિ દેવો પ્રભુ પ્રતિનો અહોભાવ વ્યક્ત કરવા તથા સુપાત્ર જીવોને શુભ સમાચાર આપવા પ્રભુનાં આગમન પહેલાં, આગમન વખતે તથા દેશના વખતે પુષ્પવૃષ્ટિ કરે છે. દેવકૃત અતિશયની આ મહત્તા આચાર્યજી આ કડીમાં આપણને પ્રત્યક્ષ કરાવે છે. (૨૦)

स्थाने गंभीर ह्रदयोदधि संभवाया
पीयुषतां नव गिरा समुदीरयन्ति ।
पीत्वा यतः परमसंमदसंगभाजो
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥ २१ ॥

જે આપના ગંભીર હ્રદયના સમુદ્રમાંથી ઉપજે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
કાં કે કરીને પાન પરમાનંદને ભજતા થકા,
ભવિજન અહો એથી કરીને શીઘ્ર અજરામર થતા. (૨૧)

પ્રભુ જે ઉપદેશ આપે છે તે દેશનાનું મહત્ત્વ સમજાવતાં આ કડીમાં આચાર્યજી કહે છે કે, 'હે પ્રભુ! આપના ગંભીર હ્રદયરૂપી સમુદ્રમાંથી જે ઉપદેશધારા વહે છે તેમાં જરૂર અમૃતપણું રહેલું છે. કારણ કે તેનું પાન કરીને ભવ્ય પુરુષો તત્કાળ વૃદ્ધાવસ્થા તથા મૃત્યુના ભયથી રહિત બને છે, એટલે કે આત્મપણાને પામે છે.'

પ્રભુની વાણીનો જે અતિશય છે તે આચાર્યજીએ અહીં વ્યક્ત કર્યો છે; આચાર્યજી પ્રભુની વાણીને અમૃતથી ભરેલી કહે છે અને સાથે સાથે જણાવે છે કે બધા લોકો પ્રભુની વાણીમાં અમૃતપણું છે એમ કહે છે તે સત્ય છે એવી પોતાની શાખ પણ પૂરે છે. કલ્પવાસી અને તેથી ઉપરના દેવલોકના દેવો અમૃતપાન કરે છે, અને તેમાંથી પ્રાપ્ત થતા બળને લીધે તથા નિરોગીતાને લીધે તેઓ ઘણા લાંબા કાળનું આયુષ્ય ભોગવે છે. કલ્પવાસી દેવોમાં અલ્પમાં અલ્પ આયુષ્ય દશ હજાર વર્ષનું છે, અને ઉત્તમોત્તમ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું આયુષ્ય તેત્રીસ સાગરોપમનું શ્રી ભગવંતે જણાવ્યું છે. આવા દીર્ઘ આયુષ્યનો સુખનો ભોગવટો હોવાથી લોકોમાં દેવો 'અમર' તરીકે પણ ઓળખાય છે, જેનાં જન્મ તથા મૃત્યુ વચ્ચેનો ગાળો એટલો લાંબો હોય કે સામાન્ય જીવોનાં તો અનેક આયુષ્ય પૂર્ણ થઇ જાય. તેથી તેમની અપેક્ષાએ દેવો 'અમર' કહેવાવા યોગ્ય છે. જે અમૃતનું પાન કરી દેવો અમર બને છે તે અમૃત સુધારસરૂપ છે. તે સુધારસથી અનેક પ્રકારની શક્તિઓ તથા આત્મશાંતિ પ્રાપ્ત થઇ શકે છે.

દેવલોકમાં અમૃતનું પાન કરી દેવો જેમ અમર બને છે, તેમ પ્રભુની વાણી અવધારીને ભવ્ય જીવો પરમાનંદને પ્રાપ્ત કરે છે, એટલું જ નહિ પણ ત્વરાથી ઘડપણ તથા મૃત્યુનાં દુ:ખથી રહિત બને છે, એટલે કે કોઈ અપેક્ષાથી જીવો અજર-અમર

બને છે. પ્રભુનો અમૃતસ્વરૂપ બોધ પ્રાપ્ત કરીને જીવોમાં આત્મા પ્રત્યેની એવી જાગૃતિ આવે છે કે તેઓની દેહની આસક્તિ ક્રમથી તૂટતાં તૂટતાં સંપૂર્ણ છૂટી જાય છે. તેઓ આત્માને વિશુદ્ધ કરવામાં એવા મશગુલ બને છે કે દેહને લાગુ પડતાં જરા કે મૃત્યુનો લેશ પણ ભય સ્પર્શી શકતો નથી. એટલું જ નહિ, પણ તેઓ દેહનો આત્યંતિક વિયોગ ઇચ્છી સ્વાત્માને મૂળ સ્વરૂપે સ્થિર કરવામાં પ્રવૃત્ત રહે છે. આમાં આત્મસુખનો સાચો અનુભવ થતો હોવાથી ભવ્ય જીવોને પ્રભુના બોધમાંથી પરમ આનંદનો અનુભવ થાય છે. આમ સાચી રીતે પ્રભુનો બોધ અવગાહવાથી જીવ પરમાનંદને પ્રાપ્ત કરી અજર-અમર (જરા તથા મૃત્યુના ભયથી રહિત) બને છે. આ હેતુએ લોકો એમ કહે છે કે 'પ્રભુની વાણીમાં અમૃતપણું છે.' તો તે સત્ય જ છે.

જેનાથી આત્માને ઠંડક તથા અમરપણું મળે તે અમૃત. જે દેહે પ્રભુની વાણીનો લાભ પ્રાપ્ત થાય અને તે વાણીમાં શ્રદ્ધા આવે, તે જ દેહે અજર-અમરપણું આવે એવું અહીં વિવક્ષિત નથી, પણ જે દેહે પ્રભુની ઓળખ પામી, પ્રભુ જેવા થવાનો પુરુષાર્થ આદર્યો, અર્થાત્ જે દેહે આત્માની મુક્ત થવાની શરૂઆત થઇ તે દેહ પછીના પ્રત્યેક દેહે આત્મવિશુદ્ધિ વધતી જવાની અને અમુક ભવના પુરુષાર્થ પછી તે જીવ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન સ્વરૂપ પ્રગટાવી અવશ્ય દેહથી રહિત બનવાનો, એમ સમજવાનું છે. જે કાર્યનો આરંભ થયો તે પૂર્ણ થવાનું છે એવા ભાવિ નયગમ નયના આધારથી અહીં કહ્યું છે કે પ્રભુની વાણીનું પાન કરનાર શીઘ્ર અજરામર થાય છે. શીઘ્ર શબ્દ પણ સમજવો યોગ્ય છે. અનંત ભવની અપેક્ષાએ પાંચ પંદર ભવ એ ઘણો અલ્પકાળ છે તેવી સમજથી 'શીઘ્ર'તાથી પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. એક વખત સમકિત અર્થાત્ સાચી શ્રદ્ધા મેળવ્યા પછી જીવ વધુમાં વધુ પંદર ભવે મોક્ષમાં જાય છે એવું શાસ્ત્રવચન છે અને આત્મા જ્યારે કર્મબંધનથી સંપૂર્ણપણે છૂટે છે ત્યારે તેને દેહ ધારણ કરવાપણું રહેતું નથી, તેથી તેને ઘડપણ કે મૃત્યુ સ્પર્શી શકતાં નથી. આમ બંને અપેક્ષાથી પ્રભુની વાણીનાં પાનથી અજર-અમરપણું આવે છે. પ્રભુની વાણીનો લાભ લીધા પછી દેહ હોય ત્યાં સુધી જરા કે મૃત્યુ આવે છે, પણ પોતાને થયેલા આત્માનુભવને લીધે તેનાં આનુષંગિક દુઃખો સ્પર્શી શકતાં નથી. જરા કે મૃત્યુ આત્માના પ્રદેશોને

કંપાવી શકતાં નથી, આત્મા પોતાનું સ્થિરપણું બરાબર જાળવી રાખે છે અને દેહથી મુક્ત થયા પછી તો તેનું આવવાપણું રહેતું નથી. આમ પ્રભુની વાણીના સ્પર્શથી જીવમાં વિશિષ્ટ પ્રકારનું બળ પ્રગટે છે, જેમાંથી તે આત્માનંદને અનુભવી અજર-અમર અવસ્થા પ્રાપ્ત કરે છે.

આટલો બધો પ્રભાવ દર્શાવતી પ્રભુની વાણી પ્રગટે છે ક્યાંથી? આ કડીની પહેલી જ પંક્તિમાં આચાર્યજી પ્રભુની વાણીનું ઉદ્‌ગમસ્થાન આપણને બતાવી દે છે. તે સ્થાન છે "ગંભીર હૃદયરૂપી સમુદ્ર". પ્રભુનાં હૃદયને આચાર્યજી "સમુદ્રની" ઉપમા આપે છે. સમુદ્ર જેમ તાગ કાઢી ન શકાય તેવો વિશાળ અને ઊંડો હોય છે, એવું જ પ્રભુજીનાં હૃદયનું પણ છે. તેમનાં જ્ઞાનની વિશાળતા, ઊંડાણ, તેમનું હૃદય તપાસનારની સમજમાં આવી શકતાં નથી. વળી સમુદ્રમાં અમૂલ્ય રત્નો ઉત્પન્ન થાય છે, પણ તે રત્નો સમુદ્રને ઉપરથી જ નિરખનારની દૃષ્ટિએ પડતાં નથી, અને તે રત્નો તો ભાગ્યવંત મરજીવાનાં નસીબમાં જ લખાયેલાં હોય છે, કે જે, મરજીવાઓ સાગરનાં અંતઃસ્તલ સુધી પહોંચી તેની પ્રાપ્તિ માટે અથાગ પુરુષાર્થ કરે છે, પણ તે રત્નો સામાન્ય જીવો સમક્ષ પ્રગટ થતાં નથી, આ જ પ્રમાણે પ્રભુજીના હૃદયરૂપી સમુદ્રમાં જ્ઞાનનાં અનુભવના નિચોડરૂપ રત્નો પ્રગટે છે, પણ જેઓ આત્મરત્નની ખોજમાં પ્રભુનાં સાનિધ્યમાં પોતાપણું મીટાવીને જાય છે, તેઓ આ રત્નો પ્રભુની વાણી દ્વારા પ્રાપ્ત કરે છે. અર્થાત્ જેઓ આત્મરત્ન મેળવવા માટે સાચા મરજીવા બને છે, તેમની પાસે જ્ઞાનરત્ન પ્રગટ થાય છે. અને તેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નત્રય પ્રગટાવી, આત્માને વિશુદ્ધ કરી, પરમાનંદ પ્રાપ્ત કરી, અજર-અમર બને છે.

પ્રભુને વાણીનો અતિશય સ્વયં પ્રગટ થાય છે, તે અતિશય સમજવા યોગ્ય છે. પ્રભુની વાણી અન્ય સર્વ જીવોની વાણી કરતાં જુદી પડે છે. શ્રી તીર્થંકર પ્રભુની વાણીમાં શબ્દોને બદલે ૐ ધ્વનિ છૂટે છે. આ ધ્વનિ માત્ર મુખ દ્વારા નથી નીકળતો પણ આખા ય દેહના પ્રત્યેક રોમમાંથી પ્રગટ થાય છે. વળી આ ધ્વનિ ચોતરફ એક જોજન સુધી બરાબર સાંભળી શકાય છે. એ વિસ્તારમાં ગમે તે જગ્યાએથી સાંભળો તો પણ એક સરખી માત્રા જ રહે છે. સમીપમાં મોટો અવાજ અને દૂર જતા જઈએ

તેમ અવાજ ધીમો થતો જાય એવું બનતું નથી. ૐ ધ્વનિની ગતિમાં અન્ય પુદ્ગલ પરમાણુઓ રૂકાવટ કરી શકતાં નથી, તેથી ધ્વનિ નાનો મોટો ન જણાતાં એક સરખો જ બધેથી સંભળાય છે. શ્રી તીર્થંકર પ્રભુ સિવાય સર્વ કોઈ જીવની વાણી શબ્દોની બનેલી અને મુખથી નીકળેલી હોય છે. ત્યારે પ્રભુની વાણી ૐ નાદની બનેલી અને પ્રત્યેક રોમમાંથી પ્રગટેલી હોય છે. ૐ નાદમાં પંચ પરમેષ્ટિપદનો સમાવેશ થાય છે. તે વાણીનો શ્રોતા જે આત્મદશાએ હોય તે દશા અનુસાર આ નાદમાંથી પોતાને યોગ્ય બોધ મેળવે છે, અને આત્માવસ્થાનું એક સોપાન ચડે છે, અથવા તો ચડવાનું બળ પ્રાપ્ત કરે છે. એટલે કે શ્રી પ્રભુની વાણી પ્રત્યેક શ્રોતાને કોઈને કોઈ પ્રકારે ઉપકારી થાય છે. શ્રી પ્રભુની વાણી આખા દેહવ્યાપી હોવાથી, તેને હ્રદય સમુદ્રમાંથી ઉત્પન્ન થઈ પ્રગટ થતી બતાવી છે, તે ખૂબ જ યોગ્ય જણાશે. આ રીતે ઉત્પન્ન થયેલી વાણી અમૃતસ્વરૂપ હોય તેમાં આશ્ચર્ય શું હોય! (૨૧)

स्वामिन्सुदूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामशौधाः ।
येऽस्मै नति विदधते मुनिपुंगवाया
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ।।२२।।

દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામી! આપ સમીપ તે,
હું ધારું છું નીચા નમી ઉંચા જતાં એમ જ કહે;
મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધભાવી ઉર્ધ્વગતિને પામશે નિશ્ચય થકી. (૨૨)

આ બાવીસમી કડીમાં આચાર્યજી દેવકૃત અતિશય 'ચામર'નું મહાત્મ્ય પ્રગટ કરતાં કહે છે કે, "હે સ્વામી! દેવતાઓ આપની સમીપમાં જે પવિત્ર ચામરો વીંઝે છે, તે નીચાં નમીને પાછા (સ્વાભાવિક રીતે જ) ઊંચા જાય છે. તે ચામરો ઊંચા જતી વખતે જાણે એમ કહે છે કે, મુનિઓમાં શ્રેષ્ઠ એવા આપને જે કોઈ શુદ્ધ ભાવથી નીચા નમશે – નમન કરશે – તેઓ પણ અમારી પેઠે ઉચ્ચ ગતિને પામશે."

શ્રી તીર્થંકર પ્રભુ કેવળજ્ઞાન પ્રગટ કરે તે પછીથી ઉચ્ચ કોટીના દેવો, દેવલોકનાં ઉત્તમ શ્વેત તાંતોથી બે ચામરની રચના કરે છે અને તે બંને ચામરને પ્રભુને વીંઝણો નાખતા હોય તેમ દેવો તેમની બંને બાજુએ વીંઝે છે. એમાં દેવો ચામરને ઊંચા કરી નીચા નમાવે છે, પાછા તેને ઊંચા લે છે. આમ ચામરની નીચા નમી ઊંચા જવાની પ્રક્રિયા ચાલ્યા કરે છે. આ પ્રક્રિયાનો વિશિષ્ટ અર્થ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી આપણને આ કડીમાં જણાવે છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ તાંતથી બનેલાં આ ચામરો જગતમાં ભવ્ય જીવોને જાણે ઉત્તમ બોધ આપતાં હોય એમ આચાર્યજીને લાગે છે. આ પ્રક્રિયા દ્વારા ચામરો જગતના જીવોને બોધે છે કે “સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી તીર્થંકર પ્રભુને જે કોઈ જીવ સાચા શુદ્ધ ભાવથી નમન કરશે, તે સર્વ અમારી પેઠે ઉચ્ચ ગતિને પામશે.” ચામર જણાવે છે કે અમે ખૂબ પ્રેમભાવથી અને શુદ્ધભાવથી શ્રી તીર્થંકર પ્રભુનાં ચરણમાં નમીએ છીએ, તેથી પ્રભુજીના પ્રભાવથી અમે તરત જ ઉર્ધ્વગતિને પામી ઊંચા આસને જઈ બેસીએ છીએ. વળી જેવા પ્રેમભાવથી અમે નમીએ છીએ એવા તરત જ ઉચ્ચ ગતિને પામીએ છીએ, અમે તો જડતત્ત્વનાં બનેલાં હોવા છતાં પણ પ્રભુજીના પ્રભાવથી ઉચ્ચ ગતિને પામીએ છીએ. તો પછી ચેતન તત્ત્વ માટે તો કહેવું જ શું? તેઓ તો અવશ્ય ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય જ. જે કોઈ અમારી જેમ શુદ્ધ ભાવથી પ્રભુને નમે તે ઉચ્ચ ગતિને પામે તેમાં નવાઈ શું હોય!

ચામરનાં આ કથનમાં એક સુંદર સિદ્ધાંતની ગૂંથણી શ્રી આચાર્યજીએ કરી દીધેલી જણાય છે. જીવ નિત્યનિગોદમાંથી નીકળી સંસારનાં પરિભ્રમણમાં આવે ત્યારે પ્રત્યેક વિકાસને પગલે તેને આત્મસમર્થ પ્રભુની સહાયની જરૂર છે. આ સહાય દ્વારા જ તે ઠેઠ કેવળજ્ઞાન સુધીનો વિકાસ કરે છે. એ વાત અહીં આચાર્યજીએ ગૂઢ રીતે મૂકી દીધી છે. નિત્યનિગોદમાંથી નીકળ્યા પછી જીવ એકેંદ્રિય ગતિમાં જન્મમરણ કરતો કરતો કાળ વ્યતીત કરતો હોય છે. આ પરિભ્રમણ દરમ્યાન તેને જ્ઞાની ભગવંતનાં સાનિધ્યમાં આવવાનો જોગ બને અને શુભભાવ પ્રવર્તે તો તે જીવ વિકાસક્રમનું એક સોપાન ચડે છે, અને એકેંદ્રિયમાંથી બેઈંદ્રિય જીવ બને છે. તે પછી તે બેઈંદ્રિયની

યોનિમાં જન્મમરણ કર્યા કરે છે, તે ભ્રમણ દરમ્યાન જ્યારે તે યોગાનુયોગે જ્ઞાની ભગવંતનાં સાનિધ્યમાં શુભભાવે આવે છે ત્યારે વિકાસક્રમનું એક પગથિયું ચડે છે. એક નવી ઇંદ્રિય પ્રાપ્ત કરી તે ત્રણ ઇંદ્રિયવાળો બને છે. વળી જ્યારે જ્ઞાની ભગવંતના યોગમાં શુભભાવે આવે ત્યારે તેમની કૃપાથી ચાર ઇંદ્રિય પ્રાપ્ત કરે છે, તે પછી પાંચ ઇંદ્રિય પ્રાપ્ત કરી સંજ્ઞી પંચેન્દ્રિયપણું તે પ્રાપ્ત કરે છે, અને પોતે પોતાના ભાવોનો માલિક બને છે. આ રીતે એકથી પાંચ ઇંદ્રિય સુધીના વિકાસમાં શ્રી પ્રભુનો ફાળો અનન્ય હોય છે. અને તે પછી પણ જીવ જો જ્ઞાની ભગવંતનાં ચરણ સેવી પોતાના શુભ ભાવ જાળવી રાખે તો તે આત્મવિકાસ સાધી, પોતે જ બીજાને આત્મવિકાસ કરાવી શકે એવી ઉચ્ચ અવસ્થાએ પહોંચી જાય છે. પ્રત્યેક જ્ઞાની ભગવંત-સાચા મુનિ જીવોને આમ સહાય કરવાનું અને ઊંચે ચડાવવાનું કાર્ય કરતા હોય છે. તો પછી આ બધા મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રી તીર્થંકર પ્રભુ આ કાર્ય ઘણા વિશેષ પ્રમાણમાં કરે એમાં કંઈ આશ્ચર્ય જણાતું નથી. અને આ જ વસ્તુ ચામરો બતાવે છે. તેઓ યોગ્ય જ કહે છે કે પ્રભુને શુભ ભાવથી નમવાથી અવશ્ય ઉચ્ચ ગતિ પ્રાપ્ત થાય છે.

ચામરો શ્રી તીર્થંકર પ્રભુને સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ મુનિ તરીકે ઓળખાવે છે. શ્રી તીર્થંકર પ્રભુ પોતે તરે છે અને બીજા અનેકને તારે છે. અન્ય મુનિઓ પણ તરવાનું અને તારવાનું કાર્ય તો કરે છે, પણ તે કાર્ય તીર્થંકર પ્રભુની આજ્ઞા અનુસાર હોય છે. જગતમાં સર્વ મુનિઓને માર્ગબોધક શ્રી તીર્થંકર પ્રભુ છે, અને બધા જ મુનિઓ તેમની આજ્ઞાનુસાર રહે છે. વળી મુનિઓ જે સંખ્યામાં જીવોને તારે છે તેનાં પ્રમાણમાં શ્રી તીર્થંકર પ્રભુ તારે છે તેવા જીવોની સંખ્યા અનેકગણી હોય છે. મુનિઓ કરતાં શ્રી ગણધરજી ઘણા વધુ જીવોને તારે છે અને તે બધાને તારનાર શ્રી તીર્થંકર પ્રભુ છે. બીજી રીતે કહીએ તો સાચા માર્ગ પ્રવર્તક શ્રી તીર્થંકર પ્રભુ જ છે. તેઓ જ તીર્થના સ્થાપનાર છે અને તેમના થકી જ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓનો બનેલો ચતુર્વિધ સંઘ સ્થપાય છે. આ બધી અપેક્ષાઓથી જોતાં શ્રી તીર્થંકર પ્રભુ સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ છે તે સહેલાઈથી સમજી શકાય તેમ છે.

આવા મુનિઓમાં શ્રેષ્ઠ પ્રભુને શુભભાવથી વંદન કરવા જોઇએ, એ મહત્ત્વની સૂચના આપણને અહીં ચામરો દ્વારા મળે છે. જો તેમની પાસે જનારાને શુભભાવ પૂજ્યભાવ ન હોય તો તેને ઈચ્છિત લાભ થતો નથી. અને તેમના સંપર્કમાં આવનારમાં તેમના વિશે અશુભભાવ હોય તો તેનું વિપરીત પરિણામ આવે છે. એવા અશુભ ભાવે સંપર્કમાં આવનારથી પ્રભુની અશાતના થાય છે અને જીવ ઊંચે ચડવાને બદલે નીચે ઊતરે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના સર્વ ગણધરો શુભભાવથી આજ્ઞામાં રહ્યા તો સર્વ તરી ગયા અને બીજા અનેકને તારી ગયા. ત્યારે કમઠ નામનો દૈત્ય તેમના સંપર્કમાં અશુભભાવથી આવ્યો તો તે ભવ અને બીજા અનેક ભવો હારી ગયો. પ્રભુની અશાતનાને કારણે તેના અનંત ભવો વધી ગયા. આમ આ અતિ મહત્ત્વની કુંચી આપણને ચામરો સ્વ-ઉદાહરણથી બતાવી જાય છે.

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી અહીં પ્રભુજીને પ્રગટતો એક અતિશય સુંદર હેતુ સાથે વ્યક્ત કરે છે. તેમની ભાવના સાથે શ્રી માનતુંગાચાર્યે શ્રી “ભક્તામર સ્તોત્ર” માં વર્ણવેલો આ જ અતિશય સરખાવવા જેવો છે. આ સ્તોત્રની ૩૦મી કડીમાં શ્રી માનતુંગાચાર્ય કહે છે કે :–

શોભે રૂડું શરીર પ્રભુજી સ્વર્ણ જેવું મજાનું,
વીંઝે જેને વિબુધ જનતા ચામરો એમ માનું;
દિસે છે જે વિમળ ઝરણું ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરાં શિખર સરખું સ્વર્ણ રૂપે ન હોય?

આ પંક્તિઓમાં આચાર્યજી, દેવોથી વીંઝાતા ચામરોની વચ્ચે બિરાજમાન આદિનાથ પ્રભુ કેવા લાગે છે તે જણાવે છે. ઉદય પામેલા ચંદ્રમાના જેવી, નિર્મળ પાણીમાં ઝરણની ધારા વચ્ચે મેરુ પર્વતનું સુવર્ણમય ઊચું શિખર શોભી રહે, તેમ મોગરાના પુષ્પ જેવા શ્વેત ચામરો વડે વીંઝાતા પ્રભુજીનું સોના જેવું મનોહર શરીર શોભી રહે છે.

આ વર્ણન શ્રી આદિનાથ પ્રભુ માટે ખૂબ જ યોગ્ય છે. પ્રભુનો વર્ણ સુવર્ણ હતો, તેથી શ્રી માનતુંગાચાર્યે કરેલી કલ્પનાની મનોહરતા હ્રદયમાં ઊંડી ઊતરી જાય છે. પણ આ ચિત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુ માટે યોગ્ય લાગતું નથી, કારણ કે શ્રી પાર્શ્વનાથ પ્રભુનો વર્ણ શ્યામ હતો. વળી ભક્તામર સ્તોત્રમાં ચામરો મેરુપર્વતની બાજુમાં વહેતાં શ્વેત ઝરણાં જેવાં બતાવ્યાં છે. એટલે તેમાંથી પ્રગટ થતી પવિત્રતા બરાબર સમજાય છે, અને પ્રભુજીનું અડોલ સ્વરૂપ મેરુ પર્વતના દૃષ્ટાંતથી સમજાય છે. તેમ છતાં કલ્યાણમંદિરની પંક્તિઓમાંથી પ્રગટ થતો ભવ્ય સંદેશો તેમાં ગૂંથાયેલો જોવા મળતો નથી. આ અપેક્ષાથી વિચારીએ તો કલ્યાણમંદિરમાં મોક્ષમાર્ગ પામવાનું રહસ્ય પ્રગટ થતું જણાય છે તે વિશેષતા પ્રત્યેક મુમુક્ષુને વિશેષ અસર કરતી જણાય છે. (૨૨)

श्यामं गंभीर गिरमुज्जवल हेमरत्न
सिंहासनस्थमिह भव्य शिखंडिनस्त्वाम् ।
आलोकयंति रभसेन नदन्तमुच्चैश्
चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ।। २३ ।।

સુવર્ણ રત્નોથી બનેલા ઉજળા સિંહાસને,
ગંભીર વાણીવાન રૂપે શ્યામ સ્વામી આપને;
ઉત્સુક થઈને ભવ્યજનરૂપી મયુરો નિરખે,
મેરુ શિરે અતિ ગાજતા નવ મેઘસમ પ્રીતિ વડે. (૨૩)

પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે તે સ્થળે દેવો એક ઉત્તમ સમવસરણની રચના કરે છે. આ સમવસરણના મધ્ય ભાગમાં દેવો અશોકવૃક્ષ વિકુર્વે છે. અશોકવૃક્ષના નીચેના ભાગમાં રત્નોથી મઢેલા સુવર્ણનાં સિંહાસનની રચના દેવો કરે છે. આ સિંહાસન પર શ્રી તીર્થંકર પ્રભુ બિરાજે છે, અને 'ॐ' નાદથી ભરેલી દેશના દ્વારા સર્વ ભવ્ય જીવોને યથાયોગ્ય બોધ આપે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુ દેશના આપતી વખતે કેવા ભવ્ય લાગતા હતા, તે આપણને પ્રત્યક્ષ કરાવતાં આચાર્યજી આ કડીમાં પ્રભુને કહે છે કે "હે સ્વામી! જેમ મેરુ પર્વતનાં શિખર ઉપર અત્યંત ગર્જના કરતા નવીન

મેઘને મોર પક્ષીઓ અત્યંત આતુરપણાથી જુએ છે, તેમ જ સમવસરણને વિશે સુવર્ણ અને રત્નોના બનેલા ઉજ્જવળ સિંહાસન ઉપર બેઠેલા, શ્યામરૂપવાળા અને ગંભીર વાણીને ઉચ્ચારતા એવા આપને ભવ્યજનરૂપી મયુરો અત્યંત ઉત્સુકપણે જુએ છે."

દેવો દેવલોકમાં ઉત્પન્ન થયેલાં અમૂલ્ય રત્નો જડીને સુવર્ણનું અતિ અદ્‌ભુત કહી શકાય એવું સિંહાસન શ્રી પ્રભુ માટે રચે છે. અને તે સિંહાસનના મધ્યભાગમાં અશોકવૃક્ષ હોય છે. આવા પ્રકારનાં વિશિષ્ટ સિંહાસનની રચના દેવો માત્ર શ્રી તીર્થંકર પ્રભુ માટે જ કરે છે, અન્ય કોઈ માટે આ પ્રકારનાં સિંહાસનની રચના થતી નથી. તેથી આ રત્નજડિત સુવર્ણનું સિંહાસન એ પ્રભુને પ્રાપ્ત થતો દેવકૃત અતિશય છે. આ સિંહાસન પર બિરાજમાન થઈ વીતરાગી પરમાત્મા દેશના આપે છે. રત્નથી મઢેલા સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા શ્યામવર્ણા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું દૃશ્ય કેવું લાગે? શ્રી આચાર્યજી એ વિશેની પોતાની કલ્પના આપણને ત્રીજી અને ચોથી એ બે પંક્તિઓમાં દર્શાવે છે.

સુવર્ણના બનેલા અડોલ મેરુપર્વતના શિખર ઉપર, નવા પાણીથી ભરેલા શ્યામ વાદળો ગર્જતાં હોય, અનેક પ્રકારના ગડગડાટ થતાં હોય, અને એ વાદળાં પ્રતિ મેઘપ્રિય મયુરો અત્યંત આતુરતાથી તાકી રહ્યા હોય તે દૃશ્યને તાદૃશ કરીએ તો સુવર્ણનાં સિંહાસને આરુઢ થયેલા તીર્થંકર પ્રભુ અને તેમનો ઉપદેશ ગ્રહણ કરતા ભવ્ય જીવોનો આપણને જરૂર લક્ષ થાય.

ભગવાનનું આસન મેરુપર્વતની જેમ સુવર્ણનું બનેલું હોય છે. મેરુપર્વત ઉપર પાણીથી ભરેલાં વાદળાંઓ વિધવિધ પ્રકારે ગર્જના કરે છે. તે પ્રમાણે મેઘ સમાન શ્યામવર્ણા પાર્શ્વનાથ પ્રભુ સિંહાસન પર બેસીને દેશના આપે છે. મેઘની ગર્જના અને ગડગડાટમાં વિવિધતા હોય છે તેમ પ્રભુના ઉપદેશમાં અનંત નય અને અપેક્ષાને કારણે ઘણી વિવિધતા હોય છે. મેરુપર્વત પરના શ્યામરંગી વાદળોને મયુરો અત્યંત ઉત્સુકતાથી જુએ છે, ક્યારે મેહ વરસે અને ક્યારે તેનાં અમૃતબિંદુઓનું અમે પાન કરીએ, એવી ભાવનાને કારણે મયુરોમાં ઉત્સુકતા ફેલાયેલી હોય છે. ભવ્યજનરૂપી

મયુરો એવી જ ઉત્સુકતાથી પ્રભુજીને નિરખે છે, ક્યારે બોધ પ્રાપ્ત થાય અને ક્યારે તે ગ્રહણ કરી અમે પણ ઉચ્ચ અવસ્થાએ પહોંચીએ એવી ભાવનાને કારણે ભવ્ય જીવો પ્રભુજીને ઉત્સુક્તાથી નિરખે છે. આ મયુરો નવીન મેઘને નિરખે છે એટલે કે નવા ભરેલાં પાણીથી શ્યામ બનેલાં વાદળોને નિરખે છે. ગત વર્ષમાં વરસીને ધોળા રૂ જેવાં બનેલાં વાદળો પ્રતિ તેઓ આશાભરી મીટ માંડતાં નથી, એ જ રીતે ભવ્ય જીવો વર્તમાને ધર્મ સ્થાપનાર શ્રી પ્રભુ કે જેઓએ થોડા કાળ પૂર્વે જ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટાવી પૂર્ણતાની સિદ્ધિ કરી છે અને પૂર્વે નિબંધન કરેલા કલ્યાણ કરવાના ભાવને પૂર્ણ કરવાનો આરંભ કર્યો છે, એવા પ્રભુ પ્રત્યે આશાભરી મીટ માંડી છે, અને નહિ કે પૂર્વે તીર્થ પ્રવર્તાવી સર્વ ઘાતી-અઘાતી કર્મોનો નાશ કરી સિદ્ધભૂમિમાં પૂર્ણ અલિપ્તતાથી બિરાજમાન થયા છે એવા સર્વજ્ઞ પ્રભુ પ્રતિ મીટ માંડી છે. આમ નવીન મેઘ અર્થાત્ વર્તમાન તીર્થપતિ એ ખૂબ જ સૂચક રીતે સમજવા યોગ્ય છે.

આપણે જોયું કે આ સરખામણીમાં સિંહાસનને મેરુ સમાન, પ્રભુને મેઘ સમાન, દેશનાને મેઘગર્જના સમાન અને ભવ્યજનોને મયુર સમાન યોગ્ય રીતે ગણાવેલ છે. સિંહાસન એ સ્થિર વસ્તુ છે, વળી તે સુવર્ણનું બનેલું છે, એ રીતે મેરુ પર્વત પણ અડોલ અને સુવર્ણનો બનેલો છે. પ્રભુ એ નવીન મેઘસમાન છે. વાદળાં પાણીથી ભરપૂર બની, ગાજવીજ કરી અહીં તહીં ફરે છે, અને જે કોઈ તેના તરફ પાણીની આશાથી મીટ માંડે તેના પર વરસી તેને તૃપ્ત કરે છે. તેઓ પાણીથી એટલા બધા ભરપૂર છે કે બીજાં વાદળોનો દૂરથી જ સંપર્ક થતાં પણ તેઓ ગડગડાટ અને ગર્જના કરે છે, જાણે કહેતા ન હોય કે, “તૃપ્તિ મેળવવા અમારા તરફ આવો.” આવા મેઘની આતુરતાપૂર્વક રાહ જોનાર મયુર પંખી છે. મોર પક્ષી વર્ષાઋતુના ખૂબ જ ચાહક હોય છે. એ જ્યારે આકાશમાં પાણીથી ભરેલાં વાદળાં દેખે છે ત્યારે તેનાં દર્શન માત્રથી આંનદિત થઈ ‘ટેંહૂક’ ‘ટેંહૂક’ નાદથી વન-ઉપવનને ઉલ્લાસથી ભરી દે છે. પ્રભુ પણ અનેકને તૃપ્ત કરનાર મેઘ સમાન છે. પ્રભુજીએ કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટાવી જ્ઞાનભંડાર પોતામાં સમાવ્યો છે. અને એ જ્ઞાનામૃતનો લાભ લેવા જે કોઈ જીવ ઇચ્છે તેને તે લાભ આપવા પ્રવૃત્ત બન્યા છે. મેઘ જેમ પાણીથી ભરપૂર હોવાથી ગર્જના કરે છે, તેમ પ્રભુજી જ્ઞાનામૃતથી

ભરપૂર બની દેશના પ્રકાશે છે, વળી શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામવર્ણા હોવાથી મેઘ સમાન લાગ્યા વિના રહે નહિ. અને મેઘની આતુરતાપૂર્વક રાહ જોનાર જેમ મયુર છે તેમ પ્રભુની દેશનાને ઉત્સુક્તાથી ઇચ્છનાર ભવ્ય જીવો છે. અભવ્યને પ્રભુની દેશનાની કદાપિ અંતરંગથી ઇચ્છા થતી નથી. તેથી તેઓ દેશના સાંભળે નહિ અને સાંભળે તો તેનો લાભ પામે નહિ. પાણી પામવાથી જેમ જીવન મળે છે, તૃષા છીપે છે તેમ દેશના સાંભળવાથી ભવ્ય જીવોની જ્ઞાનપિપાસા સંતોષાય છે, અને આત્માને પોતાનું અમૃત પ્રાપ્ત થાય છે. પાણીથી જેમ દેહની તૃષા છીપે છે તેમ જ્ઞાનવાણીથી આત્માની તૃષા છીપે છે. વરસાદનું પાણી ઝીલી તૃપ્ત થનાર જેમ મોર છે, એમ આ જ્ઞાનવાણી ઝીલી તૃપ્ત થનાર ભવ્ય જીવો છે, ભવ્ય જીવો આ અમૃતવાણીનો લાભ લઈ આત્માની વિશુદ્ધતા પ્રગટાવે છે, અને અંતે શુદ્ધ-બુદ્ધ થાય છે. આથી આત્માને આવી લાભકારી વાણીના દાતા પ્રતિ ભવ્ય જીવો અત્યંત ઉત્સુકતાથી જુએ તે સાવ સહજ છે. આ અદ્‌ભુત વાણી સાંભળી જીવો અત્યંત આનંદિત બને છે, અને હવે પછી શું કહેશે, શું બોધશે એવી જિજ્ઞાસાથી-ઉત્સુક્તાથી પ્રભુજીને નિરખે છે. મેઘ ક્યારે વરસશે એ રાહમાં મયુરો વાદળ પ્રતિ ઉત્સુક્તાથી મીટ માંડે છે, તેમ સમવસરણમાં બેઠેલા જીવો બોધ માટે પ્રભુ પ્રતિ મીટ માંડે છે.

આમ અહીં સિંહાસનના અતિશય દ્વારા આચાર્યજી પ્રભુનાં બીજાં લક્ષણોનો લક્ષ પણ આપણને કરાવે છે. ઉદા. પ્રભુની ગંભીર વાણી, તેમનો શ્યામ વર્ણ. પ્રભુની વાણીને અહીં ગંભીર તરીકે ઓળખાવેલ છે. ગંભીર એટલા માટે કે એમાં આછકલાપણું નથી, છીછરાપણું નથી, પણ તેમાં અનુભવનું ઊંડાણ અને રહસ્યનો નિચોડ સમાયેલાં છે. આ લક્ષણો પ્રભુની વાણીમાં પૂર્ણપણે જોવા મળે છે. (૨૩)

उद्‌गच्छता तव शितिद्युतिमंडलेन
लुप्तच्छदच्छविरशोकतरुर्बभुव ।
सानिध्यतोऽपि यदि वा तव वीतराग !
नीरागतां व्रजति को न सचेतनोऽपि? ।।२४।।

ઊંચે જતી તુમ શ્યામ ભામંડળ તણી કાંતિ વડે,
લોપાય રંગ અશોક કેરા પાનનો સ્વામી ખરે;
પ્રાણી સચેતન તો પછી વીતરાગ! આપ સમાગમે,
રે કોણ આ સંસારમાં પામે નહિ વૈરાગ્યને! (૨૪)

દેશના પ્રકાશતી વખતે, સમવસરણમાં અશોકવૃક્ષ નીચે સુવર્ણના સિંહાસને બિરાજમાન શ્રી તીર્થંકર પ્રભુના મુખની પાછળ એક મોટું ભામંડળ રચાયેલું હોય છે. શ્રી પ્રભુનું આ ભામંડળ પણ એક અદ્‌ભુત અતિશય છે. તે અતિશયનો નિર્દેશ કરતાં આચાર્યજી ચોવીસમી કડીમાં પાર્શ્વનાથ પ્રભુને સંબોધતા કહે છે કે, “હે વીતરાગ! શ્યામ રંગના આપના ભામંડળની ઊંચે પ્રસરતી કાંતિ વડે કરીને (આપના ઉપર છાયા કરીને રહેલા) અશોકવૃક્ષનાં પાંદડાંનો રંગ લોપાઇ જાય છે, એ પ્રમાણે એ તરુ પણ રંગરહિત થાય છે, તો પછી આપના સમીપપણાને પામીને ક્યો સચેતન પ્રાણી રાગરહિતપણાને ન પામે?

સ્વામી, પ્રભુ, ઈશ, જિન વિગેરે સંબોધનથી પ્રભુજીને સંબોધતાં આચાર્યજીએ આ કડીમાં પ્રભુની ‘વીતરાગ’ રૂપે ઓળખાણ કરાવી છે અને એ રૂપે સંબોધ્યા છે તે સૂચક જણાય છે. ભામંડળ એ આત્માના તેજનું પ્રતિક છે. આત્મા જ્યારે જ્ઞાન લે છે, સમકિત પ્રાપ્ત કરે છે ત્યારથી તેના ભામંડળની રચનાની શરૂઆત થાય છે. શુદ્ધાત્માના પ્રતિકરૂપે મસ્તકની પાછળ તેજમંડળ રહે છે, અને તેને ભામંડળ કહેવામાં આવે છે. જેમ જેમ આત્માની વિશુદ્ધતા વધતી જાય છે તેમ તેમ ભામંડળનું તેજ પણ વધતું હોય છે, અને આત્મા જ્યારે સંપૂર્ણ શુદ્ધ બને છે, ઘાતીકર્મોથી રહિત બને છે ત્યારે તેનું ભામંડળ અત્યંત તેજસ્વી બની જાય છે. ભામંડળ બનવાની શરૂઆત થાય છે ત્યારે તે આછા સોનેરી રંગનું હોય છે, પછી તેનું તેજ વધતું જાય છે. અને શુક્લધ્યાનનો સ્પર્શ કર્યા પછી ભામંડળનો રંગ રૂપેરી બને છે, અને છેવટે તે અત્યંત તેજસ્વી રૂપેરી ભામંડળ બને છે. આ ભામંડળની ખૂબી એ છે કે તેનાં દર્શન કરવા માટે પણ અમુક પાત્રતાની જરૂર છે. આત્માની અમુક પવિત્રતા

હોય તથા સ્થિરતા હોય ત્યારે જ સામેની પાત્ર વ્યક્તિનાં ભામંડળનાં દર્શન થાય છે. જોનારના આત્માની પવિત્રતા ન હોય અથવા તો સ્થિરતા ન હોય તો પણ ભામંડળનાં દર્શન કરી શકાતાં નથી. આમ આ ભામંડળ સર્વકાળે હોવા છતાં સર્વને સર્વકાળે દશ્યમાન થતું નથી. આ રીતે જોતાં, જીવના વિકાસક્રમમાં વીતરાગપણું એ સૌથી ઊંચી અવસ્થા છે, અને તે વખતે, શુદ્ધ થયેલા આત્માનું ભામંડળ સૌથી તેજસ્વી હોય તે સમજાય તેવું છે. આ અપેક્ષાથી વિચારતાં પ્રભુને આચાર્યજી 'વીતરાગ' રૂપે આત્માની સૌથી ઉચ્ચ અવસ્થાએ બિરાજતા આત્મારૂપે ઓળખાવે છે તે, ભામંડળની અત્યંત તેજસ્વીતા જણાવવા ખૂબ જ યોગ્ય લાગે છે. "વીતરાગ પ્રભુ" માં પણ જેમણે અન્ય સર્વ જીવોને તારવાના ભાવ કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હોય તેમના ભામંડળમાં થોડી વિશેષતા હોય છે. સર્વ જ્ઞાની પ્રભુ તથા કેવળી પ્રભુને આત્માનાં ઓજસરૂપે ભામંડળની પ્રાપ્તિ થઈ હોય છે. આ સ્વયં પ્રગટ થતું ભામંડળ છે. શ્રી તીર્થંકર પ્રભુનાં ભામંડળને દેવો પોતાની શક્તિથી કેટલીક રીતે અલંકૃત કરે છે, અને એ પ્રભુની વિશેષતા તેમ જ અતિશય છે. આ અપેક્ષાથી તીર્થંકર પ્રભુનું ભામંડળ એ અતિશય રૂપે સ્થાન પામેલ છે. દેવો દેવલોકની અમુક ધાતુઓ તથા રત્નોની ગૂંથણીની રચના કરી, પ્રભુનાં ભામંડળને અતિશય અર્પે છે. એના પ્રભાવથી એ ભામંડળના જે જીવ દર્શન કરે તેને પૂર્વના પોતાના સાત ભવોનું જાતિસ્મરણજ્ઞાન થાય છે, અને તે જ્ઞાનના પ્રભાવથી તેઓ સમકિતના અધિકારી ઠરે છે. આમ શ્રી તીર્થંકર પ્રભુનું ભામંડળ સર્વ સમવસરણવાસીઓને કલ્યાણની અપેક્ષાએ અત્યંત ઉપકારી બની રહે છે.

શ્રી તીર્થંકર પ્રભુના આવા ઉત્તમ ભામંડળનો જે પ્રભાવ લોકો પર પડે છે, તેને આચાર્યજીએ અહીં પ્રગટ કર્યો છે. પ્રભુ જ્યારે દેશના આપે છે ત્યારે અશોકવૃક્ષ નીચે દેવોરચિત સિંહાસન પર બેસે છે, અને તેમના પ્રત્યેક રોમમાંથી ૐ ધ્વનિ પ્રસારિત થાય છે. આ દેશનાના પ્રકાશ વખતે ઉત્તમ યોગ રચાયો હોવાથી, પ્રભુજીના દેહમાંથી ઉત્તમ બોધ પ્રગટતો હોવાથી તેમનું ભામંડળ તેની પૂર્ણતાએ ખીલ્યું હોય છે. વળી તે બોધ સાંભળનારા શ્રોતાઓ પણ તેમની ઉત્તમ ક્ષણોનો અનુભવ કરતા

હોય છે અને પાત્રતા કેળવાયેલી હોવાથી તેઓ ભામંડળનાં સ્પષ્ટ દર્શન પોતાની દશાનુસાર કરતા હોય છે. આવા ઉત્તમ યોગ વખતે ભામંડળનો પ્રભાવ કેવો હોય છે તે આચાર્યજીએ આપણને આ કડીમાં બતાવ્યું છે.

પ્રભુજીનાં અત્યંત તેજસ્વી ભામંડળમાંથી જે તેજ કિરણો છૂટે છે તે ઊંચે જાય છે. શ્યામ રંગના પ્રભુજીનાં મસ્તકની પાછળ અત્યંત પ્રકાશિત ભામંડળમાંથી કિરણો ઊંચે ને ઊંચે ચડે છે. શ્યામ રંગના પ્રભુજીના પડછામાં પાછળનું તેજસ્વી ભામંડળ વિશેષ તેજસ્વી લાગે છે. અને એ તેજ વધતું વધતું એટલું બધું વધે છે કે દેવોએ વિકુર્વેલા અશોકવૃક્ષનાં પાનનો રંગ પણ લોપાઈ જાય છે, અર્થાત્ તે પાનોની આગળના ભાગમાં આ તેજ કિરણો એવા છવાઈ જાય છે કે તેનો મૂળ રંગ કેવો છે, તેનું લક્ષ પણ જોનારને રહેતું નથી. જોનારને તો અશોકવૃક્ષ તથા તેની ઘટા પણ તેજોમય જ લાગે છે. એટલે કે વૃક્ષ જેવા એકેન્દ્રિય પણ પ્રભુનો સમાગમ થતાં પોતાપણું ત્યાગી, પ્રભુએ અર્પેલું તેજસ્વરૂપ સ્વીકારી લે છે. જો એકેંદ્રિય જીવ પર પણ પ્રભુના બોધનો, ભામંડળનો આવો પ્રભાવ પડતો હોય તો, જે સચેતન-પૂર્ણ ઇન્દ્રિયવાળા જીવો છે તેમના પર કેટલો અસરકારક પ્રભાવ હોવો જોઈએ! એથી જ આચાર્યજી કહે છે કે હે વીતરાગ પ્રભુ! આપના સમીપપણાને પામીને એવો ક્યો સચેતન પ્રાણી છે કે જે રાગરહિતપણાને ન પામે? અર્થાત્ વીતરાગના સાનિધ્યમાં નિરાગી-વીતરાગી ન બને?

વીતરાગ પ્રભુનું સમીપપણું પામીને અશોકવૃક્ષ પણ પોતાપણું છોડી દે છે, તેજસ્વરૂપ સ્વીકારે છે, એ જ રીતે સચેતન-સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પ્રભુનું સમીપપણું પામીને, તે જે અનાદિકાળથી કરતો આવ્યો છે તે રાગદ્વેષને છોડીને, નિરાગશ્રેણી તરફ દોટ મૂકે છે. અર્થાત્ આત્માનાં સાચા ઓજસ્‌ને પ્રગટાવવા પ્રવૃત્ત થાય છે. પ્રભુજીના સમાગમમાં આવ્યા પહેલાં જે જીવો રાગ અને દ્વેષની પરિણતિમાં જ પ્રવૃત્ત રહીને કાળ નિર્ગમન કરતા હતા અને પોતાનું ભવભ્રમણ વધારતા હતા, તે જ જીવો પ્રભુજીના સમાગમમાં આવ્યા પછી, સાચી સમજણ પ્રાપ્ત થવાથી, પ્રભુજીની જેમ વીતરાગી થવાનો તથા અનંતજ્ઞાન-અનંતદર્શન પ્રગટાવવાનો પુરુષાર્થ આદરે

છે. અને પ્રભુજીની આજ્ઞામાં રહી, આજ્ઞામાં વર્તી તે દશા પ્રગટાવે છે. અર્થાત્ કાળે કરીને પ્રભુનાં અવલંબને પ્રભુ સમાન બને છે. આ આખા વિકાસક્રમમાં જીવોને પૂર્વભવોનું દર્શન કરાવનાર ભામંડળ અત્યંત ઉપકારી બને છે. તેથી આ પ્રભાવને લક્ષમાં રાખી, છેવટની બે પંક્તિઓમાં આચાર્યજી જણાવે છે કે, આપનાં સમીપપણાને પામીને રાગરહિત દશા ન પામે એવો સચેતન જીવ હોઈ શકે? અર્થાત્ જે કોઈ પ્રભુનાં સમીપપણાને પામી, તેમની આજ્ઞાનુસાર વર્તે તે નિશ્ચયે પ્રભુ સમાન થાય.

આ કથન દ્વારા આચાર્યજી કંઈક નવી વસ્તુ આપણને સૂચવી જાય છે. આ સ્તોત્રની તેરમી કડી રચાઈ ત્યારે જમીનમાંથી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઇ હતી. એથી આચાર્યજીને પ્રભુ પ્રત્યક્ષ સમાન હતા એમ કહી શકાય. આમ આચાર્યજી અને એ સમયના શ્રોતાઓને શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સમીપપણું પ્રાપ્ત થયું હતું. આ સમયે જો કોઈ પ્રભુનું શરણું લઈ, તેમની આજ્ઞાએ વર્તે તો તે જીવ નિશ્ચયે વીતરાગપણું – નિરાગીપણું પ્રાપ્ત કરે. બનેલી ઘટના અનુસાર આપણે કહી શકીએ કે આચાર્યજી તો એ પ્રમાણે જ વર્તતા હતા, એથી એમને પ્રાપ્ત થનાર વીતરાગપણા વિશે આપણે નિઃસંદેહપણે કહી શકીએ. અન્ય જીવોનું તેમના ભાવાનુસાર બને. બાર બાર વર્ષના કસોટીકાળમાંથી પસાર થતા આચાર્યજી માટે આ યોગ કેટલા મોટા આશ્વાસનરૂપ નીવડ્યો હશે! એ કલ્પના કરવી પણ કઠિન જણાય છે. કસોટીકાળની પશ્ચાદ્ભૂમિ પ્રભુની સમીપતાને કારણે તેમના વૈરાગ્યમાં કેટલો મોટો વધારો થયો હશે તે તો પાત્ર જીવ જ સમજી શકે એમ લાગે છે. (૨૪)

भो भो प्रमादवधुय भजध्वमेनम्<br>
आगत्य निर्वृतिपूरिं प्रति सार्थवाहम् ।<br>
एतन्निवेदयति देव! जगत्त्रयाय<br>
मन्ये नदन्नभिनभः सुरदुंदुभिस्ते ।।२५।।

રે રે પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
એ મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી પાર્શ્વનાથને;
સુર દુંદુભિનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ! તે ત્રૈલોક્યને એમ જ કહે! (૨૫)

અદ્‌ભુત વૈરાગ્યમાં ઝૂલતા આચાર્યજીના માનસપટ પર, દેશનાની આગાહી રૂપે દેવો જે દેવદુંદુભિ વગાડે છે તેવું ચિત્ર ખડું થાય છે. અને તેઓ પોતે જાણે પ્રત્યક્ષપણે દેવદુંદુભિ સાંભળતાં હોય એવો અનુભવ કરતા જણાય છે. આ દુંદુભિઓ આખા જગતને કેવો સંદેશો આપે છે તે જણાવતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, “હે દેવ! હું એમ માનું છું કે દેવતાઓ, સમવસરણ વખતે જે દેવદુંદુભિ વગાડે છે તે આકાશને વિશે ગર્જના કરતા શબ્દો વડે આ સમગ્ર ત્રૈલોકને એમ જણાવે છે કે ‘હે ત્રિલોકના પ્રાણીઓ!’ તમે પ્રમાદ છોડીને, મોક્ષપુરીને વિશે જતા આ પાર્શ્વનાથ વ્યાપારીને ભજો.”

જ્યારે જ્યારે શ્રી તીર્થંકર પ્રભુની દેશના છૂટવાની હોય છે ત્યારે ત્યારે દેવલોકના દેવોને તેની જાણ અગાઉથી અવધિજ્ઞાન વડે થતી હોય છે. પ્રભુજીનો ઉત્તમ બોધ જગતના ભવ્ય જીવોને પ્રાપ્ત થવાનો છે, એ જ્ઞાનથી દેવો ખૂબ ઉલ્લાસમાં આવી જાય છે. વળી જગતના વધુમાં વધુ જીવો પ્રભુની દેશનાનો લાભ લે તેવા ભાવ તેમને જાગે છે. પોતાના એ ઉલ્લાસ તથા ભાવને વ્યક્ત કરવા દેવો પોતાનાં વાજીંત્ર-દેવદુંદુભિ વગાડે છે. આમ તેઓ પ્રસન્નતાની અભિવ્યક્તિ સાથે જગતના જીવોને મળનાર દેશનાનો શુભ સંદેશો આપે છે.

આમ દેવો દેવદુંદુભિ વગાડીને જગતના જીવો પર ઉપકાર કરે છે, એટલું જ નહિ પણ તીર્થંકર પ્રભુનું બહુમાન પણ કરે છે. આ નાદ એ પ્રભુનો અતિશય કહેવાય છે કારણ કે અન્ય કોઈ જીવ માટે આવું બહુમાન દેવો કરતા નથી, માત્ર તીર્થંકર પ્રભુની વિશિષ્ટતા જણાવવા જ દેવદુંદુભિ દેવો દ્વારા વગાડવામાં આવે છે. તેનો મધુર રવ સાંભળવાથી લોકોને અતિ મંગલકારી સમાચારની જાણ થાય છે. આપણે ત્યાં

દેરાસર-જિનમંદિરમાં જે ઘંટ વગાડવાની પ્રથા છે તે દેવદુંદુભિનું પ્રતિક છે. દેવો દુંદુભિ વગાડે એટલે ભવ્ય જીવો અમૃતવાણીનો લાભ લેવા તત્પર બને છે. મંદિરમાં ઘંટ વાગે છે તે એવા ભાવની અભિવ્યક્તિ કરે છે કે દુંદુભિ વાગે છે અને પ્રભુની અમૃતવાણી ઝીલવાનો શુભ અવસર આવી ગયો છે. એ જ્ઞાનધોધનો લાભ લેવા જીવ જિનમંદિરરૂપી સમવસરણમાં બેઠો હોય એવી ભાવના એમાંથી નિષ્પન્ન થાય છે. આ વિશે વિચાર કરતાં જણાશે કે જિનમંદિરોમાં ઘંટનું સ્થાન કેવી ભવ્ય ભાવનાથી અપાયેલું છે!

સમીપ મુક્તિગામી દેવો ત્રણે જગતના લોકો સાંભળે એવા મોટા નાદથી દુંદુભિ વગાડે છે. ત્રણ જગત એટલે દેવલોક, મધ્યલોક (પૃથ્વી) અને અધોલોક (નરક). આમ છતાં આ મોટો નાદ હોવા છતાં તેની ખૂબી એ છે કે તે નાદ પ્રત્યેક જીવને સંભળાતો નથી. માત્ર પાત્ર જીવો કે જેઓ સમવસરણમાં જવાના ઉદયવાળા છે, તેઓ જ એ નાદ સાંભળે છે અને લાભ લઈ શકે છે. મોટા ભાગના અન્ય જીવો આ નાદ સાંભળી શકતા નથી. આ દેવદુંદુભિ જગતને શું સંદેશો આપે છે તે આ કડીમાં આચાર્યજીએ જણાવ્યું છે.

"રે રે પ્રમાદ તજો અને આવી ભજો આ નાથને,
એ મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી પાર્શ્વનાથ ને."

દેવદુંદુભિ જગતના જીવોને સંદેશો આપે છે કે "હે જીવો! તમે પ્રમાદનો ત્યાગ કરો, અને મોક્ષનગરીમાં લઈ જતાં સાર્થવાહ શ્રી પાર્શ્વનાથ પ્રભુને ભજો." આ વચનો વિચારવા યોગ્ય છે.

ત્રણે લોકના જીવોને પ્રમાદ તજવાનો સંદેશો અહીં અપાયેલો જોવા મળે છે. આ જગતમાં પ્રમાદને કારણે જ જીવો પરિભ્રમણ કર્યા કરે છે. પ્રત્યેક જીવ સુખને તો ઈચ્છે છે, પણ સુખ મેળવવા માટે જે યથાર્થ ઉપાયો કરવા જોઈએ તે, તે કરતો નથી, અને પ્રમાદમાં રહી, બીજી બીજી કલ્પનાથી માનેલાં સુખને મેળવવા અનેકવિધ ઉપાયો કરે છે. પરિણામે તેને સાચું સુખ મળતું નથી, અને જગતની ચારે ગતિનું પરિભ્રમણ ચાલુ રહે છે. પ્રમાદ એટલે શું? પોતાના આત્માને ઉજ્જવળ કરવાના ઉપયોગમાં અનુદ્યમી રહેવું, તેને જ શ્રી પ્રભુ પ્રમાદ કહે છે. અલ્પ સંખ્યાને બાદ કરતાં જગતના સમસ્ત

જીવો આ પ્રકારના પ્રમાદમાં પડ્યા છે. એટલે કે જેમાં પોતાના આત્માનું કલ્યાણ સમાયેલું છે તે પ્રકારના ઉદ્યમમાં સાવ નિરુત્સાહી રહે છે, અને જગતનાં કહેવાતાં સુખની પ્રાપ્તિ માટે બધો સમય વેડફે છે. પરિણામે સુખ મળતું નથી અને દુઃખની ગર્તા છૂટતી નથી. આ રીતે વર્તવું તે જીવનો પ્રમાદ છે. આ પ્રમાદ છોડવાનો શુભ સંદેશો દુંદુભિ આપે છે. પ્રમાદ છોડી આત્મપ્રાપ્તિ માટે ઉદ્યમી થવાનું તે જણાવે છે. પ્રમાદ છોડીને કરવાનું શું છે? "શ્રી પાર્શ્વનાથ પ્રભુને ભજવાના છે." જે પ્રભુ સર્વ કર્મથી મૂકાયા છે, જેઓ કેવળજ્ઞાન તથા કેવળદર્શન સહિત બન્યા છે તે પ્રભુને ભજવાનો આદેશ છે. "આવી ભજો આ નાથને." પ્રમાદ તજીને ભજવું એટલે શું? ભજવું એટલે પ્રભુપ્રતિનો અર્પણભાવ કેળવવો અને હુંપણાનો ત્યાગ કરવો. જેમ જેમ પ્રભુ પ્રતિના અર્પણભાવ વધતા જાય છે તેમ તેમ જીવની દશા ઉર્ધ્વગામી બનતી જાય છે. એટલે કે આત્મા પોતે પોતાનો સ્વભાવ પ્રગટાવતો જાય છે. જીવોને પ્રમાદ ત્યાગી પ્રભુને ભજવાનો આદેશ દુંદુભિ આપતા જણાય છે ત્યારે તેઓ પ્રભુને "નાથ" તરીકે ઓળખાવે છે, તે સૂચક છે. "નાથ" એટલે શરણ ન હોય તેને શરણ આપનાર, આત્મદશામાં આગળ વધવા માટે પ્રેરણા આપનાર, તથા જે માર્ગે જવાનું હોય તે માર્ગે દોરીસંચાર કરનાર. સંસારમાં પણ "નાથ" શબ્દ 'સ્વામી' અથવા 'માલિક' ના અર્થમાં વપરાય છે. જે માલિક હોય તે ખાવાનું, પીવાનું, હરવાનું, ફરવાનું બધું જ નિયંત્રણ કરતો હોય છે, અને માલિકની સૂચના અનુસાર જ તેના આશ્રયે રહેનારે વર્તવાનું હોય છે. આ જ પરિસ્થિતિ પરમાર્થે પણ સમજવા યોગ્ય છે. પ્રભુને 'નાથ' રૂપે વર્ણવ્યા છે એટલે કે પ્રભુ એ માલિક છે અને ભક્તે તેમના પ્રત્યે અર્પણભાવ કેળવી સ્વપણાનો (સ્વછંદનો) ત્યાગ કરી રહેવાનું છે. તેણે પ્રભુને મન, વચન અને કાયાને પૂર્ણપણે સોંપી, પ્રભુની અર્પણભાવે ભક્તિ કરવાનો અનુરોધ અહીં થયેલો છે. આમ કરવાથી જીવનો સ્વચ્છંદ સંપૂર્ણ રોધ પામે છે, અને તેનાં મન, વચન, કાયાનો દોરીસંચાર શ્રી પ્રભુ એવી રીતે કરે છે કે જીવનાં કર્મો અત્યંત ઝડપથી ક્ષય થતાં જાય છે. આ દુંદુભિઓ માત્ર અર્પણભાવથી પ્રભુની ભક્તિ કરવાનું કહીને રહી જતાં નથી, તેઓ તો પ્રભુની સુંદર રીતે ઓળખ પણ આપે છે. જીવ કોની ભક્તિ કરે છે તેનું લક્ષ જો

તેને ન હોય તો, ભક્તિમાં અર્પણભાવ આવવો કે પ્રભુમાં સાચી શ્રદ્ધા પ્રગટવી અત્યંત કઠિન છે; તેથી આ પ્રભુ પૂજવા યોગ્ય છે, અને શા માટે પૂજવા યોગ્ય છે તે પણ અહીં બતાવાયું છે. તેમ કરવા માટે પ્રભુનું કાર્ય શું છે તેની જાણ કરાઈ છે. પ્રભુને "મુક્તિનગરીમાં જતા સાર્થવાહ" તરીકે અહીં ઓળખાવાયા છે.

અગાઉના સમયમાં જ્યારે આગગાડી, મોટર, વિમાન વગેરે જેવા ઝડપથી પ્રવાસ કરાવી શકે તેવાં સાધનોનો ઉપયોગ શરૂ થયો નહોતો, ત્યારે એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે સામાન્ય જનો સાર્થવાહનો આશરો લેતા. સાર્થવાહ એક સ્થળેથી બીજા સ્થળે જવામાં એકલા પ્રવાસ ન કરે, પણ તેની સાથે ઘણો મોટો રસાલો લેતા જાય છે. તેમના રસાલામાં માણસો, ચીજ વસ્તુઓ, પ્રાણીઓ, ધન વગેરે મોટી સંખ્યામાં હોય છે. અને ચીજ વસ્તુની ગામે ગામે લેવડદેવડ કરતાં કરતાં તે નિયત સ્થળે પહોંચે છે. જુદાં જુદાં સાર્થવાહો પોતાના વેપારના કામકાજ અંગે જુદાં જુદાં સ્થળોએ જતા. અને જે લોકોને જે સ્થળે જવાનું હોય તે સ્થળે જનાર સાર્થવાહનો તે સંગાથ કરતા. આમ કરવાથી રસ્તાઓમાં ચોર લૂંટારાનો ભય પણ ઘણો અલ્પ થઈ જતો અને જંગલી જનાવરોનો પણ મોટા સમૂહને કારણે નહિવત્ રહેતો, વળી લાંબા પ્રવાસમાં માંદગી આદિ મુશ્કેલી આવે તો જરૂરી સહાય મળી રહે. આમ સાર્થવાહ પોતાનું વેપારાદિનું કાર્ય કરતાં કરતાં અન્ય અનેક મુસાફરો પર પણ ઘણા ઉપકારો કરતા. સાર્થવાહની આ પ્રવૃત્તિ સમજ્યા પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુને આચાર્યજીએ 'મોક્ષનગરી પ્રતિ જતા સાર્થવાહ' તરીકે ઓળખાવ્યા છે તે અત્યંત યોગ્ય લાગ્યા વિના રહેશે નહિ.

શ્રી પાર્શ્વનાથ પ્રભુ સાર્થવાહ જેવા જ છે. તેમણે કર્મભૂમિથી શરૂ કરી મોક્ષનગરી સુધીની મુસાફરી આદરી છે. તેમનો વેપાર તે પોતાનાં અને પોતાનાં શરણમાં આવનાર સર્વ જીવનાં કર્મ ખપાવવાં તે છે. વળી પ્રભુ પોતે એકેય કાર્ય એકલા કરતા નથી, પણ સમૂહમાં કરે છે. તેઓ અનેકની સાથે દીક્ષા લે છે, જ્ઞાન લે છે અને નિર્વાણ પણ ઘણા સાથે પામે છે. પ્રભુ એકાકી કાર્ય કરતા નથી. તેમનાં રસાલામાં દીક્ષિત સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ ગણી શકાય. માર્ગમાં આવતી મુશ્કેલીઓ સામે ઝઝૂમવા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી સાધનો તૈયાર જ હોય છે.

વળી ચોત્રીશ અતિશયો એ એમના વિશિષ્ટ અંગો કહી શકાય. આ અતિશયોને કારણે શ્રી તીર્થંકર પ્રભુ સહુ સાર્થવાહોમાં ઉત્તમ સાર્થવાહ છે તેમ સાબિત કરી શકાય. આવા ઉત્તમ સાર્થવાહ, જે મુક્તિપુરી પ્રત્યે ગમન કરે છે તેમનો સથવારો કરવો એ, જે કોઈ મોક્ષમાં જવા ઈચ્છતા હોય તેમને માટે કર્તવ્યરૂપ છે. આવો મહત્ત્વનો સંદેશો દેવદુંદુભિ લોકોને આપે છે.

આમ આ કડીને ઊંડાણથી વિચારતાં પ્રભુનું કાર્ય અને મહાત્મ્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે. તે ઉપરાંત આચાર્યજીની નિષ્ઠા, દશા, ભાવના તથા ગૂઢ રહસ્યો ઉકેલવાની શક્તિ પણ આપણને અહીં જોવા મળે છે. જો આચાર્યજી ઉચ્ચ આત્માવસ્થાએ બિરાજતા ન હોય તો આવા યોગ્ય શબ્દોથી પ્રભુની ઓળખાણ આપણને કરાવી શકે નહિ, એટલું જ નહિ, પણ પ્રભુના દેવકૃત અતિશયોનો આવો સુંદર અર્થ આપણી સમક્ષ પ્રગટ કરી શકત નહિ, અને શુભભાવમય વાણીથી તેમાંથી પ્રગટતો બોધ સરળ ભાષામાં વર્ણવી શકત નહિ. (૨૫)

उद्योतितेषु भवता भुवनेषु नाथ
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ता कलापकलितोरावसितातपत्र
व्याजात्त्रिधा घृततनूर्ध्रुवमभ्पुपेतः ।।२६।।

હે નાથ! આ ત્રિલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમા તવ હીણ અધિકારી ઠર્યો;
મોતી સમૂહે શોભતા ત્રણ છત્રનાં મિષે કરી,
આવ્યો પ્રભુની પાસ, નક્કી રૂપ ત્રણ જાણે ધરી. (૨૬)

શ્રી તીર્થંકર પ્રભુનાં એક પછી એક અતિશયને તેનાં રહસ્ય સાથે પ્રગટ કરતાં આચાર્યજી આ કડીમાં પણ એક અતિશય તેનાં રહસ્ય સાથે ખુલ્લો કરે છે. શ્રી પ્રભુનાં મસ્તક ઉપર ત્રણ છત્રો શોભી રહે છે તેનું વર્ણન કરતાં આચાર્યજી પ્રભુજીને કહે છે, “હે નાથ! આપ જ્યારે આ ત્રિલોકને વિશે પ્રકાશિત થયા, ત્યાર પછી તારાઓના સમૂહથી

વીંટાયેલો ચંદ્રમા અધિકાર રહિત (નિરૂપયોગી) થયો. તેથી તે ચંદ્રમા, મોતીઓના સમૂહથી વીંટાયેલા અને પ્રકાશમાન એવા આપનાં ત્રણ છત્રોનું સ્વરૂપ ધારણ કરીને, પોતે જ જાણે કે આપની પાસે (સેવા કરવા) આવ્યો ન હોય! એમ જણાય છે."

શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ધર્મ પ્રવર્તાવે છે. પ્રભુના આ ધર્મ પ્રવર્તનના પવિત્ર કાર્યના બહુમાન તરીકે દેવલોકના દેવો ત્રણ છત્રોની રચના કરે છે. આ ત્રણ છત્રમાં સૌથી નીચેનું છત્ર સૌથી મોટું હોય છે, તેની ઉપરનું છત્ર તેનાથી નાનું અને સૌથી ઉપરનું છત્ર સૌથી નાનું હોય છે, આવો ક્રમ હોય છે. પ્રત્યેક છત્રની ધારીએ ઉત્તમ પ્રકારનાં મોતી લટકાવેલાં હોય છે. આ ત્રણે છત્રોની રચના એવી અદ્ભુત હોય છે કે પ્રભુ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આ ત્રણે છત્રો તેમની સાથે સાથે છાયા કરતાં જાય છે, એટલે કે તે ત્રણે છત્રો પ્રભુનાં મસ્તક પર જ રહ્યા કરે છે, આગળ કે પાછળ રહેતાં નથી. આ ત્રણે છત્રો એક સાથે રહીને એવું સૂચવન કરે છે કે પ્રભુજીએ જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા પ્રાપ્ત કરી લીધી છે, અને એ એકતાનાં પ્રતિક રૂપે છત્રો રચાયાં છે. પ્રાપ્ત કરેલી એકતા ક્યારેય તૂટવાની નથી તે દર્શાવવા છત્રો પ્રભુની સાથે ને સાથે જ રહે છે. ત્રણે છત્રો દિવ્ય રત્નોથી મઢેલા હોય છે તેથી તેજસ્વી હોય છે, અને એ રીતે તે આત્માનાં તેજનાં પ્રતિક બની રહે છે. છત્રની રચના પ્રભુનાં પુણ્યનો અતિશય સૂચવે છે. પ્રભુ જગતનાં ત્રિવિધ તાપથી છૂટ્યા છે, અને ત્રણે છત્રો તે ત્રિવિધ તાપથી પ્રભુનું રક્ષણ કરે છે, તે ભાવ તેમાં ગૂંથાયેલો જાણી શકાશે. તો બીજી બાજુ આ છત્રોની રચના દ્વારા દેવો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે, અને તેનાં બળથી તેઓ ભાવિમાં કર્મમુક્ત બને છે.

છત્રોની રચના કેવી રીતે થઇ તે વિશેની પોતાની સૂઝ આચાર્યજી આ કડીમાં પ્રગટ કરતાં કહે છે :

"હે નાથ! ત્રિલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમા તવ હીણ અધિકારી ઠર્યો!"

હે નાથ! અશરણના શરણ એવા પ્રભુ, તમે જ્યારે ત્રણે લોકમાં તમારા આત્માને પ્રકાશિત કર્યો, એટલે કે તમે જ્યારે તમારા આત્માને ઘાતી કર્મોથી છોડાવી, શુદ્ધ કરી, કેવળજ્ઞાન અને કેવળદર્શનમય કર્યો ત્યારે તેનો પ્રભાવ એટલો બધો હતો કે જગતને શીતળતા આપવાની સાથે પ્રકાશ આપનાર તારા-સમૂહથી શોભતો ચંદ્રમા તે કાર્ય કરવા માટે નિરુપયોગી-અનધિકારી થયો.

તારામંડળના સમૂહની વચ્ચે રહેતો ચંદ્રમા પોતે પ્રકાશિત છે, અન્યને પ્રકાશિત કરે છે અને સાથે સાથે મીઠી મીઠી ઠંડક પણ ચોતરફ પ્રસરાવે છે. ચંદ્રમા આ કાર્ય દ્વારા જગત ઉપર ખૂબ ઉપકાર કરે છે, સૂર્યના તાપથી બળું બળું થતાં લોકો ચંદ્રમાની ચાંદનીની ઠંડક મેળવી, ઘણી શાંતિ અનુભવે છે. ચાંદનીની ઠંડક તથા મધુરતાને કારણે ઘણા લોકો ચંદ્રમાને અતિ પ્રિય ગણે છે, વળી તેનો ઉપકાર માની ચંદ્રમાની અગત્યને પૂર્ણપણે સ્વીકારે છે. આમ ચંદ્રમા પોતે શીતળતા પ્રસરાવી જગતના જીવોને સાંત્વન આપવાનું મહામૂલું કાર્ય કરે છે. ચંદ્રમા આ કાર્ય અનાદિકાળથી કરતો આવ્યો છે. પણ જ્યારે શ્રી પ્રભુએ કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવી સ્વાત્માને ત્રિલોકમાં પ્રકાશિત કર્યો, ત્યારે ચંદ્રમાના આ કાર્યની અગત્યતા રહી નહિ. તેનું શીતળતા તથા પ્રકાશ આપવાનું કાર્ય અર્થહીન બની રહ્યું.

આત્મા સ્વપરપ્રકાશક જ્યોતિસ્વરૂપ છે. જ્યારે આત્મા વિશુદ્ધ બને છે ત્યારે તેનું તેજ એકઠા કરેલા કરોડો સૂર્ય કરતાં પણ વિશેષ હોય છે. એક સૂર્યનું તેજ એકઠા કરેલા અનેક ચંદ્રમાથી વિશેષ, અને એક વિશુદ્ધ આત્માનું તેજ કરોડો સૂર્યનાં તેજ કરતાં પણ વધારે છે. તે ગણતરીએ ગણતાં એક વિશુદ્ધ આત્માનું તેજ એક ચંદ્રમા કરતાં કેટલા ગણું કહી શકાય? વળી ચંદ્રમા જગતના – પૃથ્વીના એક ભાગને જ પ્રકાશે છે, ત્યારે વિશુદ્ધ આત્મા ત્રણે લોકને, જગત સમસ્તને એક સાથે પ્રકાશી શકે છે. આત્માને ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન કેવળજ્ઞાનમાં પ્રકાશે છે એ અપેક્ષાએ વિચારતાં ચંદ્રમા કરતાં આત્માનું બળવત્તરપણું સહેલાઈથી સમજી શકાશે.

ચંદ્રમા કરતાં સૂર્યનું તેજ અનેકગણું હોવા છતાં, તેની શીતળતાને કારણે ચંદ્રમાની ચાંદની વિશેષ પ્રિયતા પામી છે. સૂર્યના પ્રખર તાપની સામે ચંદ્રમાની ચાંદનીની શીતળતા લોકહૈયામાં વિશેષ આદર પામી ચૂકી છે. એટલે કે તેજ કરતાં ઠંડક માટે લોકોમાં ચંદ્ર વિશેષ આદરણીય બન્યો છે. એ અપેક્ષાથી જોતાં પણ ચંદ્ર પાસે આત્મા વિજયી બને છે. આત્માનું તેજ ચંદ્રમાનાં તેજ કરતાં ઘણું વધારે છે એટલું જ નહિ પણ આત્માથી પ્રગટ થતી ઠંડક પણ ચંદ્રમાથી પ્રાપ્ત થતી ઠંડક કરતાં ઘણી વધારે છે. જેમ જેમ આત્મા વિશુદ્ધ થતો જાય છે તેમ તેમ તેની શીતળતા વધતી જાય છે, અને એથી ચંદ્રમા કરતાં અનેકગણી ઠંડક એક વિશુદ્ધ આત્મા જગતના જીવોને પમાડી શકે છે.

આ બંને અપેક્ષાથી જોતાં પ્રભુનો વિશુદ્ધ થયેલો આત્મા ચંદ્રમા કરતાં અનેકગણો ચડિયાતો જણાયા વિના રહેતો નથી. પ્રભુનો આત્મા જ્યારે પરમ વિશુદ્ધ બન્યો ત્યારે તેની શીતળતા તથા પ્રકાશ ત્રણે જગતમાં ફેલાઈ ગયા. અને એ વખતે જગતનાં સમસ્ત જીવોએ એક સમય માટે શાતા અનુભવી. વળી વિશુદ્ધ આત્મપ્રકાશમાં ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન પ્રકાશિત થતું હોવાથી તથા આત્માની શીતળતા સતત ફેલાતી રહેતી હોવાથી, જે કાર્ય ચંદ્રમા કરે છે, તે જ કાર્ય એનાથી અનેકગણી સારી રીતે પ્રભુનો આત્મા કરવા લાગ્યો. એથી ચંદ્રમાને પોતાનું કાર્ય કરવા જેવું રહ્યું નહિ, પરિણામે ચંદ્રમાને પોતાનાં સ્થાનેથી ચ્યુત થવું પડયું. સર્જાયેલી સ્થિતિનો ચંદ્રમાએ કેવો લાભ લીધો તે પોતાની સમજણ અનુસાર આચાર્યજીએ પાછળની બે પંક્તિઓમાં આપણને જણાવ્યું છે.

"મોતીસમૂહે શોભતા ત્રણ છત્રના મિષે કરી,
આવ્યો પ્રભુની પાસ નક્કી રૂપ ત્રણ જાણે ધરી."

ચંદ્રમાએ જ્યારે પ્રભુને પોતાના કરતાં અનેક ગણા પ્રકાશને પાથરતા જોયા, અને શીતળતા પ્રસરાવતા જોયા ત્યારે તેને પ્રભુની ઈર્ષા ન થઇ, પણ તેને પ્રભુની સેવા કરવાના ભાવ જાગ્યા. તે માટે તેણે બહાનું પણ શોધી લીધું. તારામંડળ તથા

પોતા થકી તેણે ત્રણ છત્રો ઉત્પન્ન કર્યા, અને પ્રભુનાં શિરછત્રરૂપ રહી તેમની સેવા કરવાનો આરંભ કરી દીધો. ત્રણ છત્રનાં રૂપે ચંદ્રમા ત્રણ સ્વરૂપ ધારણ કરી પ્રભુની સેવામાં મગ્ન બની ગયો. પોતે ત્રણ છત્રની ઉત્પત્તિ કરી, અને પ્રત્યેક છત્રની ધારીએ મોતીઓ લટકાવવામાં તેણે તારામંડળનો ઉપયોગ કર્યો. આમ મોતીઓથી વિભૂષિત થયેલા ત્રણ છત્રનું સ્વરૂપ ધારણ કરી, ચંદ્રમા પ્રભુએ સ્વીકારેલા કાર્યમાં સહાયક થવા લાગ્યો. પ્રભુનાં શિર ઉપર છત્રરૂપે રહી, પ્રભુને જગતના આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ પરિતાપથી મુક્ત રાખવા પુરુષાર્થી બન્યો. પોતે પોતાનાં તારામંડળ સહિત પ્રભુમાં ભળ્યો, આથી પ્રભુનાં શાંતિ અને શીતળતા પ્રસરાવવાના કાર્યને ઘણો વેગ મળ્યો. આમ અહીં આચાર્યજીએ ચંદ્રમાનો ઉદાત્તભાવ પ્રગટ કર્યો છે.

આ ઉદાહરણથી પરમાર્થમાર્ગનો એક ઉદાત્ત સિદ્ધાંત સમજવા મળે છે. જગતમાં કોઈને પોતાથી ચડિયાતો જોવામાં આવે તો સામાન્ય રીતે જોનારમાં ઈર્ષાભાવ જાગે છે. અને પોતે કેમ આગળ વધે તથા બીજો કેમ પાછળ પડે તેના માટેના અનેક દાવપેચ લગાવવા મંડી પડે છે. પરમાર્થમાર્ગમાં આથી વિરુદ્ધ બને છે. કોઈને પોતાથી વધારે સારું કાર્ય કરતાં નિહાળવામાં આવે તો તેનામાં ઈર્ષાભાવ કે કપટભાવ જાગતાં નથી, પણ તે પ્રત્યે તેને અહોભાવ જાગે છે, અને તેને કેમ અનુમોદન મળે તે માટેની પ્રવૃત્તિ જોનારની થાય છે. આ ઉદાત્ત ભાવના માત્ર પરમાર્થમાં જ જોવા મળે છે. અને તેનું ઉદાહરણ આચાર્યજીએ ચંદ્રમા દ્વારા પ્રગટ કર્યું છે. જ્યારે ચંદ્રમા પ્રભુને પોતા કરતાં વિશેષ કાર્ય કરતાં જુએ છે ત્યારે તે પ્રભુની ઈર્ષા કે ઉપેક્ષા કરવાને બદલે, ત્રણ છત્રના અતિશય રૂપે ભૂષણરૂપ બની જાય છે. ધન્ય છે આ મહામૂલા માર્ગને અને તેમાં પવનવેગે જતા સર્વ મહાભાગી આત્માઓને.

શ્રી માનતુંગાચાર્ય "ભક્તામર સ્તોત્ર" ની ૩૧ મી કડીમાં આ જ અતિશય જરા જુદા સ્વરૂપે બતાવે છે :–

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઉજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ-કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્ર શોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી.

શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિરૂપ ભક્તામર સ્તોત્રની આ કડીમાં આચાર્યજી ત્રણ છત્રોને અતિશય રૂપે બતાવે છે અને તે દ્વારા સમજાવે છે કે તે ત્રણ છત્રો પ્રભુનું ત્રણ જગત પરનું આધિપત્ય બતાવે છે. પ્રભુ ત્રણે ભુવનના માલિક હોય એવો ભાવ અહીં વ્યક્ત થયેલો જોવા મળે છે. અહીં પ્રભુ પોતે માલિક થયા હોય તેમ લાગે છે. ત્યારે કલ્યાણમંદિરમાં સિદ્ધસેન દિવાકર સૂરિ જે રીતે આ અતિશય વર્ણવે છે તે જોતાં એમ જણાય છે કે જગતવાસી જીવોના પ્રતિનિધિરૂપ ચંદ્રમાએ તારામંડળ સહિત આવીને પ્રભુને ત્રણ જગતનું અધિપતિપણું અર્પ્યું છે. આ બન્ને કડીઓનો વિચાર કરીએ છીએ ત્યારે કલ્યાણમંદિર સ્તોત્રમાં આ અતિશય વિશેષ રહસ્ય સાથે પ્રગટ થયેલો જોવા મળે છે. (૨૬)

स्वेन प्रपूरित जगत्त्रय पिंडितेन
कांति प्रताप यशसामिव संचयेन ।
माणिक्य हेमरजत प्रविनिर्भितेन
सालत्रयेण भगवन्नभितो विभासि ।।२७।।

કીર્તિ, પ્રતાપ જ કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક્ય આ,
ગોળારૂપે ભગવાન! જ્યમ આપે પૂરેલા હોય ના!
રૂપું, સુવર્ણ અને વળી માણિક્યથી નિર્મિત ખરે,
ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે. (૨૭)

પ્રભુના એક પછી એક અતિશય વર્ણવતા આચાર્યજી આ કડીમા સમવસરણનું મહાત્મ્ય પ્રગટ કરતાં જણાવે છે કે "હે ભગવાન! સમવસરણને વિશે માણિક્યના, સોનાના અને રૂપાના એ ત્રણ ગઢ વડે આપ ચોતરફ પ્રકાશો છો. તે ત્રણ ગઢો જાણે

કે આપની કાંતિ, પ્રતાપ અને યશના સમૂહના ત્રણ ગોળા હોય, અને તે વડે કરીને આપે આ ત્રણે દુનિયાઓને પૂરી દીધી હોય – ભરી દીધી હોય એમ જ દેખાય છે.

કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટાવ્યા પછી શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે જ્યારે દેશના આપે છે, ત્યારે ત્યારે દેવલોકના દેવો ઉલ્લાસિત થઇ સમવસરણની રચના કરે છે. તે સમવસરણમાં સંસારનાં દુઃખથી છૂટવાના કામી જીવો બેસીને પ્રભુનો ઉપદેશ સાંભળે છે. આ સમવસરણમાં ચારે દિશાએ ચાર દરવાજા હોય છે અને અંદરના ભાગમાં, જુદી જુદી દશાના તથા જુદી જુદી ગતિનાં જીવોને બેસવાનાં જુદા જુદા વિભાગ કરેલા હોય છે. સમવસરણમાં ચારે ગતિના જીવોને આવવાનો અધિકાર અપાયો છે. તેમાં મનુષ્યગતિ ઉત્તમ હોવાથી સૌથી વિશેષ સંખ્યામાં તે જીવો હાજર હોય છે. મનુષ્ય ગતિના વિભાગોમાં સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ ઉપરાંત કેવળી, ગણધર, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદ પૂર્વધારી, ચર્ચાવાદીવિજય વગેરે પદવીધારીઓનો પણ શ્રોતા સમુદાય તરીકે સમાવેશ થયો હોય છે. આ સર્વને બેસવાના અલગ અલગ સ્થાન તથા આસન રચાયાં હોય છે. આ બધી ગતિના શ્રોતા માટે જુદા જુદા વિભાગો રચવા સમવસરણમાં કોટ તથા ગઢની રચના દેવો કરે છે. આ કડીમાં આ ગઢ અને તેની રાંગનો નિર્દેશ કરી આચાર્યજી પ્રભુના અતિશયને બિરદાવે છે.

સમવસરણના મધ્યભાગમાં અશોકવૃક્ષ હોય છે. તેની નીચેના ભાગમાં સુવર્ણનું રત્નજડિત સિંહાસન હોય છે, તેના પર બિરાજમાન થઇ પ્રભુજી દેશના પ્રકાશે છે. તેના ફરતા વિભાગો પાડેલા હોય છે અને બધી બાજુના પહેલા ભાગને છૂટા પાડવા એક રત્નના ગઢની રચના દેવો કરે છે. આ રત્નના ગઢ ઉપર મણિરત્નનાં કાંગરાં મૂકેલા હોય છે. આ ગઢ રત્ન તથા મણિરત્નનાં તેજને કારણે ખૂબ પ્રકાશિત હોય છે. તે પછી પાછળ બેસવાના સ્થાનકોના વિભાગ આવે છે. આ વિભાગ પૂરા થવા આવે ત્યારે તેને ફરતો ગોળાકારમાં સોનાનો ગઢ હોય છે, અને તેના ઉપર રત્નનાં કાંગરાં મૂકેલાં હોય છે, એના ફરતા બેસવાના નવા સ્થાનકોનો વિભાગ હોય છે. અને છેલ્લે ફરતો રૂપાનો ગઢ વર્તુળાકારે હોય છે, જેના ઉપર સોનાનાં કાંગરાં

હોય છે. પ્રત્યેક ગઢને ચાર દરવાજા હોય છે, જ્યાંથી શ્રોતાઓ સમવસરણમાં પ્રવેશે છે. આમ સમવસરણમાં ત્રણ ગઢની રચના થઇ હોય છે, અને જેમ જેમ અંદરના ગઢ તરફ જતા જઈએ તેમ તેમ ગઢ વિશેષ વિશેષ કિંમતી થતા જાય છે. સમવસરણમાં રૂપું, સુવર્ણ અને રત્નના એ ત્રણ જ ગઢની રચના કેમ થઇ, એ ત્રણ જ ગઢો પ્રભુની આસપાસ દેવોએ કેમ રચ્યા ? આવો સૂક્ષ્મ પ્રશ્ન આચાર્યજીનાં મનમાં આવી ગયો હશે, અને તેનું સમાધાન તેમને જે મળ્યું હતું તે તેમણે પ્રથમની બે પંક્તિઓમાં આપેલું જણાય છે.

સમવસરણને વિશે રચાયેલા ત્રણ ગઢ, આચાર્યજીને પ્રભુનાં કીર્તિ, પ્રતાપ અને કાંતિના પ્રતિકરૂપ જણાય છે. વળી ત્રણે દુનિયાને એનાથી ભરી દેવા માટે જ એનું સર્જન થયું હોય એમ તેમને જણાય છે. આ ત્રણ ગઢોમાં, સોનાનાં કાંગરાવાળો રૂપાનો ગઢ પ્રભુની કીર્તિનું પ્રતિબિંબ જણાય છે. ધર્મસ્થાપન, આત્મશુદ્ધિ અને તીર્થંકરપદની પ્રાપ્તિથી પ્રભુની કીર્તિ ચારે બાજુ ફેલાય છે. વળી તેમાંથી જીવોને શીતળતા પ્રાપ્ત થાય છે. આ બધાનાં પ્રતિકરૂપે સૌ પ્રથમ અને સૌથી મોટા એવા રૂપાના ગઢની રચના થઇ હોય એમ જણાય છે. ચાંદી એ શ્વેત ધાતુ છે, તેની પવિત્રતાથી લોકો વધુ આકર્ષાય તે માટે તથા કીર્તિમાં રહેલી પવિત્રતાને અનુલક્ષીને આ ગઢની રચના થઇ હોય એમ જણાય છે.

રૂપાના ગઢની અંદરના ભાગમાં સુવર્ણનો ગઢ આવે છે, જેના ઉપર રત્નનાં કાંગરાં મૂકેલાં હોય છે. આ ગઢ પ્રભુના પ્રતાપના પ્રતિકરૂપે રચાયો હોય તેમ જણાય છે. પ્રભુજીનો પ્રતાપ એવો હોય છે કે તેમની ચોતરફના એક જોજન વિસ્તારમાં કોઈ પણ પ્રકારની અશુદ્ધિ પ્રવેશી શકતી નથી. કોઈ પણ પ્રકારનાં દુર્ભિક્ષ, રોગ કે આત્માને અશાંતિ કરે તેવાં તત્ત્વો તે પ્રદેશમાં દાખલ થઇ શકતાં નથી. આ વિશુદ્ધિનાં પ્રતિકરૂપે રત્નનાં કાંગરાવાળો સોનાનો ગઢ રચાયો જણાય છે. સુવર્ણ એ ચાંદી કરતાં વિશેષ તેજસ્વી છે, અને તેનાં કિરણોમાં પણ વધારે છાપ પાડવાની શક્તિ હોય છે. વળી રત્નનાં કાંગરાં એ પ્રતાપમાં વધારો કરે છે. રત્નોમાં ચમક વિશેષ હોય છે તથા તેનામાં આંખોને આંજી નાખવાની શક્તિ પણ હોય છે. સુવર્ણનાં તેજ સાથે રત્નોનું

તેજ ભળવાથી તેમાંથી છૂટતાં કિરણો વિશેષ પ્રભાવશાળી બને છે અને પ્રભુના પ્રતાપના પ્રતિકને યોગ્ય તેઓ બની રહે છે.

ત્રીજો અને પ્રભુજીની સૌથી સમીપનો મણિરત્નનાં કાંગરાવાળો રત્નનો ગઢ પ્રભુની કાંતિનું પ્રતિક જણાય છે. પ્રભુના આત્માની કાંતિ, તેમના દેહદ્વારા પ્રગટ થાય છે, એટલે કે આત્માની એ સૌથી નજીકનું તત્ત્વ છે. કાંતિ અર્થાત્ તેજી એ આત્માથી છૂટતાં કિરણોને સ્પર્શતો નજીકનો ગુણ છે, ત્યારે પ્રતાપ અને કીર્તિ એ છૂટતાં કિરણોનાં પરિણામરૂપ છે, આથી એ પ્રમાણમાં દૂરના ગુણો કહી શકાય. આમ કાંતિ એ કારણરૂપ તથા પ્રતાપ તથા કીર્તિ એ પરિણામરૂપ ગુણ છે. અત્યંત કાંતિ અર્થાત્ તેજસ્વીતા એ પ્રભુના આત્મામાંથી પ્રગટે છે, તથા તેમની શુદ્ધતાને કારણે આવિર્ભાવ પામે છે; આથી તેનો પ્રભાવ ચોતરફ ફેલાય છે, એ પ્રભુનો પ્રતાપ છે. આ પ્રભાવને અનુભવનારાઓ પ્રભુની કીર્તિ વિશાળ જગ્યાએ ફેલાવે છે કે પ્રભુ આવા અતિ અતિ પ્રભાવશાળી આત્મા છે. અર્થાત્ પ્રભુના પ્રતાપને અનુભવનારાઓ પ્રભુની કીર્તિને ત્રણે જગતમાં ફેલાવે છે. આ ત્રણે ગુણને એક સાથે સમજવા હોય તો કહી શકાય કે, પ્રભુના આત્માની અત્યંત વિશુદ્ધતાને લીધે પ્રગટતી કાંતિનો પ્રભાવ કીર્તિરૂપે ચોતરફ ફેલાય છે, આ કાંતિનું ઘણું મહત્ત્વ છે. તેથી તેનાં પ્રતકરૂપે રચાયેલો મણિરત્નનાં કાંગરાવાળો રત્નનો ગઢ, પ્રભુની સમીપમાં તથા સૌથી મૂલ્યવાન હોય તે સહજ છે.

માણિક્ય, સુવર્ણ અને રૂપાના ગઢો સમવસરણમાં વર્તુળાકારે રચાયા હોય છે. એને આચાર્યજી કવિકલ્પનાથી ગોળારૂપે સમજે છે. અને એ ત્રણે ગોળામાં પ્રભુએ પોતાનાં કાંતિ, પ્રતાપ તથા કીર્તિ પૂરીને ત્રણેને ત્રણે લોકમાં છોડી દીધાં હોય એમ આચાર્યજીને જણાય છે. આ ત્રણે ગોળા ત્રણે લોકમાં ફરતાં ફરતાં પ્રભુનાં કાંતિ, પ્રતાપ અને કીર્તિનો ફેલાવો કરતા રહે છે અને એ ત્રણેથી બધા લોક ભરાઈ ગયા છે. ત્રણ લોકમાં ફેલાયેલાં પ્રભુનાં કીર્તિ, કાંતિ તથા પ્રતાપના પ્રતિકરૂપે દેવોએ આ ત્રણ ગઢની રચના સમવસરણમાં કરી છે, એવું રહસ્ય આચાર્યજી આપણને આ કડીમાં સમજાવે છે.

આચાર્યજી ૧૯મી થી શરૂ કરી ૨૭મી કડી સુધીમાં ભગવાનને પ્રગટ થતાં જુદા જુદા નવ અતિશયો તથા તેના વિશિષ્ટ અર્થો સમજાવીને આપણને ધન્ય કરે છે. પ્રભુજીને પ્રગટતા ચોંત્રીશ અતિશયમાંના આચાર્યજીએ વર્ણવેલા નવ અતિશય આ પ્રમાણે છેઃ દેશના સમયનું અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યવાણી, ચામર, સિંહાસન, ભામંડળ, દેવદુંદુભિ, છત્ર અને સમવસરણ આ નવે અતિશયો એક સાથે વિચારીને પ્રભુનું ચિત્ર ખડું કરીએ તો પ્રભુની પ્રતિભાનું આપણને સાચું લક્ષ થાય એમ છે.

પ્રભુ જે જગ્યાએ દેશના પ્રકાશવાના હોય, તે જગ્યાને સ્વચ્છ તથા પવિત્ર કરવા, તથા લોકોને દેશનાની જાણ કરવા માટે દેવો પુષ્પવૃષ્ટિ કરે છે. સાથે સાથે આકાશમાં મોટા નાદે દેવદુંદુભિ વગાડે છે. વળી દેશનાના સ્થળે માણિક્ય, સુવર્ણ તથા રૂપાના એમ ત્રણ ગઢવાળા સમવસરણની રચના કરે છે. તેની વચમાં અશોકવૃક્ષની નીચે સુવર્ણનાં સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન થાય છે. તેમની બંને બાજુએ દેવો રચિત શ્વેત ચામરો ઢોળાય છે, મસ્તકની પાછળ દિવ્ય ભામંડળ પ્રકાશે છે, અને પ્રભુનાં મસ્તક ઉપર ત્રણ શ્વેત છત્રો છાયા કરે છે. આવા અતિશયોની વચમાં વસવા છતાં વીતરાગ એવા પરમાત્મા ॐ ધ્વનિરૂપ દિવ્યવાણી પ્રકાશે છે, જે જગતના સમસ્ત જીવોને કલ્યાણરૂપ હોય છે. આ બધા અતિશયોથી વિભૂષિત થયેલા પ્રભુનો સમગ્રપણે વિચાર કરીએ છીએ ત્યારે પ્રભુનું મહાત્મ્ય આપણી સમક્ષ પ્રગટ થાય છે. વળી એ પણ સમજાય છે કે ધ્વનિ સિવાયના બધા અતિશયો દેવકૃત છે, અને ધ્વનિ એ સ્વયં પ્રગટતો અતિશય છે. પણ આ અતિશય એ સૌથી મહત્ત્વનો છે. બીજા અતિશયો જોઈને, પ્રભુની સમૃદ્ધિથી ખેંચાઈને લોકો તેમના પ્રતિ આકર્ષાય છે. અને તેમની પાસે આવી, વીતરાગી બોધ સાંભળી, જગતના જીવો આત્મકલ્યાણના પંથે પ્રગતિ સાધે છે. આ મુખ્ય અતિશયનાં માનમાં જ દેવો બીજા અતિશયો પ્રભુને અર્પે છે. આ પરથી એ પણ સમજાય છે કે પાત્ર જીવોને સર્વજ્ઞ પ્રભુનું કેટલું બધું મહત્ત્વ હોય છે! તે અહોભાવ દર્શાવવા માટે જ આ અતિશયો દેવો રચે છે. આ સમગ્ર ચિત્ર ખડું કરતાં આપણને એ પણ ખ્યાલ આવે છે કે શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિના પ્રણામ સહન કરી શકે એ દેવ કેવા ભવ્ય છે. અને એ ભવ્યતા પ્રગટાવનાર સૂરિ પણ કેવા સમર્થ હોવા જોઈએ! (૨૭)

दिव्यस्त्रजो जिन! नमत्त्रिदशाधिपानाम्
उत्सृज्य रत्नरचितानपि मौलिबंधान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र
त्वत्संगमे सुमनसो न रमंत एव ॥२८॥

પડતી પ્રભુ! તુજ પાદમાં દેવેન્દ્ર નમતા તેમની,
રત્ને રચિત મુગટો તજીને દિવ્ય માળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે એ યોગ્ય થાયે સર્વથી,
વિભુ! આપનો સંગમ થતાં સુમનો બીજે રમતાં નથી. (૨૮)

ચોંત્રીશ પ્રકારના અતિશયોથી વિભૂષિત શ્રી વીતરાગપ્રભુનાં ચરણમાં દેવોના ઇન્દ્રો નમન કરે છે, ત્યારે તેમનાં ગળામાં શોભી રહેલી પુષ્પમાળા પ્રભુનાં ચરણનો આશ્રય લે છે, તે પરિસ્થિતિની યોગ્યતા જણાવતાં આચાર્યજી આ કડીમાં પ્રભુજીને સંબોધીને કહે છે કે, “હે જિનદેવ! આપને નમસ્કાર કરનાર દેવતાઓના ઇન્દ્રોના કંઠમાં રહેલી પુષ્પમાળા, તેમના રત્નજડિત મુગટોને છોડીને આપનાં ચરણારવિંદનો આશ્રય લે છે તે યોગ્ય જ છે, કેમકે આપનો સંગ થયા પછી સુમનો (પુષ્પ અથવા દેવ) બીજે સ્થળે રમવું પસંદ કરતાં નથી.

સંસારની ચારે ગતિઓમાં દેવલોકમાં સૌથી વધુ પુણ્યનો ભોગવટો હોય છે. અને તે પુણ્યનો ભોગવટો પૂર્ણ કરવા માટે દેવલોકમાં દેવો રત્નો જડેલા મુગટો મસ્તકે પહેરે છે. અને તેમનાં ગળામાં ખીલેલાં પુષ્પોની માળા સદાય શોભી રહે છે. આ ઉપરાંત બીજા પણ અનેક પ્રકારનાં ભૌતિક સુખોનો ભોગવટો દેવલોકના દેવો કરે છે. જ્યારે દેવોને તેમનાં આયુષ્યનાં માત્ર છ માસ બાકી રહે છે ત્યારે તેમનાં ગળામાં રહેલી પુષ્પની માળા કરમાવા માંડે છે, અને દેવને પોતાના પૂર્ણ થતાં આયુષ્યનો લક્ષ થાય છે. તે પહેલાં તે માળા સદાય સુગંધી અને ખીલેલી રહ્યા કરે છે. જ્યારે દેવો શ્રી તીર્થંકર પ્રભુને વાંદવા આવે છે ત્યારે, તેમને મસ્તક નમાવી પંચાંગી નમસ્કાર કરે છે. એ નમસ્કાર કરતી વખતે, સામાન્ય રીતે જોઈએ તો ગળાની માળાને મસ્તકના

મુગટનો સ્પર્શ થાય, એટલે કે પુષ્પમાળા રત્નજડિત મુગટના આશ્રયમાં રહે. પણ જ્યારે દેવો પ્રભુને વાંદે છે ત્યારે એમ બનતું નથી. દેવો પ્રભુનાં ચરણમાં મસ્તક નમાવે છે, તેથી તે માળા મુગટ સુધી ન જતાં, પ્રભુનાં ચરણમાં જ સ્થિર થઇ જાય છે, અટકી જાય છે. પ્રભુનાં ચરણને મુગટધારી દેવોનાં મસ્તકનો સ્પર્શ થાય ત્યારે માળા સ્વાભાવિક રીતે જ ચરણ પાસે રહી જાય. આ હકીકતને બહુ સુંદર રીતે રજૂ કરી, આચાર્યજી એ દ્વારા નવીન અર્થ અને પ્રભુનો મહિમા આપણી પાસે વ્યક્ત કરે છે.

આચાર્યજી આ કડીમાં આપણને જણાવે છે કે પુષ્પમાળા આ રીતે પ્રભુનાં ચરણનો આશ્રય કરીને રહી જાય છે તે ખૂબ જ યોગ્ય છે. કારણ કે પ્રભુના સમાગમમાં આવ્યા પછી 'સુમનસ' બીજે રમતા નથી. 'સુમનસ' શબ્દ દ્વીઅર્થી છે. અને એ બંને અર્થમાં અહીં યોગ્યતાથી વાપરી આચાર્યજીએ ખૂબીથી શ્લેષ અલંકાર રચ્યો છે. 'સુમનસ' એટલે પુષ્પ, એ એક અર્થ થાય, અને બીજો અર્થ છે દેવ અથવા તો વિદ્વાન. જેનું માનસ સાચી રીતે પ્રવર્તે છે તે સુમનસ. ઉપરનાં વચનને સુમનસના બંને અર્થના સંદર્ભમાં જોતાં યોગ્ય જણાય છે. સુમનસનો અર્થ પુષ્પ લઇએ તો તે વચન આ પ્રમાણે સમજાયઃ હે પ્રભુ! આપનો સંગ પામ્યા પછી પુષ્પો બીજે રમતાં નથી. દેવોની પુષ્પમાળા એક વખત પ્રભુનાં ચરણમાં સ્થાન પામ્યા પછી બીજે ક્યાંય જવા ઇચ્છા ધરાવતી નથી. ફૂલો એક વખત પ્રભુને ચડાવવામાં આવે તે પછી તે પ્રભુની સમીપ જ રહે છે, તેનો બીજો કોઈ ઉપયોગ થતો નથી, અને પ્રભુનાં ચરણમાં સ્થાન પામેલ ફૂલોની ગતિ શુભ હોય છે. સુમનસનો બીજો અર્થ દેવો અથવા તો વિદ્વાન લઇએ તો તે વચન આ પ્રમાણે સમજાયઃ હે પ્રભુ! આપનો સંગ પામ્યા પછી દેવો અથવા તો વિદ્વાનો બીજે રમતાં નથી. પુષ્પમાળાના ધારક દેવો એક વખત પ્રભુનાં ચરણમાં આવે છે તે પછી બીજે જવા ઇચ્છતા નથી. એટલે કે પ્રભુનાં ચરણમાં ભાવથી નમે છે ત્યારે તેમને જેવી શાંતિ ત્યાંથી પ્રાપ્ત થાય છે તેવી શાંતિ તેમને બીજે ક્યાંયથી પણ મળતી નથી. એટલે તેઓ બીજે જવા, બીજેથી આનંદ લેવા જવા ઇચ્છતા નથી. આ જ રીતે 'સુમનસ એટલે આત્મમાર્ગમાં ચાલવા ઇચ્છતા ભવ્ય જીવો કે જેમનું માનસ સવળું થયું છે.' તેમને માટે પણ આ અર્થ યથાર્થ છે.

આત્મમાર્ગમાં ચાલવા ઇચ્છતો, સુમનસ ગમે તે ગતિમાં હોય, પણ તે આત્માનું સુખ મેળવવા માટે પ્રભુનાં ચરણને છોડતો નથી, અને સદાય પ્રભુચરણમાં રહેવા ઇચ્છ્યા કરે છે. અહીં એક બીજી અપેક્ષાથી પણ વિચારવું યોગ્ય છે. સુમનસ જ શા માટે પ્રભુનાં ચરણમાં રહેવા ઇચ્છે? નરક ગતિમાં સુમનસ ભાગ્યે જ હોય છે. અને જે સુમનસ નથી તેઓ તો પોતાનાં દુઃખમાં એટલા ગળાબૂડ ડૂબેલા હોય છે કે પ્રભુનો લક્ષ પણ તેમને હોતો નથી, પછી તેમનાં ચરણમાં રહેવાની વાત તો ક્યાંથી જ આવે? એટલે કે તેમને સુખ ક્યાંથી પ્રાપ્ત થાય તેમ છે તેની સમજ જ હોતી નથી. તિર્યંચ ગતિમાં પણ અતિ અતિ અલ્પ સંખ્યામાં સુમનસ હોય છે. તે ગતિમાં એકથી ચાર ઈંદ્રિય સુધીના જીવને તો માનસ જ નથી, તેથી તેમને સુમનસ થવાનો અવકાશ જ નથી. તેથી તેઓ ક્યાં પ્રભુ ચરણની સેવના કરે? ત્યારે સંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચમાં પ્રભુનો યોગ થવો અતિ દુર્લભ છે, પણ જેને તેની પ્રાપ્તિ હોય છે અને જે સુમનસ બને છે, તેઓ એ યોગ છોડવા તૈયાર હોતા નથી. બીજા તિર્યંચ જીવોને પ્રભુની ઓળખ કે સુખપ્રાપ્તિના માર્ગનું લક્ષ પણ હોતું નથી. આથી સુમનસ સિવાયનાને પ્રભુચરણમાં આવવાનું થતું નથી. તેઓ તો બીજે બીજેથી સુખ મેળવવાના વ્યર્થ ફાંફા મારે છે. મનુષ્યગતિમાં સુમનસ થવા માટે સૌથી વિશેષ અવકાશ છે. કારણ કે સત્પુરુષથી સર્વજ્ઞપુરુષનો યોગ થવો તેને બીજા બધા કરતાં સુલભ છે. અને જેઓ પ્રભુચરણમાં રહી આત્માનું સાચું સુખ મેળવે છે તેઓ બીજેથી આનંદ લેવા ઇચ્છતા નથી. પણ જેઓ સુમનસ બન્યા નથી, તેઓમાં સ્વચ્છંદતા ભરપૂર હોય છે. અને એ સ્વચ્છંદતાનાં કારણે તેની અપાત્રતા ટળતી નથી, અને સ્વચ્છંદમાં રાચતો જીવ સાચું લક્ષ કરી શકતો નથી. તે જીવોને સ્વચ્છંદ અપરિમિતપણે હેરાન કરી હલકી ગતિમાં ફેંકી દે છે. આવી દશા દેવલોકના દેવો કે જેઓ આત્મમાર્ગે શાંતિ મેળવવા ઇચ્છતા નથી, તેમની પણ થાય છે. આમ જેઓ સુમનસ છે તેઓ જ પ્રભુને ઓળખી શકે છે, સાચી શાંતિ તથા સુખનો અનુભવ કરી શકે છે. અને એટલે જ તેઓ પ્રભુને છોડી બીજે જવા ઇચ્છતા નથી, અર્થાત્ બીજેથી આનંદ લેવા તેઓ પ્રવૃત્ત થતાં નથી. તેમને પ્રભુનાં ચરણ સમીપથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેવો આનંદ બીજે ક્યાંયથી મળતો

નથી, એટલે ત્યાંથી તેઓ લેશ પણ ખસવા ઇચ્છતા નથી. ત્યારે જેઓ સુમનસ નથી તેને તો પ્રભુના સમાગમનાં સુખની ઓળખ જ નથી હોતી, એટલે કલ્પિત સુખને માટે જ્યાં ત્યાં વલખાં મારી દુ:ખી થાય છે, અને ચારે ગતિમાં ભમ્યા કરે છે. આ વિચારણાથી એ સમજાય છે કે આચાર્યજીએ કહ્યું છે કે જે સુમનસ છે તે જ પ્રભુનાં ચરણને છોડીને બીજેથી આનંદ લેતા નથી, અર્થાત્ બીજે રમતાં નથી તે અત્યંત યોગ્ય છે. સુમનસ નથી તેઓ તો ગમે ત્યાં ભમતા ફરતા હોય છે.

આ વિચારણાનાં અનુસંધાનમાં એક બીજો પ્રશ્ન સંભવે છે. પ્રભુનાં ચરણને ઇચ્છનાર સુમનસ જીવો તો ચારે ગતિમાં હોઈ શકે છે. જે કોઈ સંજ્ઞી પંચેંદ્રિય જીવ આત્માભિલાષી બને, અને પ્રભુનાં ચરણમાં સ્થાન પામે, તો તે જીવ પછી ક્યારેય બીજે જવા ઇચ્છતો નથી, અથવા તો બીજેથી આનંદ લેવાની તેને વૃત્તિ થતી નથી. તો પછી ચારે ગતિને સમગ્રપણે લેવાને બદલે, આ વૃત્તિ સમજાવવા માત્ર દેવોની જ પસંદગી આચાર્યજીએ કેમ કરી હશે? દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર પ્રકારના સંજ્ઞી પંચેંદ્રિય જીવોમાં શાતા વેદનીય સૌથી વિશેષ દેવોને હોય છે. આથી જગતમાં સુખોમાં મોહ પામવાનું સૌથી બળવાન ક્ષેત્ર દેવલોક છે. દેવલોકમાં ભૌતિક સુખ અને શાંતિ સૌથી વિશેષ હોવાથી, દેવોને મોહમાં લપટાવવાનું અધિક રહે છે, અને આત્મચારિત્ર પ્રગટાવવું અત્યંત કઠિન બને છે. સુખ અને શાતાનો ભોગવટો વિશેષ હોવાને કારણે જીવને વિશેષ મારાપણું પુદ્ગલને વિશે આવે છે. ત્યારે અન્ય ગતિઓમાં આવાં સુખ અને શાતાનાં નિમિત્તો ઘણા અલ્પ હોય છે. અને તેને બદલે અશાંતિ અને અશાતાનાં નિમિત્તો ઘણાં વિશેષ હોય છે કે જેનાથી છૂટવાના ભાવ જીવને થાય છે, અને એનાં પ્રમાણમાં મોહનીયની અલ્પતા રહે છે. આમ ચારે ગતિમાં દેવગતિ એવી છે કે જ્યાં મોહનીયનું બળવત્તરપણું સંભવે. મનુષ્યગતિમાં આત્મચારિત્રમાં લીન આત્માને જો દેવગતિમાં જવાનું બને છે તો ત્યાં તેનાથી તે ચારિત્રપાલન થઇ શકતું નથી, એવી બળવત્તરતા મોહની છે. આવી મોહની પ્રાધાન્યતાવાળી દેવગતિના દેવો પણ જ્યારે પ્રભુનાં ચરણમાં સ્થાન પામે છે ત્યારે ત્યાંથી બીજે જવા ઇચ્છતા નથી એ બતાવી પ્રભુનાં ચરણનો મહિમા આચાર્યજીએ આપણી સમક્ષ ખોલ્યો છે. બાકી જે કોઈ જીવ

પ્રભુનાં ચરણમાં રહી આત્માનું સુખ પામે તે ત્યાંથી ખસવા ઇચ્છે નહિ તે તો એક નિરપવાદ હકીકત છે. (૨૮)

त्वं नाथ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि
यत्तारयस्य सुमतो निजपृष्ठ लग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव
चित्रं विभो! यदसि कर्मविपाकशून्यः ।।२९।।

હે નાથ! આ સંસાર સાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વેશ તે તો યોગ્ય છે;
લોકો તરે માટી તણા ઘટ કર્મપાક સહિતથી,
આશ્ચર્ય વિભુ! પણ આપ તો છો રહિત કર્મ વિપાકથી. (૨૯)

આપણને અઠ્ઠાવીસમી કડીમાં આચાર્યજીએ બતાવ્યું કે પ્રભુનાં ચરણનો આશ્રય લીધા પછી સુમનસ બીજે ન જતાં ત્યાં જ રહે છે. પ્રભુના આશ્રયે રહેલા આવા સુમનસોનું પ્રભુ શું કરે છે તે આપણને પ્રસ્તુત કડીમાં જાણવા મળે છે. આચાર્યજી પ્રભુને સંબોધતા કહે છે કે, "હે નાથ! આપ આ સંસાર-સમુદ્રથી વિમુખ છતાં પણ આપની પાછળ લાગેલા સુમતિવાળા (આપનો આશ્રય કરનારા) ને આપ તારો છો. હે વિશ્વેશ! તે તો યોગ્ય જ છે; કેમકે કુંભારનું બનાવેલું માટીનું વાસણ પોતાનો આશ્રય કરનારને આ લોકમાં પણ વિમુખ (નીચું મોઢું) રાખીને સમુદ્રમાં તારી શકે છે, પણ આપને વિશે એટલું આશ્ચર્ય છે કે તે કર્મવિપાક સહિત હોય છે, અને આપ તો તેથી રહિત છો, છતાં પણ તારી શકો છો."

આચાર્યજી શ્રી પાર્શ્વનાથ પ્રભુને 'નાથ' તરીકે સંબોધતા અહીં કહે છે કે તમે સંસાર-સમુદ્રથી પરાંગમુખ હોવા છતાં જે સુમતિઓ તમારી પાછળ લાગેલા છે, તેને તમે તારો છો, તે યોગ્ય જ છે. અહીં આચાર્યજી પ્રભુને સંસાર-સમુદ્રથી પરાંગમુખ જણાવે છે. જે રીતે વર્તવાથી સંસારનાં ભ્રમણની વૃદ્ધિ થાય તે રીતે વર્તે તે સંસાર-અભિમુખ કહેવાય; અને સંસારનાં પરિભ્રમણનો અંત આવે એ રીતે વર્તે તે સંસારથી

પરાંગમુખ કહેવાય. પ્રભુ સંસારથી પર બન્યા છે, સમગ્ર કર્મોનો નાશ થયો છે, તેમનાં જન્મ, જરા અને મરણાદિ દુ:ખોનો આત્યંતિક વિયોગ છે, અને સંસારનો ભોગવટો અલ્પ માત્ર પણ બાકી રહ્યો નથી, કારણ કે ચારે ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવ્યાં છે. આ અવસ્થાને કારણે પ્રભુ સંસાર-સમુદ્રથી પરાંગમુખ છે તે સમજી શકાય તેમ છે. આ રીતે જોતાં પ્રભુને સંસારનું કોઈ કાર્ય કરવાનું બાકી રહેતું નથી, તેમ છતાં જે કોઈ પ્રભુનાં શરણમાં જાય છે તેને પ્રભુ તારે છે. પોતે સંસારથી છૂટ્યા છે, અને જે કોઈ જીવ સંસારથી છૂટવા પ્રવૃત્ત થાય છે, તેને પ્રભુ સંસારથી છોડાવે છે. તેઓને સાચો મોક્ષમાર્ગ બતાવી, કર્મથી છૂટવાનો માર્ગ પ્રગટ કરીને પ્રભુ જીવોનું અનેકધા કલ્યાણ કરે છે તે અત્યંત યોગ્ય છે, એમ આચાર્યજી અહીં જણાવે છે.

આ કાર્ય ન બની શકે એવું નથી, પણ તે સહજ છે એવું પ્રતિપાદન આચાર્યજીએ અહીં કર્યું છે. અને તેનું સમર્થન પણ સંસારનું એક ઉદાહરણ લઈને તેમણે કર્યું છે. કુંભારે બનાવેલું માટીનું વાસણ, પોતાનો આશ્રય કરનારને આ લોકમાં પણ વિમુખ છતાં સમુદ્રમાં તારી શકે છે. અહીં 'વિમુખ' એટલે નીચું એ પ્રમાણે અર્થ થાય છે. જે ઘડો કુંભારે ઘડ્યો છે, તેને પાણીમાં ઊંધો રાખવામાં આવે ત્યારે તેનો આધાર રાખનાર સમુદ્રનાં પાણીમાં ડૂબી ન જતાં, તરી શકે છે. ઘડામાં પૂરાયેલી હવાનાં કારણે ઘડાની ઘનતા ઓછી થાય છે, અને તે પાણીમાં તરે છે એટલું જ નહિ પણ સાથ લેનારને પણ તારે છે. ઘડો વિમુખ થઇ પાણીમાં તરે છે અને આશ્રિતને તારે છે, શ્રીપ્રભુ સંસારથી પરાંગમુખ થઈ પોતે તરે છે અને પોતાના આશ્રિતોને પણ તારે છે, આમ બંને તરવાનું તથા તારવાનું કાર્ય કરે છે. તો બંને વચ્ચે તફાવત શો?

ઘડાનાં કાર્યમાં અને પ્રભુનાં કાર્યમાં એક મહત્ત્વનો ફેરફાર છે. જળ-સમુદ્રમાં જીવને તારનાર ઘડો કર્મવિપાક સહિત છે, અને સંસાર-સમુદ્રમાં જીવને તારનાર શ્રી પ્રભુ કર્મવિપાક રહિત છે. ઘડો કર્મવિપાક સહિત છે – એટલે કે તેને માટી લાગેલી છે; તે માટીમાંથી જ બનેલો છે. આમ ઘડામાં પોતા ઉપરાંત બીજા તત્ત્વોનો

સમાવેશ થયેલો જોઇ શકાય છે, ત્યારે પ્રભુજીની સ્થિતિ તેનાથી બરાબર ઊલટી છે. તેમને પૂર્વે જે કર્મવિપાક લાગેલો હતો, તે નીકળી ગયા પછી તેમનું તારવાનું કાર્ય શરૂ થયું હતું. કર્મવિપાક એટલે આત્માના પ્રદેશો પર લાગેલાં કર્મનાં પુદ્ગલ પરમાણુઓ. જ્યાં સુધી ઘાતી કર્મોરૂપી પુદ્ગલ પરમાણુઓ આત્માના પ્રદેશો પર લાગેલાં હતાં, ત્યાં સુધી પ્રભુજી કર્મભારને કારણે બીજાને તારવાનું કાર્ય યથાર્થ રીતે કરી શકતા નહોતા. પણ તેઓ જેવા કર્મથી મુક્ત થયા, કેવળજ્ઞાન – કેવળદર્શન સહિત બન્યા કે તેમની તારવાની શક્તિ અનેકગણી વધી ગઈ, અર્થાત્ કોઈનો પણ સહારો ન હોવા છતાં આશ્રિતને પૂર્ણપણે તારવાની શક્તિ પ્રભુમાં આવી ગઈ.

આ ભેદને કારણે ઘડામાં અને પ્રભુમાં બેમાંથી કોની તારવાની શક્તિ વિશેષ ગણવી? સુરીશ્વરજીને તો એ જ આશ્ચર્ય લાગે છે કે કર્મવિપાકથી રહિત હોવા છતાં પ્રભુ જીવોને કેવી રીતે તારી શકે છે? ઘડો પોતે જડ તત્ત્વ છે અને કર્મપાક – માટી એ પણ જડ તત્ત્વ છે, એટલે કે એક જડ તત્ત્વ બીજા જડ તત્ત્વની સહાય લઈને તારવાનું કાર્ય કરે છે. પુદ્ગલ પરમાણુઓમાં મળવા તથા વિખરાવાનો જે ગુણ છે, તે ગુણને આધારે આ સહાય લઈ શકાય છે. આથી જ માટીમાંથી બનેલો ઘડો પાણીમાં તારી શકે છે પણ મુક્ત કરી શકતો નથી. વળી જ્યાં સુધી ઘડાની માટી પાણીમાં પલળીને વિખરાઈ ન જાય ત્યાં સુધી જ ઘડો તરવાનું અને તારવાનું કાર્ય કરી શકે છે. ઘડાની માટી પલળ્યા પછી, ઘડો ભીની માટી સ્વરૂપ બની જાય છે, અને સમુદ્રમાં ડૂબી જાય છે. સાથે સાથે તેનો સાથ લેનાર પણ પાણીમાં ડૂબી જાય છે. ત્યારે બીજી બાજુ પ્રભુનો આત્મા ચેતન છે. જ્યાં સુધી પ્રભુના આત્માને જડ કર્મોનો પનારો હતો, ત્યાંસુધી તેમને પોતાની તારવાની શક્તિમાં પૂર્ણ શ્રદ્ધા ન હોવાને કારણે, તારવાનું કાર્ય તેમણે આરંભ્યુ નહોતું. જડ કર્મનો પનારો છૂટયો, પોતે કર્મવિપાક રહિત બન્યા ત્યારે તેમની ચેતનશક્તિ પૂર્ણપણે પ્રગટી ઊઠી, અને અન્ય જીવોને તારવાનું કાર્ય શુદ્ધપણે આરંભ્યું. વિચારતાં જણાય છે કે કર્મભારથી રહિત બન્યા પછી જે તારવાની શક્તિ આવે છે તે જ સાચી શક્તિ છે, કારણ કે બીજાનો આશ્રય ન હોવાને લીધે આશ્રય છૂટવાથી ઊભો થતો ડૂબવાનો સંભવ રહેતો નથી.

આ રીતે વિચારતાં જણાય છે કે પ્રભુની વિશેષતાને આચાર્યજી ન્યૂનતા રૂપે ગણાવી, પ્રભુજી માટેનું આપણું આશ્ચર્ય બેવડાવે છે. વળી સાધન વગર તારનાર પ્રભુ સમક્ષ પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરે છે. અને એ અભિવ્યક્તિની આચાર્યજીની શૈલી આપણને આનંદવિભોર બનાવી, કાવ્યરસમાં તરબોળ બનાવી દે છે. સાથે સાથે તેમાં રહેલો ઉત્તમ ધ્વનિ અધ્યાત્મરસની લહાણ પણ કરી જાય છે. તેમાં આચાર્યજીની આત્મિક દશાની ઝલક આપણી સમક્ષ રજૂ થાય છે, અને આપણા હ્રદયમાં એક વિચારસરણી ઊભી થઈ જાય છે. આરંભમાં પ્રભુની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા ત્યારે પોતાની અલ્પતાનું ગાન ગાનાર આચાર્યજીની કેવી ભવ્યતા છે, અને તેઓ કેવી સફળ રીતે શ્રી પ્રભુના ગુણ ગાઈ શકે છે તેનો પરિચય અહીં સુધીની અને આ પછીની કડીઓમાં આપણને મળી રહે છે. ત્યાં પ્રભુનો ઉપકાર માનવાની ઈચ્છા થાય છે, કે અલ્પતાનું ગાણું ગાઈ કાર્ય ન છોડી દેનાર આચાર્યજીની સમર્થતાનો આપણને પ્રભુએ પરિચય કરાવ્યો. (૨૯)

विश्वेश्वरोऽपि जनपालक ! दूर्गतस्त्वं
किं वाऽक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।
अज्ञानवत्यपि सदैव कथंचिदेव
ज्ञानं त्वयि स्फुरति विश्वविकाशहेतुः ।।३०।।

વિશ્વેશ, જનપાલક! છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ! અક્ષર છો, તથાપિ રહિત લિપિ સર્વથા;
વળી દેવ છો અજ્ઞાનીને પણ તારનાર સદૈવ જે,
વિચિત્ર તે ત્રિલોક-બોધક જ્ઞાન આપ વિશે સ્ફુરે. (૩૦)

પ્રભુગુણની ભવ્યતામાં રાચતી આચાર્યજીની વાણીની સુંદર ઝલક આપણને આ કડીમાં જોવા મળે છે. સંસ્કૃત સાહિત્યમાં દેખા દેતી ભાષાની ખૂબી અનુસાર કેટલાક દ્વિઅર્થી શબ્દોવાળી, એક અર્થ લેતાં વિરોધ ઊભો થાય અને બીજો અર્થ લેતાં તે વિરોધનું શમન થાય એવી શબ્દ ચમત્કૃતિવાળી રચના આ કડીમાં જોવા મળે છે. સાથે

સાથે પ્રભુના ઉપદેશને સંસ્કૃત ભાષામાં ઉતારવાની મહેચ્છા કરનાર આચાર્યજીના સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વનું આપણને લક્ષ થાય છે. આચાર્યજી આ કડીમાં કહે છે કે, "હે જનપાલક! આપ જગતના ઈશ્વર છો, તથાપિ દરિદ્રી છો. હે ઈશ્વર! આપ અક્ષર છો, તથાપિ લિપિથી રહિત છો. હે દેવ! તમે અજ્ઞાનવાન છો, તથાપિ જગતને બોધ પમાડનાર જ્ઞાન આપને વિશે હંમેશા સ્ફુરે છે, એ આશ્ચર્ય છે!" આમ એક પ્રકારનો અર્થ લેવાથી વિરોધ જણાય છે, પણ બીજો અર્થ લેતાં તે વિરોધનું શમન થાય છે. જુઓ. "હે જનપાલક! તમે જગતના ઈશ્વર છતાં પણ દુઃખે કરીને જાણી શકાય એવા છો. હે ઈશ! તમે મોક્ષસ્વભાવી અને કર્મલેપથી રહિત છો. હે દેવ! અજ્ઞાનીઓને પણ તારનાર, આ જગતને બોધ કરનાર એવું આપનામાં કંઈક વિચિત્ર જ્ઞાન હંમેશા સ્ફુરે છે."

પહેલી પંક્તિમાં આચાર્યજી પ્રભુને વિશ્વેશ અને જનપાલક તરીકે ઓળખાવીને પ્રભુને દુર્ગત રૂપે ઓળખાવે છે. દુર્ગત શબ્દનાં બે અર્થ થાય છે (૧) દરિદ્રી અને (૨) દુઃખે કરીને જાણી શકાય એવા. દુર્ગત શબ્દનો પહેલો અર્થ લઈએ તો પહેલી પંક્તિ આ પ્રમાણે સમજાય : "હે જનપાલક! આપ જગતના ઈશ્વર છો, તથાપિ દરિદ્રી છો." આ વચન વાંચતા જ તેમાં વિરોધ જણાઈ આવે છે. પાર્શ્વનાથ પ્રભુ જગતના ઈશ્વર અને જનપાલક અર્થાત્ જનોનું – લોકોનું પાલન પોષણ કરનાર, લોકોના આત્માને સાચું પોષણ આપનાર દરિદ્રી ક્યાંથી હોઈ શકે? જો પ્રભુ દરિદ્રી હોય તો, પોતાની દુર્બળતાને કારણે અન્યને કેવી રીતે શક્તિ-બળ-પોષણ આપી શકે? આમ પ્રભુ જો સમર્થ હોય તો દુર્બળ ન હોઈ શકે, અને જો દરિદ્રી હોય તો જનપાલક ન હોઈ શકે. આ પંક્તિમાં આચાર્યજીએ પ્રભુની સમર્થતા અને અસમર્થતા સાથે મૂકી વિરોધ ઊભો કર્યો છે. પણ જો દુર્ગત શબ્દનો બીજો અર્થ લઈને પંક્તિનો વિચાર કરીએ તો તે વિરોધનું શમન થાય છે. દુર્ગત એટલે દુઃખે કરીને જાણી શકાય એવા, એ અર્થ લઈએ તો આ પંક્તિ આમ સમજાય : "હે જનપાલક! તમે જગતના ઈશ્વર છો, તથાપિ દુઃખે કરીને જાણી શકાય એવા છો." અહીં એમ સમજાય છે કે પ્રભુ જગતના જીવોનું પાલન પોષણ એવી રીતે કરે છે

કે તેઓ જન સમસ્તની ઓળખમાં આવતા નથી. જેઓ પોતાના પોષણહારનું ઇચ્છાપૂર્વક ઓળખાણ કરવા પુરુષાર્થ કરે, શ્રમ લે અને કષ્ટો ભોગવે તેને જ પ્રભુની ઓળખાણ થાય છે. આ અર્થ યોગ્ય લાગે છે. આમ શ્લેષ અલંકાર રચી આચાર્યજીએ વિરોધ અને તેનું શમન બંને એક જ પંક્તિમાં સમાવી દીધાં છે.

પ્રથમ પંક્તિમાં આચાર્યજી શ્રી પાર્શ્વનાથ પ્રભુને વિશ્વેશ – વિશ્વના ઈશ તરીકે ઓળખાવે છે તે યોગ્ય જ છે. આ સૃષ્ટિના સમસ્ત જીવો જો પ્રભુનાં શરણમાં આવે તો, તેઓ સર્વને તારવાની શક્તિ પ્રભુમાં પ્રગટી ચૂકી છે. તે હેતુએ વિચારતાં પ્રભુ વિશ્વેશ-વિશ્વના શ્રેષ્ઠ સામર્થ્યવાન આત્મા જ છે તેમાં સંદેહ રહેતો નથી. એ જ રીતે આચાર્યજી પ્રભુને જનપાલક તરીકે પણ સંબોધે છે, જે જીવો જગતનાં અનેક પ્રકારનાં દુઃખો તથા કષ્ટોથી છૂટવા પ્રભુનાં શરણમાં આવે છે, તે સર્વનો હાથ ગ્રહી, તેમને સાચે રસ્તે આગળ વધારી, સર્વ દુઃખોથી મુક્ત કરાવી, શુદ્ધ, બુદ્ધ અને ચૈતન્યઘન બનાવે છે. પ્રભુનાં આ કાર્યને અનુલક્ષતાં જણાય છે કે તેઓ સાચે સાચા અર્થમાં જનપાલક છે. તેમના વિના જનોને – મનુષ્યોને દુઃખથી સર્વથા કોઈ પણ છોડાવી શકતું નથી.

આવા મહા સાર્મ્થયવાન પ્રભુ દુઃખે કરીને જાણી શકાય એવા છે. પ્રભુમાં એટલાં સામર્થ્ય, શક્તિ અને ગુણો હોવા છતાં તેઓ બધાને સહેલાઈથી મળતા નથી. તેઓ લોકો પાસે પોતાનાં સત્ય સ્વરૂપે સહેજે પ્રગટ થતાં નથી. તેઓ તો તે બધાથી દૂરનાં દૂર વસે છે. જેમને પ્રભુને પામવાની અત્યંત તાલાવેલી પ્રગટી હોય, અને એ માટેનો અતિ ઉગ્ર પુરુષાર્થ પ્રવર્તતો હોય તેવા પાત્ર જીવો સમક્ષ પણ પ્રભુ દુર્લભતાએ પ્રગટ થાય છે. આવો સર્વ જ્ઞાનીઓનો અભિપ્રાય છે. મોક્ષમાર્ગમાં વિચરતા લગભગ બધા મુમુક્ષુઓને આ પ્રકારનો અનુભવ થાય છે. આથી તો કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રે એક પત્રમાં લખ્યું છે કે “ભગવત્ મોક્ષ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ જણાય છે.” અને આ જ અનુભવ આપણે શ્રી સિદ્ધસેન દિવાકર સૂરિના મુખે પ્રગટતો જોઈએ છીએ.

આ કડીની બીજી પંક્તિનો વિચાર કરીએ છીએ તો તેમાં પણ શ્લેષ અલંકાર દ્વારા આવી ચમત્કૃતિ રચાએલી જોવા મળે છે. બીજી પંક્તિમાં 'અક્ષર' શબ્દ દ્વિઅર્થી છે, અને સાથે સાથે 'લિપિ' શબ્દ પણ બે અર્થવાળો છે. અક્ષર એટલે (૧) વાણીને કલમમાં ઉતારવા માટે વપરાતી લાક્ષણિક આકૃતિઓ જે સર્વના અમુક ચોક્કસ ધ્વનિ નક્કી કરેલાં છે; અને (૨) જેનો નાશ નથી તેવા મોક્ષસ્વભાવી. લિપિ એટલે (૧) અક્ષરો લખવા માટે નિશ્ચિત કરાયેલો આકૃતિનો મરોડ અને (૨) કર્મલેપ. બંને શબ્દના પ્રથમ અર્થ લઈ બીજી પંક્તિ વિચારીએ તો તેમાંથી વિરોધ દર્શાવતો ભાવાર્થ નીકળે છે, જુઓ. "હે ઈશ્વર! આપ અક્ષર છો તથાપી લિપિથી રહિત છો." અક્ષર હંમેશા લિપિમાં જ લખાય. આથી કોઈ પણ મરોડદાર અક્ષર લિપિ રહિત હોઈ શકે નહિ. એક અક્ષર જુદી જુદી લિપિમાં લખી શકાય, પણ લિપિ સિવાય અક્ષર સંભવી શકે નહિ. આમ અક્ષર અને લિપિના વાણીને લગતાં અર્થ લેતાં આપણી મુસીબત વધી પડે છે. અને આચાર્યજી શું જણાવવા માગે છે, તે વિચારતાં રહસ્ય – કોયડો ઊભો થાય છે. પણ જ્યારે બંને શબ્દોના બીજા અર્થને લઈએ છીએ ત્યારે આ પંક્તિનો સુસંગત ધ્વનિ સમજાય છે, જુઓ. "હે ઈશ્વર! તમે મોક્ષસ્વભાવી હોવા છતાં કર્મલેપથી રહિત છો." પ્રભુએ જન્મ-જરા-મરણનાં દુઃખનું સર્જન કરનાર સર્વ કર્મનો નાશ કર્યો છે, આથી તેઓ શાશ્વત-અક્ષર અર્થાત્ નાશ ન પામે તેવા બન્યા છે. આવા શાશ્વત ક્યારે બની શકાય? જ્યારે આત્મા સર્વ કર્મથી મૂકાય ત્યારે. આમ પ્રભુ અક્ષર બનવાથી લિપિથી-કર્મલેપથી રહિત બન્યા છે એ વચન યથાર્થ સમજાય છે. વળી આ બીજો અર્થ સમજાતાં પ્રભુના સહજ સ્વભાવનો પરિચય પણ આપણને થાય છે. પ્રભુ શુદ્ધ થયા એટલે તેમનો આત્મા શાશ્વત અને કર્મરહિત થઇ અનંત આનંદનો ભોગવટો કરે છે.

પ્રસ્તુત કડીની ત્રીજી તથા ચોથી પંક્તિ પણ શ્લેષ અલંકારવાળી છે. આ પંક્તિઓમાં "अज्ञानवत्" શબ્દ દ્વિઅર્થી હોવાથી, તેના આધારે વિરોધ અને તેના શમનની રચના થઇ છે. "अज्ञानवत्" એટલે (૧) અજ્ઞાનવાન અને (૨) અજ્ઞાનીઓને પણ તારનાર. આમાં પ્રથમ અર્થ લઈ પંક્તિઓ સમજતાં રચના જ અસંબદ્ધ જણાય છે, "હે દેવ! તમે અજ્ઞાનવાન છો, તથાપિ જગતને બોધ પમાડનાર જ્ઞાન આપને

વિશે હંમેશા સ્ફૂરે છે." જે અજ્ઞાની હોય તે જગતને બોધ આપનાર જ્ઞાન કેવી રીતે પ્રગટાવે? જેની પાસે જે ન હોય તે તેનું દાન કેવી રીતે કરે? વળી જે અજ્ઞાનથી સહિત હોય તે ઈશ્વરપણું – શાશ્વતપણું – પ્રભુત્વ કેવી રીતે પ્રાપ્ત કરે? આમ પ્રથમ અર્થ લઈ પંક્તિઓ સમજવા જતાં તે નિરર્થક અને વિરોધવાળી જણાય છે. પણ આપણે તેના બીજા અર્થને સ્વીકારીને તે જ પંક્તિઓ વિચારીએ તો આપણા મનને સંતોષ થાય તેવો અર્થ તેમાંથી નિષ્પન્ન થાય છે. "હે દેવ! અજ્ઞાનીઓને પણ તારનાર તથા જગતને બોધ કરનાર એવું કંઈક વિચિત્ર જ્ઞાન આપનામાં હંમેશા સ્ફુરે છે." પ્રભુની વાણીમાં એવું સામર્થ્ય રહેલું છે કે આત્મમાર્ગે વિચરનારા આત્માઓ પોતાની દશામાં એક પગલું આગળ વધે છે, અને જેઓ આ માર્ગમાં પ્રવેશ પામ્યા નથી, તેવા જીવો પણ એ વાણી સાંભળે તો તેઓ સવળા થઈ, આ માર્ગે પ્રવેશી, આત્માને વિશુદ્ધ કરતા કરતા સંસારસમુદ્ર તરી જાય છે. આમ જે કોઈ ભવ્ય જીવ પ્રભુની વાણી સાંભળે તે જરૂર આત્માર્થે લાભ પ્રાપ્ત કરે છે. આથી એમ કહી શકાય કે ત્રણે લોકના જીવોને વિકાસ કરવાનાં હેતુવાળું અને અજ્ઞાનીને પણ તારી શકે એવું વિવિધતાવાળું જ્ઞાન પ્રભુમાં પ્રગટે છે. પ્રભુની આ શક્તિ એક અને અનન્ય છે. તેમનાં જેવુ આવું પરોપકારનું કાર્ય બીજા કોઈ કરી શકવા સમર્થ નથી. પોતે સંપૂર્ણ શુદ્ધ થયા પછી, સંપૂર્ણ નિરાવરણ થયા પછી પણ જગતના જીવોને તારવાનું કાર્ય કરે, એવું તો એક શ્રી તીર્થંકર પ્રભુના પ્રસંગમાં જ બને છે, અન્ય કોઈના પ્રસંગમાં બનતું નથી. બીજા બધાં જીવોનો અન્યને તારવાનો પુરુષાર્થ મોક્ષમાર્ગની સમજણ આવે ત્યારથી શરૂ થાય છે અને શ્રેણી માંડતી વખતે અથવા તો કેવળજ્ઞાન લીધા પહેલાં પૂર્ણ થાય છે, અને સર્વજ્ઞપણું પામ્યા પછી એ પુરુષાર્થ અતિ મંદ થઈ જાય છે. તેમાં શ્રી ગણધર પ્રભુ પણ અપવાદ નથી. માત્ર એક અપવાદરૂપ શ્રી તીર્થંકર પ્રભુ જ છે કે જેઓ આ કાર્ય સર્વજ્ઞ થયા પછી કરે છે, તે પહેલાં કરતાં નથી. આ એમની વિશેષતા-વિચિત્રતા છે.

આ કડીમાં શ્રી તીર્થંકર પ્રભુનાં કેટલાક ગુણોનો પરિચય આપણને શ્રી આચાર્યજીએ કરાવ્યો છે. આચાર્યજી પ્રભુને વિશ્વેશ, જનપાલક, ઈશ અને દેવ એ ચાર સંબોધનોથી નવાજે છે. સાથે સાથે તેમની ઓળખ આપણને આ રીતે કરાવે છે; દુઃખે કરીને જાણી

શકાય તેવા, કર્મથી રહિત અને મોક્ષ સ્વભાવી, અજ્ઞાનીને તારનાર અને ત્રણે લોકના વિકાસના હેતુરૂપ જ્ઞાનને સ્ફુરાવનાર. સંબોધનોનો વિચાર કરીએ ત્યારે પ્રભુનાં બાહ્ય સામર્થ્ય અને સિદ્ધિનું આપણને લક્ષ થાય છે; ત્યારે પરિચયરૂપ વચનથી તેમનાં આંતર-સામર્થ્ય અને કાર્યની સમજણ પ્રાપ્ત થાય છે. આ રીતે જોતાં આ કડીને વિશેષ પ્રકારે મહત્ત્વ આપવું યોગ્ય છે.

આ સ્તોત્રની ત્રીશમી કડી સુધી પ્રભુનાં ગુણો, પ્રભુનું કાર્ય, તેમના અતિશયોનું વર્ણન આચાર્યજી કરે છે. અહીં સુધી પ્રભુનાં શાતા વેદનીય, શક્તિ વગેરેનો આપણને પરિચય કરાવ્યા પછી આચાર્યજીની વાણી એકત્રીશમી કડીથી નવો વળાંક લે છે. તેમાં પ્રભુ જ્યારે છદ્મસ્થ અવસ્થામાં જ્ઞાન પ્રગટાવવા માટે વિચરતા હતા તે વખતના કઠીન પ્રસંગોનું વર્ણન જોવા મળે છે. ત્રીસમી કડી સુધી જેમની સાથે શુભ સંબંધ છે, જેઓ તેમનાં ચરણમાં વસે છે તેમના વિશે આપણને જાણવા મળ્યું. એકત્રીશમી કડીથી જેઓ તેમના વિરુદ્ધ છે, જેમની સાથે અશુભ સંબંધ રહ્યા છે એવા વિરોધપક્ષનું દર્શન અને દશા જોવા મળે છે. (૩૦)

प्राग्भारसभृतनभांसि रजांसि रोषात्
उत्थापितानि कमठेन शठेन यानि ।
छायाऽपि तैस्तव न नाथ! हता हताशो
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।।३१।।

આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામી આપને;
છાયા પરંતુ નાથ! તેથી આપની ઢંકાઈ નથી,
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાનાં થકી. (૩૧)

શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવે, તીર્થપદ પ્રવર્તાવ્યું તે પહેલાનાં છ ભવે, તે ભવના ભાઈ સાથે વેરસંબંધ બાંધ્યો હતો. આ સંબંધ બંધાઈ ગયા પછી પાર્શ્વનાથ પ્રભુનો જીવ મોક્ષમાર્ગમાં આવી વિકાસ કરવા લાગ્યો, અને તેમણે વેર છોડી દીધું. પરંતુ

તેમના ભાઈનો જીવ આ માર્ગનો અરુચિવાન હતો. તેથી તેને તો એ વેર શલ્યની પેઠે ખૂંચતું હતું. તે તો આ વેરભાવનો બદલો લેવા ખૂબ તલસતો હતો. આથી તે પછીના પ્રત્યેક ભવે તે ભાઈનો જીવ પાર્શ્વનાથ પ્રભુના જીવને ઘોર ઉપસર્ગ કરી, દેહત્યાગની અવસ્થા સુધી લઈ જતો હતો અને પાર્શ્વનાથ પ્રભુનો જીવ ક્ષમાભાવ ધારણ કરી વેર મિટાવવા પ્રયત્ની રહેતો હતો. આ પ્રમાણે પાંચ ભવ સુધી ચાલ્યું. પ્રભુના જીવે સમભાવ ધારી નિર્વેરવૃત્તિ ધારણ કરી. પણ ભાઈના જીવને એથી વેર શમન થવાને બદલે વેર વિશેષ ને વિશેષ ઉદ્દીપ્ત થતું ગયું. આથી આ વેર પાર્શ્વનાથ પ્રભુના અંતિમ ભવ સુધી રહ્યું. પાર્શ્વનાથ પ્રભુના અંતિમ ભવે તેના પૂર્વના ભાઈનો જીવ "દૈત્ય" રૂપે કમઠ નામથી રહેતો હતો. આથી તે યોનિ અનુસાર બીજાને ઉપસર્ગ કરવાની શક્તિઓ તેનામાં વિશેષતાએ પ્રગટી હતી. શ્રી પાર્શ્વનાથ પ્રભુ દીક્ષા લીધા પછી મોક્ષપ્રાપ્તિ માટે આરાધન કરતા હતા, ત્યારે પૂર્વ વેરના ઉદયને કારણે દૈત્ય બનેલા કમઠે પ્રભુને ઘણા ઉપસર્ગ કર્યા હતા, અને તેમને હેરાન કરવાનો કોઈ ઉપાય બાકી રહેવા દીધો ન હતો. આ ઉપસર્ગો પ્રભુને હાનિકારક નીવડવાને બદલે દૈત્યને પોતાને જ હાનિરૂપ નીવડ્યા હતા. દૈત્યે કરેલા ઉપસર્ગના પ્રસંગોના સંદર્ભમાં આ કડીઓ રચાઈ છે. આવા ઉપસર્ગના એક પ્રકારને વર્ણવતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, "હે નાથ! કમઠ નામના શઠ દૈત્યે ક્રોધાયમાન થઈને આકાશને ઢાંકી દે એટલી બધી ધૂળ ઉડાડી પણ તેથી કરીને આપની તો છાયા સરખી પણ ઢંકાઈ નહિ. ઉલટો નિરાશ થયેલો તે દુષ્ટ જ તેનાથી ગ્રસિત (મલિન) થયો હતો."

શ્રી પાર્શ્વનાથ પ્રભુ દીક્ષિત થયા પછી પંચમજ્ઞાન પ્રગટાવવા માટે ભવ્ય પુરુષાર્થ કરતા હતા ત્યારે દૈત્ય કમઠને પૂર્વના વેરનો ઉદય આવ્યો. અને સાધનારત બનેલા પ્રભુને શક્ય તેટલી રીતે હેરાન કરવાની કુમતિ તેને સૂઝી. પ્રભુ જે જગ્યાએ આરાધન કરતા હતા ત્યાં આવી, આખું આકાશ ભરાઈ જાય એટલી હદે પ્રભુ પર ધૂળ ઉડાડી, અને એ ધૂળના વંટોળમાં પ્રભુને દાબી ગુંગળાવી દેવાનો પ્રયત્ન કર્યો. પણ પ્રભુ તો આવો ઉપસર્ગ થવા છતાં પોતાના ધ્યાનમાંથી જરાય ચ્યુત થયા નહિ. બલ્કે ક્ષમાભાવ

રાખી વિશેષ મગ્નતા તેમણે કેળવી, આમ ધ્યાનમગ્ન બની ક્ષમાભાવ કેળવવાથી પ્રભુએ બાંધેલા વેરસંબંધનો અંત આવ્યો. એટલે કમઠે ઉડાડેલી ધૂળ પ્રભુને અશાંતિ કરવા સમર્થ ન થઇ, વિખરાઈ ગઈ, ખંખેરાઈ ગઈ. જેથી પ્રભુ ભયરહિત બની વિશેષ સાધનારત બન્યા, આથી તેમને તેમાંથી નવા અંકુરો ફૂટી નવીન બંધ ન પડ્યા, એટલું જ નહિ પણ પૂર્વની બળવાન નિર્જરા થઇ, એટલે કે પ્રભુને પોતાને ધૂળના ઉપસર્ગથી કોઈ નુકશાન થયું નહિ.

બીજી બાજુ કમઠે પોતાની અસફળતાને કારણે પ્રભુને વધારે હેરાન કરવા માટે વિશેષ ઉગ્ર ભાવ કરવા માંડ્યા. અને ભાવની ઉગ્રતાના પ્રમાણમાં તે ધૂળ ફેંકતો હતો. આ અતિ તીવ્રતાથી નંખાયેલી ધૂળ પ્રભુને છાંઈ દેવામાં સમર્થ તો ન થઇ, પણ તેની અશુભ અસર તેના ફેંકનાર કમઠ દૈત્ય પર પડી. વિશુદ્ધ થતા જતા આત્માની અશાતના કરતા કૃત્યને લીધે તે ધૂળ કમઠને જબરો કર્મબંધ કરવામાં નિમિત્તરૂપ થઇ. ટૂંકા ભાવિમાં જે તીર્થંકરપદ શોભાવવાના છે, તે આત્માને અતિ દુઃખ પહોંચાડવામાં કમઠને કષાયભાવને કારણે અતિ આનંદ આવતો હતો, જે ભાવના પરિણામમાં અનંતાનુબંધી કર્મબંધન થાય. આમ કમઠ દૈત્ય પ્રભુને ધૂળથી આવરી દેવા જેમ જેમ વિશેષ વિશેષ પ્રયત્ન કરતો ગયો તેમ તેમ તેનાં અનંતાનુબંધી કર્મો વધારે ને વધારે ગાઢાં થતાં ગયાં. એટલે કે પ્રભુને આવરવા જતા તે પોતે જ અનંત કર્મના પાશમાં અવરાઈ ગયો, પ્રભુની અશાતના કરવા માટે જે કર્મનો જથ્થો તેણે એકઠો કર્યો, તે બધાં જ કર્મો તેને ભાવિમાં ખૂબ જ દુઃખરૂપ નીવડશે. એને અનેક કષ્ટોનો સામનો કરવો પડશે, અને અનેક વખત નરકની યાતના વેઠવી પડશે. આ અપેક્ષાએ આચાર્યજી પાછળની બે પંક્તિઓમાં જણાવે છે કે જે કાર્ય કમઠે પ્રભુને દુઃખ આપવા કર્યું હતું, તે કાર્ય દીર્ઘદૃષ્ટિથી વિચારતાં તેને પોતાને જ દુઃખકારી થઇ પડયું તે યોગ્ય છે. સમભાવથી ઉપસર્ગ સહન કરવાથી પ્રભુએ બાંધેલાં અશુભ કર્મોનો અંત આવ્યો, પણ તે ઉપસર્ગના કરનાર કમઠને માટે તો અશુભની પરંપરા જ સર્જાઈ ગઈ. ‘ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાનાં થકી’ એ પંક્તિ આ સંદર્ભમાં અત્યંત યોગ્ય લાગે છે. (૩૧)

यद्गर्जदूर्जित धनौधमद्रभ भीमं
भ्रश्यत्तडिन्मुसल मांसल घोरधारम् ।
दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे
तेनैव तस्य जिन! दुस्तरवारिकृत्यम् ।। ३२ ।।

વીજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે, છોડિયો પ્રભુ ગાજતો;
તેણે અહો જિનરાજ ઊલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તીક્ષ્ણ બૂરી તલવાર કેરૂં કામ તે સાચું કર્યું. (૩૨)

ધૂળનો વંટોળ ઉડાડી તેમાં પ્રભુને ઢબૂરી દેવાનો પ્રયત્ન કમઠ દૈત્યે કર્યો, પણ તેમાં તે નિષ્ફળ નીવડ્યો. આથી એનાથી વિશેષ ઉગ્ર ઉપાય કરવા તે પ્રવૃત્ત થયો. ધૂળ પછી વરસાદ વરસાવી તેમાં પ્રભુને ડૂબાડી દેવાનો પ્રયત્ન કમઠે કર્યો. આ ઉપસર્ગનું વર્ણન કરતાં આચાર્યજીએ આ કડીમાં કહ્યું છે કે “હે જિનરાજ! વળી એ જ કમઠાસુરે અત્યંત ગર્જના કરનારા અને વીજળીઓના ચમકારાયુક્ત એવા ઘનઘોર વરસાદથી તમારા ઉપર દુસ્ત વારિ વરસાવ્યું. પણ કેવું આશ્ચર્ય કે તે જ પાણીએ તેના જ સામું દુસ્તર વારિકૃત્ય (ભૂંડી તલવારનું કાર્ય) કર્યું, અર્થાત્ તેને જ કર્મબંધનરૂપ-દુ:ખરૂપ અથવા મૃત્યુરૂપ થઈ પડયું.” આમ પ્રભુને સાધનામાં વિક્ષેપ કરવાના હેતુથી કરેલું કાર્ય કમઠને પોતાને જ વિક્ષેપરૂપ થઈ પડયું.

કમઠ દૈત્યે જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઉપર ધૂળનો વંટોળ વરસાવ્યો ત્યારે તેમાં અવાજ કે ભયાનકતા નહોતા. એ અવાજ અને ભયાનકતા એ બેઉનો ઉમેરો કરી કમઠે વરસાદનો ઉપસર્ગ કર્યો. આકાશમાં વાદળાંનો ગડગડાટ, વીજળીના ચમકારા તથા કડાકા ભડાકાના લીધે આખું વાતાવરણ ક્ષુબ્ધ બની જાય. આ ક્ષુબ્ધતાની વચ્ચે મુશળધાર વરસાદ કમઠે વરસાવ્યો. એક સાથે અસંખ્ય ધારાએ વરસાદ સતત પડવાને કારણે, ભગવાન જ્યાં ધ્યાનમાં મગ્ન બનીને બેઠા હતા ત્યાં પાણી જમા થવા લાગ્યું. અને ધીમે ધીમે પાણીની સપાટી વધવા લાગી. પ્રભુનાં આસનની સપાટી સુધી પાણી

આવવા છતાં પણ પ્રભુ પોતાનાં ધ્યાનથી જરાય ચલિત થયા નહિ, બલ્કે વિશેષ ધ્યાનમગ્ન બન્યા. આમ પાણીની સપાટી ક્રમે ક્રમે વધતાં વધતાં પ્રભુના કંઠ જેટલે ઊંચે આવી ગઈ, કે જ્યારે કમઠને લાગ્યું કે હવે થોડી ક્ષણોમાં જ પ્રભુને પૂરેપૂરા પાણીમાં ડૂબાડી પોતાની દુષ્ટ ઇચ્છા પૂરી કરી શકાશે, પરંતુ તે ક્ષણો આવે તે પહેલાં જ પ્રભુના પૂર્વના શુભ ૠણાનુબંધી ધરણેન્દ્ર દેવનું આસન કંપાયમાન થયું. ધરણેન્દ્રે તેનું કારણ જાણવા ઉપયોગ મૂક્યો તો અવધિજ્ઞાનથી તેમને પ્રભુના દેહને પડતું કષ્ટ જણાયું. તત્ક્ષણ ધરણેન્દ્ર પૃથ્વી પર આવ્યા અને પોતાના પૂર્વભવના ઉપકારી પ્રભુ ઉપર સર્પ સ્વરૂપે સાત ફેણો પ્રગટાવી પ્રભુનાં મસ્તકને છાયા કરી તથા પૂંછડીથી આસન બનાવી, પ્રભુને તેના પર લઈ, પાણીની સપાટી જેટલે ઊંચે લાવી, તેમનું રક્ષણ કરવા લાગ્યા. જેમ જેમ વરસાદનું જોર વધતું ગયું, અને પાણીની સપાટી વધતી ગઈ તેમ તેમ ધરણેન્દ્ર પ્રભુને ઊંચા ને ઊંચા કરતા ગયા, અને માથે ફેણની છત્રી રાખી રક્ષણ કરતા રહ્યા. આ સમયે પ્રભુ તો પોતાનાં ધ્યાનમાં મગ્ન જ હતા. ઉપસર્ગ કરનાર કમઠ પ્રતિ લેશ પણ દ્વેષ નહોતો તથા રક્ષણ કરનાર ધરણેન્દ્ર પ્રતિ લેશ પણ રાગ નહોતો, તેઓ તો સમભાવે આત્મામાં સ્થિર જ રહ્યા હતા, લેશ પણ ધ્યાનથી ચ્યુત થયા નહોતા. આ અવસ્થા માટે શ્રીમદ્ રાજચંદ્રે એક પત્રમાં લખ્યું છે કે, “નાગની છત્રછાયા વેળાના પાર્શ્વનાથ ઓર જ હતા.” આ પ્રસંગ અને તેમનો સમભાવ માનસચક્ષુ સમક્ષ ચિત્રિત કરીએ છીએ ત્યારે આ વચનનું રહસ્ય સમજાઈ શકે તેમ છે.

ધરણેન્દ્રનાં રક્ષણને કારણે તથા પ્રભુના અત્યુગ્ર પુરુષાર્થને કારણે, પ્રભુને બરાબર હેરાન કરવાની કમઠાસુરની ભાવના લેશ પણ બર આવી નહિ. તેનો બીજો ક્રૂર ઉપસર્ગ પણ નિષ્ફળ ગયો, અંતે થાકીને તેણે વરસાદ ઓકવાનું કાર્ય બંધ કર્યું અને પાણી ઉતર્યા પછી જ ધરણેન્દ્ર સ્વસ્થાને ગયા. પ્રભુને વિક્ષેપ કરવાના હેતુથી થયેલો ઉપસર્ગ નિષ્ફળ ગયો, પણ એ જ ઉપસર્ગે કમઠની બાબતમાં જુદું જ પરિણામ બતાવ્યું. તે ઉપસર્ગ પ્રભુને બદલે કમઠને જ અનર્થરૂપ નીવડ્યો. તે બીજી બે પંક્તિઓ બતાવે છે :

"તેણે અહો જિનરાજ ઊલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તીક્ષ્ણ બૂરી તલવાર કેરૂં કામ તે સાચું કર્યું."

પ્રભુ ઉપર વેર લેવા માટે ભયંકર કષાયભાવનો આશ્રય કરનાર કમઠ અનંતાનુબંધી કર્મના પંજામાં બરાબર સપડાયો. જેમ જેમ તે પ્રભુને પરેશાન કરવાના ભાવ તીવ્ર ને તીવ્ર કરતો ગયો, તથા તે માટેની પ્રવૃત્તિ કરતો ગયો, તેમ તેમ તેને મોહનીય કર્મની પ્રબળતા વધતી ગઈ, અને અનંતાનુબંધી ચોકડીના થર પણ વધતા ગયા. વળી પ્રભુને દ્રવ્યથી પરેશાની કરી હોવાથી કમઠની ભાવિ નરકગતિ પણ નિશ્ચિત બની, અને અકલ્પ્ય દુઃખ ભોગવવાનું ભાવિ, આ ઉપસર્ગનાં પરિણામે તેના માટે નિર્મિત થઇ ચૂક્યું. આ રીતે જોતાં સમજાય છે કે જે કાર્ય કમઠે પ્રભુને દુઃખ આપવા માટે કર્યું હતું, તે જ કાર્ય તેને પોતાના જ ભાવિમાં દુઃખ આપનાર નીવડ્યું. વળી પ્રભુને પાણીનાં સાધનથી સતાવવાનો પુરુષાર્થ તેણે કર્યો હતો, એટલે તેને ભાવિમાં એવા યોગો સાંપડે કે તેને પાણી થકી જ હેરાન થવું પડે. ભાવિની નરક ગતિમાં તરસ લાગે ત્યારે છરપલાની ધાર જેવું તીક્ષ્ણ પાણી તેને પીવું પડે, જે તલવાર જેવું કામ કરે, પાણી ગળા નીચે ઉતરતાં જ અંગછેદન કરતું જાય અને તેની અસહ્ય પીડા આ જીવે ભોગવવી પડે. આ ઉપસર્ગે કમઠ માટે તીક્ષ્ણ બૂરી તલવારનું કાર્ય કર્યું એવું કથન આચાર્યજી કરે છે તે યોગ્ય જ છે. તલવાર સામાન્ય અંગને છેદે તો પણ જીવને અત્યંત દુઃખરૂપ થાય છે. અને જો તે અમુક વિશિષ્ટ અંગ ઉપર વાગી હોય તો, તે દેહ અને આત્માને છૂટા કરીને રહે એવી બૂરી બની રહે છે. સામાન્ય તલવારની બાબતમાં આવું બને છે તો પછી જે તલવાર તીક્ષ્ણ ધારવાળી અને બૂરી હોય, તેની બાબતમાં એથી ઘણું વિશેષ બને એમાં આશ્ચર્ય શું હોઈ શકે? તીક્ષ્ણ તલવાર એટલે અત્યંત ધારવાળી, અડતાં જ અંગછેદન થઇ જાય તેવી ધારવાળી, અને બૂરી એટલે ઝેરપાયેલી. આવી તલવાર જેનાં શરીરને અડે તેનાં શરીરમાં તાત્કાલિક ઝેર પ્રસરે અને અત્યંત વેદના સાથે એને દેહનો ત્યાગ કરવાનો વખત આવે તે સહજ છે. કમઠે કરેલા વરસાદના ઉપસર્ગે કમઠ માટે તીક્ષ્ણ બૂરી તલવારનું કાર્ય કર્યું તે સમજવા યોગ્ય છે.

અશુભ કૃત્ય પોતે જ તલવાર જેવું છે. જે કંઈ અશુભ કરવામાં આવે કે ઇચ્છવામાં આવે તેનું પરિણામ દુઃખમાં જ આવે છે. કોઈનું અશુભ ચિંતવવામાં આવે તો; જેના વિશે ચિંતવન કરવામાં આવ્યું હોય તે જીવનો અશુભનો યોગ અને ઉદય હોય તો જ તેનું અશુભ થાય છે; પણ તેના થકી ચિંતવનારનું તો અશુભ થાય જ છે. અને તેનાથી ઉલટું જો કોઈને માટે શુભ ચિંતવવામાં આવે તો, જેના વિશે ચિંતવન કરવામાં આવ્યું હોય, તે જીવનો જો શુભનો યોગ અને ઉદય હોય તો જ તેનું શુભ થાય છે; પણ તે થકી ચિંતવનારનું તો શુભ જ થાય છે; આવો કર્મસિદ્ધાંત છે. તેમાં પણ કોઈ શુદ્ધ થવા મથતા, સાચે માર્ગે આગળ વધતા જીવ માટે શુભ કે અશુભ ચિંતવવામાં આવે તો તે અત્યંત મોટા ફળને આપે છે. જો એવા જીવ માટે અશુભ ચિંતવે તો તે ચિંતવન તીક્ષ્ણ તલવારનું કાર્ય કરે છે, ચિંતવનાર માટે તે તીવ્ર પીડારૂપે ભોગવવાનું આવે છે. અને તેમાં ય જો ચિંતવીને ન અટકતાં, તે અશુભ ચિંતવન કાર્યમાં પરિણમે, દ્રવ્યથી પીડા આપવાની પ્રવૃત્તિમાં પરિણમે તો તે કાર્યનું પરિણામ તીક્ષ્ણ બૂરી તલવારના ઘા જેવું નીવડે છે. કમઠ દૈત્યે કેવળજ્ઞાન લેવા મથતા પાર્શ્વનાથ પ્રભુના આત્માને વરસાદ, વીજળી, ગડગડાટ આદિથી પીડા આપવા ઉદ્યમ કર્યો, તો તેનું પરિણામ તીક્ષ્ણ બૂરી તલવારના ઘા જેવું આવે તે સહજ છે. આ કૃત્યનું પરિણામ, ઉત્કૃષ્ટ આયુષ્યે સાતમી નરકનાં અવર્ણનીય દુઃખો એક વાર ભોગવવાથી પૂરું ભોગવાતું નથી. આ કૃત્યથી થતો કર્મબંધ એટલો ભયંકર અને એટલો મોટો છે કે સંજ્ઞી પંચેન્દ્રિયને ભોગવવા પડતાં કોઈ પણ દુઃખમાં તે ભોગવટો પૂર્ણ થતો નથી. એ ભોગવવા માટે તો તેને અનંતકાળ સુધી સંજ્ઞી પંચેન્દ્રિયપણું ત્યાગી અસંજ્ઞીપણે પરિભ્રમણ કરવું પડે છે અને અનંત પ્રકારનાં અનંત દુઃખો ભોગવવાં પડે છે. તીવ્ર કષાયને વશ બની ઉપસર્ગ કરવા પ્રેરાતો જીવ, પોતાને ભાવિમાં શું શું ભોગવવું પડશે તે વિચારતો નથી, અને આવેશને વશ થઇ તે અત્યંત હીન કૃત્યો કરે છે, જેનાં પરિણામે તે અનંતકાળ અસંજ્ઞીપણામાં વીતાવે છે. આમ તે આત્માના મૂળ સ્વભાવ શાંતિને બદલે અશાંતિમાં અનંતકાળ વ્યતીત કરે છે. આવું જ ધૂંધળું કમઠનું ભાવિ છે. તેણે પ્રભુ પ્રતિ આવેશને વશ થઇ જે જે ઉપસર્ગો કર્યા, તેનાં પરિણામે તેને

અનેક વખતની નરકગતિનાં દુ:ખો ઉપરાંત, અનંતકાળનાં અસંજ્ઞીપણાનાં દુ:ખો વચ્ચે રહેવું પડશે. તેના આવા ભાવિનું સૂચન આપણને આ કડીમાં મળી રહે છે. અને એનું દુ:ખદાયક ભાવિ આપણામાં તે જીવ માટે કરુણા પ્રગટાવે છે. વળી, જે કોઈ જીવ આવા દારુણ દુ:ખોથી છૂટવા ઇચ્છતો હોય તેણે, આ પ્રકારના તીવ્ર કષાયોને કદી, કોઈ પણ સંજોગોમાં વશ ન થવું એવી શુભ ચેતવણી પણ આ કડીમાંથી મળી રહે છે.

કમઠનો જીવ આટલા ઉપસર્ગ કરીને અટકી જતો નથી, તે તો પોતાની નિષ્ફળતાથી વિશેષ ક્રુદ્ધ થઇ, વધુ આકરા ઉપસર્ગ કરવા પ્રતિ વળે છે, અને વિશેષ કર્મબંધના ફાંદામાં ફસાય છે તે આપણને આચાર્યજી તેત્રીસમી કડીમાં જણાવે છે. (૩૨)

ध्वस्तोर्घ्व केशविकृताकृति मर्त्यमुंड
प्रालंबभृभ्दयदवक्त्र विनिर्यदग्निः ।
प्रेतव्रजः प्रति भवंतमपीरितो यः
सोऽस्याभवत्प्रतिभवं भवदुःखहेतुः ।।३३।।

વિક્રાળ ઊંચા કેશ લટકે, માળ શબનાં શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેના વળી;
એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ! પ્રતિભવ દુ:ખકારી તેહને તે તો થયો. (૩૩)

ગાજવીજ સાથેના વરસાદથી પણ પોતાનું કાર્ય સરતું નથી એ જોતાં કમઠનો ક્રોધાગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો. અને તેનાં પરિણામે વિશેષ ભયંકર કૃત્ય કરવા તે તત્પર બન્યો. તેનું વર્ણન આચાર્યજી આ પ્રમાણે કરે છે, “હે દેવ! જેનાં માથા ઉપર ઊંચા વાળ લટકી રહ્યાં છે, જેણે મરી ગયેલા માણસોનાં માથાની ખોપરીઓની લાંબી માળાઓ પહેરેલી છે, તેમજ જેનાં મોંમાંથી ભયાનક અગ્નિ નીકળી રહ્યો છે એવા ભૂતોનો જે સમૂહ આપના પ્રત્યે તે કમઠ દૈત્યે મોકલ્યો હતો, તે તેને જ ભવપરંપરાએ દુ:ખનું કારણ થઇ પડયો.”

કમઠે અનુભવ્યું કે વરસાદ, ગાજવીજ અને વીજળી વગેરે પણ પ્રભુને ધ્યાનથી ચ્યુત કરવા લેશ પણ સમર્થ થતા નથી ત્યારે તે એથી પણ ભયંકર ઉપસર્ગ કરવા તત્પર બન્યો, કારણ કે તેને પ્રભુને ચળાવવાની જીદ ચડી હતી. કમઠે નવા ઉપાય તરીકે પોતાના તાબામાં રહેલા પિશાચના સમૂહને જ પ્રભુને હેરાન કરવા મોકલ્યા. અત્યાર સુધી પ્રભુને હેરાન કરવા માટે તે નિર્જીવ સાધન અથવા એકેન્દ્રિયનો આશ્રય લેતો હતો, પણ પોતાનું બળ વધારવા હવે તેણે ભુવનપતિ ગતિના તથા અશુભ કૃત્યોમાં જ રાચનારા સંજ્ઞી પંચેન્દ્રિય એવા પિશાચોનો આશ્રય લીધો. શુભ કે અશુભ ફળ આપવાની શક્તિ એકેન્દ્રિય કરતાં સંજ્ઞી પંચેન્દ્રિયમાં અનેકગણી હોય છે, કારણ કે પોતાનાં વીર્યના ઉઘાડને કારણે જ તેઓ સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામે છે. તેમાંય ભુવનપતિ તરીકે ઓળખાતી દેવગતિમાં રહેલા પિશાચો બીજાને પરેશાન કરવામાં, દુઃખ આપવામાં જ આનંદ માનનારા હોય છે. તેમ વર્તવામાં જ તેમને શાંતિ લાગતી હોય છે. આ પિશાચો દેખાવમાં ખૂબ જ બિહામણા તથા ભયાનક હોય છે. સામાન્ય જીવ તો તેની ભયાનકતાના દર્શન કરતાં જ ભયના માર્યા દેહ ત્યાગી જાય.

પિશાચ ખૂબ જ ડરામણા લાગે. તેનાં માથા ઉપર ઊંચા ઊંચા, બરછટ વાળ લટકતાં હોય છે. તેમનાં ગળામાં મૃત મનુષ્યોની ખોપરીમાંથી બનાવેલી લાંબી માળા લટકતી હોય છે. મોઢામાંથી લાવારસની જેમ અગ્નિ વરસતો હોય છે. તીક્ષ્ણ ધારવાળા દાંત બહાર દેખાતા હોય છે. આવા અનેક પિશાચના સમૂહને પ્રભુને ડરાવવા તથા દુઃખ આપવા કમઠે રવાના કર્યા.આવા એક પ્રેત કે પિશાચના દર્શન માત્રથી જીવ ભય પામી, તેની સામેથી નાસી છૂટવા ઇચ્છે તો જ્યાં આવા પિશાચોનો આખો સમૂહ સામે ઇરાદાપૂર્વક આવી પડ્યો હોય ત્યારની તો વાત જ શી કરવી? અગ્નિ ઓકતા પ્રેતોનો સમૂહ સામે આવે ત્યારે તેના દેખાવની ભયંકરતા બાજુએ રાખીએ તો પણ તે અગ્નિનો કેટલો તાપ સહન કરવો પડે? પોતે ભરખેલા મનુષ્યોની ખોપરીની માળા પહેરી પ્રેતો આવે ત્યારે તેની સામી દૃષ્ટિ કરનાર મનુષ્યની કેવી દશા થાય! અને આ બિહામણાપણામાં વિકૃત મુખ તથા વાળની ભયંકરતા સહાય કરતા હોય! તેમના દ્વારા થતા ઉપસર્ગની ઉત્કૃષ્ટતાની તો માત્ર કલ્પના જ કરવાની રહે છે, તેની તીવ્રતા

સમજવા માટે. આમ છતાં આ ઉપસર્ગથી પ્રભુ પાર ઊતર્યા હતા, તેઓ તે ઉપસર્ગને કારણે જરાય ભયભીત થયા નહોતા અને ધ્યાનથી લેશ પણ ચલિત થયા નહોતા. પ્રેતોનો સમૂહ વિવિધ રીતે પ્રભુને હેરાન કરતો હોવા છતાં તેમની વૃત્તિ જરાય ડગી નહોતી, અને નહોતા આવ્યા જરા પણ કષાયભાવ. વળી થતા ઉપસર્ગનો પ્રતિકાર કરવાની શક્તિ પ્રભુને પ્રાપ્ત થઈ હોવા છતાં, પ્રતિકાર કરવાનો ભાવ સુદ્ધાં પણ તેમણે નહોતો કર્યો. તેઓ તે સર્વથી પર બની આત્માને વિશુદ્ધ કરવાના પુરુષાર્થમાં જ રત રહ્યા હતા. આથી ઉપસર્ગની અસર ન થતી જોતાં હારેલો, થાકેલો પ્રેતોનો સમૂહ પાછો સ્વસ્થાને ચાલી ગયો અને પ્રભુને આત્માની ઉજ્જવળતા બક્ષતો ગયો. આ પ્રેતોનો સમૂહ તત્ત્વની દૃષ્ટિએ જોતાં કમઠને અતી તીવ્ર બંધનનું કારણ બન્યો. રૌદ્ર પરિણામથી ભરેલા કમઠના આત્માને અનંતાનુબંધી કર્મોનો ખડકલો થઈ ગયો. અને અનંતકાળનું પરિભ્રમણ તેના માટે નિશ્ચિત થઈ ગયું. આ અપેક્ષાથી વિચારતાં આચાર્યજી કહે છે તે યોગ્ય લાગે છે કે, “હે દેવ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો.” પ્રભુના આત્માને એક ભવમાં અત્યંત દુઃખ આપવા માટે અતિ રૌદ્ર પરિણામ કરવાથી કમઠ પોતાના અનંત ભવ હારી ગયો. તેનાં સુખ અને શાંતિ છીનવાઈ ગયાં અને મહા દુઃખથી ભરેલા અનંત ભવનો ભોગવટો કરવો પડે એવું ભાવિ તેનું નિશ્ચિત બની ચૂક્યું.

કમઠના તીવ્ર કષાયભાવ અને તેનાથી પરિણમતા ઉપસર્ગો પ્રભુને જરા પણ નુકશાન કરવા સમર્થ બન્યા ન હતા. સામાન્ય રીતે જે સંજોગોમાં જીવ કષાયવશ બની અનેક અપકૃત્યો કરવા પ્રેરાય તે સંજોગોમાં પણ પ્રભુ તો સ્થિર અને અડોલ જ રહ્યા હતા. આ પ્રસંગ પરથી આત્માની સ્વતંત્રતાને લગતો એક સુંદર સિદ્ધાંત આપણી સમજણમાં આવે છે. આપણી આજુબાજુના સંજોગો તથા આસપાસનું વાતાવરણ એ તો પૂર્વે બાંધેલાં કર્મ અનુસાર પ્રાપ્ત થાય છે. પણ પ્રાપ્ત થયેલા સંજોગોને કેવી રીતે સ્વીકારવા તથા તે માટે કેવા ભાવ રાખવા તે જીવની પોતાની સ્વતંત્રતાની વાત છે. સામો જીવ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ કરે તે વખતે નિમિત્તાધીન થઈ વર્તવું કે સ્થિર અને અડોલ રહેવું એ બાબતમાં જીવ સ્વતંત્ર રહી શકે છે. ધારે તો નિમિત્તાધીન થઈ

વિશેષ કર્મોપાર્જન કરે અને ધારે તો પોતાનું વીર્ય પ્રવર્તાવી સ્થિર અને અડોલ રહી, પૂર્વ કર્મની નિર્જરા કરે. કમઠે જ્યારે પ્રાણઘાતક નીવડી શકે એવા ઉપસર્ગો કર્યા, ત્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુમાં તેનો સફળ પ્રતિકાર કરવાની શક્તિ આવી ગઈ હતી, તેમ છતાં આવેલા સંજોગો તથા ઉદયોના નિમિત્તને વશ ન થતાં, પ્રભુએ પોતાને મળેલી આત્માની સ્વતંત્રતાનો ઉપયોગ કરી, પોતાનો સ્થિરભાવ જાળવી રાખ્યો. પરિણામે કર્મની બળવાન નિર્જરા થવાથી અલ્પ ગાળામાં પોતાના આત્માને પ્રભુએ વિશુદ્ધ કર્યો. જો મળેલી સ્વતંત્રતાનો તેમણે ઉપયોગ ન કર્યો હોત અને સંજોગોનાં દબાણ અનુસાર રાગદ્વેષને વશ થઈ કમઠનો પ્રતિકાર કર્યો હોત તો તેમ થઈ શકત. પણ તેમ કરવાથી અનેક નવાં કર્મબંધ પણ તેમને પક્ષે થાત જે બધાં કર્મો ભોગવવાં માટે ઘણો લાંબો ગાળો તેમને સંસારમાં રહેવું પડ્યું હોત, કારણ કે એ તો અબાધિત નિયમ છે કે સર્વ કર્મો ભોગવી લીધા સિવાય આત્મા મુક્ત થઈ શકતો નથી. આમ સંજોગો ગમે તે હોય, પણ તેમાંથી છૂટવું કે ન છૂટવું, અર્થાત્ નવીન કર્મોનાં બંધ કરવાં કે ન કરવાં તે જીવની પોતાની સ્વતંત્રતા છે. અમુક સંજોગમાં આત્માએ અમુક જ રીતે વર્તવું એવો કોઈ નિયમ નથી. એક જીવ બીજા જીવ પ્રત્યે અમુક પ્રકારનું વર્તન કરે તો સામો જીવ તે વર્તન પ્રતિ રાગ કરી શકે અથવા તો દ્વેષ કરી શકે અથવા તો નીરાગી બની તટસ્થ રહી શકે. પ્રત્યેક જીવ પોતાની દશા તથા પ્રગટેલા વીર્યનાં પ્રમાણમાં તે વર્તન વિશે ભાવ કરે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું વીર્ય ઘણાં મોટાં પ્રમાણમાં ખીલેલું હતું, તેથી જે સંજોગમાં સામાન્ય જીવ આર્તધ્યાનમાં કે રૌદ્રધ્યાનમાં ચાલ્યો જાય, તે સંજોગમાં પણ સ્વતંત્રતાનો ઉપયોગ કરી તેમણે તટસ્થતા અને અડોલપણું જાળવી રાખ્યાં, આ જ પ્રમાણે જે કોઈ જીવ પોતાને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ આત્માનો સ્થિરભાવ જાળવી રાખવામાં કરે છે તે અલ્પકાળમાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

બીજે પક્ષે, જો મળેલી સ્વતંત્રતાનો દુરુપયોગ કરવામાં આવે તો કમઠની જેમ અનંતાનુબંધી કર્મની જાળમાં ફસાઈ અનંત પ્રકારનાં દુઃખને ભોગવતો ભોગવતો કાળ નિર્ગમન કરે, અને કાળે કરીને સ્વતંત્રતા ગુમાવી અસંજ્ઞીપણાને પ્રાપ્ત થાય; જ્યાં તે

સુખ કે શાંતિનું સ્વપ્ન પણ પામે નહિ. આથી આ બેમાંથી કઈ રીતે વર્તવું તે જીવે પોતે નક્કી કરવાનું છે. જો સત્ય માર્ગે ચાલે તો ત્વરાથી છૂટે, અવળા માર્ગે ચાલે તો કર્મપાશમાં બંધાય. જે પ્રકારનું પરિણામ જોઈતું હોય તે પરિણામે વર્તવું. કમઠ તથા પ્રભુ બંનેનું વર્તન તથા પરિણામ બતાવી આચાર્યજી મૌન થાય છે. કેવી રીતે વર્તવું તેની સલાહ આપતા નથી, પણ પરિણામ પરથી જ જીવે પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી, પોતાનું વર્તન નક્કી કરવું, એવો બોધ અહીં સુધીની કડીઓમાંથી ફલિત થતો જોઈ શકાય છે.

પ્રથમની ત્રીસ કડીઓમાં જેઓ શુભ ભાવ કરે છે, પ્રભુના આશ્રયે તથા પ્રભુની આજ્ઞામાં રહે છે, પ્રભુ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલે છે તેનાં પરિણામરૂપે કેવા કેવા શુભ સંજોગોની પ્રાપ્તિ થાય છે, કેવી કેવી શાતાનો ભોગવટો કરવાનો આવે છે, તથા તે કેવી રીતે મુક્તિને પામે છે તેનો આપણને લક્ષ આવે છે. ત્યારે એકત્રીસથી તેંત્રીસ સુધીની કડીઓમાં તેનાથી વિરુદ્ધ પણ તીવ્ર પરિણામે વર્તનારની કેવી બૂરી દશા થાય છે તે સ્પષ્ટપણે સમજાય છે. વળી શિવમાર્ગી રાજા તથા લોકો શ્રી સિદ્ધસેન દિવાકર સમક્ષ તેમનાં વચનની સાબિતિ માગતા ઊભા હતા. અને સૂરિ જો પરચો પૂરો ન પાડે તો ભયંકર ઉપસર્ગ આવી પડે તેવા સંજોગો હતા. એવે વખતે અશુભ પ્રવૃત્તિથી પ્રવર્તતા જીવોનાં હાલ કેવા થાય છે તેનો ખ્યાલ સમજપૂર્વક અપાયો હોય, તેવો ગર્ભિત ઉદ્દેશ પણ આ કડીઓમાં પ્રગટ થતો સમજી શકાય છે. જેનાં પરિણામે રાજા તથા પ્રજા અશુભ પ્રવૃત્તિ અને અશુભ ભાવો ત્યાગી શુભ પ્રતિ વળે. (૩૩)

આમ સારાસારનો ભેદ બતાવી તેમાં કોણ ધન્યતાને પાત્ર છે તે આચાર્યજી ચોત્રીશમી કડીમાં સ્પષ્ટ કરે છે.

धन्यास्त एव भुवनाधिप ! ते त्रिसंध्यम्
आराधयंति विधिवद्विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलक पक्ष्मलदेहदेशाः
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ।।३४।।

હે ત્રણ ભુવનના નાથ! જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધિવત્ પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,
આ પૃથ્વીમાં તે ભવ્ય જનને હે પ્રભુજી! ધન્ય છે. (૩૪)

પ્રભુનાં શરણમાં રહી શુભ પ્રવૃત્તિ કરનાર અને પ્રભુની સામા પડી અશુભ પ્રવૃત્તિ કરનારને શું શું ફળ મળે છે, તેનો ચિતાર આપ્યા પછી, એ બંનેમાં પ્રભુને પૂજનાર વ્યક્તિ ધન્ય છે, એ બતાવતાં આચાર્યજી આ કડીમાં જણાવે છે કે, "હે ત્રિલોકનાથ! જે ભવ્યજનો આ પૃથ્વીને વિશે અન્ય તમામ કાર્યો છોડીને, ભક્તિના ઉલ્લાસથી રોમાંચિત બની, ત્રણે કાળ આપનાં ચરણકમળમાં યથાશાસ્ત્ર આરાધન કરે છે, તેમને ધન્ય છે."

આચાર્યજીના અભિપ્રાય પ્રમાણે તે જીવો ધન્ય છે કે જે જીવો અન્ય સર્વ કાર્યો છોડીને, ભક્તિના ઉલ્લાસથી રોમાંચિત બની, સદાય-નિરંતર શ્રી સર્વજ્ઞ પ્રભુનાં ચરણકમળની સેવા કરે છે. જે જીવ આવી રીતે સાચા ભાવથી પ્રભુને ભજે છે, તે જીવ ભવ્ય હોય છે. ભવ્ય એટલે અમુક કાળ પછી મુક્તિમાં-મોક્ષમાં જવાવાળો, અર્થાત્ જેના સંસારને અંત છે તે. અભવ્ય જીવને પ્રભુની સેવા-ભક્તિ કરવાના સાચા ભાવ થતા નથી, એ જે કંઈ થાય છે તે ઉપરછલ્લા અથવા તો લોકોને બતાવવા પૂરતા થાય છે. અથવા તો સંસારસુખની ઇચ્છાથી જ ભક્તિ કરવાના ભાવ તેને જાગતા હોય છે, સંસાર અને સંસારનાં દુઃખોથી છૂટવાના ભાવ અભવીને સંભવી શકતા નથી, જેથી સાચી પ્રભુભક્તિ તેને જાગતી નથી. આથી આવો જીવ પ્રભુની સેવા-ભક્તિ કરે છે તો પણ તેને આત્માર્થે કશો લાભ થતો નથી. માત્ર પુણ્યોપાર્જન થવાને કારણે સંસારસુખની પ્રાપ્તિ તેને થાય છે. આમ અભવીને ક્યારેય પ્રભુભક્તિની ધન્યતા પ્રાપ્ત થતી નથી. એ ધન્યતા માત્ર ભવ્ય જીવને જ મળે છે કારણ કે ભક્તિનાં પરિણામ રૂપે તેને સંસારનાશ હોય છે. આમ સાચી પ્રભુભક્તિ જગાવવા માટે ભવ્યપણું હોવું એ સૌથી અગત્યનો મુદ્દો છે. તે આચાર્યજી આપણને ચોથી પંક્તિમાં સ્પષ્ટપણે બતાવે છે. ભવ્ય જીવની ભક્તિ કેવા પ્રકારની હોવી જોઈએ તે તેમણે પહેલી ત્રણ પંક્તિઓમાં બતાવ્યું છે.

ભવ્ય જીવ ભક્તિ તો કરે છે; તે કોની ભક્તિ કરે છે? તે ભક્તિ “ત્રણ લોકના નાથની” કરે છે. જેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રયુક્ત થઇને અડોલ બન્યા છે, કેવળજ્ઞાન તથા કેવળદર્શનના સ્વામી બન્યા છે, અને જેમનાં જ્ઞાનમાં ત્રણે કાળ તથા ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન પ્રકાશિત થયું છે, જે કોઈ શરણમાં આવે તેને તારવાનું સામર્થ્ય પ્રગટ્યું છે એવા ત્રણ લોકના નાથસ્વરૂપ સર્વજ્ઞ પ્રભુની ભક્તિ ભવ્ય જીવ કરે ત્યારે તે ધન્ય થાય છે. આવા સર્વજ્ઞ પ્રભુ સિવાયના અન્ય કોઈ જીવની ભક્તિ કરવામાં આવે તો, એ જીવની અહીંથી પ્રાપ્ત થતી ધન્યતાની અપેક્ષાએ ન્યૂન ધન્યતા પ્રાપ્ત થાય છે. તેમ થવાનું કારણ સહેજે સમજી શકાય તેવું છે. જીવ જેને હૃદયપૂર્વક ભજે તેના જેવો તે થાય તે સિદ્ધાંત છે. જેની ભજના થતી હોય, તેની પાસે જેટલું હોય તેટલું જે તે ભજનારને આપી શકે છે, વિશેષ નહિ. આથી પરમાર્થે જે સર્વોત્કૃષ્ટ હોય તે જ સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિ આપી શકે, અન્ય કોઈ તે સમાન સમૃદ્ધિ આપી શકે નહિ. આમ જેની પાસે સર્વજ્ઞપણું ન હોય તેને ભજવાથી સર્વજ્ઞપણું પ્રાપ્ત કરી શકાતું નથી. તેની ઊણપ તેના ભજનારમાં પણ અમુક અંશે આવી જવાની અને વિચાર કરતા જણાશે કે સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ જેટલું સામર્થ્ય બીજા કોઈમાં પણ નથી, તેથી તેમને ભજનારને જેટલી ધન્યતા પ્રાપ્ત થાય છે, તેટલી ધન્યતા અન્ય કોઈને પણ પ્રાપ્ત થઇ શકતી નથી.

અહીં સુધીમાં આપણે જોયું કે ભવ્ય જીવ સર્વજ્ઞ પ્રભુની ભક્તિ કરે છે, તો તે ધન્ય થાય છે. આ ભક્તિની રીત કેવી જોઇએ? આ પણ જાણવું જરૂરી છે. આ ભક્તિ ત્રણે સંધ્યાના સમયે નિરંતર કરવા યોગ્ય છે. ત્રિસંધ્યમ્ એટલે દિવસના ત્રણ સમયે, વળી કોઈ દિવસ કરવી અને કોઈ દિવસ ન કરવી એમ પણ ચાલે નહિ, તેમાં નિયમિતપણું હોવું જરૂરી છે. એક પણ દિવસ અથવા તો એક પણ સમયની ચૂક વગર ભક્તિ કરવામાં આવે તો સાચી ધન્યતા અનુભવાય છે. સાથે સાથે એ પણ જરૂરી છે કે ભક્તિ કરતી વખતે બીજું કાર્ય સાથે સાથે કરતાં જવાની વૃત્તિ ન હોય. વળી એ બધું જે પ્રમાણે શાસ્ત્રમાં બતાવ્યું હોય તે પ્રમાણે વિધિસર કરવું જોઇએ. આ બધું અત્યાર સુધી સમજ્યા તે બધું થતું હોય, તેમ છતાં ઘણીવાર એવું જોવામાં

આવે છે કે તે કરવામાં ચિત્ત જોડાયું ન હોય, અને તે અલિપ્ત રહી અન્ય જગ્યાએ જોડાઈ ગયું હોય. આ શક્યતા સામે લાલબત્તી ધરી આચાર્યજી સ્પષ્ટ કરે છે "ત્રિકાળ વિધિવત્ પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને." અર્થાત્ તે બધી વિધિ ભાવપૂર્વક પ્રભુમાં એકાગ્ર બનીને કરવા યોગ્ય છે. કારણ કે જે કંઈ ફળ છે તે ભાવાનુસાર છે, યંત્રવત્ ક્રિયા કરવાથી સાચું ફળ પ્રાપ્ત થઇ શકતું નથી. આથી આચાર્યજી સ્પષ્ટ કરે છે કે, ત્રણે સમયે, રોજ નિયમપૂર્વક યથાવિધિ જે ભવ્ય જીવો પ્રભુની પૂજા કરે છે, તેઓ ધન્ય તો ત્યારે થાય છે કે જ્યારે એ પૂજા કરતી વખતે તેમનું ચિત્ત પ્રભુનાં ચરણમાં જોડાયેલું રહે છે. પ્રભુપૂજા કરતી વખતે મનમાં અન્ય ભાવો કે વિચારોને સ્થાન ન હોય, પણ માત્ર પ્રભુના ગુણો અને આત્માની ઉન્નતિ વિશેની ભાવના જ રમમાણ રહ્યા કરતી હોય. આમ બને ત્યારે જ પ્રભુની સાચી પૂજા થાય. તેમાં જ્યાં ઊણપ ત્યાં પૂજાની ઊણપ.

આ બધું કરે ત્યારે જીવ ધન્ય બને છે એમ આચાર્યજીએ કહ્યું. તો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે અહીં "ધન્યતા" શબ્દ શું સૂચવે છે? જે જીવ પોતાના આરાધ્યદેવને સાચી ભક્તિથી પૂજે છે તે જીવ, પોતાના આરાધ્યદેવ સમાન ઋદ્ધિ અને સિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહીં આરાધ્યદેવ સર્વજ્ઞ પ્રભુ છે, એટલે કે તેમની આરાધના કરનાર તેમના સમાન બનવાનો છે, તે નિશ્ચય છે. અને એના જેવું થવાનું અભયવચન પ્રાપ્ત થવું એ જ ધન્યતા છે. અર્થાત્ સર્વજ્ઞની સાચી ભક્તિ કરવાથી સર્વજ્ઞ સમાન થઇ શકવાનું છે એ ભક્તને વચન મળે છે, અને તેમાં જ તેની સાચી ધન્યતા રહેલી છે. અને એ ભાવિ સિદ્ધિના આધારે ભક્તને "ધન્ય ધન્ય" કહેવામાં આચાર્યજી ધન્યતા અનુભવે છે.

જો ભવ્ય જીવ, સર્વજ્ઞ પ્રભુનાં ચરણને, ત્રિસંધ્યાએ, શાસ્ત્રમાં જણાવેલી રીત પ્રમાણે, તેમનામાં જ ચિત્ત રાખીને પૂજે તો, તે જીવ પર તાત્કાલિક અસર શી થાય? તેણે યથાર્થ પૂજા કરી છે કે નહિ તેનું પારખું કેવી રીતે થાય! એ આપણને ત્રીજી પંક્તિમાં જાણવા મળે છે.

"વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે."

ભવ્યાત્મા પ્રભુની સાથે તાદાત્મ્ય સાધી, એકરૂપ બની, અન્ય કાર્યોથી અલિપ્ત બની, પ્રભુનાં ચરણમાં લીન બને છે ત્યારે તે જીવના રોમેરોમમાં ભક્તિ પ્રસરી જાય છે અને તેના આત્માને સાચી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ પ્રસન્નતા એટલી મધુર હોય છે કે ભક્તના દેહના રોમેરોમ પ્રફુલ્લિત થઈ રોમાંચ અનુભવે છે. વળી, એ મધુરતામાં લીન બની, પ્રભુનું સમીપપણું અનુભવી અસંખ્ય કર્મોનો નાશ કરે છે. પ્રભુની ભક્તિ કરતાં કરતાં ભક્તમાં એવી લીનતા પ્રગટે છે કે તેમાંથી પ્રાપ્ત થતી આત્માની પ્રસન્નતા દેહ સુધી પ્રસરી જાય છે. આ પ્રકારનો અનુભવ જે ભક્તને વારંવાર થાય તે ભક્તજનને આ અવનિમાં ધન્ય છે. આવો ઉલ્લાસ પ્રાપ્ત કરવા માટે જીવે ક્યા ક્યા લક્ષણો કેળવવાં જોઈએ અને કેવી રીતે ભક્તિ કરવી જોઈએ તે આપણને આ કડીની પ્રથમની બે પંક્તિઓમાંથી જાણવા મળે છે. જે જીવો આ પ્રમાણે ઉલ્લસિત દેહ અને ઉલ્લસિત આત્માવાળા બની, પ્રભુમાં મગ્ન બનીને રહે છે તે જીવ ખરે જ ધન્ય છે.

આચાર્યજીએ રચેલી આ કડી, આ સ્તોત્રમાં યથાસ્થાને મૂકેલી જણાય છે. તેમણે શરૂઆતમાં પ્રભુના ગુણગાન કરી, પ્રભુ પ્રતિનો પ્રેમભાવ શ્રોતામાં ઉત્પન્ન કર્યો. એ વિશેનું પરિપાકપણું કર્યા પછી, મહા સમર્થ પ્રભુની અશાતના કરવાથી, પ્રભુને પરિતાપ ઉપજાવવાથી જીવના કેવા બૂરા હાલ થાય છે તે વિશે ત્રણ કડીઓમાં વિશદતાથી સમજાવ્યું. અને આ બંને પરિસ્થિતિના પડછાયામાં સાચી ભક્તિ કઈ કહેવાય તે દર્શાવતું સુંદર ચિત્ર આ કડીમાં રજૂ કર્યું છે. આ જાણ્યા પછી, જીવ પોતામાં રહેલી ઊણપ ત્યાગી, સાચી પ્રવૃત્તિ કરવા તત્પર બને. બીજી રીતે વિચારીએ તો જણાય છે કે આચાર્યજી અન્ય ધર્મીઓ વચ્ચે વસતા હતા, અને એ બધા જીવો પોતાના સંપર્કમાં આવ્યા પછી, સાચું તત્ત્વ પામે એવી ભાવના તેમના હૃદયમાં રમતી હોય તે સ્વાભાવિક છે. આવે વખતે, બનેલા ચમત્કારનાં અનુસંધાનમાં જો સાચી ભક્તિ કેવી હોય તેનું યથાર્થ ચિત્ર રજૂ કરવામાં આવે તો ઉપસ્થિત લોકોમાં સાચી સમજ અને સાચી ભાવના સાથે સાચી ભક્તિ જાગવી શક્ય બને. વળી, થતી પાર્શ્વનાથ પ્રભુની ભક્તિથી, સાચા ભક્તનાં અંગેઅંગ કેવા પુલકિત થાય છે

તેનું લક્ષ પણ સ્તોત્ર ઉચ્ચારતા આચાર્યજીને જોતાં શ્રોતાઓને આવે, આ પ્રત્યક્ષ ઉદાહરણ તેમને ઘણું અસરકારક નીવડે. આમ વિવિધ દૃષ્ટિથી વિચારતાં આ કડી અનેક જીવોને માટે ખૂબ ઉપકારી જણાય છે. આમ છતાં એક વસ્તુ લક્ષમાં રાખવાની રહે છે. જ્યારે આચાર્યજી આ સ્તોત્ર બોલે છે ત્યારે આ બધી અપેક્ષાઓથી તેઓ વિચાર કરી રચના કરે છે એમ નથી. તેઓ તો ભક્તિમાં એટલા બધા લીન બની ગયા હોય છે કે પ્રભુની આજ્ઞામાં રહી સહજપણે રચના થતી જાય છે, અને તે અન્ય અપેક્ષાઓથી વિભૂષિત બની સાંગોપાંગ સુંદર બનતી ગઈ. આમ અહીંથી ભક્તનું સાચું ચિત્ર મળવાની સાથે સાથે આચાર્યજીની ભક્તિ તથા દશાનો તાગ પણ આપણને મળી રહે છે. જો તેમના રોમેરોમમાં ભક્તિ પ્રસરીને તેમને ઉલ્લાસિત બનાવી ન રહી હોત તો પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટાવાનો ચમત્કાર બન્યો જ ન હોત. વળી જો તેઓ આત્માની ઉચ્ચ અવસ્થાએ વસ્યા ન હોત તો, આવા વિચિત્ર સંજોગોમાં તેઓ ભક્તિમાં અત્યંત લીન બની શક્યા હોત નહિ. આમ અત્યાર પૂર્વની કડીઓને ભૂમિકા રૂપે અને આ કડીને તેના પરિપાક રૂપે જોવાથી એક સત્યમાર્ગીનું આખ્યાન સ્પષ્ટ થાય છે.

આ કડી સુધીમાં પ્રભુને સાચી રીતે ભજવાથી કેવા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તે અને ત્રણ કડીઓમાં પ્રભુની અશાતના કરવાથી કેવા દુઃખકારી ફળની પ્રાપ્તિ થાય છે તે આચાર્યજીએ જણાવ્યું છે. અહીં પછીથી આચાર્યજીના ભાવ નવો વળાંક લે છે. અને તે અનુસાર વાણી પણ પરિવર્તન પામે છે. પ્રભુને રોમેરોમ ઉલ્લસિત ભાવે ભજનાર ભક્ત આ અવનિમાં ધન્ય પુરૂષ છે, એમ આચાર્યજી જણાવે છે. અને તેની સાથે સાથે તેમની સ્મૃતિમાં સ્પષ્ટ થાય છે કે આ જીવે આવી ધન્યતા આ પૂર્વે કદી પણ પ્રાપ્ત કરી નથી, અને પરિણામે અસહ્ય દુઃખદ પરિસ્થિતિમાંથી તેમના આત્માને અને અન્ય એવા આત્માઓને પસાર થવું પડ્યું છે. તે પ્રકારની ભક્તિ પૂર્વે ન કરવા બદલ તેમના આત્મામાં ઉત્કટ પ્રશ્ચાત્તાપ અને અફસોસ પ્રગટે છે. અને તે પશ્ચાત્તાપ ધીમે ધીમે તીવ્રતા ધારણ કરી, આચાર્યજીનાં હ્રદયનાં ઊંડાણમાંથી બહાર આવી વાણી દ્વારા અભિવ્યક્તિ પામે છે. (૩૪)

अस्मिन्नपारभववारिनिधौ मुनीश!
मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि ।
आकर्णिते तु तव गोत्रपवित्रमंत्रे
किं वा विपद्विषधरी सविधं समेति? ।।३५।।

હે મુનીશ! આ સંસારરૂપ અપાર સાગરને વિશે,
હું માનું છું તુમ નામ નહિ મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યા પછી શુદ્ધ મંત્રરૂપી આપનાં શુભ નામને,
આપત્તિરૂપી સર્પિણી શું સમીપમાં આવી શકે? (૩૫)

પોતે જે વિપત્તિમાં મૂકાયેલા છે, તેનાં અનુસંધાનમાં શ્રી આચાર્યજીની વાણી પશ્ચાત્તાપ પ્રકાશે છે કે, "હે મુનીશ! મને લાગે છે કે જેનો પાર ન પામી શકાય એવા સંસાર સમુદ્રમાં આપ મને કર્ણગોચર થયા નહિ હો, કારણ કે આપના પવિત્ર નામમંત્ર આગળ આપત્તિરૂપી સર્પિણી આવી જ કેમ શકે?"

આ સ્તોત્રની સાતમી કડીમાં આચાર્યજીએ જણાવ્યું છે કે પ્રભુની સ્તુતિ કરવાનો મહિમા તો ઘણો મોટો છે, એટલું જ નહિ, પણ પ્રભુનું નામસ્મરણ પણ ત્રણે લોકના જીવોને સંસારના ભ્રમણથી રક્ષા કરવા સમર્થ છે. પ્રભુની સતત સ્તુતિ કરવાથી અનેકાનેક લાભ જીવને થાય છે, તે ન કરતાં માત્ર પ્રભુનું નામસ્મરણ કરવામાં આવે તો પણ તે જીવને સંસારના પરિતાપોથી રક્ષવા સમર્થ છે, આવો મહિમા નામસ્મરણનો છે. આ મહિમા આચાર્યજીનાં હ્રદયમાં સ્પષ્ટ અનુભવગમ્ય હોવાથી તેમને નિશ્ચયપૂર્વક લાગે છે કે પૂર્વના ભવોમાં તેમણે પ્રભુનું સ્મરણ તો નહિ કર્યું હોય, પણ તેમનું નામ પણ નહિ લીધું હોય, કારણ કે તેઓ વર્તમાનમાં જે ગંભીર શિક્ષાકાળમાંથી પસાર થઇ રહ્યા છે, વિપત્તિઓની વચ્ચે વસ્યા છે તે શિક્ષાકાળ કે વિપત્તિ પ્રભુનું નામસ્મરણ કરનાર પાસે ડોકાઈ શકે નહિ – આવી શકે નહિ. પ્રભુનો મહિમા એવો છે કે જો એક વખત તેમનું નામ સાચી રીતે સાંભળે તો જીવ તેનું સ્મરણ કરવા લાગી જાય છે. અને તેનાથી વિપત્તિઓ નાસતી ફરે છે. અહીં આચાર્યજીના પ્રસંગમાં વિપત્તિનું

અસ્તિત્વ હોવાથી એ સૂચવાય છે કે પૂર્વે સ્મરણ કર્યું નથી અને તેનું કારણ પ્રભુનું નામ પણ તેમના સાંભળવામાં આવ્યું નહિ હોય એ છે. જો નામ સાંભળવામાં આવ્યું હોત તો અવશ્ય તે સ્મરણરૂપ નામની માળા ચાલતી હોત, અને અવશ્ય આ વિપત્તિઓનો નાશ હોત.

અહીં આચાર્યજી આપત્તિને સર્પિણી રૂપે ઓળખાવે છે. "આપત્તિ" એ નારીવાચક શબ્દ હોવાથી સર્પિણી કહી હોય તો પણ સંભવિત છે. વળી સાપ એ ખૂબ ઝેરી તિર્યંચ છે, અને તેમાંય માદા વિશેષ ઝેર રાખનાર હોય છે. જો કોઈ તેને કનડગત કરે કે છંછેડે તો તેનો વેરભાવ ખૂબ જાગૃત થાય છે અને કનડગત કરનારને ડંખીને જ જંપે છે. તેમાંય સર્પિણી તો તે વખતે યોગ ન બને તો કેટલાક કાળ પછી પણ વેર લેવાનું ચૂકતી નથી. આચાર્યજી આપત્તિને આવી સર્પિણી સમાન ગણાવે છે. એક અશુભ કર્મ બંધાય તો તેનાં પરિણામરૂપે દુઃખ અવશ્ય આવે છે. જો પૂર્વ પુણ્યના ઉદયને લીધે તાત્કાલિક અશાતાનો અનુભવ જીવ કરે નહિ તો કાળે કરીને, કર્મનો પરિપાક થાય ત્યારે પણ તે અશાતાનો અનુભવ કર્યા વિના જીવ છૂટી શકતો નથી. શાતા કે અશાતા વેદનીયકર્મ આમ સર્પિણી જેવું છે, તેને ભોગાવ્યા વિના તેનાથી છૂટી શકાતું નથી. આપત્તિ આવવી એ અશાતા વેદનીયકર્મનો ઉદય છે. અને તેથી તેના ઉદયને ભોગવ્યા વિના જીવ કર્મને નિવૃત્ત કરી શકતો નથી. આમ વિચારતાં જણાય છે કે અશાતા વેદનીયકર્મ જીવને માટે ઝેરીલી સર્પિણી સમાન કાર્ય કરે છે, તે પરથી આ રૂપકની યોગ્યતા સ્પષ્ટ થાય છે.

આ સ્તોત્રની રચના વખતે આચાર્યજી કઈ આપત્તિમાંથી પસાર થતા હતા! તે વિચારતાં આ કડી વિશેષ સ્પષ્ટ થાય છે. તેમને બાર બાર વર્ષ સુધી સંઘની બહાર રહી, અન્ય ધર્મીઓ વચ્ચે વસી, જૈનધર્મના આચાર પાળી, આત્મદશા જાળવી, જૈનધર્મની ઉન્નતિ થાય તેવા પ્રયત્નો કરવાના હતા. આ જૈન સંઘે ફરમાવેલો તેમનો શિક્ષાકાળ હતો. તેમાં વળી શિવધર્મી રાજા સાથે શિવાલયમાં જવાનો તેમને પ્રસંગ પડ્યો. ત્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ગુપ્ત રહેલી પ્રતિમાની અશાતના ન થાય તે રીતે વર્તવા જતાં, શિવાલયમાં જ પોતાનાં કથન અને વર્તનની સાબિતી આપવા તેમણે બેસવું પડ્યું. તેમ

ન કરે તો લોકો તથા રાજા છેડાય અને ઉપસર્ગ કરે એટલું જ નહિ, પણ જૈનધર્મની વગોવણી થાય. આમ જોતાં સમજાય છે કે સ્તોત્રની રચના વિવિધ પ્રકારની વિપત્તિની વચ્ચે ફસાયેલા આચાર્યજીના મુખે થઈ હતી. આ સંજોગોનાં અનુસંધાનમાં આ કડીની વિચારણા કરવાથી તેની યથાર્થતા સમજાય છે.

આ જ વચનો બીજી અપેક્ષાથી પણ વિચારવા યોગ્ય છે. જેનો પાર પામી ન શકાય એવા સંસાર-સમુદ્રમાં આચાર્યજી ફસાયેલા છે. અને તેમના વર્તમાન ભવ સુધી સંસાર-સમુદ્રની ચારે ગતિઓમાં તેમણે પરિભ્રમણ કર્યા કર્યું છે. તે પરિભ્રમણ કરતી વખતે તેમણે પ્રભુનું નામ પણ સાચી રીતે સાંભળ્યું નહિ હોય એમ આચાર્યજીને નિશ્ચયપૂર્વક લાગે છે. જો પ્રભુનું નામ સાંભળ્યું હોય અને તે મંત્રરૂપ નામનું સ્મરણ કર્યું હોય તો નિશ્ચય છે કે કોઈ પણ પ્રકારની આપત્તિ જીવને સતાવી શકે નહિ. આપત્તિનું અસ્તિત્વ એ જ સાબિત કરે છે કે પ્રભુ સ્મરણ યથાર્થ કરેલું નથી. આ ભવનો તેમનો અનુભવ છે કે જે કોઈ પાર્શ્વનાથ પ્રભુનું નામસ્મરણ કરે તે આપત્તિથી છૂટે છે. આચાર્યજી જે આપત્તિમાં ફસાયા છે તેનું કારણ તેમણે પૂર્વના ભવમાં પ્રભુનું નામ સાંભળ્યું ન હતું તે છે. પૂર્વકાળે જો શુદ્ધ મંત્રરૂપ નામ સાંભળ્યું હોત તો તેના પ્રભાવથી તેઓ આપત્તિથી છૂટી ગયા હોત. અહીં આચાર્યજી નામસ્મરણને શુદ્ધ મંત્રરૂપે ઓળખાવે છે. જ્યારે જીવ પ્રભુનાં નામને શુભભાવથી સ્મરે છે ત્યારે તે વિભાવભાવ કરતો અટકી જાય છે, અને પરિણામે નવાં કર્મબંધન કરતો નથી, એટલું જ નહિ પણ જૂનાં કર્મોનો પણ અનેકધા નાશ કરે છે. જેનું સ્મરણ કરવાથી પાપોનો નાશ થાય અને આત્માની પવિત્રતા વધે તે સ્મરણ એ પવિત્ર મંત્ર કહેવા યોગ્ય છે. આ રીતે વિચારતાં પ્રભુનું નામ પણ પવિત્ર મંત્ર સ્વરૂપ છે, કે જે રીતે આચાર્યજી આપણને તેનો પરિચય કરાવે છે. પ્રભુનાં નામનો આવો મહિમા તેમણે ગાયો છે અને કહ્યું છે કે જો એ પવિત્ર મંત્રરૂપ નામનું સ્મરણ તેમણે કર્યું હોત તો, તે નામનો મહિમા જ તેમનું અનેક સંકટોથી રક્ષણ કરતો હોત. તેમ તો થતું – રક્ષણ થતું જણાતું નથી, માટે આચાર્યજી એ તારણ પર આવ્યા છે કે તેમણે પૂર્વે પ્રભુનાં નામ અને તેનાં મહિમાને જાણ્યાં નહોતાં.

આ જ કડીમાંથી આપણને એક નવા સંદર્ભમાં નવો ધ્વનિ નીકળતો જણાય છે. આ પૂર્વે પ્રભુનાં નામ કે તેનો મહિમા તેમણે જાણ્યાં નથી તે ભલે સત્ય હોય, પણ હવે તો નામ-મહિમા તેમનાં રૂંવે રૂંવે પ્રસરી ગયા છે. અને પ્રભુ પ્રત્યેની ભક્તિ તેની ઉત્તમતાએ પ્રગટી છે, તો તેનો પ્રભાવ ક્યાં જશે? વર્તમાન ભક્તિ-લીનતાનાં ફળરૂપે, આપણને નિશ્ચયથી લાગે છે કે, આવેલી આપત્તિનાં વાદળો પ્રભુ જરૂર વિખેરશે, અને આચાર્યજીને શુભ નિમિત્તોની વચ્ચે લઈ જશે. આવી શુભ આશાનો ધ્વનિ અહીં અનુભવી શકાય તેમ છે. આચાર્યજી પ્રભુસ્મરણરૂપ સ્તુતિના પ્રભાવથી આવેલી આપત્તિ પસાર કરી સુસ્થાને અવશ્ય બિરાજશે એ અહીં સ્પષ્ટ સમજી શકાય છે.

આચાર્યજીની બાબતમાં એ પ્રમાણે જ પછીથી બન્યું હતું તે આપણે જાણીએ છીએ. રાજા તથા ઉપસ્થિત લોકો થયેલા ચમત્કારથી ખૂબ પ્રભાવિત થયા હતા. અને બધાએ જૈનધર્મ અંગીકાર કર્યો હતો. વળી સંઘે પણ શેષ શિક્ષાકાળ માફ કરી તેમને સંઘમાં લીધા હતા. અહીં એ પણ સમજવાનું છે કે આ હકીકત – આ કથન માત્ર આચાર્યજી માટે જ સત્ય છે એમ નથી, જે કોઈ પ્રભુને સાચા ભાવથી સ્મરે, તે સર્વને માટે પણ તેમાં એટલી જ સત્યતા રહેલી છે. આ કડીની રચનામાં ક્રિયાપદ, કર્તા આદિ વ્યાકરણની રચના એ પ્રકારની છે કે તે માત્ર તેમને પોતાને જ અનુલક્ષીને રચાઈ હોય તેવી છાપ પડે, પણ તેના અર્થને અને સંદર્ભને તપાસતાં તે સર્વ કોઈને એકસરખી રીતે લાગુ પડી શકે તેવી છે. જે કોઈ સાચા ભાવથી પ્રભુનું સ્મરણ કરે તે આવેલી આપત્તિ તથા વિપત્તિથી મુક્ત થાય તે સિદ્ધાંત આ અને આ પછીની કડીઓમાં વિશદતાથી ગૂંથાયેલો જોવા મળે છે. (૩૫)

जन्मांतरेऽपि तव पादयुगं न देव!
मन्ये मया महितमीहितदानदक्षम् ।
तेनेह जन्मनि मुनीश ! पराभवानां
जातो निकेतनमहं मथिताशयानाम् ।।३६।।

હે દેવ! જન્માંતર વિશે પણ આપનાં બે ચરણ જે,
બળવાન ઇચ્છિત આપવે તે મેં નહિ પૂજ્યાં હશે;
હે મુનીશ! હું તેથી કરીને જરૂર આ ભવને વિશે,
સ્થળ હૃદયવેધક પરાભવનું તે થયો જાતે દિસે. (૩૬)

આવેલી વિપત્તિને અનુલક્ષીને આ કડીમાં આચાર્યજી પોતાનો પશ્ચાત્તાપ ઉગ્ર સ્વરૂપે વ્યક્ત કરતાં કહે છે કે "હે દેવ! ઇચ્છિત વસ્તુને આપવામાં સમર્થ એવા આપનાં ચરણયુગલને મેં જન્માંતરમાં પણ સ્તવ્યા નહિ હોય, નહિ તો અંતઃકરણને ભેદી નાખે એવા પરાભવનું પાત્ર હું હમણાં બન્યો ન હોત."

જે વિપત્તિ અને સંજોગોમાંથી આ ભવે આચાર્યજી પસાર થઇ રહ્યા છે, તે વિપત્તિ તેમના માટે કેવી કઠણ પૂરવાર થઇ છે, તેનું લક્ષ આપણને આ કડીમાં થાય છે. આચાર્યજીને તેમનાં જીવનમાં અનેક પ્રકારનાં સંકટોમાંથી પસાર થવું પડ્યું હતું. લોકોને હરાવવા જતાં વૃદ્ધવાદીસૂરિ સમક્ષ હારવું પડ્યું હતું અને તેમના શિષ્ય થવું પડ્યું હતું. એવા બધા પરાભવના પ્રસંગોને ગૌણ ગણીએ, કારણ કે તેનું પરિણામ શુભ હતું, પણ તે ઉપરાંતનાં કેટલાય એવા બીજા પરાભવના પ્રસંગોમાંથી તેમને પસાર થવું પડ્યું હતું કે જે વખતે હૃદય ભેદાય તેવી તીવ્ર પીડા ભોગવવી પડે, તેવી તીવ્ર વેદનામાંથી પસાર થવું પડ્યું હતું. વધુમાં વધુ આકરી કસોટી તો, આત્મદશાને સાચવી, વિશેષ ઉચ્ચ કરતા જઈને જૈન સંઘની બહાર બાર બાર વર્ષનો ગાળો પસાર કરવામાં રહેલી જણાય છે. આ રીતે વિચરતાં વિચરતાં અનેક પ્રકારના અન્ય ધર્મીઓના સંપર્કમાં આવવું પડે, વળી તેઓની વિપરીત કે ખોટી માન્યતાઓની વચ્ચે રહી, પોતાની દશા તથા પોતાની ઉચ્ચ ભાવના એવી રીતે જાળવવાં કે તેઓની સામે સંઘર્ષમાં ઉતરવું ન પડે, અને આ રીતે રહેવું એ ખરેખર હૃદય ભેદાઈ જાય તેવા પરાભવના પ્રસંગમાંથી પસાર થવા બરાબર છે. હૃદય પર ઊંડો ઘા થાય અને લોહી નીંગળતા એ ઘાની જે તીવ્ર વેદના થાય, તેવી તીવ્ર વેદના આ પ્રકારના આકરા પ્રસંગોમાંથી પસાર થતી વખતે આચાર્યજીને થતી હતી. આ સ્તોત્રની રચના થઇ

તે વખતે જ તેઓ શિવમંદિરમાં રાજા સમક્ષ ઉપસ્થિત હતા. તે વખતે રાજા અને ઉપસ્થિત લોકોની ભાવના એવી હતી કે આચાર્યજી શિવને ભાવપૂર્વકના નમસ્કાર કરે. તે વખતે શિવથી અતિ અતિ ઉચ્ચ દશાએ બિરાજમાન અને સમર્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુ આચાર્યજીનાં હ્રદયમંદિરમાં રમતા હતા. આવા પ્રભુને છોડી તેઓ શિવને નમસ્કાર કઈ રીતે કરે? નમસ્કાર ન કરે તો રાજા અને લોકોનો રોષ વહોરવો પડે, એટલું જ નહિ ઉપસર્ગનો ભોગ બનવાનો પણ પ્રસંગ આવે; જો નમસ્કાર કરે તો પ્રભુની આશાતના કરવા ઉપરાંત પોતાના આત્માને દુ:ખી કરવો પડે અને ભાવિના અનેક સંકટ ઊભા થાય. આમ આ દ્વિધાની પરિસ્થિતિ ખરેખર હ્રદય છેદાઈ જાય અને જે તીવ્ર પીડા થાય તેવી તીવ્ર પીડા આપનારી આચાર્યજીને માટે હતી. આ એક જ પ્રસંગ તેમનાં જીવનમાં બન્યો હશે એમ કહી શકાય નહિ, વીતેલા સાત વર્ષના લાંબા ગાળામાં અનેકવાર આ પ્રકારની મુશ્કેલીમાંથી તેમને પસાર થવું પડ્યું હશે, અને અતિ દારૂણ વેદના પણ ભોગવવી પડી હશે. આવા બધા અનેક પ્રકારે કષ્ટો તથા તીવ્ર વેદના આપનારા પ્રસંગોની પરંપરામાંથી પસાર થતાં આચાર્યજીને ખરેખર પશ્ન થયો હશે કે આવી બધી પીડા અને વેદના ભોગવવી પડે તેનું કારણ શું?

આ પ્રશ્નનું સમાધાન તેમને પોતાને જ મળી આવ્યું, અને પીડા તથા વેદના આવવાનું મૂળ કારણ ક્યાં રહ્યું છે તે તેમણે આ કડીની પહેલી બે પંક્તિઓમાં વ્યક્ત પણ કર્યું છે. આ ભવે જ્યારે ઉત્કૃષ્ટ ભક્તિ જાગી અને તેનું પરિણામ માણ્યું, તેનાં અનુસંધાનમાં આવતી આપત્તિઓનું કારણ પણ તેમને સમજાઈ ગયું અને ભાવિમાં એ કારણ નિર્મૂળ કરવા માટે તેમણે ભવ્ય પુરુષાર્થ પણ આદર્યો.

આ કડીની ત્રીજી પંક્તિમાં આચાર્યજી પ્રભુને "મુનીશ" તરીકે સંબોધે છે. અને પ્રભુને જણાવે છે કે મને જે સમજાયું છે તે કારણથી જ હું આ ભવમાં હ્રદય ભેદાઈ જાય તેવી પીડા ભોગવવાનું પાત્ર બની ગયો છું. "મુનીશ" એટલે મુનિઓમાં શ્રેષ્ઠ. આચાર્યજી પ્રભુને સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ કઈ અપેક્ષાથી ગણાવે છે તે સમજવા યોગ્ય છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુને અત્યંત પીડાકારી એવા કમઠ દૈત્યે કરેલા ઉપસર્ગમાંથી પસાર થવું પડ્યું હતું, અને તે ભોગવતી વખતે તેમણે જે ક્ષમાભાવ અને શાંતભાવ જાળવ્યા

હતા તેના સંદર્ભમાં આ સંબોધન અતિ યોગ્ય જણાય છે. સામાન્ય રીતે જે પ્રસંગોમાં આત્માની સ્થિરતા ડગી જાય, શાંતભાવ હાનિ પામે તે પ્રસંગોમાં વિશેષ સ્થિરતા અને વિશેષ શાંતિ કેળવવાં, તે કેળવનારનું શ્રેષ્ઠપણું સાબિત કરે છે. આ દૃષ્ટિબિંદુથી વિચારતાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ હોવાનું બિરુદ લઈ જાય તેમ છે. તેમના અને શ્રી મહાવીર પ્રભુ સિવાયના તીર્થંકરો પર આવા આકરા કે આટલી સંખ્યામાં ઉપસર્ગો થયા જણાતા નથી. તેથી તે ભોગવતી વખતે તેમને આત્માનું વીર્ય અત્યંતપણે પ્રગટાવવું પડે તે સહેજ છે. અને તે વીર્યના પ્રગટપણામાં તેમનું શ્રેષ્ઠપણું રહેલું જણાય છે. આવા ઉત્તમ પ્રભુનું પડખું સેવીને, પોતાના કસોટીકાળમાં લેશ પણ ક્ષતિ ન આવે તે માટેની કાળજી આચાર્યજી રાખે છે. પોતે પણ વીર્ય પ્રગટાવી, કસોટીના પ્રસંગમાં સમભાવથી જરા પણ ડગે નહિ એવી ભાવના હૃદયમાં રાખ્યા કરે છે. સાથે સાથે આવી પીડાકારી પરિસ્થિતિમાં શા કારણથી મૂકાવું પડ્યું, તેનું કારણ વિચારી, પૂર્વે કરેલી ભૂલોનો પશ્ચાત્તાપપૂર્વકનો એકરાર તેઓ પ્રભુ સમક્ષ કરે છે. તેમાં તેઓ કેટલા નિર્માની અને હુંપદના મૂકવાવાળા થયા હતા તે આપણને જણાઈ આવે છે.

આ ભવમાં પરાભવવાળી દશામાં મૂકાવાનું કારણ આચાર્યજી પ્રથમની બે પંક્તિઓમાં આ પ્રમાણે જણાવે છેઃ "હે દેવ! ઇચ્છિત વસ્તુને આપવામાં સમર્થ એવા આપનાં ચરણયુગલને મેં જન્માંતરમાં પણ સ્તવ્યા નહિ હોય." પ્રભુનાં ચરણ કેવા ઉદાત્ત છે તે આપણે પ્રથમની બે કડીઓ જે મંગલાચરણરૂપ છે તેનાથી સમજી શકીએ છીએ. પ્રભુ જ્યારે શુદ્ધ, બુદ્ધ અને કેવળજ્ઞાનના ધારક બની, સર્વ ભવ્યોને સંસારનાં પરિભ્રમણથી મુક્ત થવાનો માર્ગ બતાવતા હતા, તે વખતે તેમના ચરણસ્પર્શ કરનાર, ચરણને પૂજનાર અર્થાત્ તેમની આજ્ઞામાં રહી, તેમના જણાવ્યા પ્રમાણે વર્તનાર સહુ કોઈ શુદ્ધ, બુદ્ધ બનતા હતા, આવો પ્રભુનો અતિશય હતો. પ્રભુએ પૂર્વના ભવે છૂટવાના અને છોડાવવાના ભાવ તીવ્રપણે કર્યા હતા, જેનાં પરિણામે તેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું હતું. એ નામકર્મ તથા એ ભાવના પ્રભાવથી પ્રભુનાં ચરણયુગલમાં એવી શક્તિ સ્થાપિત થઇ કે, જે કોઈ એમની કે એમનાં ચરણયુગલની ભાવપૂર્વક પૂજા કરે તો, પૂજનારને જે વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા હોય તે વસ્તુની પ્રાપ્તિ થાય.

પ્રભુની આજ્ઞામાં વર્તીને જે કંઈ ઇચ્છા કરવામાં આવે તે સમયની યોગ્યતાએ પૂર્ણ થાય, અને અનેક પ્રકારનાં દુ:ખોથી નિવર્તવાનો યોગ બને. આમ પ્રભુનાં ચરણયુગલ જે કંઈ ઇચ્છવામાં આવે તે આપવામાં મહાસમર્થ બન્યાં હતાં. આચાર્યજી કહે છે કે હે દેવ! જે સમયે તમે આ રીતે સર્વને દુ:ખથી છોડાવવા માટેની પ્રવૃત્તિ કરતા હતા, તે સમયે-જન્માંતરે – તે જન્મે તેનાથી વિમુખ થઇને હું જરૂર વર્ત્યો હોઈશ. વળી આપનાં આવા નિષ્પાપી, ઇચ્છિત આપનાર ચરણયુગલની સેવા કે પૂજા જરૂરથી નહિ કર્યાં હોય. જો વિમુખ થઇને ન વર્ત્યો હોત, ચરણની સેવા કે પૂજા કર્યાં હોત તો તે વખતે જ મારા આ અનેક પ્રકારનાં દુ:ખોનો અંત આવી ગયો હોત, અત્યાર સુધીનું સંસારમાં રહેવાપણું રહ્યું જ ન હોત અને હું શુદ્ધ, બુદ્ધ બની આપના જેવો સુખી બની ગયો હોત. પણ તેવું બન્યું જણાતું નથી. હું તો અનેક પ્રકારનાં સંકટોથી વીંટળાયેલો, સંસારના ફાંદામાં ફસાયેલો રહ્યો છું, તે એ જ બતાવે છે કે મેં સાચી ચરણપૂજા કરી નહિ હોય, તમારાં શરણમાં આવી સાચી પ્રવૃત્તિ નહિ કરી હોય. લોઢાને પારસમણિનો સ્પર્શ થાય અને લોઢાનું સુવર્ણ ન બને તો તે કાં સાચું લોઢું નહિ, અને કાં તે સાચો પારસમણિ નહિ. બંને સાચા હોય તો લોઢામાંથી સુવર્ણ બનવું જ જોઈએ. એ પ્રમાણે સર્વજ્ઞ પ્રભુનાં ચરણયુગલને ભાવથી પૂજવામાં આવે અને પૂજનાર નિર્બંધ ન બને, એમ થાય જ નહિ, જો ન થાય તો બેમાંથી એક ખોટું હોવું જોઈએ. કાં ચરણ ખોટાં, કાં પૂજનાર ખોટો. પ્રભુનાં ચરણને પૂજનાર અન્ય કેટલાય જીવો નિર્બંધ બની ચૂક્યા છે, તેથી ચરણો તો સમર્થ છે, સાચા છે તે સાબિત થઇ ચૂક્યું છે. એટલે કે પૂજનાર સાચો નહિ, પણ ખોટો છે એ વિકલ્પ જ બાકી રહે છે. આથી પોતાનો ખોટાપણાનો સ્વીકાર કરી, આચાર્યજી તે માટેનો હૃદયપૂર્વકનો પશ્ચાત્તાપ વ્યક્ત કરે છે. જન્માંતરમાં પોતાનાં ખોટાપણા વિશે આચાર્યજીને લેશ પણ શંકા નથી, તેનું એક કારણ સમજાય છે. વર્તમાનભવે તેમણે પ્રભુને સાચા થઇને ભજવા માંડ્યા છે, અને તેનાં પરિણામે આવતું નિર્બંધપણું તેને અનુભવગમ્ય છે. આત્માનું શુદ્ધપણું તેઓ અનુભવી શક્યા છે. વળી સાચા અને ઉચ્ચ ભાવથી ભરેલું આ સ્તોત્ર બોલાતું હતું; તેના પ્રભાવથી, ધર્મની પ્રભાવના માટે, ધરતીનાં પેટાળમાં છૂપાયેલી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાને

ધરણેન્દ્ર પ્રગટ કરે છે, આ ચમત્કાર પણ ચરણયુગલની પૂજાના પ્રભાવને જાણવા માટે કંઈ જેવો તેવો નથી. અને તેના સંદર્ભમાં પૂર્વે કરેલી ભૂલો માટેનો પશ્ચાત્તાપ ઉત્કટ બને તે સાવ સ્વાભાવિક છે. એક વખત એક વસ્તુનું મહાત્મ્ય સમજ્યા પછી, પૂર્વે તે ન કરવા માટે અને તેનાથી મળતો અલભ્ય લાભ ન લેવા માટે જીવને સાચો પશ્ચાત્તાપ જાગે છે. આવો જ વૈરાગ્યથી ભરેલો, સંવેગવાળો પશ્ચાત્તાપ આચાર્યજીને પ્રગટયો છે એ આ કડીમાં આપણે જોઈએ છીએ. પ્રભુનાં નામનું શ્રવણ તથા તેમનાં ચરણની પૂજા ન કરવાથી ભોગવવો પડતો ગેરલાભ અનુભવ્યા પછી પ્રગટતો પશ્ચાત્તાપ આ બે કડીઓમાં આચાર્યજીએ વ્યક્ત કર્યો છે, અને એ પશ્ચાત્તાપ આ પછીની કડીઓમાં ઉત્કટ સ્વરૂપ ધારણ કરે છે. (૩૬)

नूनं न मोहतिमिरावृतलोचनेन  
पूर्वं विभो! सकृदपि प्रविलोकितोऽसि ।  
मर्माविधो विधुरयन्ति हि मामनर्था;  
प्रोद्यत्प्रबंधगतय कथमन्यथैते ? ।।३७।।

નિશ્ચય અરે મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી,  
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;  
કેવી રીતે થઈ હૃદયભેદક અન્યથા પીડે મને,  
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. (૩૭)

પૂર્વના ભવે, જ્યારે પાર્શ્વનાથ પ્રભુ તીર્થ પ્રવર્તાવતાં પ્રવર્તાવતાં, ચોત્રીશ અતિશયો સહિત રહી કલ્યાણમાર્ગ ખુલ્લો કરતા હતા, તે વખતે પોતે અન્યભાવે પરિણમી સાચી વસ્તુનો લક્ષ ન કર્યો, અને પ્રભુને નિરખવા જેટલી પણ પ્રવૃત્તિ કરી નહિ તેનો મર્મભેદી પશ્ચાત્તાપ કરતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે 'હે વિભુ! અજ્ઞાનરૂપી – મોહરૂપી અંધકારથી ઢંકાયેલી આંખોને લીધે હું અગાઉ આપને એકવાર પણ જોવા પામ્યો નહિ હોઉં; નહિ તો અતિશય બળવાન અનર્થો (દુ:ખો) મારાં અંતકરણને કેમ વિદારી નાખે?'

પ્રભુનાં મહાત્મ્યનું વેદન આ ભવમાં કર્યા પછી આચાર્યજીને નિશ્ચય થાય છે કે પૂર્વના કાળે જ્યારે પ્રભુ તીર્થંકર રૂપે વિચરતા હશે અને જગતજીવોને ઉત્તમ બોધ આપી કલ્યાણના માર્ગે દોરતા હશે ત્યારે તેમણે એક વખત પણ સાચા ભાવથી પ્રભુનાં દર્શન કર્યાં નહિ હોય. કારણ કે સાચા ભાવથી કરેલાં એક વખતનાં પ્રભુનાં દર્શન ભયથી ભરેલા સેંકડો દુઃખોનો નાશ કરવા સમર્થ છે, એવો મહિમા આ ભવે આચાર્યજી અનુભવી ચૂક્યા છે અને પોતાની એ અનુભવ વાણીનો પ્રકાશ તેમણે આ સ્તોત્રની નવમી કડીમાં કર્યો છે. જુઓ.

દર્શન અહો જિનેન્દ્ર! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભયભરેલાં સ્હેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી,
પશુઓ મૂકાએ સદ્ય જેવાં નાસતાં ચોરો થકી.

અહીં જણાવ્યા પ્રમાણે મનુષ્યને જો જિનેંદ્ર ભગવાનનાં દર્શન એક વખત પણ થાય છે તો તેના પ્રભાવથી તે મનુષ્યને આવનારા સેંકડો દુઃખોનો નાશ થઈ જાય છે. પ્રભુનાં દર્શનની પવિત્રતા એટલી બધી છે કે તેનાં સમીપપણામાં ભયથી ભરેલાં દુઃખો ટકી શકતાં નથી, તેમને પ્રભુનાં તેજવર્તુળ પાસેથી દૂર ને દૂર જતાં રહેવું પડે છે ત્યારે આચાર્યજીને તો વિરુદ્ધ અનુભવ થતો જણાય છે. તેમને લાગે છે કે જાણે દુઃખની પરંપરા જ તેમની પાછળ પડી ગઈ છે અર્થાત્ તેમને એવો અનુભવ થાય છે કે દુઃખોની વણઝાર તેમની સમીપ ચાલ્યા કરે છે અને તેમને અત્યંત પરેશાન કર્યા કરે છે. આવા દુઃખદ અનુભવની સ્થિતિમાં એમને નિશ્ચયે જણાય છે કે પૂર્વના ભવમાં તેમણે સાચા ભાવથી, પ્રભુને ઓળખીને તેમનાં દર્શન એક વખત પણ કર્યાં નથી. નહિતર આ દુઃખની વણઝાર વચ્ચે રહેવાનો યોગ અવશ્ય હોય નહિ.

આચાર્યજીએ નિશ્ચય તો કર્યો કે તેમના જીવે પૂર્વે પ્રભુનાં સાચા ભાવથી દર્શન કર્યાં નથી. આ દર્શન ન થવાનું – ન કરવાનું કારણ શું? તે વિશે આચાર્યજી આ ગાથાની પહેલી જ પંક્તિમાં જણાવે છે "નિશ્ચય અરે! મોહાંધકારે વ્યાપ્ત એવા નેત્રથી."

જે ચક્ષુવડે પ્રભુનાં દર્શન કરી શકાય છે, પ્રભુની ઓળખ પ્રાપ્ત કરી શકાય છે તે ચક્ષુ અને પ્રભુ વચ્ચે કોઈ એક પડળ-દિવાલ આવી ગયેલ છે તે અહીંથી સમજાય છે. એક પત્રમાં કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે જો સાક્ષાત્ તીર્થંકરપ્રભુ સામે આવીને ઊભા રહે અને જીવ તેને જ્ઞાનીરૂપે પણ ઓળખે તો ય તેનું કલ્યાણ થાય છે, પણ તેમ થવું ય ઘણું મુશ્કેલ છે. આ પરથી સમજાય છે કે જીવની સાચી પાત્રતા આવી ન હોય ત્યાં સુધી જીવને મહાસમર્થ તીર્થંકરપ્રભુની ઓળખ થવી પણ અત્યંત દુર્લભ છે. જીવ તેને તીર્થંકરરૂપે તો નહિ, પણ જ્ઞાનીરૂપે પણ ઓળખી શકતો નથી. જો તેમ ઓળખે તો અવશ્ય કલ્યાણ થાય. પ્રભુને બાહ્યથી જોતાં તેમને સામાન્ય માનવી જ સમજી, તેમના પ્રત્યે પ્રીતિભાવ કે પૂજ્યભાવ તે કેળવતો નથી, અને તે દ્વારા પોતાનું કલ્યાણ કરવાની ઉત્તમ તક તે ગુમાવી બેસે છે. અનેક જીવોના પ્રસંગમાં આ પ્રમાણે બની જાય છે. તે પ્રસંગે સાક્ષાત્ પ્રભુ અને સંસારી જીવનાં ચક્ષુની વચ્ચે એક પડળ – એક પડદો દિવાલરૂપે રહી પ્રભુને પ્રભુરૂપે ઓળખતાં અટકાવે છે. આ પડદો છે 'મોહરૂપી અંધકાર'નો. જીવ જ્યારે સંસાર-સમુદ્રમાં ગળકાં ખાતો ખાતો, પરિભ્રમણ કરતો હોય છે, ત્યારે તેનામાં સાચી વસ્તુની સમજણ લેશ પણ હોતી નથી. તે તો પોતાના મહામૂલા આત્માને ભૂલી, પરને પોતાનું માનવામાં, અને ભૌતિક સુખોની પ્રાપ્તિ કરવા માટેના પ્રયત્નમાં જ પોતાની સમગ્ર શક્તિ અને સમયને વેડફે છે. આમ છતાં પારકું પોતાનું થયું નથી, થતું નથી અને મહત્ પુરુષના અનુભવ પ્રમાણે થશે પણ નહિ. તે છતાં પરને પોતાનું કરવાની ભાવના જીવ સહેલાઈથી છોડી શકતો નથી. આ રાગભાવ અને મોહભાવ, જે જીવના પ્રદેશે પ્રદેશે છવાઈ ગયો હોય છે તેનાં કારણે તે જીવ સત્ય સમજી શકતો નથી, તો આચરી તો ક્યાંથી જ શકે? પ્રદેશે પ્રદેશે વ્યાપેલા મોહને કારણે તે આત્માને ભૂલી, દેહને જ પોતાસ્વરૂપ – સ્વસ્વરૂપ માની, તેનાં સુખ, સગવડ સાચવવા અને વધારવામાં જ રચ્યોપચ્યો રહે છે. તેવી પરિસ્થિતિમાં આત્માને બતાવનાર, આત્માની ઓળખ કરાવનાર કોઈ પુરુષના સમાગમનો યોગ પ્રાપ્ત થાય, તે પુરુષ જીવની દૃષ્ટિ સમક્ષ આવે તો પણ તેની સાચી ઓળખ

મોહમાં ડૂબેલા જીવને થતી નથી. પ્રત્યક્ષ થયેલો પુરુષ પોતાને અમૂલ્ય એવું તત્ત્વ આપવા સમર્થ છે, શક્તિમાન છે તેવો ખ્યાલ પણ તેને આવી શકતો નથી, કારણ કે તે તો પોતે માનેલાં પરને જ મેળવવામાં સતત પ્રવૃત્તિશીલ હોય છે, પરિણામે બીજે ક્યાંય પણ દૃષ્ટિ કરવાની ફુરસદ પણ તેને રહેતી નથી. આવું જ કંઈક પોતાને વિશે પૂર્વકાળે શ્રી પાર્શ્વનાથ પ્રભુની વિદ્યમાનતાએ બન્યું હશે એવો નિર્ણય આચાર્યજી કરે છે. પૂર્વકાળે જ્યારે પ્રભુ તીર્થંકર સ્વરૂપે વિચરતા હશે ત્યારે આવા મોહનો પડદો તેમનાં આંતરચક્ષુ પર છવાઈ ગયો હોવો જોઈએ. જેને લીધે શ્રી પ્રભુનાં સાચી ભાવનાથી ભરેલાં દર્શન તેમને એક વખત પણ થઈ શક્યાં નહિ. જેનાં પરિણામે આ સંસારનું પરિભ્રમણ અને દુઃખની અનુભૂતિ સતત રહ્યા કર્યાં. એ વખતે એક વખત પણ સાચા દર્શન થયાં હોત તો, તે દર્શન માત્રથી જ સેંકડો દુઃખો ટળી ગયા હોત, અને મતિ સવળી થઈ જવાથી અન્ય દુઃખોને જન્માવે કે આમંત્રણ આપે એ પ્રકારનાં કર્મબંધનોનો અવકાશ જ રહ્યો ન હોત.

આમ પ્રભુનાં દર્શન કરવામાં દિવાલરૂપ જો કોઈ હોય તો તે મોહ છે. કેવો છે આ મોહ? આચાર્યજી આ મોહને અંધકારમય ગણાવે છે. દૃષ્ટિ બરાબર હોય, પરંતુ પ્રકાશને બદલે માત્ર અંધકારનું જ વાતાવરણ હોય તો દૃષ્ટિને કશું સ્પષ્ટ દૃશ્યમાન થતું નથી. અંધકારમાં સારી વસ્તુ જોવામાં આવી હોય તો પણ તે ન જોયા સમાન જ બની રહે છે, તેનો લાભ મળતો નથી. આવું જ મોહના કારણે બને છે. જ્યાં સુધી મોહનું વર્ચસ્વ હોય છે, ત્યાં સુધી ગમે તેવી મહાન વિભૂતિનાં દર્શન કર્યાં હોય તેનું શુભ પરિણામ પ્રાપ્ત થતું નથી, અને મોહનાં સામ્રાજ્યમાં જ દબાઈને જીવ ભટક્યા કરે છે. પણ જો જીવ બળવાન થઈ, વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી, સત્પુરુષનાં ચરણકમળ પ્રતિ રહે છે તો જે મહાત્માને નમસ્કાર કર્યા હોય છે તે મહાત્માની જે જાતની રિદ્ધિ હોય તે જાતની રિદ્ધિ સંપ્રાપ્ત કરે છે. આમ મોહ એ અંધકારનું કાર્ય કરતો રહે છે. આંખ ઉપર અંધકાર છવાતાં દૃષ્ટિ ધૂંધળી બને છે, તેમ આત્મા ઉપર મોહ છવાતાં આત્મા વિકળ બને છે. એ અપેક્ષાથી વિચારતાં

સમજાય છે કે પૂર્વે પ્રભુનાં દર્શન કરવામાં તેમને મોહનું બળવાનપણું નડ્યું હતું અર્થાત્ નેત્ર ઉપર મોહરૂપી અંધકાર છવાઈ ગયો હતો, તે યોગ્ય જ છે.

આ મોહરૂપી અંધકારથી છૂટીને પ્રભુનાં સાચા ભાવથી દર્શન કર્યાં હોત તો, જે બધી દુઃખની પરંપરા ભોગવવી પડી તે ભોગવવી પડી ન હોત. દર્શન ન થયાં એટલે જ બળવાન બંધનવાળી ગતિમાં લઈ જાય એવા અનર્થો-દુઃખો આ શરીરને હ્રદયવેધક રીતે પીડા આપી શકયાં છે, પ્રભુનાં દર્શનનો અમૂલ્ય લાભ ગુમાવવાને લીધે જન્મ, જરા, મરણ, રોગ વગેરેથી ઉત્પન્ન થતાં અનેક પ્રકારનાં દુઃખો પરવશપણે આ આત્માએ દેહદ્વારા અત્યાર સુધી ભોગવ્યાં છે. જો સાચા દર્શન થયાં હોત તો આ દુઃખો, આ રીતે પીડા પહોંચાડવા શક્તિમાન બની શક્યા હોત ખરા? એ પ્રશ્ન આચાર્યજીએ એ રીતે મૂક્યો છે કે તે વાંચતા જ આપણને સમજાઈ જાય છે કે સાચા ભાવથી જો દર્શન કર્યાં હોત તો આ દુઃખો હ્રદયવેધક રીતે પીડા આપવા કોઈ રીતે સમર્થ-શક્તિમાન બની શક્યા ન હોત. આ જ પ્રકારનો અનુભવ કરનાર શ્રીમદ્ રાજચંદ્ર પણ એક પત્રમાં જણાવે છે કે 'ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દ્દઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી. દુઃખ ઉલટું સુખરૂપ થઇ પડે છે.' (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક ૧૩૩) આનું કારણ સ્પષ્ટ જ છે. પ્રભુનાં દર્શન અને સ્મરણનો પ્રભાવ એવાં છે કે જીવ અનેક કષ્ટોથી છૂટી, આત્માની શાંતિને પ્રાપ્ત કરે છે. (૩૭)

પોતાનાં પશ્ચાત્તાપથી ભરેલી છેલ્લી ત્રણ કડીઓનું સમાપન કરતાં હોય એ પ્રકારે આચાર્યજી ૩૮ મી કડીમાં, બધાનો સમન્વય કરી, તારણ કાઢતાં કહે છે કે,

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि
नूनं न चेतसि मया विधृतोऽसि भकत्या ।
जातोऽस्मि तेन जनबांधव ! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।।३८।।

કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નીરખ્યા હશે,
પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હ્રદયમાં ધાર્યા હશે;
જનબંધુ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિશે,
કાં કે ક્રિયા ભાવેરહિત નહિ આપતી ફળ કાંઈએ. (૩૮)

આ પહેલાંની ત્રણ કડીઓમાં આચાર્યજી પશ્ચાત્તાપપૂર્વક જણાવે છે કે આ પૂર્વના કાળમાં મેં તમને સાંભળ્યા નહિ હોય, તમારાં ચરણયુગલને પૂજ્યા નહિ હોય અથવા તો આપનાં દર્શન પણ કર્યાં નહિ હોય, કારણ કે અત્યારે હું મારી જાતને દુઃખની ગર્તામાં ફેંકાયેલી જોઉં છું. જો ઉપર જણાવ્યું તેમાનું કંઈ પણ કર્યું હોત તો આવી વિષમ પરિસ્થિતિ મારી થઇ ન હોત. આ વિધાન કર્યા પછી તેમના માનસપટમાં એ હકીકત આવી જણાય છે કે, પ્રભુના કહેવા મુજબ આવું બધું જીવે પૂર્વે અનેકવાર કરી લીધું છે, પણ સિદ્ધિ થઇ નથી, કારણ કે તેમાં કંઈક અગત્યનું તત્ત્વ ખૂટતું હતું. આ હકીકતનો સ્વીકાર કરી, તે ખૂટતી કડી સ્મૃતિમાં લાવી આચાર્યજી પ્રભુ સમક્ષ આ કડીમાં સમાપનરૂપ એકરાર કરે છે “હે જનબંધુ! કદાચિત આપને સાંભળ્યા હશે, પૂજ્યા હશે કે આપનાં દર્શન કર્યાં હશે, તો તે નામમાત્ર જ. ભક્તિ અને શ્રદ્ધા વડે મેં આપને મારાં અંતઃકરણમાં ધારણ તો નહિ જ કર્યા હોય, તેથી જ હું આ ભવમાં દુઃખનું પાત્ર થયેલ છું, કારણ કે આ ભાવશૂન્યતાવાળી કોઈ પણ ક્રિયા કંઈ પણ ફળ આપતી નથી.”

પ્રભુનાં દર્શનનો, પૂજનનો અને તેમનાં વચન શ્રવણનો અદ્‌ભુત મહિમા આચાર્યજી આ ભવે અનુભવે છે, અને તેથી તેમને નિશ્ચય થાય છે કે પૂર્વે આમાનું કાંઈ પણ તેમણે કર્યું નહિ હોય, કારણ કે વર્તમાન ભવે તેમને દુઃખની પરંપરામાંથી પસાર થવું પડ્યું છે, કે જે દર્શન, પૂજન કે શ્રવણનાં ફળથી બરાબર વિરુદ્ધ પ્રકારનું છે. આ વિધાન કર્યા પછી, તેમને પ્રભુનું બીજું વચન સ્મૃતિમાં આવ્યું હશે. પ્રભુએ જણાવ્યું છે કે જીવે આ પૂર્વે અનંતવાર જિનદીક્ષા, શાસ્ત્રશ્રવણ વગેરે પ્રવૃત્તિ કરી છે, પણ જીવની મુક્તિ થઇ નથી. તો તેનું કારણ વિચારી સત્ય પુરુષાર્થ કરવો જોઇએ. આ વચન અનુસાર શ્રી આચાર્યજીના જીવે પણ પૂર્વના કાળે પ્રભુ વિશે સાંભળ્યું હોવું

જોઈએ, તેમની કોઈ પ્રકારે પૂજના કરી હોવી જોઈએ અથવા તો પ્રભુનાં દર્શન કર્યાં જ હોવા જોઈએ. તે સિવાય તેમનો આત્મા સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામ્યો શી રીતે! અને તેઓ ઊંડી વિચારણામાં ચાલ્યા જાય છે. તેમણે આ બધું કર્યું તો હોવું જ જોઈએ. જો કર્યું હોય તો તેમની અત્યાર સુધી મુક્તિ કેમ થઈ નથી? અથવા તો દુ:ખની પરંપરા વચ્ચે વસવાનો પ્રસંગ તેમને કેમ પ્રાપ્ત થયો છે? એની વિચારણા કરતાં તેમને સમજાય છે કે કાં એ પ્રવૃત્તિ કરી નથી, અને જો કરી છે તો અપૂર્ણતાથી, ભાવરહિતપણે કરી છે, કારણ કે ભાવરહિત કરેલી ક્રિયાનું ફળ ન કર્યા સમાન જ છે. અને આ વિશેનો પશ્ચાત્તાપ આચાર્યજીએ આ કડીમાં વ્યક્ત કર્યો છે.

પ્રભુને સાંભળ્યા, નીરખ્યા કે પૂજ્યા હોય – સાચા ભાવથી આ પ્રવૃત્તિ કરી હોય તો તેનું ફળ નિશ્ચયે મુક્તપણું છે. તેને બદલે આચાર્યજીનો જીવ આ ભવમાં હૃદય વિદારી નાખે એવા અનેક દારુણ દુ:ખોનો ભોગ બનતો આવ્યો છે, તો કારણ શું? આવાં દુ:ખો આવવાનું મુખ્ય કારણ પ્રભુનું હૃદયથી શરણ સ્વીકારીને પ્રવૃત્તિ કરી નથી તે છે. એ માટે પશ્ચાત્તાપપૂર્વક આચાર્યજી કહે છે કે કોઈ સંજોગોમાં હે પ્રભુ! આપને સાંભળ્યા હશે, પૂજ્યા હશે કે આપનાં દર્શન કર્યાં હશે, તો તે સાવ ભાવશૂન્યતાથી જ હોવાં જોઈએ. કારણ કે ભાવશૂન્યતાવાળી કોઈ પણ ક્રિયાનું ફળ યથાર્થ મળતું નથી.

આ વિધાનમાં, આપણને બોધેલો એક સુંદર સિદ્ધાંત સમજવા મળે છે. સામાન્યપણે જીવ બહારથી દેખાતી ક્રિયાને અનુલક્ષીને તેનાં પરિણામ વિશે અભિપ્રાય બાંધે છે, અને તેની સત્યતા વિશે ગોથાં ખાય છે. અહીં જીવની બાહ્ય ક્રિયા કરતાં આંતરભાવ પર વિશેષ લક્ષ દેવાનો અનુરોધ જોવા મળે છે. જીવને જે કર્મબંધ થાય છે તેની તીવ્રતા મંદતાનો આધાર તેના ભાવો પર રહેલો છે. એક કર્મ કરતાં ઉત્કટ રસ પરિણમતો હોય તો તીવ્ર બંધ પડે અને જો મંદ રસ પ્રવર્તતો હોય તો મંદ બંધ પડે. ભલે પછી બાહ્યથી એક જ કાર્ય થતું જણાતું હોય, પણ ભાવની ઉત્કટતાના આધાર પર તેના બંધની તીવ્રતાનો આધાર રહેલો છે. શ્રી તીર્થંકર પ્રભુ જે ભવે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે, તે ભવે લોકોનું કલ્યાણ કરવાનું વાસ્તવિક કાર્ય બહુ

અલ્પ પ્રમાણમાં કરે છે પરંતુ તેમની કલ્યાણ કરવાની ભાવના એવી ઉત્કૃષ્ટ હોય છે કે પરમાર્થનું સર્વોત્તમ નામકર્મ તેઓ ઉપાર્જન કરે છે અને જ્યારે તેઓ તીર્થ પ્રવર્તાવે છે ત્યારે અસંખ્ય લોકોનું કલ્યાણ કરતાં હોવા છતાં, તેમની ભાવશૂન્યતા એવી હોય છે કે તેમને એક પણ બંધ પડતો નથી. જેમ શુભ કર્મની બાબતમાં તેમ જ અશુભ કર્મની બાબતમાં પણ છે. એક ભોગ ભોગવે છે છતાં નવીન કર્મ બાંધતો નથી અને બીજો ભોગ ભોગવતો નથી છતાં કર્મની વણઝાર ઊભી કરે છે. આ સ્થિતિ એ જ દર્શાવે છે કે બાહ્ય ક્રિયા કરતાં આંતરભાવને આધારે જ જીવને કર્મબંધન થતો હોય છે અને એ સુંદર સિદ્ધાંતનું જ્ઞાન આ કડીમાં ગૂંથાયેલું આપણને જોવા મળે છે.

આ કડીમાં બીજી એક વસ્તુ પણ સમજવા જેવી છે. આચાર્યજી વર્તમાન ભવમાં અનેક પ્રકારનાં દુ:ખોમાંથી પસાર થયા છે, અને એ અશાતાકારી પરિસ્થિતિનો સ્પષ્ટ એકરાર આ કડીમાં જોવા મળે છે. તે સ્થિતિ આવવા માટેનો દોષ તેઓ અન્ય કોઈ નિમિત્તને ન આપતાં પોતાને જ આપે છે. તેમને સંઘ બહાર રહેવું પડ્યું, લોકો સાથે એકમેળ ન થાય, બીજા સંઘર્ષો ઊભા થાય તે બધામાં તેઓ સંઘપતિ, લોકો કે અન્ય નિમિત્તોને દોષ આપતાં નથી, પણ પોતાની પૂર્વની ભૂલને જ દોષરૂપે જુએ છે. તેમાં ય તેમને પોતાનો મુખ્ય દોષ એ જણાયો કે તેમણે પ્રભુને સાચી રીતે ઓળખી, તેમનાં દર્શન કરી તેમનાં શરણમાં ન રહ્યા તે. જો એ બધું કર્યું હોત તો આવા દુ:ખનું પાત્ર થવાનો પ્રસંગ ન આવત, એ આ ભવના અનુભવનો નિચોડ છે. અહીં આચાર્યજી એ વસ્તુ બતાવે છે કે જે કંઈ અશુભનો ઉદય થાય છે તે પૂર્વની ભૂલને કારણે છે, અને નહિ કે વર્તમાન નિમિત્તને કારણે. જો જીવ આ રીતે દોષદૃષ્ટિ છોડીને વર્તે તો અનેક પ્રકારના રાગદ્વેષથી છૂટી, શાંતભાવમાં સ્થિર થાય. નહિતર તો સામાન્ય રીતે જીવ ટૂંકી દૃષ્ટિ રાખી, નિમિત્તને આધીન થઇ વર્તે છે અને નિમિત્તને દોષ આપી, નવાં અનેક કર્મો ઉપાર્જન કરે છે. પણ જે જીવે છૂટવાનો નિર્ણય કર્યો છે તેણે દોષદૃષ્ટિ છોડી, સ્વદોષ જોઇ, તે ટાળવા પુરુષાર્થી થવું, એવી સોનેરી સલાહ આચાર્યજી પોતાનાં આચરણ દ્વારા આપી જાય છે. અને એ પ્રમાણે જો જીવ વર્તે તો દુ:ખના ભોગવટા વખતે પણ આકુળવ્યાકુળ થવાને બદલે આત્મરસમાં તરબોળ રહે છે. વિકટ

પરિસ્થિતિમાં રહ્યા રહ્યા આ સ્તોત્રની ઘોષણા કરતી વખતે આચાર્યજી આત્મરસ અને પ્રભુનાં મહિમાનું રસપાન કરતા અનુભવાય છે, એ જ તેમની મહત્તા છે.

આ કડીમાં આચાર્યજી પ્રભુને “જનબાંધવ” તરીકે ઓળખાવે છે, એ કડીના સંદર્ભમાં સમજવા યોગ્ય છે. પ્રભુ, જે કોઈ તેમનાં શરણમાં આવે તેમને તારવાનો પુરુષાર્થ કરે છે, અને દરેકને દુઃખોથી છોડાવવામાં સહાય કરે છે. આ અપેક્ષાથી પ્રભુ “જનબાંધવ” છે. જે જનો દુઃખમાં આવી પડેલા છે, તેમને બાંધવ બનીને પ્રભુ સહાય કરે છે. અને જેને સંસાર દુઃખરૂપ લાગતો નથી, તેઓ પ્રભુનાં શરણમાં જતા નથી કે જેથી તેમનો ઉદ્ધાર કરવાનો પુરુષાર્થ પ્રભુને કરવાનો રહેતો નથી. આથી જેઓ દુઃખી છે તેઓ જ પોકાર કરીને પ્રભુની સહાય માગે છે, અને પ્રભુ બાંધવ-બંધુ બની તેમને દુઃખથી મુક્ત થવામાં સહાય કરે છે. આવા જનબાંધવ પ્રભુ હજુ સુધી પોતાના બાંધવ બન્યા નથી તે લાગણી અનુભવી, તે વિશે દુઃખ અનુભવે છે, પણ તે દુઃખનાં કારણમાં ય તેઓ પોતાનો જ દોષ જુએ છે. પ્રભુ બાંધવ બન્યા નથી, કારણ કે પૂર્વે પોતે પ્રભુને સાંભળ્યા નથી, પૂજ્યા નથી, નીરખ્યા નથી, અને જે કંઈ થોડું ઘણું કર્યું હશે તે ભાવરહિતપણે કરેલું છે. જો આ બધુ ભાવસહિત કર્યું હોત તો જ તેનું સાચું ફળ પ્રાપ્ત થાત. પ્રભુનાં દર્શન, પૂજન ત્યારે જ ફળદાયી થાય છે, જ્યારે તેમને ખૂબ જ ભાવથી પોતાનાં અંતરમાં સ્થાપિત કરવામાં આવે છે. ભક્ત જો પ્રભુ પ્રતિ ખૂબ પ્રેમભાવ કેળવે, સાચો અર્પણભાવ આદરે અને પ્રભુને સર્વશ્રેષ્ઠ માની, તેમનામાં સાચી શ્રદ્ધા કેળવી, તેમને જ સહારે જીવનનાવ છોડી દે તો, પ્રભુ તેના સાચા તારણહાર બની, ભક્તને પોતા સમાન બનાવે છે. ટૂંકમાં બીજા શબ્દોમાં કહીએ તો ભક્તમાં પ્રભુ પ્રતિ જો પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા આવે તો જ પ્રભુને સાંભળવાનું, પૂજવાનું અને નિરખવાનું સાચું ફળ પ્રાપ્ત થાય છે. પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા દ્વારા જ પ્રભુને ભક્ત પોતાનાં હ્રદયમાં સ્થાપી શકે છે અને તેનાં હ્રદયમાં વસી પ્રભુ ભક્તના દુઃખોનો નાશ કરે છે.

જે પોતા પાસે નહોતા તેવા પ્રભુનાં વિયોગનું ઊંડું દુઃખ આ કડીમાં વ્યક્ત થયેલું છે. અને ભાવિમાં આવા વિષમ દુઃખોના ભોક્તા થવું ન પડે તે હેતુથી પોતાના દોષો

નિવર્તાવી, પ્રભુને પોતામાં જ વસવા માટેની આર્જવભરી વિનંતિ આચાર્યજી કરે છે. હ્રદયના ઊંડાણમાંથી ઊઠતી તલસ્પર્શી વિનંતિ આ પછીની કડીઓમાં આપણને જોવા મળે છે. (૩૮)

त्वं नाथ! दुःखिजनवत्सल! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य! ।
भक्त्या नते मयि महेश! दयां विधाय
दुःखांकुरोद्दलनतत्परतां विधेही ।। ३९ ।।

સુખકારી શરણાગત પ્રભુ! હિતકારી જન દુઃખિયા તણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ! સ્થળ કરુણા અને પુણ્ય જ તણા;
નમતો પ્રભુ! હું ભક્તિથી તો મહેશ! મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરુણા વડે. (૩૯)

પૂર્વે જે કાર્ય કર્યું ન હતું તે ભાવપૂર્વક પ્રભુનાં શરણમાં જવાનું ઉત્તમ કાર્ય આ ભવમાં કરીને આચાર્યજી શ્રી પ્રભુને વિનંતિ કરે છે કે “હે નાથ! દુઃખી જનોને સુખ આપનાર! શરણું લેવા યોગ્ય, દયાળુપણાની પવિત્ર વસતિરૂપ, યોગીઓમાં શ્રેષ્ઠ, હે સમર્થ ઇશ્વર! હું ભક્તિવડે આપને નમું છું. કૃપા કરીને મારા દુઃખનાં અંકુરોને જડમૂળથી ઉખેડી નાખવાને તત્પર થાઓ.”

આ ભવમાં આચાર્યજીએ પ્રભુ પ્રતિની સાચી પ્રીતિ કેળવી છે, તેમની શ્રદ્ધા કરી છે અને તેમના પ્રતિ અર્પણભાવ કરી, તેમને પોતાનાં હ્રદયમાં સ્થાપિત કર્યા છે; સાચા ભાવથી સાંભળ્યા, નીરખ્યા અને પૂજ્યા છે, તેથી તેમને પ્રભુનો યથાર્થ પરિચય થયો છે. અને એ પરિચય દ્વારા પ્રભુનાં કેવાં સ્વરૂપનો તેમને લક્ષ થયો છે તે અહીં વર્ણવ્યું છે.

સૌ પ્રથમ આચાર્યજીને પ્રભુ એ દુઃખી જનોને સુખ આપનાર જણાયા છે. જો કોઈ જીવ દુઃખમાં ફસાયો હોય, અને સાચા હ્રદયથી જો તે પ્રભુનું સ્મરણ કરે તો તે તેની વિપત્તિઓથી મુક્ત થતો જાય છે. વળી આવેલી વિપત્તિ ભોગવતી વખતે

પણ પ્રભુનું શરણું અને પ્રભુની સહાય હોવાનાં કારણે, તે વિપત્તિની તીવ્રતા ઘણી મંદ થઇ જાય છે, અર્થાત્ વિપત્તિ હળવી બને છે. અન્ય સામાન્ય જીવને એ વિપત્તિ જેટલી દુ:ખદાયક નીવડી શકે છે, એટલી દુ:ખદાયક તે પ્રભુ-ભક્તને નીવડી શકતી નથી. સામાન્ય જીવ જ્યારે દુ:ખમાંથી પસાર થતો હોય છે, ત્યારે તેની વૃત્તિ દુ:ખનાં નિમિત્તોમાં જ રમતી હોય છે, અને તેને કારણે તે અનેક પ્રકારે આકુળવ્યાકુળતા વેદે છે. તે આર્તધ્યાનને પરિણામે જે કર્મબંધ થાય છે તે વર્તમાન પીડામાં વધારો કરે છે એટલું જ નહિ પણ ભાવિની એવી પીડા માટે સંજોગ ઊભા કરે છે. એટલે કે દુ:ખની માત્રા અથવા તો પીડાની તીવ્રતા વર્ધમાનતાને પામે છે. પ્રભુભક્તના કિસ્સામાં આથી વિરુદ્ધ બનતું જોવામાં આવે છે. તે જ પ્રકારની વેદના પ્રભુભક્તને અતિ અલ્પ પ્રમાણમાં આકુળવ્યાકુળ કરી શકે છે. ભક્તની વૃત્તિ વેદનામાં નહિ, પણ પ્રભુમાં રમતી હોય છે આથી, વેદનામાંથી ઉપયોગ નીકળી ગયો હોવાથી, તે વેદના અત્યંત પીડા આપી શકતી નથી. કોઈક અગત્યનાં કારણે આપણે બહાર જતા હોઈએ, ચિત્ત તે કાર્યમાં જ રમતું હોય, એ વખતે પગમાં કંઈક વાગે તો જીવને પોતાને વાગ્યું છે એવો ખ્યાલ પણ રહેતો નથી, કારણ કે વૃત્તિ બીજે સ્થિર થઇ હોય છે. પણ જ્યારે એ અગત્યનું કાર્ય પુરું થાય, વૃત્તિ બહાર નીકળે ત્યારે જીવને તરત જ લક્ષ થાય છે કે પગમાં વાગ્યું છે અને ત્યાં પીડા થાય છે. જ્યાં સુધી જીવની વૃત્તિ વાગેલા ભાગ ઉપર કેંદ્રિત થતી નથી, ત્યાં સુધી તેની વેદના કે પીડાનો તીવ્રતાએ અનુભવ તેને થતો નથી. આવું જ ભક્તની બાબતમાં પણ બને છે. ભક્તની વૃત્તિ આવેલી શારીરિક, માનસિક, આર્થિક કે સામાજિક વિપત્તિના વિચારમાં કેંદ્રિત થતી નથી, પણ તેની વૃત્તિ મુખ્યતાએ પ્રભુમાં કેંદ્રિત બની હોય છે, અને ગૌણતાએ વિપત્તિ ભણી જતી હોય છે. આથી તે ભક્તજન મુખ્યતાએ વેદના વેદતો નથી, પણ જે પ્રમાણમાં તેની વૃત્તિ વિપત્તિ ભણી જાય છે તે પ્રમાણમાં જ તે વેદના કે પીડા ભોગવે છે. ત્યાં લક્ષ ન હોય ત્યાં સુધી વિપત્તિ કાર્યકારી નીવડી શકતી નથી. બીજી બાજુ વિપત્તિ પ્રતિ તેની વૃત્તિ કેંદ્રિત થઇ ન હોવાને કારણે તે જીવને આકુળવ્યાકુળતા થતાં નથી, અથવા તો વૃત્તિનાં ચલાયમાનપણાના પ્રમાણમાં અલ્પતાએ થાય છે, પરિણામે નવાં કર્મબંધ

પણ તેને તેનાં પ્રમાણમાં જ અતિ અલ્પ પ્રમાણમાં થાય છે. આથી સામાન્ય જનને જે કર્મબંધની વૃદ્ધિ થાય છે તે ભક્તજનને થતી નથી. આમ પ્રભુનો ભક્ત દુઃખી હોતો નથી, અથવા તો દુઃખ વેદતો નથી. આ અપેક્ષાથી વિચારીએ તો જણાય છે કે પ્રભુ એ દુઃખી જનોને વાસ્તવિકતાએ સુખ આપનાર છે, સાચા “સુખકારી” સુખ કરનારા છે.

પ્રભુ શરણું લેવા યોગ્ય છે. જેનાં શરણમાં રહીએ તેની આજ્ઞાનુસાર વર્તીએ તો જ શરણમાં રહ્યા કહેવાઈએ. આ જગતમાં ગુરુ થવા આવનારા તો અનેક જીવો છે, પણ વગર વિચાર્યે ગમે તેનાં શરણે ચાલ્યા જવામાં આવે તો જીવને સુખને બદલે દુઃખ મળે છે. કારણ કે જેની પાસે જે હોય તે જ તે આપી શકે. જેની પાસે શાંતિ ન હોય, આત્મસુખ ન હોય તે શાંતિ કે આત્મસુખ ક્યાંથી આપી શકે? આવા કોઈ જીવનાં શરણમાં ચાલ્યું જવાય તો શરણે જનાર દુઃખ ઉપાર્જન કરે. આથી જેનું શરણું લેવું હોય તે શરણ આપવા માટે યોગ્ય છે કે નહિ તે વિશે પૂર્ણ ચોક્કસાઈ કરવી જોઈએ. સંસારી જીવો તો રાગદ્વેષથી ભરેલા હોય છે, અને પોતાનો સ્વાર્થ સાધવા પોતાનાં શરણે આવેલા જીવોનો ગમે તેમ ઉપયોગ કરતાં ખચકાય નહિ તેવા હોય છે. આવા જીવનાં શરણમાં રહેનારનું ભલું થતું નથી, કે સુખ પણ મળતું નથી. આથી જેનું શરણું લેવું હોય તે માર્ગ પામ્યો છે કે નહિ તેની ખાતરી કરવી જોઈએ. માર્ગ પામેલો જ માર્ગ પમાડી શકે. આ દૃષ્ટિએ વિચારતાં પ્રભુ એ શરણ લેવા માટે ઉત્તમ પાત્ર જણાય છે. પ્રભુનાં શરણમાં ગયા પછી કોઈ પણ જીવ દુઃખ પામતો નથી. પૂર્વે બાંધેલાં દુઃખકારી કર્મો શરણું લીધા પછી પણ ભોગવવાં પડે છે; તેમ છતાં તે ભોગવતી વખતે તે પ્રકારનાં નવીન કર્મો જીવ બાંધતો નથી. વળી પ્રભુનાં શરણે ગયા પછી, અતિ રૌદ્ર દુઃખો ભોગવવાં પડે તેવાં કર્મો જીવ બાંધતો નથી. પ્રભુ તે જીવની એવી રક્ષા કરે છે કે તે પ્રકારનાં કર્મો તેને બાંધવા દેતા નથી. પ્રભુનાં શરણમાં જે જીવ જાય તે છેવટે દુઃખથી મુક્ત થાય છે અને આત્માની સાચી સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. પ્રભુ પોતે શુદ્ધ, બુદ્ધ અને અનંત જ્ઞાનના ધણી તેમજ અનંત સુખના ભોકતા બન્યા છે, તેથી પોતાનાં શરણમાં આવનારને પણ તેઓ પોતા જેવા જ બનાવે છે. વળી જે

જે મેળવવા યોગ્ય છે, તે તે સર્વ પ્રભુએ પ્રાપ્ત કરી લીધું છે, તેઓ સર્વ સંપૂર્ણ બન્યા છે, આથી તેમને શરણમાં આવનાર પાસેથી કંઈ પણ પ્રાપ્ત કરવાની સ્પૃહા હોતી નથી. માત્ર જે કોઈ શરણમાં આવે તેને પોતા જેવા મહાસમર્થ બનાવવાની પ્રવૃત્તિ નિસ્પૃહભાવે તેઓ કરે છે. આવી નિસ્વાર્થી પ્રવૃત્તિ જગતના અન્ય કોઈની હોતી નથી, આથી આ જગતમાં શરણું લેવા યોગ્ય જો કોઈ ઉત્તમ પાત્ર હોય તો તે શ્રી તીર્થંકર પ્રભુ જ છે. તેમના જેવા ઉત્તમ શરણદાતા આ જગતમાં બીજા કોઈ નથી તે વિશેષતાથી વિચારતાં સ્પષ્ટ થશે.

આ જ કડીમાં આચાર્યજી પ્રભુને દયા તથા પુણ્યને રહેવાના ઉત્તમ સ્થાન રૂપે ઓળખાવે છે. “સ્થળ કરુણા અને પુણ્ય જ તણા.” શ્રી પ્રભુમાં જેટલા પ્રમાણમાં કરુણા તથા પુણ્ય રહેલાં છે તેટલા પ્રમાણમાં અન્ય કોઈ આત્મામાં નથી. શ્રી તીર્થંકરપદ એ પરમાર્થની ઊંચામાં ઊંચી પદવી છે. જ્યારે જગતમાં સમસ્ત જીવોને તારવાના ભાવ હ્રદયમાં અમુક સમય સુધી રમે છે, અર્થાત્ વધુમાં વધુ કરુણા હ્રદયમાં ઉત્પન્ન થાય છે, ત્યારે જ તીર્થંકર નામકર્મ ઉપાર્જન થાય છે. જગતનાં દુઃખમાં સબડતા સર્વ જીવોને મુક્ત કરવાની કરુણા હ્રદયને આવરી લે છે ત્યારે જ આ નામકર્મ બંધાય છે. એટલે કે શ્રી તીર્થંકર પ્રભુમાં જેટલી કરુણા છે તેટલી બીજા કોઈ જીવમાં પ્રગટી શકતી નથી, અને જે જીવમાં એટલી કરુણા પ્રગટે છે તે તીર્થંકર થાય છે. આમ શ્રી તીર્થંકર પ્રભુ એ કરુણાને રહેવાનાં ઉત્તમ સ્થાનરૂપ છે.

સંસારી જીવોને તેમનાં પરિભ્રમણમાંથી છોડાવવાના અતિ બળવાન અને પવિત્ર ભાવો ઘણા કાળ સુધી પ્રભુના અંતરમાં રમતા રહ્યા હોય છે, તેથી તેમને પુણ્યાનુબંધી પુણ્યનો અતિ બળવાન જથ્થો ભેગો થાય છે, અને તેના ભોગવટા માટે તેમને ૩૪ અતિશયો સહિત અનેક પ્રકારનાં આ લોકનાં ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે. કેટલાય સુખનાં સાધન એવાં છે કે જે અન્ય જીવો પણ પામી શકે છે, પણ શ્રી તીર્થંકર પ્રભુને પ્રગટતાં ૩૪ અતિશયો એ પ્રકારનાં છે કે તે સુખ શ્રી પ્રભુ સિવાય અન્ય કોઈને પણ પ્રાપ્ત થઇ શકતું નથી. આ પુણ્યપદવી આંગળીને વેઢે ગણી શકાય એટલા જ જીવોને પ્રાપ્ત થાય છે. આ અપેક્ષાથી સમજતાં જણાશે કે પ્રભુ એ પુણ્યને રહેવાનાં ઉત્તમ

સ્થાનરૂપ છે. પુણ્યનો જે વિશાળ જથ્થો તીર્થંકર પ્રભુ પાસે એકઠો થાય છે તે જથ્થો અન્ય કોઈ જીવ એકઠો કરી શકતો નથી, એ હકીકત સાબિત કરી જાય છે કે પ્રભુ એ પુણ્યને રહેવાનાં ઉત્તમ સ્થાનરૂપ છે.

આચાર્યજી પ્રભુને કરુણા તથા પુણ્યને રહેવાનાં ઉત્તમ સ્થાન તરીકે ઓળખાવવાની સાથે યોગીઓમાં શ્રેષ્ઠ કહે છે. મન, વચન અને કાયાના યોગ ઉપર સંયમ લેવાનો સફળ પુરુષાર્થ કરનાર યોગી કહેવાય. આ બધામાં શ્રી તીર્થંકર પ્રભુએ ત્રણે યોગ પર અદ્‌ભુત સંયમ મેળવી લીધો છે. તેઓ મનોયોગ, વચનયોગ અને કાયયોગ પર પૂર્ણ પ્રભુત્વ ધરાવનાર છે. વળી તેઓ યોગવિદ્યાના પૂરા જાણકાર હોવાથી, જે કંઈ મેળવવાનું છે, આત્માને શુદ્ધ કરવાનો છે તે તો તેમણે શુદ્ધ કરી લીધો છે. આ કારણે શ્રી પ્રભુ સર્વ યોગીઓમાં શ્રેષ્ઠ છે.

આવા મહાન ગુણોના ધારક ઈશને આચાર્યજી વિનંતિ કરે છે કે, “હે પ્રભુ! હું આપને ભક્તિસહિત વંદન કરું છું; તો આપ મારાં દુઃખો અને દુઃખનાં મૂળને ટાળવા તત્પર થશો.” જે કાર્ય તેમણે પૂર્વના ભવે કર્યું ન હતું, તે કાર્ય તેઓ આ ભવમાં કરે છે. ભક્તિથી-અર્પણભાવથી તેઓ પ્રભુને વંદન કરે છે અને વંદન કર્યા પછી તેઓ પ્રભુને વિનંતિ કરે છે કે હે પ્રભુ! આ દુઃખનાં મૂળનો નાશ કરવા આપ પ્રવૃત્ત થશો. વાસ્તવિક્તાએ જોઈએ તો આ વંદન કરવાનું ફળ છે દુઃખાંકુરોનો નાશ. જે સાચા હૃદયથી પ્રભુને પોતામાં સ્થાપીને વંદન કરે છે, તેનાં દુઃખોનો અવશ્ય નાશ થાય છે. આથી જે બધા અસહ્ય દુઃખોનાં ભોગવટામાંથી આચાર્યજીને પસાર થવું પડ્યું હતું તેનું ટળવાપણું તેમણે માગ્યું છે, સાથે સાથે તે દુઃખ જેનાં લીધે આવે છે તે કર્મનું ટળવાપણું પણ તેમણે માગી લીધું છે. એટલે તો કહે છે કે “કૃપા કરીને મારાં દુઃખનાં અંકુરોને જડમૂળથી ઊખેડી નાખવાને તમે તત્પર થાઓ.” જે દુઃખનાં ઝાડ ઊગ્યાં છે તેનાં મૂળનો નાશ પ્રભુ પાસે માગ્યો છે. વિચારતાં સમજાય છે કે સંસારનાં સમસ્ત દુઃખોનું મૂળ જીવનાં કર્મમાં રહેલું છે. અને જો તેનો નાશ થાય – કર્મ ટળે તો આત્મા અનંત સુખનો ભોક્તા બને. આમ પશ્ચાત્તાપ કરવાની સાથે સાથે ભૂતકાળમાં કરેલી ભૂલ ભાવિમાં ન થાય તેની કાળજી આચાર્યજી રાખે છે. (૩૯)

निःसंख्यसारशरणं शरणं शरण्यम्
आसाद्य सादितरिपुप्रथितावदानम् ।
त्वत्पादपंकजमपि प्रणिधानवंध्यो
वध्योऽस्मि चेद्भुवनपावन! हा हतोऽस्मि ।।४०।।

અસંખ્ય બળનું શરણ ને વળી શરણ કરવા યોગ્ય જે,
અરિ નાશથી થઈ કીર્તિ એવાં આપનાં પદ-કમળને;
શરણે છતાં પણ ભુવન-પાવન! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયેલો, હણાવા જ માટે યોગ્ય જો. (૪૦)

ભક્તિ સહિત વંદન કરતાં આચાર્યજી ધ્યાનનું ફળ સુંદર મળશે એવી ભાવના હોવા છતાં, તે ફળ કદાપિ ન મળે તો તેમાં પ્રભુનો દોષ નહિ પણ પોતાનો જ દોષ છે એવું પ્રતિપાદન કરતાં આ કડીમાં કહે છે કે, “હે ત્રણ જગતને પવિત્ર કરનાર! અસંખ્ય બળના અને પદાર્થ માત્રનાં આશ્રયરૂપ અને કર્મરિપુનો નાશ કરવામાં પ્રસિદ્ધ કીર્તિવાળા, એવા આપનાં ચરણકમળનું શરણ પામ્યા પછી પણ જો હું ધ્યાનથી વંધ્ય રહું તો પછી હું વધ થવાને યોગ્ય જ છું, અને હું મારી પોતાની મેળે જ હણાયેલો છું, એમ જ કહેવાય.”

આચાર્યજી શ્રી પાર્શ્વનાથ પ્રભુને આ કડીમાં “ભુવન પાવન” ત્રણે ભુવનને પવિત્ર કરનાર તરીકે ઓળખાવે છે. પોતાને લાધેલો કલ્યાણમય માર્ગ ત્રણે લોકના સર્વ જીવોને પવિત્ર કરવા અર્થે તેઓ પ્રસારે છે, આથી તેઓ ત્રણે ભુવનને પવિત્ર કરનારા છે; પોતે પણ એ ભુવનના વાસી જીવ છે, અને એથી એમનાં શરણમાં રહીને પવિત્ર થવાને પાત્ર જીવ છે, તેમ તેઓ જણાવે છે. પ્રભુ “ભુવનપાવન” હોવા ઉપરાંત અસંખ્ય બળ તથા પદાર્થ માત્રના આશ્રયરૂપ છે.

શ્રી તીર્થંકર પ્રભુનાં આત્મસામર્થ્યનો આપણને પૂર્વની કેટલીક કડીઓમાં પરિચય થયો. આ કડીમાં કંઈક અંશે તેમનાં દેહ સામર્થ્યનો પરિચય આચાર્યજી આપણને કરાવે છે. તેઓ અસંખ્ય બળનાં શરણરૂપ છે એટલે કે ત્રણે જગતનાં મુખ્ય બળો એમનો

આશ્રય કરીને રહે છે. શ્રી તીર્થંકર પ્રભુમાં જન્મ સમયે પણ એટલું બળ હોય છે કે અડોલ એવા મેરુપર્વતને માત્ર પગના અંગુઠાથી ડગાવી શકે છે. એક અંગુઠામાં જો આવું સામર્થ્ય હોય તો સમગ્ર દેહની તાકાત અજમાવવામાં આવે તો શું થાય? આવું સામર્થ્ય જન્મસમયના પ્રભુમાં રહેલું હોય તો પુખ્ત વયે પહોંચેલા પ્રભુનું સામર્થ્ય કેટલું હોવું જોઈએ? આપણને તો એની કલ્પના કરવી પણ કઠિન છે. પણ તેમની આ તાકાતનું માપ જ્ઞાનીઓએ ગણતરી કરીને આપણી સમજણ અર્થે જણાવ્યું છે. તે માપ આ પ્રમાણે છે :– બાર યોદ્ધાનું બળ એક ગોધામાં છે. દસ ગોધાનું બળ એક ઘોડામાં છે, બાર ઘોડાનું બળ એક પાડામાં છે. પંદર પાડાનું બળ એક હાથીમાં છે. પાંચસો હાથીનું બળ એક સિંહમાં છે, બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદ પક્ષીમાં છે. દસ લાખ અષ્ટાપદનું બળ એક બલદેવમાં છે, બે બલદેવનું બળ એક વાસુદેવમાં છે. બે વાસુદેવનું બળ એક ચક્રવર્તિમાં છે. દસ લાખ ચક્રવર્તિનું બળ એક દેવતામાં છે. દસ લાખ દેવતાનું બળ એક ઈંદ્રમાં છે. એવા અનેક ઈંદ્રો મળીને પણ અરિહંતની ટચલી આંગળીને પણ હલાવી ન શકે. આ પરથી સમજી શકાશે કે શ્રી તીર્થંકર પ્રભુ જેવી આત્મિક કે શારીરિક તાકાત તેમના સિવાય અન્ય કોઈ પાસે હોતી નથી. અને એથી જ કોઈ પણ બળને આશ્રય જોતો હોય અથવા તો નિવાસસ્થાન પ્રાપ્ત કરવું હોય તો તેને પ્રભુ પાસે જ પ્રાપ્ત થઇ શકે છે.

પ્રભુ આવા સમર્થ હોવાથી શરણ લેવાને પણ યોગ્ય છે. તેનાં શરણમાં જાય તેમનું સંપૂર્ણ રક્ષણ કરવા તેઓ સમર્થ છે, એટલું જ નહિ પણ તેમની સંભાળ લેવા તેઓ કૃતનિશ્ચયથી છે. એથી એમનાં શરણમાં જનાર જીવ પોતાની દશા સાચવવા ઉપરાંત ઉચ્ચ કક્ષાએ પહોંચી જાય છે, અર્થાત્ પ્રભુનાં શરણમાં રહી જીવ ઘણું ઘણું વિશેષ પ્રાપ્ત કરે છે. આ હેતુથી તેઓ શરણું લેવા યોગ્ય છે.

આ જગતમાં આત્માનો જો કોઈ મોટામાં મોટો શત્રુ હોય તો તે, આત્માને સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મ છે. કર્મને કારણે આત્મામાં અનેક વિભાવો ઉત્પન્ન થાય છે, જેનાં પરિણામે અસંખ્ય શત્રુઓ પેદા થાય છે, અને જીવ અનેક પ્રકારની પીડા તથા કલેશ અનુભવે છે. પ્રભુ, માત્ર બહારથી દેખાતાં શત્રુઓનો નાશ

કરે છે એમ નથી, પણ જેનાં થકી એ શત્રુઓ પેદા થાય છે તે મૂળનો-કર્મનો જ સર્વથા નાશ કરે છે. સામાન્યપણે, જગતમાં ઉપલક દૃષ્ટિએ જે દુશ્મનો દેખાય તેનો નાશ કરવામાં જ સાર્થકપણું મનાયેલું છે. તે દુશ્મની ઊભી થઇ તેનાં મૂળને તો સ્પર્શવામાં જ આવતું નથી. આથી નવા નવા દુશ્મનો ઊભા થયા કરે છે અને એ પરંપરા ચાલ્યા જ કરે છે. ત્યારે પ્રભુ એ દુશ્મનીના બીજનો-મૂળનો જ નાશ કરે છે, કે જેથી એક પણ નવો દુશ્મન ઉદ્‌ભવી શકે નહિ. આથી જ પ્રભુ 'અરિહંત' – જેમના બધા જ શત્રુઓનો નાશ થયો છે તેવા – ભાગ્યવંત કહેવાય છે. આ અરિહંતપણું એ પ્રભુની વિશેષતા છે, જેનાં કારણે તેમની કીર્તિ ત્રણે લોકમાં ફેલાય છે.

અસંખ્ય બળનાં શરણરૂપ, શરણ લેવા યોગ્ય અને અરિહંત થવાથી જેમની કીર્તિ બધે ફેલાઇ છે એવા પ્રભુનાં ચરણયુગલનું શરણું આચાર્યજીએ સ્વીકાર્યું છે. આ કાર્યનો પ્રભાવ એવો છે કે તેનાં પરિણામથી આચાર્યજી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવા જોઇએ. આમ છતાં કદાચિત, ધારણ કરેલાં શરણ અને ધ્યાનનું ઇચ્છિત પરિણામ ન આવે તો, ધ્યાનનું ઉચિત ફળ પ્રાપ્ત ન થાય તો તેમાં ધ્યાન ધરનારનો જ દોષ છે, એટલે કે જો મુક્તપણું પ્રાપ્ત ન થાય તો તેમાં પ્રભુનો નહિ પણ આચાર્યજીનો દોષ છે એમ જણાવે છે. આથી આચાર્યજી પ્રભુને કહે છે કે જો આવું બને તો પોતે વધ થવાને – નાશ પામવાને યોગ્ય છે, અને પોતે પોતાની મેળે જ હણાયેલા છે એમ કહેવાય.

આવા મહાસમર્થ પ્રભુનાં શરણમાં રહી ધ્યાન ધરવામાં આવે તો શરણ લેનાર મુક્ત થાય જ, અને જો તે જીવ મુક્ત ન થાય તો, તેમાં પ્રભુનો નહિ પણ ધ્યાન ધરનારનો દોષ હોય. સાચથી ધ્યાન ધરનાર મુક્ત થાય, પણ તેમાં કંઈ ચૂક હોય તો જ મુક્તપણું ન આવે. આવા પ્રસંગે એ જીવ હણાવા યોગ્ય બને છે. ઉત્તમમાં ઉત્તમ યોગ પ્રાપ્ત થવા છતાં પણ જે પોતાનું કલ્યાણ ન કરે, તો તે પછી ક્યા સંજોગોમાં કલ્યાણ કરી શકે? આવો જીવ તો સદાય કલ્યાણથી વંચિત રહે, અને આત્માના વિશિષ્ટ ગુણો પ્રગટાવી શકે નહિ. આ પ્રમાણે અવળી રીતે વર્તનારને તો આવું જ થવું જોઇએ કે જેથી બીજા તો તેના અનુભવ પરથી બોધ લઈ, ચેતી, પોતાનું કલ્યાણ ત્વરાથી કરી લે. આવા ઉત્તમ યોગમાં પણ સ્વ-કલ્યાણ ન કરે તો જીવ પોતે પોતાની

મેળે જ નાશ પામ્યો કહેવાય. જો ઉત્તમ યોગ ન મળ્યો હોત તો તે સંજોગોનો દોષ કાઢી શકત, પણ તેની પ્રાપ્તિમાં તો, તેનો જ દોષ રહ્યો હોવાથી તે કલ્યાણ ન કરી શક્યો એમ કહેવાય. એટલે કે તેણે સ્વચ્છંદે ચાલી પોતાની મેળે જ પોતાનો નાશ નોતર્યો છે એમ કહેવાય.

આચાર્યજી આ પ્રસંગ પોતાને અનુલક્ષીને કહે છે. તેઓ કહે છે કે પૂર્વે અવળી રીતે વર્તવાથી કલ્યાણ થયું નહિ એટલે કે તેઓ "પૂર્વથી જ હણાયેલા" છે. અને હજુ પણ અવળી રીતે વર્તે તો કલ્યાણ ન થાય તે નિશ્ચિત છે એટલે કે "હણાવાને માટે યોગ્ય પાત્રરૂપ" છે. આ આચાર્યજીનાં કથનને વિચારીએ તો સમજાય છે કે આ સંજોગો કે સ્થિતિ તેમને માટે અનુરૂપ નથી. તેમણે તો અનન્ય શરણ લઈ મહદ્ અંશે કલ્યાણ સાધી લીધું છે. અને અત્યંત અલ્પકાળમાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાની યોગ્યતાવાળા બની ગયા છે, જો એમ ન હોય તો તેમનાથી આવા અદ્‌ભુત સ્તોત્રની રચના ક્યાંથી થઇ શકે! પણ એમ અનુમાન થઇ શકે કે પોતાના અનુભવના નિચોડરૂપે અન્ય સર્વને ચેતવવા માટે આ રચના કરી હોવી જોઇએ. બીજો ધ્વનિ એ સમજી શકાય કે ગમે તેવી ઉચ્ચ અવસ્થાએ જીવ પહોંચ્યો હોય, પણ સંપૂર્ણ કર્મમુક્ત ન થયો હોય ત્યાં સુધી જો વિપરીત રીતે વર્તે તો તેનું પતન થાય. જેમ શ્રેણીમાં ચડેલો જીવ એક સમયનો પણ પ્રમાદ કરે તો અગ્યારમે ગુણસ્થાનેથી નીચે ઊતરી શ્રેણી છોડી દે છે. આમાં જીવ દોષ કરે છે તેથી હણાય છે. આ અપેક્ષાથી વિચારીએ તો આચાર્ય સહિત સર્વ જીવોને આ નિયમ એક સરખી રીતે લાગુ પડી શકે છે. (૪૦)

देवेन्द्रवंद्य ! विदिताखिलवस्तुसार!<br>
संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! ।<br>
त्रायस्व देव ! करुणाह्रदा मां पुनीहि<br>
सी दन्तमद्य भयदव्यसनाम्बुराशेः ।। ४१ ।।

હે અખિલ વસ્તુ જાણનારા! વંદ્ય હે દેવેન્દ્રને,<br>
સંસારના તારક! અને ભુવનાધિનાથ! પ્રભુ તમે!

ભયકારી દુઃખદરિયા થકી આજે પવિત્ર કરો અને,
કરુણાતણા હે સિંધુ! તારો દેવ! દુઃખિયાને મને. (૪૧)

ઓગણચાલીશમી કડીમાં આચાર્યજી પ્રભુને વિનંતિ કરે છે કે મારાં દુખાંકુરોને ટાળવા તમે તત્પર થશો. હું તમારાં શરણે આવ્યો છું. આ શરણ લીધાં પછી જો ભક્તિનું યથાર્થ ફળ ન મળે તો તેમાં પ્રભુનો નહિ પણ પોતાનો દોષ છે એવું પ્રતિપાદન ચાલીસમી કડીમાં કર્યા પછી, આચાર્યજી આ કડીમાં સંસારના તારક પ્રભુને વિનંતિ કરે છે કે, "હે દેવેંદ્રને પણ વંદન કરવા યોગ્ય! સમગ્ર વસ્તુના સારને જાણનાર! હે સંસારરૂપી સમુદ્રમાંથી તારનાર! હે વિભુ! હે ત્રણ ભુવનના નાથ! હે દેવ! હે કરુણાહ્રદ! હું અત્યંદ ખેદ પામું છું. મને પવિત્ર કરો, આ ભયાનક સંસારમાંથી મને તારો."

પોતે અત્યંત દુઃખી છે, અને એ દુઃખથી છૂટવાના પુરુષાર્થી છે, એ હકીકત આચાર્યજીએ અહીં રજૂ કરી છે. સંસારમાં અનુભવવા પડતાં દુઃખોથી ત્રાસી ગયા છે, અને તેનો તેમને ખેદ પણ થાય છે. ખેદ એ માટે છે કે અકલ્પિત સુખના દાતા પ્રભુને ભજવાને બદલે બીજા બીજાનો આશ્રય લઈને આ સંસારમાં તેમણે માત્ર દુઃખનો જ અનુભવ કર્યો છે, છતાં ય સાચું કરવાનો ભાવ આ પહેલાં પ્રગટ્યો નહોતો. આ સૂઝ નહોતી તે માટેનો અતિશય ખેદ તેમને પ્રવર્ત્યો છે. આથી સાચી સમજણ આવ્યા પછી, પવિત્ર થવામાં થતો વિલંબ તેમનાથી સહેવાતો નથી. તેઓ અતિ વિનમ્રભાવે પ્રભુને વિનવે છે કે "મને પવિત્ર કરો" અને "દુઃખરૂપ સંસારથી છોડાવો." પ્રભુને પવિત્ર કરવાની આચાર્યજી વિનંતિ કરે છે તે સમજવા યોગ્ય છે. જીવ પોતે પોતાની મેળે પવિત્ર થવા મથે તો તે પવિત્ર થઇ શકતો નથી. તેમ કરવા જતાં સ્વચ્છંદની માયાજાળમાં ફસાઈ જાય છે, અને સ્વચ્છંદનાં જોરને કારણે પોતે ક્યાં ભૂલ કરે છે અથવા તો ક્યાં અટકે છે તેની જાણ તેને થઇ શકતી નથી અને પરિણામે તેનો વિકાસ અટકી જાય છે. પણ જેને જાણપણું છે, તેનાં માર્ગદર્શન નીચે પવિત્ર થવાનો પુરુષાર્થ કરવામાં આવે તો માર્ગમાં આવતાં અનેક ભયસ્થાનોથી બચી શકાય છે, અને પવિત્ર થવાનું કાર્ય ઝડપથી બને છે. આમ, ત્વરાથી અને વિશેષ તકલીફ વગર

સરળતાથી કાર્ય કરવાની ભાવનાથી આચાર્યજી બધું જ પ્રભુને સોંપે છે. પવિત્ર થવું એટલે આત્માને લાગેલાં મલિન કર્મપરમાણુઓથી મુક્ત થવું, કે જેથી ભાવિમાં તેના પરિપાકરૂપ દુઃખનો અનુભવ કરવાનો રહે નહિ. આત્મપ્રદેશો પરથી કર્મપરમાણુઓ હટતાં આત્મા પવિત્ર બને છે. આમ પવિત્ર થવાના પરિણામે દુઃખરૂપ સંસારથી છૂટવાનો અવસર આવે છે. આ બંને વસ્તુ પ્રભુને કરવાની વિનંતિ આચાર્યજી આ કડીમાં કરે છે.

જે પ્રભુને સોંપણી કરી છે તે પ્રભુ કેવા છે? તે પ્રભુ દેવેંદ્રવંદ્ય છે, એટલે કે તેઓ દેવોના ઇન્દ્રને પણ વંદન કરવા યોગ્ય છે. આખા સંસારમાં સૌથી વધુ શાતાવેદનીય હોય તો તે દેવગતિમાં છે. તેમાં પણ ઇંદ્ર વિશેષપણે શાતાવેદનીય ભોગવે છે. પણ એ બધી શાતા બાહ્યની, ભૌતિક હોય છે. જો ઇંદ્રને પણ આત્મશાંતિ જોઇતી હોય તો તેના ભોક્તા પ્રભુ પાસે આવવું પડે છે, અને એથી પ્રભુ એ દેવેંદ્રવંદ્ય છે. આવા દેવેંદ્રવંદ્ય પ્રભુને પોતાની નાવડી સોંપી આચાર્ય નિશ્ચિંત બને છે.

આ ઉપરાંત પ્રભુ સમગ્ર વસ્તુના સારને જાણનારા છે. આખા જગતમાં એક પણ પદાર્થ કે એક પણ ભાવ એવો નથી કે જે પ્રભુથી અજાણ હોય, પ્રભુનાં જ્ઞાનમાં ન સમાયો હોય, પ્રભુને વિશે તો ત્રણે લોકનું અને ત્રણે કાળનું સમય સમયનું જ્ઞાન પ્રકાશે છે. જો કોઈ જીવ સર્વજ્ઞ પ્રભુનાં શરણમાં રહી પવિત્ર થવા ઇચ્છતો હોય, અને આરાધનમાં જો કંઈ ક્ષતિ હોય તો પ્રભુનાં જ્ઞાનમાં તે તરત જ પ્રગટ થાય છે, અને પ્રભુ તે જીવને તેવી ક્ષતિ દૂર કરવા પ્રેરે છે. પ્રભુનું આવું સર્વજ્ઞપણું ભક્તને માટે અતિ અતિ ઉપકારી છે.

પ્રભુ પોતે સર્વજ્ઞ થયા પછી, પોતાનું જ કલ્યાણ કરીને બેસી રહેતા નથી. તેઓ તો સંસારના પરિતાપોથી છૂટવા ઇચ્છનાર સર્વને તારવાની પ્રવૃત્તિ પણ વિસ્તારે છે. સંસારમાં જળકમળવત્ રહી, અનેક પ્રકારનાં દુઃખોથી પીડિત જનોને સાચો કલ્યાણનો માર્ગ બોધી, પોતાના જેવા અનંત સુખના ધણી બનાવવા તેઓ કટિબુદ્ધ રહે છે, અને એ અપેક્ષાથી તેઓ સંસારતારક – સંસારથી તારનાર છે.

સંસારસમુદ્રને તરાવી જીવને તેઓ ઠેઠ મુક્તિ સુધી લઈ જાય છે. વળી તેઓ ત્રણ ભુવનના – લોકના નાથ પણ કહેવાય છે. પ્રભુની સમર્થતા એવી છે કે, જીવ કોઈ પણ ભુવનના, કોઈ પણ ભાગમાં રહ્યો હોય તો પણ, ત્યાં રહ્યા રહ્યા છૂટવા ઇચ્છનાર જીવને તેઓ છોડાવી શકે છે. અર્થાત્ ત્રણે ભુવનમાં તેમની સત્તા ચાલે છે. તેથી કોઈ પણ ગતિ કે કોઈ પણ ક્ષેત્રમાં રહેલો સંજ્ઞીપંચેન્દ્રિય જીવ પ્રભુનું શરણ સ્વીકારી, પોતાના આત્માની પવિત્રતા પ્રગટાવવાનો પુરુષાર્થ જગાડી શકે છે, આત્માને પવિત્ર બનાવી શકે છે. ત્યાં કર્મરૂપી દુશ્મનો પોતાની કારી ચલાવી શકતા નથી.

આવા દેવેંદ્રને વંદ્ય, સમગ્ર વસ્તુના સારને જાણનારા, સંસારના તારક અને ભુવનાધિનાથ પ્રભુને આચાર્યજી પોતાને સંસારસમુદ્રમાંથી છોડાવવા આર્જવભરી વિનંતિ કરે છે. અને તે વિનંતિ કરતી વખતે તેઓ પ્રભુને ચારે બાજુ આત્મઓજસ ફેલાવનાર વિભુ! તરીકે સંબોધે છે તે ઘણું જ સૂચક છે. (૪૧)

यद्यस्ति नाथ ! भवदङिध्रसरोरुहाणं
भक्तेः फलं किमपि संततसंचितायाः ।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः
स्वामी त्वमेव भुवनेऽत्र भवांतरेऽपि ।।४२।।

હે નાથ! આપ ચરણકમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિ કેરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય! માત્ર આપને જ શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો. (૪૨)

મહાસમર્થ પ્રભુનું શરણું સ્વીકાર્યા પછી તેમનાં ચરણની કરેલી ભક્તિનું ફળ જો પ્રભુ આપવા ઇચ્છતા હોય તો, પોતાને ફળરૂપે શું જોઈએ છે તેનું વિધાન કરતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, "હે નાથ! નિરંતર કરવાથી એકઠી થયેલી આપનાં ચરણકમળની ભક્તિનું જો કોઈ પણ ફળ હોય તો હે શરણ કરવા યોગ્ય!

માત્ર આપનાં આજ શરણે રહેલો હું, આ ભવમાં અને અન્ય તમામ ભવાંતરમાં પણ આપ જ સ્વામી થજો."

પૂર્વના ભવોમાં પ્રભુની સાચા ભાવથી ભક્તિ નહોતી કરી તેથી આચાર્યજીના જીવને અનેક પ્રકારનાં દુઃખો અને કષ્ટો ભોગવવાં પડ્યાં છે. આ ભોગવવાં પડતાં દુઃખોનું કારણ પ્રભુની અભક્તિ છે. પણ તેમણે આ ભવમાં સમજીને, સાચા ભાવથી પ્રભુની ભક્તિ કરી છે કે જેથી ભાવિમાં દુઃખનું ભોગવવાપણું રહે નહિ. વળી સાથે સાથે પ્રભુ પાસે આચાર્યજી એવી માંગણી પણ કરી લે છે કે ભાવિમાં ક્યારેય દુઃખ આવે નહિ. તેમણે પ્રભુની ભક્તિ આ ભવે તો યથાર્થ કરી છે, પણ નવા ભવમાં કોઈ અંતરાયના કારણે પ્રભુની ભક્તિ ચૂકાઈ જાય તો! તો તો પાછા પરિભ્રમણ અને દુઃખની ગર્તામાં સબડવાનું બની આવે. તે સ્થિતિથી નિવર્તવાનો ઉપાય આચાર્યજી અહીં કરે છે. આચાર્યજી પ્રભુને આર્જવભરી વાણીમાં વિનંતિ કરે છે કે, આ ભવમાં સાચા ભાવથી તમારી નિરંતર ભક્તિ કરી છે. તેનું ફળ જો તમે મને આપવા માંગતા હો તો, એ ફળ એ હોજો કે આ ભવમાં અને આ પછીના જે કંઈ ભવ હોય તે ભવમાં આપ જ મારા સ્વામી હોજો અને હું તમારાં શરણમાં રહું એવું કરજો. તમારૂં શરણું કદી પણ ન છૂટે તેવી કૃપા કરજો. ભવોભવ પ્રભુનાં શરણમાં વીતાવવા માટેનું વરદાન તેઓ માગી લે છે કે જેથી દુઃખના સમુદ્રમાં ડૂબવાનો પ્રસંગ આવે નહિ.

આમ આ કડીમાં આચાર્યજી પોતાનાં વર્તમાન અને ભાવિ સુખનું બરાબર પાકું કરી લે છે. આ ભવે તો સમજીને શરણયોગ્ય પ્રભુનાં શરણમાં રહી તેમની ભક્તિ કરી છે અને તેનાં ફળરૂપે એ ભક્તિ ભાવિમાં પણ કદી ન છૂટે એવું વરદાન તેઓ પ્રભુ પાસે માગી લે છે. આમ કરવામાં આચાર્યજીની દીર્ઘદૃષ્ટિ બરાબર જણાઈ આવે છે. પ્રભુ એ શરણું લેવા યોગ્ય છે, એ તો આપણે પૂર્વની કડીઓમાં જોયું છે. એવા પ્રભુનાં શરણમાં રહ્યા રહ્યા આચાર્યજી માંગણી કરે છે, અને સાથે સાથે જણાવે છે કે "મારે તો તમે એક જ સ્વામી છો, હું અત્યારે માત્ર આપનાં જ શરણમાં છું, એથી તમે મારો સંપૂર્ણ ખ્યાલ રાખજો. મારા સાચા માર્ગદર્શક તમે

જ છો, બીજા કોઈ પણ માર્ગદર્શક મે સ્વીકાર્યા નથી. મે તો તમારા જ ચરણમાં બધું સોંપી દીધું છે એટલે આ ભવે અને ભાવિ ભવે તમારે જ મારી સંભાળ રાખવાની છે." આ પ્રકારની ભાવભરી વિનંતિ આચાર્યજી કરે છે, અને તે દ્વારા સામાન્ય ભક્તજનને સમર્થ ભક્તજન બનવાની ચાવી પૂરી પાડે છે. ભક્ત સ્વરૂપે રહેવાની આદર્શ રીતનું માર્ગદર્શન અહીં મળી રહે છે. 'હરિના જન મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે' એ ઉક્તિ અનુસાર સાચી ભક્તિનું સ્વરૂપ અહીં જોવા મળે છે. પ્રભુની ભક્તિ પાસે મુક્તિ પણ બિનજરૂરી બની જાય છે. આ આદર્શ ભક્તનું ચિત્ર અનેકને પ્રેરણારૂપ બની રહે છે. (૪૨)

इत्थं समाहितधियो विधिवजिनेन्द्र !
शान्द्रोल्ल सत्पुलककंचुकितांगभागाः ।
त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्षा
ये संस्तवं ! तव विभो ! रचयन्ति भव्याः ।। ४३ ।।

जननयन कुमुदचंद्र ! प्रभास्वरा स्वर्गसम्पदो भूक्त्वा ।
ते विगलितमलनिचया अचिरान्मोक्षं प्रपद्यन्ते ।। ४४ ।।

એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાનને,
અતિ હર્ષથી રોમાંચી જેનાં શરીર કેરાં અંગને;
તુજ મુખકમળ નિર્મળ વિશે જિનેન્દ્ર બાંધી દષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ! રચે છે, આપ કેરી સ્તુતિને. (૪૩)

જનનયન કુમુદચંદ્ર સ્વામી, ચળકતી સંપદસ્વર્ગની જ પામી;
નિર્મળ મનના થવા થકી એ, તુરત જશે જન મોક્ષને વિશે તે. (૪૪)

આમ બેતાલીસ કડી સુધી જણાવી તેવી ભક્તિ સહિત જે કોઇ જીવ પ્રભુની ભક્તિ કરે છે, તે ઉત્તમ ફળને પામે છે; આવી ફલશ્રુતિ બતાવતાં અંતિમ બે કડીઓમાં આચાર્યજી જણાવે છે કે, "જે ભવ્યજનોની બુદ્ધિ વિધિ પ્રમાણે આપની સમાધિમાં

લાગી છે, જેમની કાયા આપના ઉપરની અત્યંત પ્રીતિ વડે ગાઢ રોમાંચ અનુભવી રહી છે, અને જેમની દૃષ્ટિ આપના મુખરૂપી નિર્મળ કમળને વિષે ચોંટેલી છે એવા જે ભવ્યજનો આપની સ્તુતિ કરે છે તેઓ (૪૩), હે મનુષ્ય-નેત્રરૂપી કુમુદિનીના ચંદ્રરૂપી સ્વામીન્! પોતાનું મન નિર્મળ થવાથી દેદિપ્યમાન સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને શીઘ્ર મોક્ષને પામે છે." (૪૪)

તેંતાલીસમી કડીમાં આચાર્યજી ભક્તનાં લક્ષણ બતાવે છે. તેમાં સૌ પ્રથમ લક્ષણ એ બતાવ્યું છે કે, "ભવ્યજનની બુદ્ધિ વિધિ પ્રમાણે આપની સમાધિમાં લાગી રહી છે." સાચા ભક્તનું લક્ષણ એ છે કે તેની મતિ પ્રભુમાં કેંદ્રિત થઇ હોય છે. પ્રભુમાં મગ્ન બનીને, બીજે બધેથી ઉપયોગને ખેંચીને તેને પ્રભુમાં કેંદ્રિત કર્યો હોય છે, તેથી તે પોતે પોતાના દેહથી પણ ભિન્નભાવ અનુભવે છે અને એ મહત્ત્વનું લક્ષણ છે.

ભક્તનું બીજું લક્ષણ બતાવ્યું છે કે, "જેમની કાયા આપના ઉપરની અત્યંત પ્રીતિને લીધે ગાઢ રોમાંચ અનુભવી રહી છે." આ ભક્તને પ્રભુ ઉપર એટલી બધી પ્રીતિ હોય છે કે જ્યારે પ્રભુનાં દર્શન થાય છે કે પ્રભુની સમીપતાનો અનુભવ થાય છે ત્યારે તેની કાયામાં ઉલ્લાસથી રોમાંચ થાય છે. એ ઉલ્લાસ અને આનંદ આખી કાયામાં એટલો બધો પ્રસરી જાય છે કે કાયા રોમાંચી ઊઠે છે. અર્થાત્ ભક્તિ રૂંવે રૂંવે પ્રગટી ઊઠે છે. જ્યારે જીવને કોઈને કોઈ પ્રકારે ઉલ્લાસ થાય છે ત્યારે તેના પ્રભાવથી તેનાં શરીરનાં રૂંવા ઉભા થઇ જાય છે. આજ રીતે પ્રભુની ભક્તિથી ભક્તના હ્રદયમાં એવો ઉલ્લાસ પ્રગટવો જોઇએ કે તેની કાયામાં રોમાંચ થઇ જાય.

એ જ ભક્તનું ત્રીજું લક્ષણ છે, "ભક્તની દૃષ્ટિ પ્રભુનાં મુખકમળ ઉપર સ્થિર થયેલી હોય છે." સામાન્ય રીતે જીવની દૃષ્ટિ ચારે બાજુ ફર્યા કરે છે, તે સ્થિર હોતી નથી, કારણ કે તેનો ઉપયોગ પણ સમયે સમયે ફર્યા કરતો હોય છે. પણ ભક્તનું ચિત્ત જ્યારે પ્રભુમાં સ્થિર થાય છે, ત્યારે તેની દૃષ્ટિ પ્રભુનાં મુખ ઉપર સ્થિર બને છે. પ્રભુનાં મુખ ઉપર જે નીરાગીતા, નિર્વિકારપણું, સૌમ્યતા, શાંતિ વગેરે દૃષ્ટિગોચર થાય છે તે પ્રતિ અત્યંત આકર્ષાઇ તેનો ઉપયોગ ત્યાં સ્થિર થઇ જાય છે. અને એ

બધા ગુણો પોતામાં પ્રવેશ પામે એવા ભાવ તેનામાં વૃદ્ધિ પામે છે, અને મુખકમળ પર સ્થિર બની તે ગુણો પોતામાં ઉતારવા મથે છે.

આવા લક્ષણોવાળો મુક્તિગામી જીવ જ્યારે શુદ્ધભાવથી પ્રભુસ્તુતિની રચના કરે છે ત્યારે તેનું શું ફળ પ્રાપ્ત થાય? માત્ર નામનું સ્મરણ કરવાથી ભયનાં ભરેલાં સેંકડો દુઃખો નાશ પામે છે, તો પછી તેમની સ્તુતિ કરવાથી તેનાથી અનેકગણું ફળ પ્રાપ્ત થાય તેમાં શું નવાઈ છે? અને એ ફલશ્રુતિ અહીં છેલ્લી કડીમાં બતાવી છે.

ભક્તજનનાં જે લક્ષણો આચાર્યજીએ બતાવ્યાં છે તે લક્ષણો તેમનામાં પ્રગટેલાં આપણે જોઇ શકીએ છીએ. અને એવી ઉત્તમ પળોએ પૂર્ણ ભાવથી કરેલી સ્તુતિ તે જ "કલ્યાણમંદિર સ્તોત્ર." આ સ્તોત્રનો પ્રભાવ તો જાહેર જ છે. આથી આચાર્યજીએ જે ફલશ્રુતિ જણાવી છે તે તેમના સહિત સર્વને લાગુ પડે તેમ છે. ફલશ્રુતિ આ પ્રમાણે છે : આવી સ્તુતિના પ્રભાવથી (પોતાનું) મન નિર્મળ થવાથી જીવ દેદીપ્યમાન સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને શીઘ્ર મોક્ષ પામે છે.

પ્રભુમય બનેલો જીવ પોતાના ઉપયોગને પ્રભુમાં જ કેન્દ્રિત કરીને, પ્રભુના ગુણો વર્ણવતી સ્તુતિ જ્યારે રચે છે ત્યારે તેના ભાવો ઘણા શુભ હોય છે અને એને મોટો પુણ્યબંધ થાય છે. આ પુણ્યબંધ એ પ્રકારનો હોય છે કે તે ભોગવવા માટે તેને અનિચ્છાએ પણ દેવલોકમાં જવું પડે છે. આવા ઉચ્ચ દશાવાન જીવો માટેની દેવલોકની ભોગસામગ્રી મનુષ્યો માટે અકલ્પિત હોય છે. દેવલોકનાં સુખ, સાધન અને સામગ્રી એવાં દેદીપ્યમાન હોય છે કે તેનું સ્વપ્ન પણ જીવને અહીં આવી શકતું નથી. એ બધી સુખ સંપત્તિ બધાને આંજી નાખે એવી ઝાકઝમાળ હોય છે. આથી આ બધી સામગ્રીને આચાર્યજી યોગ્ય રીતે "ચળકતી સંપત્તિ" તરીકે ઓળખાવે છે. જ્યાં સુધી જીવે બાંધેલો પુણ્યનો જથ્થો હોય છે ત્યાં સુધી આ સુખ સંપત્તિ તેને ભોગવવાની જ હોય છે. તેનાથી વહેલું નિવૃત્ત થઇ શકાતું નથી. આથી સાચા ભક્તને અનિચ્છાએ પણ એ બધો ભોગવટો કરવો જ પડે છે, ભક્તને અનિચ્છા એક જ કારણથી

હોય છે : એ દેવલોક પણ સંસાર છે અને તેની સુખ સામગ્રીમાં પણ આત્માનું સાચું સુખ નથી. જ્યાં સુધી તેનો ભોગવટો હોય ત્યાં સુધી મુક્તિ નથી અને મુક્તિનો ઇચ્છુક સંસારનાં સુખને ક્યાંથી ઇચ્છે? તેમ છતાં કરેલા પુણ્યબંધને પરિણામે તે સ્વર્ગની સંપત્તિને અવશ્ય ભોગવે છે. પણ એ ભોગવટામાં તેને આસક્તિ ન હોવાને કારણે નવા કર્મબંધ થતાં નથી, પણ પૂર્વે બાંધેલ ભોગાવલી કર્મ ભોગવાઈ જાય છે. આથી જ્યારે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તે મનુષ્યભવ ગ્રહણ કરે છે ત્યારે ઉત્તમ ભક્તિ પ્રગટાવી, શેષ રહેલાં શુભાશુભ કર્મનો ત્વરાથી ક્ષય કરી, મુક્તિ સુંદરીને વરે છે. ભક્તનો પુરુષાર્થ મુક્ત થવા માટે જ હોય છે એટલે સંસાર અતિ અતિ અલ્પ તેના માટે બની રહે છે.

આવી અનન્ય ભક્તિ કરનારને મન પ્રભુ કેવા છે તે આચાર્યજીએ છેલ્લી કડીમાં પ્રભુને કરેલા સંબોધનમાં જણાવ્યું છે. “જન-નયન-કુમુદચંદ્ર-સ્વામી” એટલે કે મનુષ્ય – નેત્રરૂપી કુમિદીના ચંદ્રરૂપ સ્વામી. કુમુદ અને ચંદ્રનો સંબંધ તો બહુ જાણીતો છે. તળાવમાં રહેલું કુમુદનું શ્વેત કમળનું ફૂલ, આકાશમાં ખીલેલા ચંદ્રમાને નિહાળી અત્યંત પ્રફુલ્લિત થાય છે અને વિકસે છે. વળી દિવસે ચંદ્રની ગેરહાજરીમાં તે કરમાઇને બીડાઇ જાય છે અને નમી જાય છે, ફરીથી રાત્રિએ ચંદ્રનાં દર્શન પામતાં તે વિકસે છે. હજારો માઇલ દૂર વસતા ચંદ્રનો પ્રભાવ પૃથ્વી પર રહેલા કુમુદ પર કેવો અદ્ભુત પડે છે? આવો જ અદ્ભુત પ્રભાવ પ્રભુનો ભક્ત પર પડે છે. પ્રભુ ચંદ્ર કરતાં પણ ઘણે ઉંચે એવી સિદ્ધશીલા પર વસે છે, અને ભક્ત કુમુદની માફક પૃથ્વી પર, પ્રભુથી અગણિત માઇલો દૂર વસે છે. આવો ભક્ત જ્યારે પ્રભુનાં દર્શન પામે છે ત્યારે તેનાં દર્શન માત્રથી ભક્તનાં રોમેરોમ પ્રફુલ્લિત થઇ જાય છે. આ અસર આપણે પૂર્વની કેટલીક કડીઓમાં અનુભવી છે; તેથી તેના સંદર્ભમાં પ્રભુ માટેનું આ સંબોધન યોગ્ય જણાયા વિના રહેશે નહિ.

બીજે રીતે જોઇએ તો આચાર્યજીએ પોતાનું પૂર્વનામ, “કુમુદચંદ્ર” ખૂબીપૂર્વક અહીં ગૂંથી લીધેલું જોઇ શકાય છે.

દેવસંબંધી અનેક સુખ ભોગવી મુક્તિ પામવારૂપ ફલશ્રુતિ બતાવી આચાર્યજી આ સ્તોત્ર પૂર્ણ કરે છે. આ સ્તોત્રનો સમગ્રપણે વિચાર કરીએ છીએ ત્યારે તેની ઉત્તમતા સ્પષ્ટ થયા વિના રહેતી નથી. આ સ્તોત્રના આરંભમાં મંગલાચરણ, રચનાનો હેતુ, તેનું મહાત્મ્ય, પ્રભુનાં ગુણો અને અતિશયોની મહત્તા વર્ણવી, અત્યાર સુધી પ્રભુને ભજ્યા નહિ તેનો ખેદ આચાર્યજી ઊંડા દુઃખ સાથે વ્યક્ત કરે છે. પણ જાગ્યા ત્યાંથી પ્રભાત ગણી, થયેલી ભૂલનો પશ્ચાત્તાપ કરી, થયેલી ભૂલ પુનરાવર્તન ન પામે તે માટે પ્રભુને વિનંતિ કરી આગળ વધે છે. સદાકાળને માટે પ્રભુનું શરણું ઇચ્છી, સાચી ભક્તિનું મોક્ષફળ બતાવી સ્તોત્ર સમાપ્ત કરે છે. અને એમ કરવામાં અનેક ગૂઢ રહસ્યો, મોક્ષમાર્ગની સ્પષ્ટતા તથા પરમાર્થમાર્ગના કેટલાય સિદ્ધાંતો તેમણે ખુલ્લા કર્યા છે તે આપણે જોયું. અને એ પરથી સહુ કોઇ સમજી શકે છે કે જે કોઇ આ સ્તોત્ર હ્રદયપૂર્વક કરે તેનું અવશ્ય કલ્યાણ થાય કારણ કે પરમાર્થનાં ઊત્તમ રહસ્યો જીવનમાં ઉતરી જીવને સાચે રસ્તે સતત વધારતાં રહે છે. આ સમજ્યા પછી આ સ્તોત્રનું નામ “કલ્યાણમંદિર” રાખ્યું છે તે સાર્થક જણાશે.

પ્રભુ સહુને આવું કલ્યાણ કરવાની ભાવના તથા શક્તિ આપો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૨. | ભક્તામર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૩. | કલ્યાણમંદિર સ્તોત્ર - વિવેચન | લે. સરયુ ર. મહેતા |
| ૪. | શ્રીમદ્‌ની સિદ્ધપદભાવના | લે. સરયુ ર. મહેતા |
| ૫. | અપૂર્વ આરાધન | લે. સરયુ ર. મહેતા |
| ૬. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ | લે. સરયુ ર. મહેતા |
| ૭. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૮. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૩ | લે. સરયુ ર. મહેતા |
| ૯. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૪ | લે. સરયુ ર. મહેતા |
| ૧૦. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૫ | લે. સરયુ ર. મહેતા |
| ૧૧. | શ્રી કેવળી પ્રભુનો સાથ - ભાગ ૧ થી ૫ - સંદર્ભ સૂચિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૨. | શ્રીમદ્‌ની સિદ્ધપદભાવના - આવૃત્તિ ૨ | લે. સરયુ ર. મહેતા |
| ૧૩. | A Great Seer | લે. સરયુ ર. મહેતા |
| ૧૪. | આત્માની સિદ્ધિ | લે. સરયુ ર. મહેતા |
| ૧૫. | આત્મસિદ્ધિશાસ્ત્ર | વિ. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૬. | નિર્વાણમાર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૭. | શ્રીમદ્‌ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ | સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૮. | સમાધિમરણ | લેખક/સંપા. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૯. | શ્રીમદ્‌ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૦. | આધ્યાત્મિક નિબંધો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૧. | ઋણાનુબંધ | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૨. | છેલ્લી ઘડીના અવસરે | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૩. | ભક્તિમાર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૪. | રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્‌ગારો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૫. | જાતિસ્મૃતિજ્ઞાન | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૬. | પ્રેમ અને પૂર્ણતા | લે. ભોગીલાલ ગિ. શેઠ |

અન્ય પ્રકાશનો :

- **આલોચના પદ**
- **જ્ઞાનાંજન - ભાગ ૧-૨**